શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
માર્ચ - ૨૦૧૭ ● અંક : ૯
પાના નં.-૧ ● (કુલ પેજ : ૮૪)




૧૫ માર્ચ, ૨૦૧૭ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૩-૨૦૧૭ કિંમત : રૂા. ૧૮/-

## ભારતનો અવકાશ ક્ષેત્રે વિક્રમ

## ૧૦૪ ઉપગ્રહ ● નવું કીર્તિમાન

ઇસરોના વૈજ્ઞાનિકો અને રાષ્ટ્ર માટે ગૌરવ




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૬૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.

વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી



SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR

PATIDAR PACKERS PVT. LTD.

Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.

Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર



આપકા સ્વાદ... હર પલ યાદ...

Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.

Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.

Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.

★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૧ ● અંક - ૯
૧૫ માર્ચ, ૨૦૧૭

**માનદ્‌ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

### તંત્રી લેખ

● નર્મદા નદીના વધારાના પાણીની યોજના માટે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં પણ કચ્છને કરવામાં આવેલ અન્યાય...................... **અશોક મહેતા...૫**

### જીવનદાન

● ઓર્ગન ડોનેશનની ઝુંબેશ..... પ્રથમ મીટિંગનો અહેવાલ
તન, મન, ધનથી સેવા કરવા
કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહએ વ્યક્ત કરેલ નિર્ધાર ............................. ....૮
● ડોનેટ લાઈફ ........................................................................ ૧૩

### કચ્છ

● ''મુંજી માતૃભૂમિ કે નમન..''
કારાણીજીને કોટિ કોટિ નમન! ...................**જગદીશ ચં. છાયા 'શ્રેયસ'....૧૬**
● કચ્છ : એક જીવંત મ્યુઝિયમ – ૨ .............................. **ડૉ. મહેશ ઠક્કર...૧૮**

### પરિવર્તન

● નિરર્થક સમારંભો કે નિરર્થક તમાશા...?.................... **ડૉ. યાસીન દલાલ....૨૦**

### સાયન્સ અને ટેક્નોલોજી

● દેશની આન, બાન અને શાન – ઈસરો ........................... **ભાર્ગવ ત્રિવેદી....૨૨**
● દેશને પ્રેરણા આપતા ઈસરોના આઠ નારી રત્નો.................................. ....૨૪
● ભારતે ૧૦૪ ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં તરતા મૂક્યા.. **રજૂઆત : દિનેશ આર. મહેતા....૨૫**

### વિચાર વિમર્શ

● પરિવર્તન ........................................................ **મુરજી ગડા....૨૬**

### મહિલા સશક્તીકરણ

● સહકાર દ્વારા મહિલાઓનું સર્વાંગી સશક્તીકરણ .... **કિરણ ચાંપાનેરી 'સેતુ'....૨૮**
**ફ્રીલાન્સ પત્રકાર**

### જીવન રસ

● પ્રેમ જીવનનો પ્રાણવાયુ .......................................... **ડૉ. ઊર્મિલા શાહ....૩૦**

### વાર્તા

● શાલ ઓઢાડીને સન્માન : હાસ્ય કથા ........................ **બલવીરસિંહ જાડેજા....૩૨**

### લઘુકથા

● લાચારી.......................... **અતુલ જે. ઉપાધ્યાય 'અતુલ', સિવિલ ઇજનેર....૩૫**

## સ્વચ્છતા અભિયાન

- આંખન કી દેખી ..................... **ભીમજી નાકરાણી,** તંત્રી : 'સરદાર જ્યોતિ', 'ઉમિયા દર્શન'... . ૩૬

## સ્વાસ્થ્ય

- માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – (૨) ..................... **ડૉ. મણિલાલ ગડા,** મનોચિકિત્સક... . ૩૭
  **ડૉ. દિપ્તી શાહ (ગડા),** મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક

## નિબંધ

- મૂડને સુધારી દે એવી કવિતા ..................... **ગુલાબ દેઢિયા**... . ૪૦

## માહિતી

- અમેરિકા રહેવા અને ફરવા માટે સુંદર છે – (૪) ..................... **ચૌલા કુરુવા**... . ૪૨

## સાંપ્રત પ્રશ્ન (જાહેર આહ્વાન)

- સાંપ્રત વિચાર મંચ ..................... **સંકલન : હસમુખભાઈ મહેતા**... . ૪૫

## વિવિધતા

- ટમ-ટમ તારલિયા ..................... ૪૬
- પ્રતિભાવ ..................... ૪૯
- વર્તમાનપત્રોના આધારે ..................... ૫૧
- અન્ય સંસ્થાઓના સમાચાર ..................... ૬૪
- વતનના વાવડ ..................... **સંકલન : ભરત ઓઝા**.... ૭૧
- શબ્દ શોધ - ક્રમાંક : ૫૮ ..................... **પ્રદીપ જોશી**.... ૭૨

## મેઘધનુષ

- થોડી ટૂંકી વાતો ..................... **દિલીપ વૈષ્ણવ** ..... ૭૩
- મુક્તકો ..................... **નિખિલ હીરાલાલ ઠક્કર** ..... ૭૪
- ફરીથી બાળક બનાવી દે મને ● એ જ 'જીવન' ● એ જ 'જિંદગી' ..................... **પ્રવીણ ડી. ગોગરી** ..... ૭૪
- એમના ઉપકાર સંભારશું? ..................... **મહેન્દ્ર મેઘાણી** ..... ૭૪
- અન્નકુટ ..................... **અરવિંદ સોમૈયા** ..... ૭૪
- જીવન વસંતને માણો ..................... **શંકર ન. ઠક્કર** ..... ૭૫
- વાણી જો વીરડો ..................... **હરિદાસ કે. ઠક્કર** ..... ૭૫
- રાધા વિના કૃષ્ણ આધા ● ઋતુરાજ વસંત ..................... **મહાભાઈ આર. વોરા** ..... ૭૫
- લઘુ કાવ્યો ..................... **અરુણા અરુણ ઠક્કર** ..... ૭૬
- આખાણી (કચ્છી) ..................... **હરિદાસ કે. ઠક્કર** ..... ૭૬

## વિભાગ-૨ :-

- પરિવાર સમાચાર ..................... ૭૯
- સમાજ સમાચાર ..................... ૮૦
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ..................... ૮૨

તંત્રીલેખ

# નર્મદા નદીના વધારાના પાણીની યોજના માટે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં પણ કચ્છને કરવામાં આવેલ અન્યાય

• અશોક મહેતા •

અગાઉના જમાનામાં કબીલાનો વડો આખા કબીલાની સુખાકારીનું ધ્યાન રાખતો હતો. ગામડાંઓની રચના થતાં ગ્રામ પંચાયત અને તેના વડા એટલે સરપંચની જે - તે ગામની સુખાકારીની જવાબદારી રહેતી. ગ્રામ પંચાયત, એ રાજકીય નહીં પરંતુ સામાજિક સંસ્થા હોય એ સમીકરણ વધારે બંધ બેસતું આવે છે. વાહન વ્યવહારની સુવિધા વધતાં ગામડાંઓ એકબીજાથી વધુ નજદીક આવતા થયા. તાલુકાઓ બન્યા, જિલ્લાઓ બન્યા અને રાજ્યો પણ બન્યા, દેશ પણ બન્યા. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, વિધાનસભા અને લોકસભાની રચના થઈ. તાલુકા પંચાયતના પ્રમુખ, જિલ્લા પંચાયતના પ્રમુખ, મુખ્યમંત્રી અને પ્રધાન મંત્રી જે - તે સંસ્થાના વડા કહેવાયા. આ દરેક હોદ્દેદારની જવાબદારી પોતાના ગામની, પોતાના તાલુકાની, પોતાના જિલ્લાની, પોતાના રાજ્યની અને પોતાના દેશની પ્રજાને વધુને વધુ સુખાકારી તરફ લઈ જવાની મુખ્ય હકીકત બની રહી. વર્ષોથી આ ધોરણે ગામથી દેશ સુધીનો વિકાસ થવા લાગ્યો. દેશના દરેક ગામની સર્વાંગી વિકાસની જવાબદારી આ સામાજિક સંસ્થાઓ અને તેના વડાઓએ અદા કરવાની હોય છે, નિભાવવાની હોય છે. પ્રતિનિધિની જવાબદારીની ઉણપ થકી તેની પ્રજાએ શોષાવાનો વારો આવે છે.

કમનસીબે ઉપરોક્ત હેતુને બાજુએ મૂકી આ સંસ્થાઓમાં પક્ષાપક્ષી દાખલ થઈ ગયેલ છે. પક્ષનો વડો અથવા પક્ષ કહે એ રીતે આ પ્રતિનિધિઓએ વર્તવાનું રહે છે. પોતાને ખબર હોવા છતાં અને પોતાની પ્રજાના હિતની અવગણના કરીને પણ તેઓએ પક્ષીય જવાબદારી નિભાવવાની હોય છે, કે જે, જે - તે ગામ, તાલુકા, જિલ્લા કે રાજ્યના વિકાસની આડે આવે છે.

એક સમય હતો કે જ્યારે સિંધુ નદીના પાણી કચ્છના રણમાં થઈને ખંભાતના અખાતને મળતા હતા. કાળક્રમે ધરતીકંપે આ વહેણ બદલી સિંધુ નદી ૩૦૦ કિલોમીટર પશ્ચિમમાં ખસી જઈ માત્ર લખપત તાલુકામાં થઈ સમુદ્રને મળે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું. એ સમય પણ ભૂતકાળ બની ગયો. સિંધુ નદીના પાણી ૧૮૧૯ના ધરતીકંપના કારણે કચ્છમાં આવતા બંધ થયા. કચ્છ નામમાત્રથી સિંધુ નદીનો તટ પ્રદેશ કહેવાયો.

ભારતના ભાગલા બાદ ત્રણ નદીઓના પાણી પાકિસ્તાનના ભાગે અને ત્રણ નદીઓના પાણી હિંદુસ્તાનના ભાગે આવ્યા. સિંધુ નદીના પાણી સમજૂતી અનુસાર પાકિસ્તાનના ભાગે ગયા. સિંધુ નદીનો તટપ્રદેશ હોવા છતાં કચ્છે એ પાણી પરનો હક્ક ગુમાવ્યો.

ત્યારબાદ નર્મદા નદીના પાણીથી ગુજરાતની સુખાકારીની - આબાદીની વાતો શરૂ થઈ. તેના અમલીકરણનો તબક્કો આવ્યો. નર્મદા નદીના પાણી સૂકા ભઠ્ઠ કચ્છ સુધી પહોંચે એ રીતે સરદાર સરોવર ડેમની ઊંચાઈ નક્કી કરવામાં આવી. રાજ્યમાં ઓછા વરસાદવાળા, અનિયમિત વરસાદવાળા, દુષ્કાળગ્રસ્ત પ્રદેશ તરીકે જે જિલ્લો મુખ્યત્વે રહેવા પામેલ ત્યાં નર્મદા નદીના પાણી સહિયારી સામાજિક જવાબદારી સ્વરૂપે સૌથી પ્રથમ પહોંચે એ આ પ્રતિનિધિઓની જવાબદારી બની રહી. પરંતુ લોકશાહીની રચનામાં બહુમતનો અવાજ વિશેષ સંભળાવા લાગ્યો. લઘુમતીનો અવાજ દબાઈ ગયો. લઘુમતીની વાતો ન્યાયી હોવા છતાં પક્ષાપક્ષીના માહોલમાં બહુમતીનો અવાજ ભેદભાવભર્યો હોવા છતાં તેનું અમલીકરણ થવા લાગ્યું. લઘુમતીના પ્રતિનિધિઓ પક્ષાપક્ષીના માહોલમાં પોતાની પ્રજાની અવહેલના જોઈ શક્યા પરંતુ કંઈ પણ કરી શકવા અસમર્થ બની રહ્યા.

નર્મદા નદીની મુખ્ય કેનાલમાંથી ગુજરાતની ધરતીને નવપલ્લવિત કરવા ૩૨ બ્રાંચ કેનાલને પ્લાનિંગમાં મૂકવામાં આવી. આ ૩૨ બ્રાંચ કેનાલમાંથી સહુથી છેલ્લે કચ્છ બ્રાંચ કેનાલના કામો શરૂ થયા, જે ખરેખર સહુથી પ્રથમ શરૂ

થવા જોઈતા હતા. રાજ્યની સૌથી વધુ હાડમારી ભોગવતી અને માત્ર મની ઓર્ડરની ઈકોનોમિ પર જીવતી પ્રજાની વાતો એ સમયે પણ કચ્છના પ્રતિનિધિઓ ગાઈ વગાડીને લોકશાહીના મંદિરમાં રજૂ કરવા અસમર્થ રહ્યા. રૂા. ૪૦૦૦ કરોડની આ યોજના હવે જ્યારે નિગમ દ્વારા હાથ પર લેવાઈ રહેલ છે અને પૂર્ણતા તરફ આગળ વધારાઈ રહેલ છે ત્યારે તેના ખર્ચની મંજૂરી હર તબક્કે આવવાની જ. અને એ સમયે રૂા. ૪૦૦ કરોડ કે રૂા. ૭૦૦ કરોડની મંજૂરી મળતાં આ પ્રતિનિધિઓ અને તેનો પક્ષ રાજીના રેડ થઈ જાય છે. આ સમયે આ પ્રજાકીય પ્રતિનિધિઓ - સત્તા પર હોય કે વિરોધ પક્ષમાં હોય – ની જવાબદારી કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના ટીપેટીપા પાણી કચ્છના ખેતર સુધી પહોંચે ત્યાં સુધી જંપ્યા વગર કાર્યરત રહેવાની છે.

કચ્છ પ્રદેશની એ કઠણાઈ રહેલ છે કે આઝાદી પછી મોટાભાગના પ્રજાકીય પ્રતિનિધિઓ યોગ્ય સમયે હિંમત દાખવવામાં પાછા પડેલ છે. ઈતિહાસ તેની ગવાહી પૂરી પાડે છે. પ્રજાકીય પ્રતિનિધિઓની સામે ઊભા થયેલ જુવાળમાં જે લોક પ્રતિનિધિઓએ પોતાની વાત ગાંધીનગર સુધી પહોંચાડેલ, તેઓએ પણ ખરા સમયે દૂરદર્શિતા બતાવેલ ન હતી તેવું ઈતિહાસ કહે છે. **આ પ્રતિનિધિઓને જ્યારે નર્મદા નદીના વધારાના પાણીમાંથી બે એમ.એ.એફ. પાણીની ઓફર કરવામાં આવેલ ત્યારે પણ તેઓએ શાણપણ ન દાખવી, એ હકીકતનો સ્વીકાર કરેલ ન હતો – કચ્છની પ્રજાના હિતના ભોગે.** ત્યારબાદ જ્યારે વર્ષ ૨૦૦૬માં નર્મદા નદીના વધારાના ત્રણ એમ.એ.એફ. પાણીની ફાળવણી કરવામાં આવી ત્યારે એક એમ.એ.એફ. પાણી ઉત્તર ગુજરાતને, એક એમ.એ.એફ. પાણી સૌરાષ્ટ્રને અને **એક એમ.એ.એફ. પાણી કચ્છને ફાળવવામાં આવ્યા ત્યારે કોઈપણ પ્રતિનિધિ એક હરફ પણ ઉચ્ચારી શકેલ નહીં.** કચ્છે અન્યાય પર અન્યાયના ઘા વેઠવા પડ્યા કેમકે તેના પ્રતિનિધિઓના અવાજ પક્ષીય રાજકારણમાં દબાઈ જતા હતા.

ત્યારબાદની વાત કરીએ તો આ વધારાના પાણીના કાર્યો તેની જરૂરિયાતની અગ્રેસરતાના આધારે સૌથી પ્રથમ કચ્છ પ્રદેશથી શરૂ થવા જોઈતા હતા કે જેના બદલે વર્ષ ૨૦૦૬માં જ ઉત્તર ગુજરાતથી સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત શરૂ કરવામાં આવ્યા. પક્ષીય રાજકારણ અને શિસ્તના અંચળા હેઠળ કચ્છના પ્રજાકીય પ્રતિનિધિઓનો અવાજ દબાવી દેવામાં આવ્યો અથવા તો તેઓ કંઈ કરી શકવામાં અસમર્થ રહ્યા. જે પ્રદેશનો ભૂતકાળ અનેક શૂરવીરતાથી ભરેલો છે, જે પ્રદેશની પ્રજા જાતે શૂરવીર છે, તેના પ્રજાકીય પ્રતિનિધિઓ કોઈ પણ જરૂરિયાતના સમયે શૂરવીરતા દાખવી શકેલ નથી. પોતાની લડાયકતાના માનસનું દર્શન કરાવી શક્યા નથી. આ કચ્છની મોટી કમનસીબી બની રહેલ છે. ત્યારબાદ બીજા તબક્કામાં સૌરાષ્ટ્રના કામો હાથ પર લેવામાં આવ્યા. કચ્છના પ્રજાકીય પ્રતિનિધિઓનો ઉપરના લેવલનો મૌન વ્યવહાર આ પ્રદેશની પ્રજાને ખરેખર ખટકે છે કે જેના મતોથી તેઓ ચુંટાતા રહ્યા છે.

ઉત્તર ગુજરાતના વધારાના પાણીના કાર્યો સંપન્ન થતાં સૌરાષ્ટ્રના કામો હાથ પર લેવામાં આવ્યા અને આ 'સૌની' યોજનાના કાર્યો ધમધોકાર ચાલવા લાગ્યા. અત્યાર સુધી આ યોજના પાછળ ૫૦ ટકાથી પણ વધુ રકમની મંજૂરી આપી દેવામાં આવેલ છે જ્યારે કચ્છના પ્રજાકીય પ્રતિનિધિઓની વારંવારની વાતને પણ ગણકારવામાં આવી રહેલ નથી. પક્ષીય રાજકારણમાં કચ્છના દરેક પક્ષના પ્રજાકીય પ્રતિનિધિઓએ પોતાની પ્રજાના હિત માટે કાં તો કંકુના કરવા પડે, નહીં તો પોતાની પ્રજાના હિતના ભોગે પક્ષીય શિસ્તમાં રહી મોઢું બંધ રાખવું પડે. અહીં કચ્છની વિખ્યાત શૂરવીરતાના દર્શન બિલકુલ થઈ શકતા નથી. પક્ષીય રાજકારણના અંચળા હેઠળ આ પ્રતિનિધિઓ ન ઈચ્છતા હોવા છતાં તેઓએ મોઢું બંધ રાખીને બેસવું પડે છે. પોતાની સલામતી આ દિશામાં તેઓને વધુ સાર્થક લાગે છે.

વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં કચ્છના એક એમ.એ.એફ. વધારાના પાણીની યોજના, કે જે મૂળ રૂા. ૪૮૦૦ કરોડની હતી અને મોંઘવારીના કારણે જે રૂા. ૧૩,૦૦૦ કરોડની થવા જશે, તેના માટે માત્ર રૂા. ૭૬ કરોડ ફાળવાયા છે. (આ જ બજેટમાં સૌરાષ્ટ્ર માટે રૂા. ૧૭૦૦ કરોડથી પણ વધુ રકમની ફાળવણી કરવામાં આવેલ છે.) કચ્છની યોજનાની સૈદ્ધાંતિક, વહીવટી કે તાંત્રિક મંજૂરી પણ બાકી છે. એ યોજનાના રૂા. ૧૩,૦૦૦ કરોડની સામે રૂા. ૭૬ કરોડથી શું થવાનું? પ્રજાકીય પ્રતિનિધિઓને નાછૂટકે આ અન્યાય સહન કરીને બેસી રહેવું પડે છે. તે સામે આ શૂરવીર પ્રજાનો

અવાજ પણ અત્યારે તો એવો દબાઈ ગયેલ છે કે અન્ય પ્રતિનિધિઓ પણ અખબારી યાદી દ્વારા વિરોધ નોંધાવી તેનાથી જ સંતોષ મેળવે છે. આ સમયે યાદ આવી જાય છે કચ્છના શૂરવીરો એવા લાખા ફુલાણીની, જમાદાર ફતેહમામદની, શ્યામજી કૃષ્ણવર્માની, યુસુફ મહેરઅલીની, પ્રો. કે.ટી. શાહની, પ્રાણલાલ શાહની, કે પત્રકાર એવા ખીમજી હીરજી કાયાણીની, છગનલાલ ભવાનીશંકર મહેતાની કે ફૂલશંકર પટ્ટણી જેવાની – કે જેઓ ખરા સમયે પોતાનું માથું વધેરવામાં પાછી પાની કરતા નહીં!

વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં રૂા. ૫૦૦ કરોડની ફાળવણીનું અત્યારના મુખ્યમંત્રીશ્રીએ વચન આપ્યા છતાં આજે જ્યારે રૂા. ૧૩,૦૦૦ કરોડની યોજના સામે માત્ર રૂા. ૭૯ કરોડ ફાળવવામાં આવ્યા છે ત્યારે આખુંયે કચ્છ સ્તબ્ધ છે. તેના પ્રજાકીય પ્રતિનિધિઓ, અન્ય પક્ષોના પ્રતિનિધિઓ પોતાના પર થતા આ અત્યાચારની સામે અખબારી વિરોધ સિવાય એક હરફ પણ ઉચ્ચારી શકવા સમર્થ નથી. કચ્છના પ્રતિનિધિ એવા એક સમયના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીને પણ સંકોચાઈને બેસી જવાની ફરજ પડી છે! ખરેખર, કચ્છે આટલી લાચારી ક્યારે પણ ભોગવેલ નહીં હોય!

*૨૦૩, સવિતા એન્ક્લેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના લેખકશ્રીઓને

## નમ્ર નિવેદન

*૧. દરેક લેખ, કૃતિ સાથે લેખકશ્રીની તસવીર પ્રિન્ટ કરવાની હોવાથી દરેક લેખકશ્રીઓએ પોતાની લેખન સામગ્રી સાથે તસવીર મોકલાવવા અનુરોધ છે. જેમની લેખનસામગ્રી નિયમિત રીતે પ્રકાશિત થાય છે તેઓએ માત્ર એક વખત પોતાની તસવીર મોકલવાની રહેશે.*

*૨. એવું ધ્યાન પર આવેલ છે કે, ઘણાં લેખકશ્રીઓ પોતાની કૃતિઓની નકલો એક સાથે અનેક સામયિકોમાં મોકલાવી આપે છે. પરિણામે એક સપ્તાહમાં સ્થાનિકેથી પ્રકાશિત થતાં ૨ થી ૩ મેગેઝિનોમાં એક જ પ્રકારની સામગ્રી જોવા મળે છે, જે ઈચ્છનીય નથી. એટલે તેવી સામગ્રીની નકલ 'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત કરવા મોકલાવી નહીં.*

*૩. સામાન્ય રીતે દરેક માસની ૧૫મી તારીખ સુધી મળેલ લેખન સામગ્રી ત્યાર પછીના માસના અંકમાં લેવામાં આવે છે.*

*૪. એક સમયે એક જ લેખ, કાવ્ય, કૃતિ મોકલાવવા ખાસ અનુરોધ છે.*

*૫. લેખન સામગ્રીની ફોટો નકલ સ્વીકૃત થશે નહીં.*

*૬. લેખન સામગ્રી ફુલ-સ્કેપ પેપર ઉપર અને બે લાઈન વચ્ચે સ્પેસ છોડીને લખાણ હોવું ખાસ જરૂરી છે.*

*૭. લેખન સામગ્રી મૌલિક / પ્રથમ વખતની હોવી જોઈએ.*

***– વ્યવસ્થાપક સમિતિ***

જીવનદાન

## ઓર્ગન ડોનેશનની ઝુંબેશ... પ્રથમ મીટિંગનો અહેવાલ

# તન, મન, ધનથી સેવા કરવા કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહએ વ્યક્ત કરેલ નિર્ધાર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નેજા હેઠળ ઓર્ગન ડોનેશનની ઝુંબેશ અમદાવાદ ખાતે શરૂ કરવાના અનુસંધાને એક મિટિંગ રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૭ના સાંજના ૪.૦૦ વાગે જૂના સરકિટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ ખાતેના કોન્ફરન્સ હોલમાં મળેલ ત્યારે સમાજના ટ્રસ્ટીઓ ઉપરાંત કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ, ફ્યુઝન હોસ્પિટલના ડાયરેક્ટર અને યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહ, શ્રી નીલેશ માંડલેવાલા (ડોનેટ લાઇફ - સુરતની સંસ્થાના ફાઉન્ડર પ્રેસિડેન્ટ), શ્રી નીરવ માંડલેવાલા (સી.ઇ.ઓ., ડોનેટ લાઇફ, સુરત), શ્રી મિત્તલ ખેતાણી (ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, રાજકોટ), શ્રી ડેનિસ આડેસરા (બ્રહ્માંડ ફાઉન્ડેશન, રાજકોટ), શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ, કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ, કચ્છ વાગડ લોહાણા સમાજ - અમદાવાદ, કચ્છી ભાનુશાળી સમાજ - અમદાવાદ તથા કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદના અગ્રણીઓ તથા જેઓએ પોતાના નામ આ પ્રવૃત્તિમાં જોડાવવા માટે સ્વૈચ્છિક રીતે નોંધાવેલ છે તેવા ૩૦ જેટલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ચર્ચાની શરૂઆત કરતાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતાએ ઉપસ્થિત સૌને આવકાર્યા હતા. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યક્રમમાં સુરત અને રાજકોટ ખાતે ઓર્ગન ડોનેશન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા જે મહાનુભાવો પધાર્યા હતા તેમને સવિશેષપણે આવકારી ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો હતો.

તેઓએ જણાવ્યું હતું કે ગુજરાતમાં હાર્ટનું પ્રથમ પ્રત્યારોપણ કરનાર સિમ્સ હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટ અને મૂળ કચ્છી એવા ડૉ. ધીરેન શાહે ગત ૨૬ જાન્યુઆરી, ૨૦૧૭ના પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપણને ઓર્ગન ડોનેશન્સ માટે જે રીતે અવગત કર્યા અને 'કચ્છશ્રુતિ'ના જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં તેમનો ઇન્ટરવ્યૂ પ્રસારિત કરવામાં આવ્યો ત્યારબાદ આપણે તેમની ખૂબ નજીક આવી ગયા છીએ અને તેના પરિણામ સ્વરૂપ ડૉ. ધીરેન શાહે અમદાવાદ સ્થિત કોઈ પણ કચ્છી ઘટક સમાજને સિમ્સ હોસ્પિટલ તરફથી મેડિકલની સુપર સ્પેશિયાલિટી બ્રાંચો જેવી કે કાર્ડિયોલોજી (ECO, ECG, RBS સાથે), ઓર્થોપેડિક (બોન ડેન્સિટી સાથે), કેન્સર, ઓપ્થેલ્મોલોજી, પલ્મોલોજી વગેરે માટે **ફ્રી ચેક-અપ કેમ્પ આપવાની ઓફર કરી છે.** આપણે જે સ્થળે આ પ્રકારના કેમ્પ યોજવા માગતાં હોઇશું ત્યાં તેઓ પોતાની ટીમ અને જરૂરી સાધનો સહિત આવીને નોંધાયેલ વ્યક્તિઓના ફ્રી ચેક-અપ કરાવી આપશે. આ હકીકત જાણી સૌએ તેમને વધાવી લીધેલ હતા. (ત્યારબાદ કાર્યક્રમના અંતે ત્રણેક જેટલા ઘટક સમાજોએ આ બાબતે તેમની સાથે કેમ્પના આયોજન માટે જરૂરી ચર્ચા પણ કરી લીધેલ હતી.)

ત્યારબાદ આજે જે મીટિંગ બોલાવવામાં આવેલ છે તે ઓર્ગન ડોનેશન વિશેની સમજ આપવા માટેની કાર્યવાહી આગળ વધારવા ડૉ. ધીરેન શાહને અનુરોધ કરવામાં આવેલ હતો.

**ડો. ધીરેન શાહે** જણાવેલ કે આજે વિશ્વમાં અને ભારતમાં અનેક લોકો અંગદાનની સગવડતાના અભાવે મૃત્યુને ભેટે છે. ભારતમાં પ્રમાણમાં અંગદાન ઓછું થાય છે. **આપણે તે અંગેની ઝુંબેશનો અમદાવાદ ખાતે આરંભ કરવા માંગીએ છીએ.** અત્રે ઉપસ્થિત સુરત અને રાજકોટમાં આ ક્ષેત્રે કાર્ય કરનાર મહાનુભાવોના અનુભવોની વિગતો સાંભળ્યા બાદ આપણે આગળની કાર્યવાહી વિચારીશું. આ કાર્ય માટે આપણે વારંવાર મીટિંગો કરવી પડશે કે જે માટે મારી બધી તૈયારી છે.

**ત્યારબાદ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન - રાજકોટના શ્રી મિત્તલ ખેતાણી** કે જેઓ રાજ્ય સરકાર દ્વારા ચક્ષુદાન - દેહદાનની પ્રવૃત્તિ માટે બે વાર સન્માનિત થઈ ચૂકેલ છે, તેમણે જણાવેલ કે અવયવોનું દાન કોઇપણ ઉંમરની વ્યક્તિ કરી શકે છે. ઓર્ગન શોર્ટેજના કારણે દર ૧૭ મિનિટે એક મૃત્યુ થાય છે. ભારતમાં લાખોની સંખ્યાના અંધજનો ચક્ષુદાનની રાહ જોઈ રહ્યા છે. એક વ્યક્તિના અવયવ દાનથી ઘણા લોકોને નવું જીવન મળે છે. **બ્રેઇન ડેડ વ્યક્તિ તેના બધા અંગોનું દાન કરી શકે છે. અવયવ દાન એ મહાદાન છે.**

તેઓએ જણાવેલ કે લોહાણા મહાપરિષદ દ્વારા ૨૦૧૬નું

વર્ષ થેલેસેમિયા નાબૂદી વર્ષ તરીકે ઘોષિત કરવામાં આવેલ, જ્યારે ૨૦૧૭નું વર્ષ અંગદાન જાગૃતિ અંગે ઘોષિત કરવામાં આવેલ છે. આ વર્ષ દરમિયાન ૫૧,૦૦૦ જેટલા સંકલ્પ પત્રો અંગદાન અંગે ભરાવવામાં આવશે.

તેમના અન્ય એક સહકાર્યકર **ડેનિસ આડેસરાએ દિલ્હીમાં શ્રી નીતિનભાઈ ગડકરીને મળી ડ્રાઇવિંગ લાઇસન્સમાં ઓર્ગન ડોનર માટે ફરજિયાતપણે લખવામાં આવે તેવો નિર્ણય લેવડાવેલ છે.** તે જ રીતે રાજકોટની ટીમે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું અંગદાન અંગેનું સંકલ્પ પત્ર ભરાવેલ છે. અનેક પ્રધાનો, ધારાસભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, સંતો - મહંતો, જ્ઞાતિ ટ્રસ્ટીશ્રીઓ વગેરેના સંકલ્પ પત્રો ભરાવેલ છે અને અત્યારે પણ આ કાર્યવાહી સતતપણે ચાલુ રાખવામાં આવેલ છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પાસે આપણે આ ઝુંબેશ ચલાવતી સંસ્થાઓ વતી સંયુક્તપણે રજૂઆત કરી ઓર્ગન ડોનેશન્સ માટે જરૂરી નિર્ણયો લેવડાવી શકીએ. તેમણે જણાવેલ કે વિદેશમાં આ ઝુંબેશ અને પ્રવૃત્તિ મોટાપાયે ચાલે છે. જ્યારે ભારતમાં તામિલનાડુ સિવાય અન્ય રાજ્યોમાં આ પ્રવૃત્તિ ખૂબ જ ઓછા પ્રમાણમાં ચાલે છે. ગુજરાતમાં સુરત અને રાજકોટ સિવાય આ પ્રવૃત્તિ નહિંવત્ છે. **વર્ષ ૨૦૧૬ના આંકડા પ્રમાણે ભારતમાં ૮૫૧ અંગદાન થયા છે** કે જેમાં તામિલનાડુનો ૪૫.૫૩ ટકા જેટલો સિંહફાળો છે. આંધ્ર પ્રદેશનો હિસ્સો ૧૩.૧૬ ટકા અને કેરલનો હિસ્સો ૧૦.૩૨ ટકા છે. દક્ષિણના આ ત્રણ રાજ્યોનો હિસ્સો દેશના ટોટલ હિસ્સાના પ્રમાણમાં ૭૧.૪૨ ટકા છે. જ્યારે દેશના બાકીના ભાગનો હિસ્સો ૨૮.૫૮ ટકા જેટલો જ છે. ઉત્તર પ્રદેશ, પંજાબ, ગુજરાત જેવા રાજ્યોમાં આ પ્રવૃત્તિ નહિવત્ છે. ગુજરાતમાં આ પ્રવૃત્તિનો વ્યાપ વધારવા આપણે સાથે રહી જરૂરી મહેનત કરવી જોઈએ.

ત્યારબાદ સુરતની **'ડોનેટ લાઇફ' સંસ્થાના શ્રી નીલેશભાઈ માંડલેવાલાએ** નીચે મુજબની વિગતો આ સભા સમક્ષ રજૂ કરેલ હતી.

*"ડોનેટ લાઈફ" એક સ્વૈચ્છિક સ્વાસ્થ્ય સહાયક સંસ્થા છે જેને કેડેવર અંગદાન તથા કિડની નિષ્ફળતાની સતત વધી રહેલી બીમારી અટકાવવાના આશયથી શરૂ કરવામાં આવી છે. સંસ્થા કોઈ પણ જાતના વ્યાપારિક હેતુ વિના માનવતાની સેવાના હેતુ માટે કટીબધ્ધ છે.*

*એ સર્વવિદિત છે કે માનવ શરીર, એ ઈશ્વરે આપેલી સૌથી અણમોલ ભેટ છે. તેને સુરક્ષિત રાખવી એ દરેક માટે ઈશ્વર પ્રત્યેનું સૌથી મોટું કર્તવ્ય છે. એક અંદાજ અનુસાર આપણા દેશમાં ૨૦ લાખ લોકો કિડનીની નિષ્ફળતાની બીમારીથી પીડિત છે તથા દર વર્ષે અંદાજે ૨ લાખ લોકો એમાં ઉમેરાય છે. આવી જ સ્થિતિ લીવર, પેન્ક્રિઆસ, હૃદય, નેત્ર સંબંધી બીમારીઓથી પીડાનાર લોકોની પણ છે. અમારી સંસ્થાનો મુખ્ય હેતુ આ રીતે અંગો નિષ્ફળ ગયા હોય એવા દર્દીઓની સહાયતા કરવા તથા બ્રેઈન ડેડ વ્યક્તિના સ્વજનો તથા પરિવારજનોને સમજાવી બ્રેઈન ડેડ વ્યક્તિના અંગોનું દાન કરાવી કિડની, લીવર અને હૃદય અંગેના રોગોથી પીડાતી વ્યક્તિઓમાં દાનમાં મેળવેલ માનવીય અંગોનું પ્રત્યારોપણ કરાવડાવી તેમને સ્વસ્થ નવજીવન બક્ષવાનો છે. અંગદાન બાદ પણ અમારી સંસ્થા અંગદાતાનો પોલીસ પંચ કેસ તથા પોસ્ટમોર્ટમ કરાવવામાં સક્રિય ભૂમિકા અદા કરે છે. અમારી સંસ્થા અંગદાતાના શરીરને તેના ઘર, ગામ, શહેર કે રાજ્ય સુધી પહોંચાડવાની યોગ્ય વ્યવસ્થામાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.*

*અમારા દ્વારા સૌ પ્રથમ ઈન્ટરસિટી કિડની ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ સુરતથી અમદાવાદ IKDRCમાં જાન્યુઆરી-૨૦૦૬માં કરવામાં આવ્યું. સૌ પ્રથમ ઈન્ટર સ્ટેટ લીવર ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ સુરતથી હૈદ્રાબાદ ફેબ્રુઆરી ૨૦૦૬માં કરવામાં આવ્યું. પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ વખત સુરતથી મુંબઈ ઈન્ટરસ્ટેટ હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ ડિસેમ્બર ૨૦૧૫માં કરવાનું શ્રેય તથા ગુજરાતમાં સૌપ્રથમ વખત હાડકાંઓનું દાન કરાવવાનું શ્રેય પણ 'ડોનેટ લાઈફ' સંસ્થાને જાય છે. અમારું વિઝન છે કે, "NO LIVE DONATION, ONLY CADAVARIC ORGAN DONATION." અમદાવાદ IKDRC માં જે કેડેવરીક ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ થાય છે, તેમાંથી ૪૫ ટકાથી વધુ ઓર્ગન સુરતથી ડોનેટ કરવામાં આવે છે. મુંબઈની ફોર્ટિસ હોસ્પિટલમાં છેલ્લા એક વર્ષમાં જે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થયા છે, તેમાંથી ૨૫ ટકા હાર્ટ સુરતમાંથી ડોનેટ કરવામાં આવ્યા છે.*

*અમોએ આજ દિન સુધીમાં સુરત અને આજુબાજુના વિસ્તારોમાંથી ૧૮૭ કિડની, ૭૦ લીવર, ૪ પેન્ક્રિઆસ, ૮ હૃદય અને ૧૬૬ ચક્ષુઓ દાનમાં મેળવીને ૪૩૪ વ્યક્તિઓમાં માનવીય અંગોનું પ્રત્યારોપણ કરાવડાવીને તેમને નવજીવન બક્ષવામાં નિમિત્તરૂપ બન્યા છીએ. અમોએ આજદિન સુધીમાં સેમિનારો, સ્ટ્રીટ પ્લે, એક્ઝિબિશન, સ્નેહ મિલન સમારોહ તેમજ* ***ઓર્ગન ડોનેશન અંગેની અવેરનેસના જુદા જુદા કાર્યક્રમો યોજીને ૭ લાખથી વધુ લોકોને ઓર્ગન ડોનેશન અંગેની માહિતી પૂરી પાડી છે.***

શ્રી નીલેશભાઈ માંડલેવાલાએ એ પણ જણાવ્યું કે આ પ્રવૃત્તિ પુષ્કળ મહેનત અને સમય માંગી લે છે. કાર્યકરો મરજીવા થઈને આ પ્રવૃત્તિ પાછળ કાર્ય કરે તો જ સફળતા મળી શકશે.

ત્યારબાદ **ડો. હિમાંશુ શાહ**, કે જેઓ યુરો સર્જન છે તેમણે જણાવેલ કે મેં કિડનીના અનેક ઓપરેશનો કરેલ છે, અનેક લોકોને કિડની જોઈએ છે કે જે મળી શકતી ન હોવાથી અનેક લોકોના મૃત્યુ થાય છે. **ઓર્ગન ડોનેશન ખૂબ જ ઉમદા પ્રવૃત્તિ છે અને તે અંગેના કોઈ પણ પ્રયાસ પ્રશંસનીય છે. તેઓશ્રીએ એ પણ જણાવેલ કે દુનિયામાં પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટ ૧૯૪૯માં થયું. ભારતમાં પ્રથમ ૧૯૫૭માં થયું.** મેં પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટ ૧૯૯૮માં કર્યું. ત્યારબાદ અત્યાર સુધી તેઓશ્રીએ આ પ્રકારના અનેક ઓપરેશન કરેલ છે.

ડૉ. ધીરેન શાહે જણાવેલ કે માત્ર આજની મીટિંગથી કાર્યવાહી પૂરી થતી નથી. આપણને વારંવાર આવી મીટિંગો કરવી પડશે. આ માટેની દરેક મીટિંગમાં હું આવવા તૈયાર છું. આપણને આ કાર્ય માટે ન્યુરો ફીઝિશિયન અને ન્યુરોસર્જન ડૉક્ટરોનો પૂરેપૂરો સહયોગ જોઈશે. દર્દીને 'બ્રેઈન ડેડ વ્યક્તિ' તરીકે તેઓ જ જાહેર કરી શકે છે. **અમદાવાદની એશિયાની મોટામાં મોટી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા આઠ વર્ષમાં એક પણ વ્યક્તિને બ્રેઇન ડેડ જાહેર કરવામાં આવેલ નથી કે જે દેખીતી રીતે અયોગ્ય છે.** ન્યુરો ડૉક્ટરે, પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો દર્દીને બ્રેઈન ડેડ જાહેર કરવામાં સંકુચિત ના થવું જોઈએ. વહેલી તકે તે જાહેરાત કરે તો તે વ્યક્તિના અંગો અન્યને કામમાં આવી શકે. આ પ્રવૃત્તિ માત્ર ડૉક્ટરો થકી નહીં થઈ શકે. સામાજિક સંસ્થાઓનો રોલ પણ ખૂબ જ અગત્યનો રહેલ છે. સામાજિક સંસ્થાના કારણે જ દર્દીના પરિવારને યોગ્ય હકીકત સમજાવી તેઓ પાસે અંગદાન માટે યોગ્ય નિર્ણય લેવડાવી શકાશે. તેથી મહેનત માંગી લે તેવી આ પ્રવૃત્તિ છે કે જે શરૂ કરવા આપણે નિર્ધાર કરીએ. **તેના માટે આપણે એક અલગ સંસ્થા જ ઊભી કરીએ** અને તેને જરૂરી વિભાગોમાં રજિસ્ટર કરાવી આ પ્રવૃત્તિ તેના નેજા હેઠળ શરૂ કરીએ. **જો શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આગેવાની લઈ આવી સંસ્થા આવતા દિવસોમાં ઊભી કરે તો તેમણે આ કાર્યના પ્રોત્સાહન માટે પોતાના તરફથી જ રૂા. ૧ લાખના ડોનેશનની જાહેરાત કરેલ હતી કે જેને ઉપસ્થિતો દ્વારા તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી હતી.**

ત્યારબાદ નવી સંસ્થાની રચના કરવાનું કાર્ય અને તેના રજિસ્ટ્રેશન વગેરેની જવાબદારી શ્રી અશોક મહેતા અને સી.એ. હરસુખભાઈ પટેલને સોંપવામાં આવેલ હતી. જ્યારે SOTTO (State Organ & Tissue Transplant Organisation) ની રચના કરાવવા માટેનું કાર્ય શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને ડૉ. ધીરેન શાહને સુપરત કરવામાં આવેલ હતું. આ માટે તેઓશ્રીએ આરોગ્ય વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીને મળીને જરૂરી કાર્યવાહી કરાવવાની રહેશે.

હાલે દેશમાં NOTTO (National Organ & Tissue Transplant Organisation) અને ROTTO (Regional Organ & Tissue Transplant Organisation) અસ્તિત્વ ધરાવે છે પરંતુ SOTTO નું અસ્તિત્વ ન હોવાથી ગુજરાત રાજ્યમાં અંગદાનની થયેલ પ્રવૃત્તિઓની સરકારી સ્તરે નોંધણી રહેતી નથી. જેથી ગુજરાતની ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિથી ભારતભરના લોકો અજાણ રહે છે.

આ અગાઉ પ્રશ્નોત્તરીના સમયે ડૉ. કેતન શાહે પ્રશ્ન કરેલ કે ડોનેટ કરેલ ઓર્ગન કોને જાય છે તેની જાહેરાત કરવામાં આવે છે કે નહીં? શ્રી નીલેશભાઈ માંડલેવાલાએ જવાબ આપેલ કે આ કાર્યમાં બિલકુલ ટ્રાન્સપરન્સી રહે છે. ન્યુઝ પેપરમાં એ નામોની જાહેરાત પણ આવે છે અને અમે બંને પરિવારનો મિલાપ પણ કરાવી આપીએ છીએ. આ તબક્કે ડૉ. ધીરેન શાહે જણાવેલ કે **ભાવનગરના દર્દીનું હાર્ટ અમે જામનગરના દર્દીના શરીરમાં બેસાડ્યા પછી બંને પરિવારો અવારનવાર મળતા રહે છે અને તેમની વચ્ચે ભાઈચારાના સંબંધો સ્થાપિત થઈ ચૂકેલ છે.** સી.એ. હરસુખભાઈ પટેલ વગેરે અનેક લોકોએ પૂછેલ પ્રશ્નોના જવાબ સંતોષજનક રીતે આપવામાં આવેલ હતા. ડોનર પરિવારનું આપણે બહુમાન કરવું જોઈએ તેવું સૂચન એક તબક્કે શ્રી બચુભાઈ રાંભિયાએ કરેલ હતું.

ત્યારબાદ સંસ્થાના માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આભારવિધિની ઔપચારિકતા પૂર્ણ કરેલ હતી. સમૂહભોજન લઈ સહુ છૂટા પડ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી મનુભાઈ કોટડિયા વગેરેની જહેમત ખૂબ જ કામ આવી હતી.

*સમસ્યાથી ભાગો તો એ તમારી પાછળ પડે છે પણ ઊભા રહીને એનો હાથ પકડીને આંખમાં આંખ નાખો તો સમસ્યા પોતે જ સોલ્યુશન બની જાય છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ઓર્ગન ડોનેશનની ઝુંબેશ... પ્રથમ મીટિંગ

## તન, મન, ધનથી સેવા કરવા કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહએ વ્યક્ત કરેલ નિર્ધાર



ડાબેથી શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી ડેનિસ આડેસરા, ડૉ. વિપુલ વડેરા, ડૉ. ધીરેન શાહ, ડૉ. હિમાંશુ શાહ, શ્રી અશોક મહેતા



ડાબેથી શ્રી અશોક મહેતા, શ્રી નીલેશ માંડલેવાલા, શ્રી નીરવ માંડલેવાલા



ડાબેથી ડૉ. ધીરેન શાહ, શ્રી અશોક મહેતા, શ્રી નીલેશ માંડલેવાલા, શ્રી નીરવ માંડલેવાલા



સીંગરવા યુવા ગ્રુપ (ક.ક.પા. સમાજ)



ચર્ચા વિચારણામાં કાર્યરત સંપૂર્ણ સભાગૃહ



ડાબેથી શ્રી મનુભાઇ કોટડિયા, શ્રી અતુલ સોની, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા તથા શ્રી શાંતિલાલભાઈ સાવલા

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)



Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫



|| જય જલારામ ||
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મઘીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

જીવનદાન

# ડોનેટ લાઈફ

*"ડોનેટ લાઈફ" અંગદાન ક્ષેત્રે કામ કરતી એક એવી સંસ્થા છે કે જેની સ્થાપના ડિસેમ્બર-૨૦૧૪માં સુરત ખાતે કરવામાં આવેલ હતી. પરંતુ આ સંસ્થાના ફાઉન્ડર પ્રેસિડેન્ટ શ્રી નીલેશ માંડલેવાલા વર્ષ ૨૦૦૫થી જ આ પ્રવૃત્તિની પાછળ ભેખ લઈ તે અંગેની પ્રજામાં જાગૃતિ ફેલાવવાના અને કેડેવર અંગોના અંગદાનની સંખ્યા ઉત્તરોત્તર વધારતા જવામાં જ રસ દાખવી રહ્યા છે.*

*ડોનેટ લાઈફના શ્રી નીલેશભાઈ માંડલેવાલા ઈચ્છે છે કે સુરત, રાજકોટ વગેરે ગુજરાતના શહેરોમાં અંગદાનની પ્રવૃત્તિઓનો જે રીતે પ્રચાર કરવામાં આવી રહેલ છે તેવી જ રીતે અમદાવાદ અને ગુજરાતના અન્ય મુખ્ય મુખ્ય શહેરોએ પણ આ પ્રકારના પ્રચાર કાર્યનો અને તેના થકી તે પ્રકારની પ્રવૃત્તિઓનો પણ વ્યાપ વધારવો જોઈએ.*

*આ એક ઉમદા કાર્ય હોવાથી સમાજના ખૂણે ખૂણેથી આ પ્રવૃત્તિ માટે સહકાર આપવા જનતા આગળ આવે છે. તેમના અનુભવની વિગતો સમજાવતો તેમના દ્વારા જ આલેખિત લેખ અત્રે પ્રસારિત કરેલ છે.*

*– તંત્રી મંડળ*

- **અમારા વિશે :**

'ડોનેટ લાઈફ' એક બિન નફાકારક સંસ્થા છે જેને કેડેવર અંગદાન તથા કિડની નિષ્ફળતાની સતત વધી રહેલી બીમારીને અટકાવવાના આશયથી શરૂ કરવામાં આવી છે. સંસ્થા કોઈ પણ જાતના વ્યાપારિક હેતુ વિના માનવતાના - સેવાના હેતુ માટે કટીબદ્ધ છે.

એ સર્વવિદિત છે કે **માનવ શરીર ઇશ્વરે આપેલી સૌથી અણમોલ ભેટ છે.** તેને સુરક્ષિત રાખવી એ દરેક માટે ઈશ્વર પ્રત્યેનું સૌથી મોટું કર્તવ્ય છે.

એક અંદાજ અનુસાર આપણા દેશમાં ૨૦ લાખ લોકો કિડનીની નિષ્ફળતાની બીમારીથી પીડિત છે તથા દર વર્ષે અંદાજે ૨ લાખ લોકો એમાં ઉમેરાય છે. આવી જ સ્થિતિ લીવર, પેન્ક્રિઆસ, હૃદય, નેત્ર સંબંધી બીમારીઓથી પીડાનારા લોકોની પણ છે.

આ રીતે અંગો નિષ્ફળ ગયા હોય એવા દર્દીઓની સહાયતા કરવા તથા **તેઓમાં આશાનું કિરણ પ્રગટાવવા તેમજ નવજીવન આપવાના આશયથી** સંસ્થાના અધ્યક્ષ શ્રી નીલેશ માંડલેવાલા પહેલેથી જ પોતાનું જીવન આ ઉમદા કાર્ય માટે સમર્પિત કરી ચૂક્યા છે. વર્ષ ૨૦૦૫થી તેઓ અંગદાનના કાર્યક્રમો તથા આ અભિગમને આગળ ધપાવવામાં પૂરક રહ્યા છે. તેમણે આ અભિયાનને '**બ્રેન ડેડ**' દર્દીઓ દ્વારા અંગદાનથી પ્રારંભ કર્યો અને નિષ્ફળ અંગોના પીડિતોને નવજીવન અપાવવાનું કાર્ય શરૂ કર્યું. આ દૃષ્ટિકોણ, ઝનૂન, વિશ્વસનીયતા, કટીબદ્ધતા તથા સમર્પણની ભાવના સાથે તેઓશ્રીએ તમામ સફળતાઓ હાંસલ કરી, જે સીમાચિહ્ન પુરવાર થઈ છે.

પોતાની આ ભૂમિકાને આગળ વધારતા તા. ૪ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સંસ્થાના અન્ય ટ્રસ્ટી સભ્યો જેઓ ઈન્કમટેક્ષ કમિશનર શ્રી સંદીપ કુમાર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ શ્રી હીરેન દીવાન તથા શ્રી રમેશ માલપાની, ઉદ્યોગપતિ શ્રી રાકેશ જૈન તથા શ્રી નિર્મલસુખ બૈજલ, ઍડવોકેટ શ્રી હેમંત દેસાઇ જેવા શહેરના નામાંકિત મહાનુભાવો અને અન્ય ટ્રસ્ટી સભ્યો તથા સ્વયંસેવકોના સહયોગથી આ સંસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો.

૨૫ જાન્યુઆરી, ૨૦૧૭ સુધીમાં શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઇફ દ્વારા ૧૮૫ કિડની, ૭૦ લીવર, ૪ પેન્ક્રિઆસ, ૭ હૃદય અને ૧૬૦ ચક્ષુઓનું દાન બ્રેનડેડ દર્દીઓના પરિવારજનો પાસે કરાવ્યું. **જેનાથી દેશના જુદા જુદા વિસ્તારોના કુલ ૪૨૯ વ્યક્તિઓને નવજીવન અને નવી દૃષ્ટિ મળી છે.**

**પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ વખત સુરતથી મુંબઈ ઇન્ટરસ્ટેટ હાર્ટ ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનું શ્રેય પણ સંસ્થાને જાય છે.**

ગુજરાતમાં સૌપ્રથમ વખત હાડકાંઓનું દાન કરાવવાનું શ્રેય પણ સંસ્થાને જાય છે.

આ રીતે શ્રી નીલેશ માંડલેવાલાના સ્વપ્નએ માનવતાની સેવાની દિશામાં એક વિશાળ કદમ માંડ્યું છે.

સંસ્થા 'ડોનેટ લાઇફ' આવકવેરાની કલમ-૮૦(જી)૫ અંતર્ગત નોંધાયેલી છે.

- **સંસ્થાનું મિશન :**

કિડની, લીવર તથા હૃદય નિષ્ફળતાવાળા દર્દીઓની સતત

વધી રહેલી સંખ્યાને જોતાં સંસ્થાએ બે રીતે કામ કરવાનું નક્કી કર્યું છે. એક તો **લોકોને આ બીમારીઓથી જાગૃત કરવા** તેમજ શિક્ષિત કરવા અને બીજું તેઓને કેડેવર અંગદાન દ્વારા નવજીવન બક્ષવું. સંસ્થાનું મિશન એ પણ છે કે આવા દર્દીઓને શક્ય એટલી સહાય કરવી જેથી તેઓ આ બીમારીને કારણે જે ભાવનાત્મક આંચકો લાગ્યો હોય તેમાંથી બહાર આવી શકે. **લોકોને અંગદાન માટે પ્રેરિત કરવા, તૈયાર કરવા** તથા તે વિષય પરત્વે દરેક પ્રકારની જાણકારી આપવી એનો વિચાર પણ સંસ્થાના મિશનમાં સામેલ છે.

- **'બ્રેન ડેડ' એટલે શું?**

પેઢીઓથી કોઈ પણ વ્યક્તિના મૃત્યુની પરિભાષા અને એના લક્ષણ એકદમ સીધા અને સરળ રહ્યા છે. જ્યારે હૃદય ધબકતું બંધ થઈ જાય અને શ્વાસ અટકી જાય એટલે વ્યક્તિને મૃત જાહેર કરી દેવામાં આવતા. પરંતુ હવે ચિકિત્સા પદ્ધતિમાં પ્રગતિ થવાની સાથે આવા દર્દીઓના શરીરને ધબકતા હૃદય તથા શ્વાસની સાથે કૃત્રિમ રીતે જીવંત રાખી શકાય છે ભલેને મગજ મૃત થયા પછી શરીરને ઉપર્યુક્ત સંદેશા આપવામાં સક્ષમ કેમ ન હોય! પરિણામે 'બ્રેન ડેડ'ના રૂપમાં સર્વગ્રાહી રીતે ચિકિત્સાકીય પરિભાષા સ્વીકૃત કરવામાં આવી છે. જેના મુજબ આ સ્થિતિમાં વ્યક્તિના મગજ દ્વારા નિર્દેશિત બધા કામો અપરિવર્તનીય રૂપે બંધ થઈ જાય છે. જેમાં એની ચેતના તથા શ્વાસ લેવાની ક્ષમતાનો પણ સમાવેશ થાય છે. આ રીતે **'બ્રેન ડેડ' વ્યક્તિ પોતાના બધા અંગોનું દાન કરી શકે છે. જે પ્રત્યારોપણ દ્વારા અન્ય કોઈના જીવનને બચાવવામાં સાર્થક થઈ શકે છે.**

**કેડેવર કિડની દાન કાર્યક્રમ સંબંધે**

*આપણા દેશમાં લગભગ દર ૧૦ પૈકી ૧ વ્યક્તિ કિડની નિષ્ફળતાથી ગ્રસ્ત છે. દર વર્ષે લાખો લોકો કિડનીની બિમારીથી સર્જાતી જટીલતાને કારણે અકાળ મૃત્યુનો ભોગ બને છે. ઘણીવાર તો કિડની ૯૦ ટકા ક્ષતિગ્રસ્ત થઈ જાય ત્યાં સુધી શરીરમાં કોઈ લક્ષણ દેખાતા નથી. દેશમાં દર વર્ષે લગભગ ૪૦૦૦ કિડની પ્રત્યારોપણ થાય છે. જે પૈકી માત્ર ૧ ટકા જેટલી જ કિડનીઓ કેડેવર દ્વારા પ્રાપ્ત થાય છે. અન્ય અંગોના પ્રત્યારોપણમાં પણ લગભગ આવી જ સ્થિતિ છે. અહીં એ દર્શાવવું જરૂરી છે કે પ્રત્યારોપણ બાદ વ્યક્તિનું જીવન વધુ ગુણવત્તાસભર હોય છે.*

- **અંગદાન કોણ કરી શકે?**

દરેક વ્યક્તિ કોઈ પણ જાતિ, ધર્મ અથવા વયના દરેક સ્ત્રી કે પુરુષ અંગદાન કરી શકે છે. માત્ર ડૉક્ટરોની પ્રત્યારોપણ ટીમ જ દાનમાં મળેલા અંગોની ચિકિત્સાકીય યોગ્યતા વિશે નિર્ણય લઈ શકે છે, એ પણ એના ઉપયોગનો સમય હોય ત્યારે જ.

- **શું અંગદાન બાદ શરીર વિકૃત થઈ જાય છે?**

બિલકુલ નહીં. અંગોને વ્યક્તિના શરીરમાંથી એકદમ ગરિમાપૂર્ણ રીતે બહાર કાઢવામાં આવે છે અને શરીરની બહારથી જોતા કોઈ ફેરફાર દેખાતો નથી. આ પ્રક્રિયાથી વ્યક્તિના અંતિમ સંસ્કાર સંપન્ન કરવામાં કોઈ અવરોધ ઊભો થતો નથી.

- **અંગદાન કોને મળી શકે?**

એને માટે એક ચોક્કસ પ્રક્રિયા છે, જે નીચે મુજબ છે.

અંગદાન પ્રાપ્ત કરવા ઈચ્છુક વ્યક્તિએ પોતાનું નામ પ્રત્યારોપણ સંસ્થામાં કેડેવર અંગ પ્રાપ્ત કરનારના રૂપમાં નોંધાવવાનું હોય છે.

પ્રત્યારોપણ સંસ્થાની કમિટી પ્રાપ્તકર્તાની ઉંમર, એની આવકની સ્થિતિ, ડાયાલિસિસનો સમય, પારિવારિક અંગદાતાની ઉપલબ્ધતા, અગાઉ કરાયેલ પ્રત્યારોપણ જેવા કેટલાક ધારા ધોરણોને ધ્યાનમાં રાખી કઈ વ્યક્તિમાં અંગને પ્રત્યારોપિત કરવું એ વિશે યોગ્ય નિર્ણય લે છે.

સામાન્ય રીતે અંગનું પ્રત્યારોપણ એવી વ્યક્તિમાં કરવામાં આવે છે જેને એ સમયે સૌથી વધુ જરૂર હોય. **કોઈ પણ વ્યક્તિની સામાજિક તથા આર્થિક સ્થિતિ અંગ પ્રાપ્ત કરવાની યોગ્યતામાં કોઈ મહત્ત્વ રાખતી નથી.**

- **કેડેવર અંગ દાતા તથા પ્રાપ્તકર્તાના નામોની જાહેરાત :**

અમે કેડેવર અંગદાતા તથા પ્રાપ્તકર્તાના નામો તથા એની વિગતો બીજા દિવસે જ પ્રિન્ટ અને વિઝ્યુઅલ મીડિયા, સોશિયલ મીડિયા, વેબસાઇટ તથા વ્યક્તિગત રૂપમાં અવશ્ય જાહેર કરીએ છીએ. એટલું જ નહીં, અમે અંગદાતાના પરિવારને ધન્યવાદ આપવા માટે સન્માન સમારંભ પણ યોજીએ છીએ તથા અંગ પ્રાપ્તકર્તા તથા એના પરિવારના સભ્યોની મુલાકાત કરાવીએ છીએ. આ પ્રવૃત્તિથી સમાજના વિભિન્ન

વર્ગોના લોકોને પ્રેરણા મળે છે અને તેઓ પણ આગળ આવી અંગદાનના ઉમદા કાર્યમાં પોતાનું યોગદાન આપી શકે.

- **'ડોનેટ લાઈફ' આ બધી પ્રવૃત્તિઓનું આયોજન શું કામ કરે છે?**

અંગદાતા અને પ્રાપ્તકર્તા સંસ્થાઓમાં એક મોટો ફરક છે કેમકે, ઘણા અંગો જે કોઈકને નવજીવન આપવા સક્ષમ છે એ નકામા થઈ જાય છે. એનું કારણ વધુને વધુ લોકો આ ઉમદા કાર્યમાં રસ લેતા નથી.

'બ્રેન ડેડ' દર્દીના પરિવારના સભ્યો અને સગાંઓ પ્રત્યારોપણ પ્રક્રિયામાં વધારે રસ લેતા નથી કેમકે તેમનામાં એ વિશે જાગૃતિ નથી હોતી અથવા તો દુઃખની એ ઘડીઓમાં તેઓ આ વિશે વિચારી શકતા નથી.

આવા વાતાવરણમાં 'ડોનેટ લાઈફ'ના સ્વયંસેવક દર્દીના પરિવારના સભ્યો અને અન્ય સગાઓને અંગદાન વિશે જાગૃત કરે છે તથા એમને અંગદાન દ્વારા જીવનની નિરંતરતા વિશે સમજ આપે છે. અંગદાન મળી જાય પછી એ બાબત પ્રત્યારોપણ સંસ્થાને સોંપી દેવામાં આવે છે. જે આગળની પ્રક્રિયા પૂર્ણ કરે છે.

આ પ્રવૃત્તિ કેડેવર અંગદાનની સંખ્યાને ઝડપથી આગળ વધારવા અને પ્રત્યારોપણ માટે પ્રતીક્ષા કરનારા દર્દીઓની સંખ્યાને ઓછી કરવામાં મદદરૂપ નીવડે છે. આ પ્રવૃત્તિ અંગે પ્રત્યારોપણની દિશામાં લાભાર્થીઓની સંખ્યા વધારવામાં સીધી મદદ કરે છે.

- **ધાર્મિક માન્યતા :**

આખા વિશ્વમાં આ પ્રકારના દાનને અમૂલ્ય ગણવામાં આવે છે. **માણસ અંગદાન દ્વારા પોતાના મૃત્યુ બાદ પણ અન્યના શરીરમાં જીવંત રહે છે.** દરેક ધર્મ અને દરેક ધર્મગુરુઓએ આ ઉમદા કાર્યની પ્રશંસા કરી છે અને એને પ્રોત્સાહન આપ્યું છે.

### કેડેવર અંગદાન કાર્યક્રમમાં 'ડોનેટ લાઈફ'ની ભૂમિકા

*'ડોનેટ લાઈફ' અંગદાતા તથા પ્રાપ્તકર્તા વચ્ચે એક માધ્યમનું કામ કરે છે. હોસ્પિટલો એમના આઈ.સી.યુ., ટ્રોમા સેન્ટર્સમાંથી બ્રેન ડેડ જાહેર દર્દીઓની જાણકારી મેળવી પોતાના કાર્યકર્તા અને સ્વયંસેવકોને દર્દીના પરિવારજનો તથા સગાઓને કેડેવર અંગદાન વિશે જાગૃત કરવા મોકલે છે અને તેમને અંગદાન માટે પ્રેરિત કરે છે.*

*દર્દીના પરિવારના સભ્યો અને સગાંઓની સહમતિ મળ્યા બાદ અંગપ્રાપ્તિ તથા ત્યારબાદની પ્રક્રિયા પૂર્ણ કરવા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર (IKRDC) અમદાવાદનો સંપર્ક કરવામાં આવે છે જેમની ટીમ આવીને આગળની વિધિ પૂર્ણ કરે છે.*

*અંગદાન બાદ પણ 'ડોનેટ લાઈફ' અંગદાતાનો પોલીસ પંચ કેસ તથા પોસ્ટમોર્ટમ કરાવવામાં સક્રિય ભૂમિકા અદા કરે છે.*

*'ડોનેટ લાઈફ' અંગદાતાના શરીરને એના ઘર, ગામ કે શહેર સુધી પહોંચાડવાની યોગ્ય વ્યવસ્થામાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.*

### અંગ પ્રત્યારોપણ સંબંધી કાનૂન

*હોટા (HOTA) હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન એક્ટ, ૧૯૯૪ કેડેવર અંગદાનની અનુમતિ આપે છે.*

અંગદાન સંબંધી પ્રવૃત્તિ સમાજના વિભિન્ન વર્ગોમાં સમરસતા વધારવામાં અને એને મજબૂત કરવામાં સહાયક રહી છે. જેને માટે યુગોથી આપણો દેશ જાણીતો છે. અંગદાન દ્વારા લોકો પોતાની જાતિ, સંપ્રદાય, ધર્મ કે ક્ષેત્રની ભાવનાને ભૂલાવીને જીવનભર એકબીજા સાથે જોડાઈ જાય છે. આપણા વડાપ્રધાન પણ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આ ઉમદા કાર્યની પ્રશંસા કરી હતી જ્યારે ઓગસ્ટ ૨૦૧૩માં એક ગુજરાતી હિંદુ મહિલાની કિડનીએ ઉત્તર પ્રદેશની એક મુસ્લિમ છોકરીને નવજીવન બક્ષ્યું અને એવી જ રીતે ડિસેમ્બર ૨૦૧૪માં મુસ્લિમ ખોજા સમાજની એક યુવા મહિલાની કિડનીએ એક સિંધી પરિવારની સત્તર વર્ષીય છોકરીને નવજીવન પ્રદાન કર્યું હતું. **હવે આ પરિવારોમાં પરસ્પર સંબંધ બંધાઈ ચૂક્યો છે જે કોઈપણ પારિવારિક સંબંધો કરતા ગાઢ છે.**

- **ચાલો સંકલ્પ કરીએ...**

ચાલો, આપણે એકબીજા સાથે ઉદારતા અને સહૃદયતા સાથે જોડાયેલા તથા પોતાના મૃત્યુ બાદ બીજાને નવજીવન આપવાનો સંકલ્પ કરીએ. **અંગ પ્રત્યારોપણ એકવીસમી સદીનું સત્ય છે.** આપણે હંમેશાં એ વાતનો ખ્યાલ રાખીએ કે એક અંગદાતા ઘણા લોકોના જીવન બચાવી શકે છે. જેમની કિડની નિષ્ફળ છે તથા અન્ય એવા જેમના હૃદય, લીવર, પેન્ક્રિઆસ, ફેફસાં કે નેત્ર કામ કરવા અસમર્થ છે.

આપણે કેડેવેર અંગદાન વિશે રાષ્ટ્રીય સ્તરે અને ત્યારબાદ એથીય ઊંચા સ્તરે લોકોમાં જાગૃતિ કેળવવા કટીબદ્ધ છીએ તથા એ દિશામાં પ્રયાસરત છીએ.

આ પ્રકારની કામગીરીમાં તમારા સ્નેહ, આશિષ, રુચિ અને સહયોગની જરૂર છે. જેનાથી આપણે આવનારા સમયમાં ઘણી જિંદગીઓને બચાવી શકીશું. ચાલો, અંગદાનનો સંકલ્પ કરીએ.. ■

# "મુંજી માતૃભૂમિ કે નમન..." કારાણીજીને કોટિ કોટિ નમન!

કચ્છ

• જગદીશ ચં. છાયા 'શ્રેયસ' •

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૮ રવિવારે પૂજ્ય કારાણીજીની ચિરઃ વિદાયથી કચ્છના 'લોક સાહિત્યના કલાયલ મોરલા'ની કદી ના પુરાય એવી ખોટ પડી. એમનો જન્મ દિન જ એમની પુણ્યતિથિ બની...! એક પૂર્ણ વ્યક્તિત્વની કુદરતે પણ વિદાય વેળાએ જાણે કે સાચવી પૂર્ણતા!!

## • કારાણીજીની મહેચ્છા :

દુલેરાય કારાણીજીની મહેચ્છા હતી 'કચ્છનાં ગામોનાં નામકરણ' અંગે સંશોધન કરવાની. એ સંશોધન કાર્યમાં સહકાર આપવા, કારાણીજીએ અખબારી અપીલ બહાર પાડી. એ યાદી બહાર પડ્યાને ૧૦ વરસ થયા પછી પણ (૧૯૭૯ સુધી) ખાસ પ્રગતિ નહીં થતાં મેં થોડો રસ દાખવતાં, એમણે મને જ એ કાર્ય ઉપાડી લેવા પ્રેરણા, પ્રોત્સાહન અને આશીર્વાદ આપ્યા. મેં પણ લોક સહયોગ હેતુ સૌપ્રથમ અખબારી યાદી જ બહાર પાડી. આમ, એ દિશામાં લોકોને વિચારતા કરવાનો હેતુ સર્યો એનો સંતોષ છે.

મેં સૌ પ્રથમ તો ફક્ત ગામના નામોની યાદી બનાવી. એ વખતે જે સામાન્ય ખ્યાલ પ્રચલિત હતો કે કચ્છીઓએ આપેલ ગામ નામો પર મુખ્યત્વે 'વ્યક્તિ પ્રભાવ' છે, હું પણ એ જ માન્યતાને આધારે આગળ ધપવા તત્પર હતો. ત્યાં જયકૃષ્ણ ઇન્દ્રજીનો 'કચ્છ સ્વસ્થાનની વનસ્પતિ અને તેની ઉપયોગીતા' ગ્રંથ હાથમાં આવતા જ હું દંગ બની ગયો! ગામ નામોનું રટણ તો મગજમાં રમતું જ હતું ત્યાં વનસ્પતિઓની યાદી વાંચતા લાગ્યું કે... હું વનસ્પતિના નામો વાંચું છું કે ગામના નામો!!?? અને જાણે કે એક નવી દિશા જ ખૂલી ગઈ! આથી સાબિત પણ થયું કે કચ્છીઓ વ્યક્તિવાદી નથી પણ વનસ્પતિ પારખું અને પ્રકૃતિ પ્રેમી છે. હવે આ દિશામાં આગળ વધવા સારો સહકાર મળી રહ્યો છે. **વિશેષમાં આધુનિક ટેકનોલોજીનો સુંદર સદુપયોગ શક્ય બન્યો છે. લેખકો વિદ્વતા સભર, અભ્યાસપૂર્ણ લેખો મોકલે છે!** મેઘાણીજી, કારાણીજી જેવા લોક સાહિત્યકારોએ પાળિયાને ઢંઢોળીને એમને બોલતા કરવાનું 'ધૂળ-ધોયા' કાર્ય કર્યું છે.

કહેવાય છે કે પાળિયાને વાચા ફૂટી હોય એમ, એમની સમક્ષ પાળિયા સ્વયં જાણે કે પોતાની ગાથા બોલવા લાગતા! મને લાગે છે કે ગામના નામો પણ એ જ રીતે 'પોતાની ગાથા ગાવા લાઈનમાં ઊભા છે.' આપણે એમને સાંભળવા 'કર્ણ દૃષ્ટિ' કેળવવી પડશે. દરેક ગામ પોતાનો આગવો ઇતિહાસ, વિશેષતાઓ ધરાવે છે. ગામનું નામ સમાવિષ્ટ હોય એવી કહેવતો લોકોક્તિઓ અસંખ્ય છે. ગામ વિશે લોક કથાઓ, દંત કથાઓ, લોકોક્તિઓ, કહેવતો દ્વારા 'ગામ નામકરણની ગાથા' લોકમુખે રમે છે.

ચાલો, આ વિશિષ્ટ સંશોધન કાર્યને 'યજ્ઞ કાર્ય' સમજી એમાં આહૂતિ આપવાનો 'શિવ-સંકલ્પ' કરીએ. કાળના ગર્ભમાં આવી અમૂલ્ય વિગતો લુપ્ત થાય એ પહેલાં એને સાચવી લઈએ. અમૂલ્ય હસ્તપ્રતો, ફોટોગ્રાફ્સ, સાહિત્ય સામગ્રી, જૂની ડાયરીઓની નોંધો સ્કેન કરી શકાય. વડીલોની વાતોમાં સચવાઈ રહેલ અમૂલ્ય વારસોય સાચવી લઈએ. આ યજ્ઞ કાર્યમાં રસાજ્ઞુઓ, તજજ્ઞો સહિત સૌના અવિરત સહકાર અને માર્ગદર્શનની અપેક્ષા છે.

## • ...કુરો કુજાડો...

એક સમયે 'કુરો કુજાડો' કહેવાતી કચ્છીનું મ્હેણું કચ્છી સાહિત્યકારોએ ભાંગ્યું.

*કારાણીજીએ તો લખ્યું :*

***'કુરો કુજાડો' કચ્છી, તું ૫ થી તૈયાર***
***કચ્છી પાણી વારી વીર વાણી કે તા 'કારાણી' ચે***
***મીણીનું વડેરી મહારાણી કરે વ્યારીયાં...!!***

કચ્છની વિકાસની દિશામાં પ્રયત્નો સતત થાય છે. પણ બીજી તરફ ગુજરાતના એક પ્રખ્યાત લેખકના કેટલાક વાક્યો આપણને વિચારતા કરી દે છે. તેઓ લખે છે : 'કચ્છની જનભાષા કચ્છી છે. એ ગુજરાતીની નહીં, સિંધીની શાખા છે. જો કે, અત્યારે કચ્છમાં શિક્ષણ, સંસ્કાર અને રાજ્યની ભાષા તરીકે સ્વિકારાયેલી ગુજરાતી ઝડપથી કચ્છીને ખસેડી રહી છે!!!' 'કચ્છીને ખસેડી રહી છે' એટલે શું?!!

મારી આ વ્યથા માંડવીની 'જયંત જ્યોત' સંસ્થામાં 'કચ્છના મેઘાણી દુલેરાય કારાણી અને મારા સંસ્મરણો' એ વિશે યોજાયેલ મારા વક્તવ્યમાં પણ ઠાલવી હતી.

## • દાદા-પોત્રા જેવો સંબંધ :

કારાણીજી સાથે મારા દાદા-પૌત્ર જેવા મીઠા સંબંધો! તેઓ મને 'માનસ વારસદાર' કહેતા... એ એમની આત્મીયતા જ હતી!! કારાણીજી વિશે લખવું એટલે મનમાં થાય કે 'વ્હાલાજી

તારી કલમ વખાણું કે તારી લાગણી વખાણું.' એમના ૭૦થી વધુ પુસ્તકો જે એમના સાચા વારસદારો છે. મારા હૃદયને વિશેષ સ્પર્શી ગયું છે 'સોનલ-બાવની.' ધર્મપત્નીના વિયોગમાં હૃદયમાંથી જ પ્રગટેલી એ ઊર્મિઓ છે એ જ કારણ. એમણે પાંચ બાવનીઓ લખી છે... ગાંધી, દયાનંદ, કલ્યાણ, સોનલ અને મહાવીર બાવની. મેં વિચાર્યું 'કારાણી બાવની' લખાય ત્યારે આજે એમના માટે યોગ્ય હોય એવાં ...બાવન વિશેષણો મેં વિચાર્યા પણ છે. ને આ રહ્યા એ વિશેષણો.... બાબાણી બોલીના બેલી, અસ્મિતાના ઉપાસક, ધૂળ ધોયા સંશોધક, લોક સાહિત્યકાર, સર્જક, સરસ્વતીના સાધક, ઈતિહાસવિદ, પાળિયાને ઢંઢોળીને 'બોલતા' કરનાર, જાત મહેનતુ, કુશળ કેળવણીકાર, સારસ્વત, કચ્છીના યુગ પ્રવર્તક, મરમી, ભોમિયા, રક્ષક, પોષક, તજજ્ઞ, લેખક, સંપાદક, કવિ, સંકલનકર્તા, નાટ્યકાર, સંવાદ લેખક, ગુપ્ત ખજાનાના શોધક, વિચારક, ચિંતક, આદર્શ શિક્ષક, ઝીંદાદિલ, આત્મીય ગૃહપતિ, લોક સાહિત્યનું તીર્થ, વાણીના જાદુગર, આદર્શ પિતા, પ્રેમાળ પતિ, બાળ અખાણીકાર, વાત્સલ્ય મૂર્તિ, સાદગીના સમર્થક, મરોડદાર અક્ષરોમાં માહિર, પમરાટની પ્રતિભા, કલમના કસબી, ગુણીયલ, ગુણગ્રાહી, માનવતાના પૂજારી, સર્વધર્મ સમભાવી, વહેમના વિરોધી, કચ્છીના કારાયલ, મનોવિજ્ઞાની, જીવનદૃષ્ટા, કચ્છના કલાધર 'મેઘાણી', આપણું ગૌરવ, શબ્દોના સ્વામી, ઐતિહાસિક આલેખ 'જેમ્સ ટોડ', સંસ્કૃતિના પૂજક, સરસ્વતીના અનમોલ પુત્ર-રત્ન, કચ્છના 'કોલંબસ', આપણું 'ઓળખપત્ર', લોક સાહિત્યનો ઘેઘૂર વડલો.

કચ્છના મહાન લોક સાહિત્યકાર દુલેરાય કારાણીની જન્મ - પુણ્યતિથિ તા. ૨૬મી ફેબ્રુઆરીને પિતૃ ભાષા - બાબાણી બોલી... ''કચ્છી ભાષા દિન'' તરીકે ઉજવવો જોઈએ એવું નમ્ર સૂચન છે.

જેમ કચ્છ માટે કહેવાય છે – 'ભૂકંપ પહેલાનું કચ્છ અને ભૂકંપ પછીનું કચ્છ' એમ કચ્છી ભાષા માટે કહેવું જ પડે... **''કારણીજી પહેલાની અને કારાણીજી પછીની ભાષા સમૃદ્ધિ.''**

પહેલા 'મેઘાણીજી' જન્મ્યા. માટે દુલેરાય કારાણીજીને 'કચ્છના મેઘાણી'નું બિરૂદ મળ્યું. પણ જો દુલેરાય કારાણી એમનાથી પહેલા જન્મ્યા હોત તો... કદાચ મેઘાણીજીને... 'સૌરાષ્ટ્રના કારાણી'નું બિરૂદ મળ્યું હોત...!!

કચ્છી બાબાણી બોલીની અસલી તાકાત એમની રચનાઓ થકી કારાણીજીએ સુપેરે દર્શાવી છે. ''ચાય - છાય જી સંગર'' એક ઉદાહરણ માત્ર છે.

બળુકી કચ્છી ભાષાનું આ શક્તિ પ્રદર્શન...

*રુક જેડી નક્કર, સક્કર જેડી શીરી વારી,*
*અક્કડ અનોખી અતિ ગતિ રામ બાણજી*
*કુછે મેં કડક કચ્છી પાણી જે કડાકે વારી*
*વિજ જે વરાકે વારી, જોય જિંધજાનજી,*
*તાજી ઘોડો છૂટે, તુટે તોપ જો ગલોલો તેડી,*
*'કારાણી' ચેં, ચોટ કચ્છી વાણી જી કમાનજી!*

'મુંજી માતૃભૂમિ કે નમન' કચ્છનું રાષ્ટ્રગીત ગણાય છે. તો આ રચના કચ્છ... 'વંદે માતરમ' જ છે!

કારાણીજીને કોટિ કોટિ નમન!

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

**નામ** / Name : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.**
**બેંક** : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬.
**Bank** : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006.
**ખાતા નંબર** : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952**
**આઈએફએસ કોડ** : **IFS Code : SBIN0005306**

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને **SMS,** વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

કચ્છ

# કચ્છ : એક જીવંત મ્યુઝિયમ - ૨

● ડૉ. મહેશ ઠક્કર ●

(આ લેખનું પ્રથમ પ્રકરણ 'કચ્છશ્રુતિ'ના માસ જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં પ્રકાશિત થયેલ છે.)

૧૮૭૨ની સાલમાં જિઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના ઓફિસર શ્રી એ.બી. વાયને દ્વારા કચ્છના ભૂસ્તરશાસ્ત્ર ઉપર એક મહાગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો. લંડન સ્થિત એક ભૂસ્તર વિજ્ઞાન સંસ્થાની વેબસાઈટ દ્વારા તે સમગ્ર રિપોર્ટ ખુલ્લો મૂકાયેલ છે....

ત્યાર પછીના વીસમી સદીના બધા જ વિજ્ઞાનીઓ દ્વારા તે રિપોર્ટને પાયાનું સંશોધન ગણીને કાર્ય કરવામાં આવ્યું. પણ લગભગ ૧૯૬૫થી સમગ્ર કચ્છને ભૂકંપીય હલનચલન, ટેક્ટોનિક ઉત્પત્તિ, ખડક નિર્માણના વિવિધ તબક્કાને લઈને ડૉ. એસ.કે. બિશ્વાસ દ્વારા ગહન સંશોધન કરવામાં આવ્યું. તે સમયમાં ખનિજ તેલ અને કુદરતી વાયુ પંચ - ઓ.એન.જી.સી.ના ડાયરેક્ટર તરીકે સેવા આપતા ડૉ. બિશ્વાસ આજે ૯૦ વર્ષની જૈફ વયે પણ તેથી પણ બમણું સંશોધન કરી રહ્યા છે. કચ્છના એક એક ખડકને તેની વિવિધ સ્થળોએ ઉત્પત્તિના આધારે તથા અહીં દેખાતા અનેક સ્તરભંગો તથા જ્વાળામુખીથી બનેલા પર્વતો, દીવાલો અને ડુંગરોના ગર્ભના ગહન અભ્યાસ દ્વારા સમગ્ર કચ્છનો જ્યુરાસિક કાળ ટેક્ટોનિક ઉત્પત્તિ (એટલે કે ભારતીય પ્લેટનો ખસવાનો ઈતિહાસ) દ્વારા તબક્કાવાર સમજાવવામાં આવ્યો. આફ્રિકા ખંડ સાથે આજથી ૨૩૦ મિલિયન વર્ષ એટલે કે ૨૩ કરોડ વર્ષ પૂર્વે ભારતીય પ્લેટ, ઑસ્ટ્રેલિયન, દક્ષિણ અમેરિકન તથા એન્ટાર્કટીક પ્લેટો ધીમે ધીમે કેવી રીતે છૂટી પડી અને ભારતીય પ્લેટના હાંસિયાના પ્રદેશમાં મહા સ્તરભંગોને લઈને વિશાળ ભૂમિ પ્રદેશો કેવી રીતે દરિયામાં ડૂબ્યા અને તે કાળક્રમે જ્યુરાસિક ખડકો માટેનાં નિર્માણ સ્થાનો બની ગયા, જેમાં કાળક્રમે (લગભગ ૮૫થી ૬૫ મિલિયન – ૮.૫થી ૬.૫ કરોડ વર્ષ પૂર્વે) પૃથ્વીના સૌથી વિનાશક જ્વાળામુખી પ્રસ્ફુટનના અવશેષો પણ મળી આવ્યા અને તે દખ્ખણના ઉચ્ચ પ્રદેશના વિશાળ વિસ્તારના નાના એવા ભાગરૂપે પ્રસ્થાપિત થયા. પૃથ્વીના નોંધાયેલા સૌથી વિનાશક એવા આ જ્વાળામુખી પ્રસ્ફુટનનો ઘણોખરો હિસ્સો કચ્છમાં ઠેકઠેકાણે મળી આવે છે. જીવંત મ્યુઝિયમનો આ એક વિશિષ્ટ હિસ્સો છે. બહુ જ જૂજ વિજ્ઞાનીઓએ આ બાબત પર પ્રકાશ પાડેલ છે. પણ પૂના યુનિવર્સિટી, પ્રેસિડેન્સી યુનિવર્સિટી તથા આઈ.આઈ.ટી., મુંબઈ દ્વારા આ વિષય પર ગહન સંશોધન આજે પણ કરવામાં આવી રહ્યું છે.

જીવંત પ્રયોગશાળા અને જીવંત મ્યુઝિયમનો બીજો એક મહત્ત્વનો તબક્કો છે ૬.૫ કરોડથી એક લાખ વર્ષના સમયગાળામાં બનેલા જળકૃત ખડકોનો ઈતિહાસ. ભૂસ્તરીય સમયસારણી પ્રમાણે જેને ટર્શિયરી (તૃતીય મહાયુગ)ના નામથી ઓળખાય છે, તે ગાળો કચ્છના ઈતિહાસ માટે અનેરો છે, કેમકે આ જ સમયે સમગ્ર કચ્છનો ભૂ પ્રદેશ દરિયાના તળિયામાંથી ઉપર ઉઠવાની શરૂઆત થઈ. તેની સાથે સાથે વિશાળ પ્રાંતમાં જળકૃત ખડકોના બનવાની ક્રિયા પણ ચાલુ હતી. અહીં એ પણ જણાવવું જરૂરી છે કે આ જ સમયમાં ભારતની ઉત્તરે આવેલ વિશાળ પર્વતમાળા કરતાં સૌથી વધુ ઝડપથી આ પર્વતમાળાના નિર્માણની ક્રિયા થયેલ છે તે નોંધનીય છે. કચ્છ માટે પણ ટર્શિયરી યુગનો આ તબક્કો વિશિષ્ટ છે. તેમાં અગણિત અપૃષ્ઠવંશી પ્રાણીઓના સમૂહો કિનારાઓ તથા ખંડિય છાજલી જેવા વિસ્તારોમાં વિચરતાં અને કાળક્રમે તેઓ ખડક નિર્માણનાં હિસ્સા બની જતાં વિવિધ જળકૃત ખડકો બની ગયા જેમાંથી ઈયોસીન યુગના વિશાળ કાર્બનેસિયસ શેલ ખડકો લિગ્નાઈટના સ્વરુપમાં આર્થિક રીતે ખૂબ જ ઉપયોગી સાબિત થયા. જ્યારે સૂક્ષ્મ પ્રકારના અપૃષ્ઠવંસી પ્રાણીઓનો સમૂહ - જે ફોરામિનિફેર તરીકે ઓળખાય છે – તે ખર્વોની સંખ્યામાં તટીય છાજલી પર જમા થયાં અને કાળક્રમે ચુના ખડકોના સ્વરૂપે આજે કચ્છમાં વિશાળ વિસ્તારમાં જોવા મળે છે. સિમેન્ટના ઉદ્યોગમાં તે અત્યંત મહત્ત્વના ખડકો મનાય છે અને આ અશ્મિઓ રોજના કરોડોની સંખ્યામાં સિમેન્ટ બનાવવા માટે દળાઈ રહ્યા છે. કદાચ આવતી પેઢીને જોવા માટે આ જીવંત મ્યુઝિયમમાં આ જીવંત સ્થળો ખતમ થઈ ચૂક્યાં હશે.

ક્યારેક આ જીવંત પ્રયોગશાળાના ખોળામાં બેસી આ સૂક્ષ્મ જીવો વિશે વિચાર આવે અને તેમના આપણી પર અગણિત ઉપકારો વિચારતાં આંખો અશ્રુભીની થઈ જાય છે. સૂક્ષ્મ જીવોના હાડપીંજરમાંથી જ આપણે સિમેન્ટ - ચુનો બનાવી આપણાં ઘરો બનાવી રહ્યા છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે ધરતીમાંથી ઊંડે મળતું ખનિજ તેલ (મહેસાણા, સુરત,

રાજસ્થાન, અખાતી દેશો અને બોમ્બે હાઈમાં) આ સૂક્ષ્મ જીવોની જ દેન છે. તેઓનાં મૃત શરીર દરિયામાં દટાઇને ઓક્સિજનની ગેરહાજરીમાં વિઘટિત થાય છે અને પાણીમાં ભળી જતાં પૂર્વે પથ્થરમાં સંગ્રહિત થઈ જાય છે અને કરોડો વર્ષો બાદ આપણે પથ્થરોના પેટાળમાં કાણાં પાડીને તેમને બહાર કાઢી પેટ્રોલ, ડિઝલ તથા અન્ય હાઈડ્રોકાર્બનની બનાવટો પ્રાપ્ત કરીએ છીએ. ત્યારે જ આ તુચ્છ અને પામર એવા સૂક્ષ્મ જીવોનો આપણા પર કેટલો ઉપકાર છે તે જાણી વિજ્ઞાનીનું હૃદય પણ કવિ બની જતું હોય છે.

કચ્છના અપૃષ્ઠવંશી આટલો રસપ્રદ ઈતિહાસ સામાન્ય જનતાને કદાચ જવલ્લે જ જાણતાં આપણાં રૂંવાડા ખડા થઈ જશે અને તેમને તથા તેમનાથી બનતા પત્થરોને એક અહોભાવથી જોઈશું. જેમ અપૃષ્ઠવંશી પ્રાણીમાં જ્યુરાસિક અને ટર્શિયરી કાળના દરિયામાં વિહરતા હતાં તેમ પૃષ્ઠવંશી પ્રાણીઓનો જ્યુરાસિક અને ટર્શિયરીનો ઈતિહાસ પણ અનેરો છે. તેના પૃષ્ઠ પર એક નજર નાખીએ તો, જે તે સમયે જમીન પર ડાઈનોસોર અસ્તિત્વમાં હતાં જ્યારે કચ્છના પત્થરો મહદ્ અંશે દરિયાઇ વાતાવરણ સૂચવે છે. માટે કચ્છમાં ખૂબ જ ઓછી જગ્યાઓમાં જ્યાં ભૂમિ પ્રદેશમાંથી ડાઈનોસોર જેવા પ્રાણીઓના કંકાલો ઘસડાઈને આવ્યા હોય તથા આવા અવશેષો મળી આવે છે તેમાં ચેરિયા બેટ (ખડીરની ઉત્તરે) અને ખાવડાથી ઉત્તરે આવેલ કુંવારબેટ મુખ્ય છે. આ ઉપરાંત હાલમાં જ કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને મારા પોતાના અને સંયુક્ત સાહસે પ્રાપ્ત થયેલ એક પૃષ્ઠવંશી પ્રાણીનું સંપૂર્ણ કંકાલ સમગ્ર એશિયામાં ખૂબ જ મહત્ત્વનું સાબિત થયેલ છે. ઈકથીયોસોરસવાના નામથી જાણીતું આ પ્રાણી પૂર્વ પ્રકારની ડોલ્ફિન જેવી માછલી જેવું દેખાતું હતું. લગભગ ૫ મીટર જેટલું લાંબું કંકાલ આજે કચ્છ યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વિભાગમાં મ્યુઝિયમમાં સાચવવામાં આવેલ છે, જેનો અભ્યાસ દિલ્હી યુનિવર્સિટીના પ્રો. પ્રસાદ દ્વારા કરવામાં આવે છે પરંતુ જર્મની જેવા દેશોનો સહકાર લઈને સંયુક્ત સંશોધન કરવાનો પ્રસ્તાવ મૂકેલ છે (૪થી ૩.૫ કરોડ વર્ષ પૂર્વે).

આ ઉપરાંત ટર્શિયરી યુગના માયોસિનના ખડકોમાંથી પણ અમારી ટીમ દ્વારા જીરાફ, મગરમચ્છ, હાથી, ગેંડા તથા ડુક્કર જેવા પ્રાણીના અસંખ્ય અશ્મિઓ વાગડ વિસ્તારમાંથી પ્રાપ્ત થયેલ છે. આ સંશોધન બિરબલ સાહની ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેલીયોસાયન્સ, લખનૌ અને ફ્રાન્સની યુનિવર્સિટીના સંયુક્ત સાહસથી હાથ ધરવામાં આવેલ છે.

જેમ કચ્છના જળકૃત ખડકો કરોડો વર્ષ પુરાણા છે અને તેઓ જે તે સમયે થયેલા વાતાવરણના ફેરફારો સૂચવે છે, તે જ રીતે કચ્છમાં એવા વિશાળ વિસ્તારો છે જ્યાં સેંકડો મીટર સુધી ફક્ત મૃદુકાય સ્તરો જ જોવા મળે છે. ફક્ત માટીથી બનેલા આ સ્તરો કચ્છનો ઘણોખરો વિસ્તાર રણ સ્વરૂપે બનાવે છે. આ માટી ભૂસ્તરશાસ્ત્રીઓ માટે ખૂબ જ મહત્ત્વના નમૂનારૂપ છે. પ્રત્યેક સ્તર છેલ્લાં હજારો વર્ષો દરમિયાન થયેલા વાતાવરણના અદ્‌ભુત ફેરફારોને પુરવાર કરે છે. મૃદુ ખડકો અથવા માટી અને રેતી જેવા નિક્ષેપો ઉપર સંશોધન કરનાર "ક્વાર્ટનરી ભૂસ્તરશાસ્ત્રી" તરીકે ઓળખાય છે. છેલ્લા ૫૦,૦૦૦થી એક લાખ વર્ષનો ભૂસ્તરીય, ભૂકંપીય અને વાતાવરણના ફેરફાર અંગેની સચોટ માહિતી આ નિક્ષેપો બતાવે છે. વિશ્વમાં જેમ જ્યુરાસિક, ક્રિટેશિયસ અને ટર્શિયરી યુગના અભ્યાસનું સ્વર્ગ કચ્છના ખડકો છે, તેમ પશ્ચિમ ભારતમાં છેલ્લા એક લાખ વર્ષના વાતાવરણ, દરિયાઇ સપાટીનું ઊર્ધ્વ કે અધોગમન તથા ભૂકંપના ચક્રોની માહિતી આ કચ્છના રણની માટીમાં ધરબાયેલ છે. ■

## નિરર્થક સમારંભો કે નિરર્થક તમાશા...?

(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)

ધાર્મિકતા સામે વિરોધ નથી. વિરોધ ધાર્મિકતાને નામે ચાલતી વ્યક્તિ પૂજા અને સંપત્તિ સંચયનો છે. સાચી ધાર્મિકતા કદી નિષ્ક્રિયતા અને અકર્મણ્યતાનો ઉપદેશ ન આપે. આપણે આપણી શેરીની ગંદકીની ઉપેક્ષા કરીએ, મચ્છરથી થતા રોગોની ચિંતા પણ ન કરીએ. અડધી પ્રજા અભણ છે એ સત્ય તરફ આંખમિંચામણા કરીએ, બે કરોડ બાળકો શાળાએ જવાને બદલે ફટાકડા અને માચીસના કારખાનામાં મજૂરી કરવા જાય છે એ આઘાતજનક માહિતીને જાજમ નીચે દાબી દઈએ અને પછી કહેવાતી ધાર્મિકતાના ઢગલામાં શાહમૃગની જેમ માથું નાખી દઈએ એની સામે વિરોધ છે. **જે ચાલતો રહે એને સત્ય મળે.** મૂર્ચ્છાવસ્થામાં સૂતો રહે એને સત્ય મળે નહીં. વિચારની યાત્રામાં જે એક કદમ ચાલવા તૈયાર હોય એ માણસ આજે નહીં તો કાલે સત્યને પામવાની અપેક્ષા રાખી શકે.

***સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,***
***રાજકોટ-૩૬૦ ૮૮૧.***
***ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭***

*ઈસુ ખ્રિસ્તના જન્મ દિવસે દારૂની પાર્ટી અને કૃષ્ણના જન્મ દિવસે જુગાર... આ આપણી વિકૃત માનસિકતાના દર્શન કરાવે છે.*

પરિવર્તન

# નિરર્થક સમારંભો કે નિરર્થક તમાશા...?

• યાસીન દલાલ •

લાંબા સમય સુધી અમદાવાદ - દિલ્હી રેલવેલાઈન તૈયાર થઈને પડી રહી અને છતાં માત્ર ઉદ્‌ઘાટનની વિધિને લીધે ચાલુ ન થઈ. એ સમય દરમિયાન રેલવેને કરોડો રૂપિયાની ખોટ ગઈ અને હજારો પ્રવાસીઓ દિવસો સુધી ખૂબ જ પરેશાન થયા. પ્રશ્ન એ છે કે ઉદ્‌ઘાટનની વિધિ કર્યા વિના આ રેલવેલાઈનનો પ્રારંભ કરી દેવામાં આખરે શું વાંધો હતો? આ કોઈ નવી રેલવેલાઈન તો હતી નહીં, માત્ર એના ગેજમાં જ પરિવર્તન કરવામાં આવ્યું હતું.

પણ વિધિવિધાન અને ક્રિયાકાંડોમાં અટવાઈ ગયેલું આપણું પરંપરાવાદી માનસ આપણને આવું વિચારવા દેતું જ નથી. આ રેલવે લાઈનના પરિવર્તનમાં કરોડો રૂપિયા ખર્ચાયા હશે, પણ આ એક દિવસના ઉદ્‌ઘાટન સમારંભ પાછળ કેટલા ખર્ચાયા? ખુદ વડાપ્રધાન એના માટે આવે એટલે એમનો વિશાળ સલામતી સ્ટાફ આવે, રેલવે બોર્ડના અધિકારીઓનો રસાલો આવે, સંસદસભ્યો આવે. એ બધાના પ્રવાસ, ભોજન, વાહન વ્યવહાર અને સલામતી પાછળ પણ બે-પાંચ કરોડ રૂપિયા ખર્ચાયા જ હશે. આપણી રેલવે પાસે તો નાણાં પણ નથી અને કંઈ કેટલી સગવડો એ નાણાંને અભાવે પ્રવાસીઓને પૂરી પાડી શકતી નથી. આ સ્થિતિ હોય ત્યારે ઉદ્‌ઘાટન જેવા તમાશા પાછળ કરોડો રૂપિયા શા માટે વેડફી દેવા જોઈએ?

પણ ઉદ્‌ઘાટન, વિમોચન, મંગળ પ્રારંભ જેવા પ્રસંગો વિના આપણને ચેન પડતું નથી. બેએક વર્ષ પહેલાં સુરતના એક અખબારમાં વાંચ્યું હતું કે ત્યાંની મ્યુનિસિપલ કોર્પોરેશને કોઈ લતામાં થોડા સંડાસ બનાવ્યા તો એના પણ ઉદ્‌ઘાટન માટે એક મોટો સમારંભ યોજાયો.

આપણું કોઇ પણ કામ શુભ મુહૂર્ત કે ચોઘડિયું નક્કી કર્યા વિના થતું નથી. મકાન બાંધવું હોય, મકાન પૂરું થયા પછી એમાં રહેવા જવાનું હોય, સંતાન અવતરે ત્યારે એનું નામ પાડવાનું હોય, લગ્ન નક્કી કરવાના હોય, નોકરીમાં જોડાવાનું હોય કે પ્રવાસ કરવાનો હોય — આ બધામાં આપણે બુદ્ધિ કે તર્કને બિલકુલ કોરાણે મૂકીને બસ પરંપરા કે વિધિવિધાનને જ શરણે જઈએ છીએ. પરિણામે અમુક ચોક્કસ દિવસોમાં શહેરમાં એકસાથે સેંકડો લગ્નો યોજાય. લગ્ન માટે હોલ ના મળે, કંકોત્રી છપાવવા માટે પ્રેસ ન મળે, કેટરર પણ મનફાવતા ભાવ પડાવે, ફોટોગ્રાફર - ઈન્ટિરિયર ડેકોરેટર બધાની તંગી થાય અને બધા તકનો પૂરો લાભ લઈ લે અને એક જ દિવસે અનેક પરિચિતોને ત્યાં લગ્ન પ્રસંગ હોય એટલે એમાં હાજરી આપનાર માણસ પણ પરેશાન થઈ જાય. એક સ્થળે ઔપચારિક રીતે માત્ર હાજરી પુરાવીને એણે ફટાફટ બીજે સ્થળે દોડવું પડે. બધે ટ્રાફિક જામ થઈ જાય. રસ્તાઓ બંધ થઈ જાય. પેટ્રોલ અને ડીઝલનો બગાડ થાય, અનાજનો તો મોટાપાયે બગાડ થાય. આ બધું જ પરંપરાના નામે ચાલ્યા કરે. હવે તો કેન્દ્ર અને રાજ્યોમાં પ્રધાન મંડળની સોગંદવિધિમાં પણ આ જ તાસીરો થાય છે. બધાની અનુકૂળતા જોઈને ચોક્કસ સમયે સમારંભ ગોઠવાય, પણ અચાનક ચોઘડિયું અનુકૂળ નથી, એવી સલાહ મળે એટલે બધું જ ખોરવાઈ જાય. ફરીથી નવેસરથી બધું આયોજન કરવું પડે. એમાં બધાનો સમય બગડે. પણ એની કોને પડી છે?

**મનુષ્ય જેમ જેમ બૌદ્ધિક બને એમ સદીઓ જૂની, અર્થહીન રૂઢિઓ અને પરંપરાઓમાંથી બહાર આવતો જાય. પણ, આપણે તો ઘડિયાળના કાંટા ઊંધા ફેરવવાના શોખીન છીએ. આજે તો સાદાઇથી લગ્ન થવા એ લગભગ નહિંવત્ અપવાદ જેવું થઈ ગયું છે અને ઠાઠમાઠ અને આડંબર જ છવાઈ ગયા છે. ઉપરથી એક દિવસનો લગ્નપ્રસંગ હવે તો ત્રણચાર દિવસ લંબાવાય છે.** એક દિવસ ભોજન સમારંભ થાય, બીજે દિવસે દાંડિયા રાસ રમાય, ત્રીજે દિવસે લગ્નની વિધિ થાય, એમ તમાશો ચાલતો રહે. ભોજનમાં પણ કોઈને જમવું હોય તો એ થાળી લે. કોઈને નાસ્તો કરવો હોય તો એ પણ મળે. કોઈને મોટી હોટલની જેમ પંજાબી કે ચાઈનીઝ વાનગીઓ જોઈતી હોય તો એ પણ હાજર. અને ઉપરથી ચા, પાન, આઈસ્ક્રીમ એ લટકામાં... આવા લગ્ન પ્રસંગોમાં દર વર્ષે રૂા. ૧૦થી ૧૫ હજાર કરોડ રૂપિયાની રકમ વેડફાય છે એમ એકવાર બાબુભાઈ જશભાઈ પટેલે આંકડો કાઢીને કહ્યું હતું અને આ બધું જ પરંપરાના ચુસ્ત ઢાંચામાં રહીને જ થાય. **આજના લગ્નમાં યુવક-યુવતીના લોહીનું પરીક્ષણ કરવું જોઈએ. એને બદલે કુંડળીઓ સરખાવવામાં આવે અને બધી જ વિધિઓ રૂઢિ, માન્યતા, ગ્રહોના દાયરામાં જ જકડાયેલી રહે.**

અને આપણા સમારંભો પણ કેટલા બધા સ્ટીરિયોટાઈપ બીબાઢાળ બની ગયા

છે! દરેક સમારંભ એકાદ કલાક મોડો શરૂ થાય. એ પછી પ્રાર્થના ગવાય. પછી ફૂલહારથી મહેમાનોનું સ્વાગત થાય. મંચ પર બે-પાંચ નહીં પણ પંદર-વીસ મહાનુભાવો સવાર થઈ ગયા હોય. બધાને અલગ અલગ માણસો હાર પહેરાવે. હાર પહેરાવનારા પ્રેક્ષકોમાં વેરવિખેર બેઠા હોય એટલે એમને મંચ પર આવવા અને જવામાં ઘણો બધો સમય બગડે. એ પછી ફલાણાભાઈ ફલાણાભાઈનો પરિચય આપશે, ફલાણાભાઈ આશીર્વચન ઉચ્ચારશે, ફલાણા મહાનુભાવ ઉદ્‌બોધન કરશે એમ અર્થહીન ભાષણોનો સીલસીલો શરૂ થાય અને કલાકો સુધી ચાલ્યા કરે. છેવટે લાંબું લાંબું આભારદર્શન આવે અને જો કોઈ વ્યક્તિના સન્માનનો સમારંભ હોય તો તો થઈ જ રહ્યું. બસો-પાંચસો વ્યક્તિઓ એને હાર પહેરાવે અને એ વિધિમાં ખૂબ લાંબો સમય જાય. આને બદલે પ્રતીકરૂપે બે-ચાર માણસો દ્વારા એ કામ કરાવી શકાય, જેથી સમય બચે અને ફૂલહારનો પણ દુર્વ્યય અટકે. છેલ્લી ઘડીએ કોઈક ભાઈ પ્રેક્ષકોમાંથી હારતોરા લઈને મંચ પર ચડી જાય, તો કોઈ મારે પણ બોલવું છે એમ કહીને ધસી આવે. આવા સમારંભના આમંત્રણ કાર્ડ જોવા જેવા હોય છે. હમણાં આવું એક કાર્ડ જોયું તો એમાં પૂરા ૧૯ જણાનાં નામ અતિથિ વિશેષ, પ્રમુખ અતિથિ, ખાસ મહેમાન વગેરે અલગ અલગ શીર્ષક હેઠળ છાપ્યાં હતા! અતિથિ વિશેષ અને મુખ્ય મહેમાન કે ખાસ મહેમાનમાં શો ફરક? આટલું અધૂરું હોય એમ હવે ક્યાંક વિશેષ ઉપસ્થિતિ એવો શબ્દ પ્રયોગ કરીને પણ પાંચ-પંદર માણસોની યાદી છાપી મારવામાં આવે છે! કોઈ વ્યક્તિ કોઈ નાનકડા હોદ્દા પર નિમાય એમાં તો દિવસો સુધી એના અભિવાદનના સમારંભો ચાલ્યા કરે છે અને આપણને તો કંઈ પણ કામ કરવાને બદલે પ્રચાર અને ભાષણબાજીના ઢોલ પીટવાની આદત જ પડી ગઈ છે. કોઈ શાળા કે કૉલેજનું નવું વર્ષ શરૂ થાય એટલે તરત મંગળ પ્રારંભના સમારંભો શરૂ થઈ જાય. કોઈ ધર્માદા સંસ્થા કંઈક નવી સગવડ શરૂ કરે કે કંઈક નવું મશીન વસાવે એટલે એને માટે મોટા બધા સમારંભો કરે, ફોટા પડાવે અને જાતજાતના ક્રિયાકાંડો કરે. **આવા બધા પ્રસંગોએ જે શબ્દરમતો આચરાય છે, જે ભાષણો થાય છે, જે વચનો અપાય છે અને જે જાહેરાતો થાય છે એમાં સચ્ચાઇ કેટલી એનો અભ્યાસ થાય તો બધો દંભ બહાર આવે.**

અલબત્ત, કેટલીક સંસ્થાઓ અપવાદ કરીને પરંપરાથી જુદા પડીને કશુંક નવું કરી બતાવવાનો પ્રયત્ન કરે છે એની પણ નોંધ લેવી જોઈએ. નડિયાદમાં ગોવર્ધનરાયે સ્થાપેલી એક લાઈબ્રેરી છે જેનું નામ ‘ડાહી-લક્ષ્મી પુસ્તકાલય’ છે. આ પુસ્તકાલયે બે-એક વર્ષથી નવો ચીલો પાડ્યો છે. દર વર્ષે એ ત્રણ-ચાર સાહિત્યકારો, ચિંતકોના વ્યાખ્યાન યોજે છે. એની ટિકિટ રાખે છે અને કોના વ્યાખ્યાન યોજવા એ વાચકોને પૂછીને નક્કી કરે છે! ખૂબીની વાત એ છે કે સાહિત્યકારોના વ્યાખ્યાનની ટિકિટો અગાઉથી વેચાઈ જાય છે અને આખો હોલ ભરાઈ જાય છે! એ પછી જે વ્યાખ્યાન યોજાય એમાં મંચ પર માત્ર વક્તા સિવાય કોઈ નહીં. કોઈ લાંબી ભાષણબાજી નહીં, ક્રિયાકાંડો નહીં. બધો સમય વક્તા અને શ્રોતાઓને જ આપી દેવાનો. પ્રવચન પૂરું થાય એ પછી સંસ્થાના મંત્રી વાચકોના પ્રશ્નોમાંથી પસંદગીના પ્રશ્નો પૂછતા જાય અને વક્તા જવાબ આપતા જાય! આ બધી પ્રક્રિયામાં રહેલી નવીનતા, તાજગી અને પરંપરા છોડીને નવું કરી બતાવવાના ઉત્સાહને લીધે આખો કાર્યક્રમ અત્યંત રસપ્રદ બની રહે છે. વર્ષો પહેલાં રાજકોટમાં સુરેશ જોષીનો ઓપન યુનિવર્સિટીનો કાર્યક્રમ યોજાયો હતો, એમાં પણ કંઈક આવું કરી બતાવવાની ધગશ જોવા મળી હતી. પણ આ તો બહુ જૂજ અપવાદો છે. એ સિવાય તો આપણે ક્યાંય રૂઢિને તોડી જ શકતા નથી.

કહેવાનો અર્થ એ નથી કે ક્રાંતિ ખાતર ક્રાંતિ કરી નાખવી અને બધા જ રીતરિવાજો અને પરંપરાઓને ફેંકી દેવા. પણ આપણે સારાસારનો વિવેક તો જરૂર કરી શકીએ. **જીવન તદ્દન નીતિનિયમો વિનાનું હોઈ શકે નહીં અને કેટલાક પ્રોટોકોલ જીવન વ્યવસ્થા ટકાવવા માટે અનિવાર્ય છે.** પણ જે પરંપરાઓ સમયની કસોટીમાં તદ્દન નિષ્ફળ નીવડી છે, જે રૂઢિઓનો આજના યુગમાં કોઈ અર્થ નથી, જે રિવાજો માત્ર નિરર્થક ખર્ચા કરાવે છે અને સમય બગાડે છે, **જે પરંપરાઓ માત્ર બંધન લાદે છે એને તો ફેંકી જ દેવા ઘટે.** મકાન બાંધવું, નોકરીમાં જોડાવું, નિવૃત્ત થવું, કોઈ નવી સામગ્રી વસાવવી વગેરે તદ્દન રાબેતા મુજબની ક્રિયાઓને પણ આપણે શા માટે યાંત્રિક ઢાંચામાં ગાળીને એના તમાશા યોજીએ છીએ? જીવનની તદ્દન સાહજિક ગતિવિધિઓને શા માટે આટલી હદે અસહજ ક્રિયાકાંડમાં ફેરવી નાખીએ છીએ? **આજનો યુગ તો કામ કરવાનો, ઉત્પાદન વધારવાનો અને પુરુષાર્થનો યુગ છે.** જે કામ કરીએ એની જાણ ચોક્કસ સમાજને કરીએ, પણ કામ કરવાનું મોકૂફ રાખીને માત્ર પ્રચાર, સ્ટંટ, ભાષણબાજી અને વિધિવિધાનો જ કરતા રહીશું તો એનાથી કોને શું લાભ થવાનો છે?

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૯ ઉપર)**

સાયન્સ અને ટેકનોલોજી

# દેશની આન, બાન અને શાન – ઇસરો

• ભાર્ગવ ત્રિવેદી •

ભારતની સરકારી કંપનીઓમાંથી જેનું નામ સાંભળીને ગર્વ થાય અને છાતી ગજ ગજ ફૂલી જાય એવી બહુ ઓછી કંપનીઓ છે. આમાંની એક કંપની એટલે ઈસરો (ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન). ૧૫ ઓગસ્ટ, ૧૯૬૯ના રોજ એટલે કે ભારતની આઝાદીની બરાબર એકવીસમી વર્ષગાંઠે શરૂ થયેલી **ઇસરોએ અનેક પરાક્રમો દ્વારા ભારતને અંતરીક્ષમાં વિહરતું કરીને ખરી યુવાની અને આઝાદીનો અનુભવ કરાવ્યો છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.** ઈસરોની સ્થાપના થઈ તેના એકાદ મહિના પહેલા જ નાસાના એપોલો યાને સમાનવ ચંદ્રની મુલાકાત લઈને પોતાનો સિક્કો જમાવી દીધો હતો. આખી દુનિયાના દેશો અંતરીક્ષના કાર્યક્રમોને અગ્રતાક્રમ આપીને સ્પેસ રેસમાં જોડાઈ રહ્યા હતા. બીજી તરફ ટેકનોલોજી પણ પરીકથાની રાજકુમારીની જેમ દિવસે ન વધે એટલી રાત્રે અને રાત્રે ન વધે એટલી દિવસે વધી રહી હતી. આવી પરિસ્થિતિમાં ભારત પાસે પણ તેની પોતીકી સંસ્થા હોય કે જે અંતરીક્ષને લગતા કાર્યક્રમો આગળ ધપાવી શકે એવી ખાસ જરૂરત ઊભી થઈ. તેના ફળસ્વરૂપ ઈસરોની સ્થાપનાનું સપનું સાકાર થયું.

આ જ ઇસરોએ સાતમી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી સવારે સાડા દસ વાગે ૧૨૩૫ કિલોગ્રામ વજનના **રિસોર્સસેટ-૨એ નામના સેટેલાઇટને સફળતાપૂર્વક સોલાર સન સિંક્રોનસ ઓર્બિટમાં તરતો મૂકીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.** આ સેટેલાઇટને પોલાર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ તરીકે ઓળખાતા જે મથક ઉપરથી દાગવામાં આવ્યું એ તેની આડત્રીસમી ઉડાન હતી. પૃથ્વી ઉપરથી રવાના થયા બાદ અઢારમી મિનિટે સેટેલાઇટ પૃથ્વીની ફરતે આવેલી ૮૧૮ કિલોમીટરમાં પથરાયેલી પોલાર સન સિંક્રોનસ ઓર્બિટમાં ગોઠવાઈ ગયું હતું. આ સેટેલાઈટ તેની શ્રેણીમાં ત્રીજો સેટેલાઈટ છે. આની પહેલા ૨૦૦૩ અને ૨૦૧૧માં અનુક્રમે રિસોર્સસેટ-૧ અને રિસોર્સસેટ-૨ એમ બે સેટેલાઈટનું સફળ લોન્ચિંગ થઈ ચૂક્યું છે. **આ ત્રણેય સેટેલાઇટનું મુખ્ય કામ વૈશ્વિક સંસ્થાઓને પૃથ્વીના વાતાવરણમાં થતા ફેરફાર કે કુદરતી આફતોને લગતી માહિતી આપવાનું છે.** અલબત્ત ઈસરો આ માહિતીના બદલામાં દરેક દેશ પાસેથી કિંમત વસૂલ કરશે. રિસોર્સસેટ-૨એ માં તેના બંને મોટા ભાઈઓની જેમ મુખ્ય ત્રણ પેલોડ છે. આ ત્રણેય પેલોડ અલગ અલગ જાતના કેમેરા જ છે. જે જુદી જુદી ફ્રિક્વન્સી અને વધતા - ઓછા રીઝોલ્યુશન સાથે ડેટા એકઠો કરવાનું કામ કરે છે. આ ડેટાની આપ-લે માટે હૈદ્રાબાદ ખાતે એક બેઝ સ્ટેશન બનાવવામાં આવ્યું છે અને ૧૫ ડિસેમ્બરથી નિયમિત ધોરણે ડેટા મળવાનું શરૂ થઈ જશે.આ સિવાય રિસોર્સસેટ-૨એ ની ખાસિયત કહી શકાય એવી એક સ્ટોરેજ ડીવાઈસ ગોઠવવામાં આવી છે. જેની કેપેસિટી ૨૦૦ ગીગાબાઈટ જેટલી છે. આ સેટેલાઇટની અંદર આવેલા વિજાણુયંત્રોને ચલાવવા માટે કુલ ૧૨૫૦ વોટની જરૂર પડે છે. જે સેટેલાઇટ જાતે જ સૌરઉર્જા અથવા અંદર રાખેલી બેટરી વડે મેળવી લે છે. આ સેટેલાઇટ આવતા પાંચ વર્ષ સુધી સેવા આપવાનું છે.

આ સમાચાર દેશ માટે જેટલા મહત્ત્વના છે એટલા જ સાયન્સ અને ટેકનોલોજીની દૃષ્ટિએ પણ સમજવા જેવા છે. કારણકે **આ એક જ સમાચારની અંદર સાયન્સ અને ટેકનોલોજીના અનેક પહેલુઓનો સમાવેશ થઈ જાય છે.** સૌથી પહેલા વાત કરીએ તો પોલાર સેટેલાઇટ લોન્ચિંગ વ્હીકલની. ઈસરોનું પીએસએલવી એકમાત્ર લોન્ચિંગ પેડ છે કે જે પૃથ્વીની ફરતે આવેલી અનેક ભ્રમણકક્ષાઓ સુધીની પહોંચ ધરાવે છે. આમાં સન સિંક્રોનસ ઓર્બિટની સાથેસાથે લો અર્થ ઓર્બિટ અને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ અને સબજીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટનો સમાવેશ થાય છે. પીએસએલવી રોકેટનું એન્જિન ચાર સ્તરમાં વહેંચાયેલું હોય છે અને ખોરાક તરીકે ઘન અને પ્રવાહી એમ બંને જાતના બળતણનો ઉપયોગ કરે છે. છત્રીસ જેટલી સફળ ઉડાન ભરી ચૂકેલું પીએસએલવી રોકેટ ઇસરો માટે ભારે ફાયદાકારક નીવડ્યું છે. પીએસએલવી રોકેટ માત્ર ભારતના જ નહીં પણ અમેરિકા, રશિયા કે ઇઝરાયેલ જેવા અતિસમૃદ્ધ અને ટેકનોલોજીની દૃષ્ટિએ ભારત કરતા ઘણા આગળ કહેવાય **તેવા દેશોના સેટેલાઇટ પણ આકાશમાં તરતા મૂકે છે તે આપણા માટે આનંદની સાથેસાથે ગર્વની વાત છે.** રિસોર્સસેટ-૨એ સહિત પીએસએલવીએ તરતા મૂકેલા સેટેલાઇટનો કુલ જુમલો ૧૨૧ થાય છે. જેમાં ૭૯ વિદેશી અને ૪૨ સ્વદેશી સેટેલાઈટનો સમાવેશ થાય છે.

ઈસરો વિશે માંડીને વાત કરવા બેસીએ તો એક કોલમ નહીં પણ એક આખું પુસ્તક ભરાઈ જાય એટલી વાતો છે. ઈસરોનું હેડક્વાર્ટર કર્ણાટકના બેન્ગાલુરુ ખાતે આવેલું છે અને તેનું મુખ્ય લોન્ચિંગ સ્ટેશન આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલું છે. **ઇસરોના મુદ્રાલેખમાં જ લખેલું છે કે, 'સ્પેસ ટેકનોલોજી ઇન ધ સર્વિસ ઓફ હ્યુમનકાઇન્ડ.'** આ શબ્દોને ઈસરો સાંગોપાંગ સાકાર કરતું આવ્યું છે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ઈસરોની સ્થાપના કરવામાં જે બે મુખ્ય વૈજ્ઞાનિકોનો સિંહફાળો છે તેનું ઋણ ભારત ક્યારેય ચૂકવી શકે એમ નથી. આ બે વૈજ્ઞાનિકો એટલે **વિક્રમ સારાભાઈ અને હોમી ભાભા.** વિક્રમ સારાભાઈ અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી સાથે અને હોમી ભાભા ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ સાથે જોડાયેલા હતા. ઈ.સ. ૧૯૫૦માં ડિપાર્ટમેન્ટ ઓફ એટોમિક રિસર્ચની સ્થાપના કરવામાં આવી અને હોમી ભાભાને તેના સેક્રેટરી બનાવવામાં આવ્યા. તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ પણ સ્પેસ પ્રોગ્રામમાં અંગત રસ લઈ રહ્યા હતા. એવામાં ૪ ઓક્ટોબર, ૧૯૫૭ના રોજ રશિયાએ વિશ્વનો પ્રથમ ઉપગ્રહ સ્પુતનિક-૧ લો અર્થ ઓર્બીટમાં તરતો મૂકીને અવકાશમાં પ્રથમ પગલા માંડ્યા.

ભારતમાં ચાલતા સ્પેસ પ્રોગ્રામ આડે આવતી એક પછી એક સમસ્યાઓ હલ થઈ ગઈ અને **ઇ.સ. ૧૯૬૨માં જવાહરલાલ નહેરુએ જ ઇન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેસ રિસર્ચની સ્થાપના કરી** અને વિક્રમ સારાભાઈને તેના ચેરમેન તરીકેની જવાબદારી સોંપવામાં આવી. આ જ કમિટી સાત વર્ષ પછી ઈસરો તરીકે નવા સ્વરૂપ અને નામકરણ સાથે ઓળખાવાની હતી. ટૂંકમાં ઈન્કોસ્પાર તરીકે ઓળખાતી આ કમિટી સામે ઉલઝનો અનેક હતી અને ઉકેલ બહુ સીમિત હતા. આવી પરિસ્થિતિમાં પણ વિક્રમ સારાભાઈને સરકારી ખાતાઓ સાથે ભેજામારી અને વૈજ્ઞાનિકો સાથે ટેકનોલોજીનો વિકાસ કરી ભારતના અંતરીક્ષ કાર્યક્રમોનો પાયો નાખ્યો. આ સમયે ઈસરોના વૈજ્ઞાનિકોનું ધ્યાન ભારતીય બનાવટના પ્રથમ સેટેલાઇટ આર્યભટ્ટ ઉપર કેન્દ્રિત થયેલું હતું. ચારેક વર્ષની મહેનત બાદ સેટેલાઇટ તૈયાર તો થઈ ગયો પણ ઈસરો પાસે ત્યારે લોન્ચિંગની સગવડતા ન હતી. એટલે આપણું જૂનું મિત્ર રશિયા (ત્યારનું સોવિયેત યુનિયન) મદદે આવ્યું અને ૧૯ એપ્રિલ, **૧૯૭૫ના રોજ રશિયન લોન્ચિંગ સ્ટેશન ઉપરથી આર્યભટ્ટ સેટેલાઈટે અંતરીક્ષમાં પહોંચીને ભારતની પ્રથમ હાજરી પુરાવી.** આ ઘટનાના માત્ર પાંચ જ વર્ષ બાદ ભારત પાસે પોતાનું લોન્ચિંગ સ્ટેશન તૈયાર હતું અને તેના ઉપરથી ૧૦ ઓગસ્ટ, ૧૯૭૯ના રોજ રોહિણી ઉપગ્રહનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.

અહીંથી શરૂ થયેલા આ સિલસિલામાં અનેક નવા આયામો ઉમેરાતા ગયા અને આજે ઈસરો વિશ્વની શ્રેષ્ઠ અંતરીક્ષ સંસ્થાઓમાંની એક સંસ્થા છે. એક ભારતીય તરીકે ઈસરો આપણી આન, બાન અને શાનનું પ્રતીક છે અને આ પ્રતીક આમ જ ઝળહળતું રહે એવી શુભેચ્છા. ■

## થર્મોમીટરનું જાણવા જેવું

ગરમીનું પ્રમાણ જાણવા માટે થર્મોમીટર વપરાય છે, હવામાન, શરીર વગેરેના તાપમાન જાણવા માટે વિવિધ પ્રકારના થર્મોમીટર વપરાય છે, આજે ઈલેક્ટ્રોનિક થર્મોમીટર વિકસ્યાં છે પણ તેનો ઈતિહાસ બહુ જૂનો અને રસપ્રદ છે.

બે હજાર વર્ષો પહેલા થઈ ગયેલા વિજ્ઞાની ગેલનને પ્રથમવાર ગરમીનું પ્રમાણ જાણવાની ઈચ્છા થઈ. તે જમાનામાં લોકોને ગરમી લાગતી અને તેનાથી દાઝી જવાય તેટલી જ ખબર હતી. અગ્નિને લોકો દેવ ગણતાં. ગેલન વિજ્ઞાની હતો. તેને ઉકળતા પાણી અને બરફ વચ્ચેના ભેદ જાણવાની ઈચ્છા થઈ. તેણે બરફ અને ઉકળતા પાણી વચ્ચેની ગરમીની સ્થિતિના ચાર ભાગ પાડી ગરમીનું માપ કાઢવાની પદ્ધતિ શોધેલી. ૧૫મી સદીમાં વિજ્ઞાનીઓ ગરમી વિશે વધુ જાણતા થયા, ગરમીની પ્રવાહીથી અને ધાતુ પર થતી અસરો વિશે જ્ઞાન થયું. ગેલેલિયોએ ગરમીનું માપ જાણવા થર્મોસ્કોપ બનાવ્યું. આ સાદુ સાધન હતું. પાણી ભરેલા વાસણમાં કાચની નળી ઊભી મૂકવામાં આવતી. ગરમ થયેલું પાણી નળીમાં ઊંચે ચઢે તેના પ્રમાણ ઉપરથી ગરમીનું માપ નીકળતું. તેમાં ચોકસાઈ નહોતી. ઈ.સ. ૧૬૦૮ માં ટોરીસેલીએ કાચની સીલબંધ નળીમાં, પ્રવાહી ભરીને નવું થર્મોમીટર બનાવ્યું. તેમાં થોડી ચોકસાઈ આવી. રોબર્ટ હૂક નામના વિજ્ઞાનીએ કાચની નળીમાં રંગીન આલ્કોહોલ ભરીને થર્મોમીટર બનાવ્યું. તેણે બરફથી માંડીને ઉકળતા પાણીની ગરમીમાં રાખી આલ્કોહોલ નળીમાં ચઢે તે પ્રમાણના ૫૦૦ ભાગ પાડીને નળી પર આંક લખ્યા. ઈંગ્લેન્ડની રોયલ સોસાયટીએ આ થર્મોમીટરને માનયતા આપી હતી. આ સિદ્ધાંતનો ઉપયોગ કરીને નળીમાં પારો ભરી ડેનિયલ ફેરનહિટે સફળ થર્મોમીટર બનાવ્યું. તેણે ગરમીના પ્રમાણમાં 'સ્ટેનહીટ' નામ આપ્યું. આજે તે માપ 'ફેરનહીટ' તરીકે ઓળખાય છે. આજે સેલ્સિયલ ડિગ્રી પણ તાપમાનના પ્રમાણ તરીકે જાણીતું છે. તેની શોધ સેલ્શિયસ નામના વિજ્ઞાનીએ કરેલી. સેલ્શિયસ દશાંશ પદ્ધતિનું પ્રમાણ માપ છે, લેબોરેટરીમાં સૂક્ષ્મ પ્રમાણમાપ માટે કેલ્વીને શોધેલું કેલ્વીન પ્રમાણમાપ વપરાય છે. ■

સાયન્સ અને ટેકનોલોજી

# દેશને પ્રેરણા આપતા ઇસરોના આઠ નારીરત્નો

એકી સાથે ૧૦૫ ઉપગ્રહો અવકાશમાં છોડવાની વિશ્વની પહેલી ઐતિહાસિક સિદ્ધિ મેળવનાર ઇસરોના વૈજ્ઞાનિકો પર આખો દેશ ગર્વ અનુભવી રહ્યો છે. સાઇકલ અને બળદગાડા પર આરંભાયેલી આપણી અવકાશી સફર હવે આખા વિશ્વને અચંબામાં મૂકી ગઈ છે. સસ્તી અને કિફાયતી અવકાશ સેવામાં હવે દેશ સમગ્ર વિશ્વમાં નામના કાઢી રહ્યો છે.

આ અવકાશી ઐતિહાસિક સિદ્ધિમાં ઇસરોમાં કામ કરતા વૈજ્ઞાનિકોમાં ૮ મહિલારત્નોનો સમાવેશ પણ સૌ નારીજગત માટે અને દેશના યુવાનો માટે પણ પ્રેરણાસ્રોત છે. જ્યારે ચોવીસે કલાક કામ કરવું પડે છે એવા ક્ષેત્રમાં આ મહિલારત્નોએ પરિવારની જવાબદારી વચ્ચે પોતાનું મોટું યોગદાન આપી સ્ત્રી માત્ર રસોડાની રાણી જ નથી પણ અવકાશી ક્ષેત્રે સિદ્ધિ મેળવનારી પરી બની ગઈ છે.

**અવકાશ ક્ષેત્રની વાત આવે ત્યારે આપણને ગુજ્જુ સન્નારીઓ કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સનું નામ પહેલું યાદ આવે.** આ બંને સન્નારીઓએ ગુજરાત સહિત આખા દેશનું નામ વિશ્વમાં રોશન કર્યું છે. કલ્પના ચાવલા અને સુનિતા વિલિયમ્સ અવકાશયાત્રી હતા તો ઇસરોમાં કામ કરનારા આઠ મહિલારત્નોની સિદ્ધિ પણ એથી કંઈ કમ નથી.

★ **ટેસી થોમસ :** ભારતમાં ઇસરોની કામગીરીની વાત આવે ત્યારે સૌથી પહેલું નામ ટેસી થોમસનું જ લેવાય છે. અગ્નિ મિસાઇલના કામમાં મોટું યોગદાન આપનારા ટેસી થોમસને અગ્નિપુત્રી પણ કહેવાય છે.

★ **ઋતુ કરી ધાલ :** લખનૌમાં મોટી થયેલી ઋતુ કરી ધાલ નાનપણથી અવકાશ ક્ષેત્રે કંઈક કરવાની ઝંખના ધરાવતી હતી. એટલે માસ્ટર્સ ડિગ્રી મેળવ્યા પછી તેણે ઇસરોમાં અરજી કરી. અંતરિક્ષ વૈજ્ઞાનિક તરીકેની નિયુક્તિ પછી ૧૮ વર્ષ કામ કર્યા બાદ તેને મંગળ મિશનમાં જોડાવાની તક મળી ગઈ. એ સમયે ૧૧ વર્ષના પુત્ર અને પાંચ વર્ષની દીકરી હોવા છતાં પરિવારના સાથ સાથે તેણે મંગળ મિશનમાં સખત કામ કર્યું હતું.

★ **નંદિની હરિનાથ :** સ્ટાર ટ્રેક સિરિયલ જોઈને અવકાશ ક્ષેત્રે રૂચિ જગાવનારા નંદિની હરિનાથને જો કે સ્વપ્નેય કલ્પના નહોતી કે તેઓ અવકાશ વૈજ્ઞાનિક બનશે. વીસ વર્ષથી ઇસરોમાં કામ કરનારા આ મહિલાએ મંગળ મિશન વખતે રોજના વીસ કલાક કામ કર્યું હતું. તેમાંય જ્યારે મંગળનું કાઉન્ટડાઉન શરૂ થયું તેના દિવસો પહેલાં સવારે પાંચ વાગે ઘરે જઈને જલ્દી ડ્યુટી પર પાછા પણ ફરતા હતા. એ દિવસો દરમિયાન તેમની પુત્રીની પરીક્ષા પણ હતી. એ મુશ્કેલ સમયે તેમણે સવારે ચાર વાગે ઊઠીને તેને વાંચવામાં પણ સાથ આપ્યો હતો.

★ **અનુરાધા ટીકે :** ઇસરોના વરિષ્ઠ વૈજ્ઞાનિક એવા અનુરાધા ટીકે સંચાર ઉપગ્રહના પણ વિશેષજ્ઞ છે. જ્યારે એપોલો યાન છોડાયું અને નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પગ મૂક્યો એ સમયે તેમની ઉંમર માત્ર નવ વર્ષની હતી. મહિલા અને વિજ્ઞાનને દૂરનો કોઈ સંબંધ નથી એ વાતને ખોટી પાડવા અનુરાધા ૧૯૮૨માં ઇસરોમાં જોડાયા. ઇસરોમાં તેમની કામગીરી માટે પરિવારનો પણ પૂરો સહયોગ મળ્યો છે.

★ **મૌમિતા દત્તા :** કોલકાતા વિશ્વ વિદ્યાલયમાં એપ્લાઇડ ભૌતિકશાસ્ત્રમાં એમ.ટેક.ની ડિગ્રી મેળવનારા મૌમિતા અત્યારે મેઇક ઇન ઇન્ડિયા ઇનિશિયેટીવની ટીમના વડા છે. જે ઓપ્ટીકલ સાયન્સમાં દેશના વિકાસને દિશા નિર્દેશ આપે છે.

★ **એન. વલરમાથી :** તેમણે ભારતમાં બનેલા પહેલા રડાર આર.આઈ.એચ.-૧ ના લોન્ચિંગમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. ઇસરોમાં સેટેલાઇટ મિશનનું નેતૃત્વ પણ કર્યું છે. તેમને તામિલનાડુ સરકારે ડૉ. કલામ ઍવોર્ડ પણ આપ્યો છે.

★ **મીનલ સંપથ :** મીનલે ઇસરોમાં ૫૦૦ વૈજ્ઞાનિકની ટીમનું નેતૃત્વ કર્યું છે. તેમણે સતત બે વર્ષ સુધી કોઈ રજા નથી લીધી. મીનલની ઇચ્છા ઇસરોના પહેલા મહિલા ડાયરેક્ટર પદ સંભાળવાની છે.

★ **કૃતિ ફોજદાર :** ઇસરોના દરેક મિશનને સફળ બનાવવાની દરેક કોશિશ કરતી ટીમના સભ્ય કૃતિ પોતાની ટીમ સાથે આવનારી દરેક મુશ્કેલી પર બાજ નજર રાખે છે. આ માટે ઘણીવાર તો ચોવીસે કલાક કામ કરવું પડે છે. પણ કામ પ્રત્યેની લગન તેમને ઉત્સાહ આપે છે.

ઇસરોમાં અત્યારે સોળ હજારથી વધુ મહિલાઓ કાર્યરત છે અને તેની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. તેમાં આ મહિલા વૈજ્ઞાનિકોનું મોટું યોગદાન છે.

***સૌજન્ય : "કચ્છમિત્ર"***

સાયન્સ અને ટેકનોલોજી

# ભારતે ૧૦૪ ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં તરતા મૂક્યા

● રજૂઆત : દિનેશ આર. મહેતા ●

ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)એ તા. ૧૫-૦૨-૨૦૧૭ના પીએસએવી રોકેટ દ્વારા એક સાથે ૧૦૪ ઉપગ્રહો લોન્ચ કરીને એક અનોખો વિક્રમ સર્જી દીધો હતો. આ લોન્ચિંગ શ્રી હરિકોટા ખાતેથી સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. **રોકેટમાં ભારતના ૩ અને બાકીના ૧૦૧ અમેરિકા સહિત કુલ સાત દેશોના ઉપગ્રહો હતા.** ૫૦૫ કિલોમીટર ઊંચી ભ્રમણકક્ષામાં આ બધા ઉપગ્રહોને નિર્ધારીત સમયે અને સ્થળે ગોઠવી દેવામાં આવ્યા હતા. લોન્ચિંગ થયાની ત્રીસમી મિનિટે જ બધા ઉપગ્રહો તેની કક્ષામાં ગોઠવાઈ ગયા હતા. બધા ઉપગ્રહોનું કુલ વજન **૧૩૭૮ કિલોગ્રામ** જેવું હતું.

માત્ર બીજા દેશોની સાથે સ્પર્ધા અથવા કોઈ વિક્રમ સ્થાપવા માટે આ પ્રકારનું લોન્ચિંગ ભારત દ્વારા થતું નથી પરંતુ **ભારતની ટેકનોલોજીકલ સિદ્ધિઓની** જાણ થાય અને **ભવિષ્યના સ્પેસ મિશનોને યોગ્ય દિશા પ્રાપ્ત થાય** તે માટે ભારત આ પ્રકારનું સાહસ કરતું રહે છે.

ઉપરોક્ત લોન્ચિંગમાં સૌથી મોટો ઉપગ્રહ ભારતનો **કાર્ટોસેટ** હતો. જેનું વજન ૭૧૪ કિલોગ્રામ છે. **પાંચ વર્ષના આયુષ્ય ધરાવતા આ ઉપગ્રહનું કામ નકશા બનાવવા માટે જરૂરી તસવીરો પૂરી પાડવાનું છે.** તે ઉપરાંત કુદરતી આફતો વખતે આ ઉપગ્રહોની તસવીરો ઘણી ઉપયોગી સાબિત થાય છે. ભારતના અન્ય બે ઉપગ્રહો '**આઈએનએસ-૧એ**' અને '**આઈએનએસ-૧બી**' હતા.

ઇસરોના વિજ્ઞાનીઓ માટે આ મિશન અનેક રીતે પડકારરૂપ કહી શકાય. કારણકે એક સાથે રોકેટમાં આટલા બધા ઉપગ્રહોની ગોઠવણી મુશ્કેલ હોય છે. વળી, બધા ઉપગ્રહોને રોકેટમાંથી સમયસર છૂટા પાડીને તેની યોગ્ય કક્ષામાં ગોઠવવા એ બીજો મોટો પડકાર કહી શકાય. પરંતુ આંધ્ર પ્રદેશના કાંઠે આવેલા ભારતના અવકાશયાન લોન્ચિંગ મથક શ્રી હરિકોટા પરના લોન્ચિંગ પેડ પરથી આ મિશનને સફળતા પ્રાપ્ત થઈ હતી. અત્રે નોંધવું યોગ્ય થશે કે, **બરાબર ૬૦ વર્ષ અગાઉ રશિયાએ વિશ્વનો પ્રથમ ઉપગ્રહ 'સ્પુતનિક-૧' લોન્ચ કર્યો હતો અને ત્યારથી આ ક્ષેત્રે સંશોધનમાં અમેરિકા તથા રશિયાનો દબદબો રહ્યો છે. હવે ભારત દ્વારા તે ક્ષેત્રમાં નવો કીર્તિમાન સ્થાપિત થયો છે. જે ઇસરોના વૈજ્ઞાનિકો અને રાષ્ટ્ર માટે ગૌરવની બાબત છે.**

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતે ૧૯૭૫માં પ્રથમ ઉપગ્રહ **'આર્યભટ્ટ'** રશિયન લોન્ચિંગ યાન દ્વારા કર્યું હતું. **જ્યારે ૧૯૭૯માં 'રોહિણી'** એવો પ્રથમ ઉપગ્રહ હતો જે ભારતમાંથી જ લોન્ચ થયો હતો. ત્યારબાદ ભારતે ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મૂકવાના અનેક વિક્રમો નોંધાવ્યા છે. તેમાં ઉપરોક્ત ૧૦૪ ઉપગ્રહોને તરતા મૂકવાનો વિક્રમ વૈશ્વિક સ્તરે નોંધનીય છે.

અગાઉ સૌથી વધુ ૩૭ ઉપગ્રહો એક જ રોકેટ દ્વારા લોન્ચ કરવાનો વિક્રમ રશિયાના નામે હતો. અમેરિકાએ ૨૦૧૩માં એક સાથે ૨૯ ઉપગ્રહો લોન્ચ કર્યા હતા. ખુદ ભારતે ગયા વર્ષે જ એકસાથે ૨૦ ઉપગ્રહો લોન્ચ કરવાની સિદ્ધિ નોંધાવી હતી. હવે એ બધા વિક્રમો તૂટી ગયા છે.

ઉપરોક્ત અન્યોન્ય સિદ્ધિ માટે ઇસરોના ચેરમેન અને તેમની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન. **ભારત માટે આ ગૌરવની ક્ષણ કહી શકાય. તેનું શ્રેય દેશના સખત મહેનત કરતાં વિજ્ઞાનીઓને જાય છે.** દરેક વિજ્ઞાનીઓ તેમજ ઉપરોક્ત મિશનને સફળતાપૂર્વક પાર પાડનાર ઇસરોની સમગ્ર ટીમને સેલ્યૂટ! ■


## 'સુખી થવાના ઉપાયો' હવે ઇ-બુક સ્વરૂપે મેળવી શકાશે....

સીન્ગનેટ દ્વારા અમદાવાદના **ચૌલા કુરુવા** (મો. ૯૯૧૩૯ ૧૨૧૨૦)ની મોટીવેશનલ પુસ્તિકાઓ **'મોર્નિંગ વોક'** અને **'સુખી થવાના સરળ ઉપાયો'** ઈ-બુક તરીકે તાજેતરમાં પ્રગટ થઈ છે. બંને પુસ્તિકાઓ eshabda.com ઉપરથી ખરીદી શકાશે અને ઓનલાઈન વાંચી શકાશે.

વિચાર વિમર્શ

# પરિવર્તન

• મુરજી ગડા •

છેલ્લા એક દાયકામાં આપણી જીવનશૈલીમાં જેટલું પરિવર્તન આવ્યું છે, એટલું એનાથી પહેલાંના પાંચ દાયકાઓમાં માંડ આવ્યું હશે. આ નિવેદન માત્ર આજને લાગુ નથી પડતું પણ આઝાદી પછીના દરેક દાયકા માટે પણ એટલું જ લાગુ પડે છે. વિશેષમાં આ ચક્રમાં આપણે એકલા નથી. સારી દુનિયા ઝડપથી બદલાતી જીવનશૈલીના તબક્કામાંથી પસાર થઈ રહી છે.

**આપણા માટે શું બદલાયું છે એના પર એક ઊડતી નજર કરીએ. છેલ્લાં ૭૦ વર્ષમાં ખોરાક બદલાયો છે, પોષાક બદલાયો છે, બાળલગ્નો બંધ થયાં છે, સ્ત્રીઓના પુર્નલગ્નો સ્વીકારાયા છે, શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, આવરદા વધી છે, સ્વાસ્થ્ય સુધર્યું છે, સુખસગવડના સાધનો વધ્યા છે, સંદેશા વ્યવહાર વિકસ્યો છે, વાહનવ્યવહાર વિકસ્યો છે, એકંદરે બધાંની આર્થિક પ્રગતિ થઈ છે, ધંધાના નવા ક્ષેત્રો ખુલ્યા છે, વર્ણ અને જ્ઞાતિનાં બંધન વગર જેને જે વ્યવસાય ગમતો હોય એ કરવાની સ્વતંત્રતા મળી છે, વગેરે વગેરે.** આ સૂચિ ઘણી લાંબી થઈ શકે, પણ લેખનો એ મુખ્ય આશય નથી. આટલા ફેરફાર તો આના આગલા ૫૦૦ વરસમાં પણ નહોતા થયા.

આમાંના કેટલાક ફેરફાર સક્રિયપણે કરવામાં આવ્યા છે. જ્યારે મોટા ભાગના ફેરફાર દુનિયામાં ચાલતા પરિવર્તનના પ્રવાહ સાથે અનાયાસે થતા ગયા છે. આ ઝડપી સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પરિવર્તન પાછળનું સૌથી મોટું પરિબળ રહ્યું છે શહેરીકરણ અને ઘેરબેઠાં મળતી માહિતી. પરિવર્તન મોટા શહેરોથી શરૂ થાય છે. ત્યાં રહેતા અને આપણાથી અલગ જીવનશૈલી ધરાવતા બીજા લોકોના સંપર્કમાં આવવાથી આપણને વાજબી લાગતી અને અનુકૂળ આવતી જીવનશૈલી આપણે અપનાવીએ છીયે. સાથે સાથે પરિવર્તનનો વિરોધ કરતા પરીબળોનો અંકુશ પણ શહેરોમાં ઢીલો હોય છે. જે લોકો ગામડાંઓમાં રહે છે, એમના માટે સ્વતંત્રતા અને આબાદી ઘણા ધીમા રહ્યા છે.

પરિવર્તન તો હંમેશાં થતું રહ્યું છે. વખતોવખત એની ગતિ ઓછી કે વધુ થાય છે. અત્યારના આ ઝડપી પરિવર્તનના સમયમાં બધા જ ક્ષેત્રો ઝડપથી બદલાઈ રહ્યા છે. પરિવર્તનનું આ વાવાઝોડું ધીમું પડવાના હાલ કોઈ એંધાણ દેખાતા નથી. ઉલટાનું તે વેગ પકડી રહ્યું છે. આ વેગ જ્યારે પણ ધીમો પડશે ત્યાં સુધી ઘણું બધું બદલાઈ ગયું હશે.

ઘણી બધી વાતમાં ભવિષ્ય ભાખનારા જ્યોતિષીઓ આ પરિવર્તનના ભાવિ વિશે કંઈ કહેતા નથી. આપણે તો આપણી કલ્પના દોડાવી શકીએ છીએ.

ભૂતકાળમાં ધાર્મિક, સામાજિક અને રાજકીય વિચારધારા આધારિત પરિવર્તનોએ લોકોને વિભાજિત કર્યા હતા. વર્તમાનનું પરિવર્તન પહેલા કરતાં જુદુ છે. એની દિશા અને ધ્યેય દુનિયાના એકીકરણ તરફ છે. એ કેટલે અંશે સફળ થશે અને ક્યાં અટકશે એ તો સમય જ બતાવશે. જે વિચારધારા પ્રબળ હશે, જેનું માર્કેટિંગ જોરદાર હશે તેનું વર્ચસ્વ રહેશે.

રાજકીય ક્ષેત્રે થતાં પરિવર્તનોમાં ગુલામી નાબૂદ થઈ છે. બધે જ ધીરે ધીરે લોકશાહી પ્રસરી રહી છે. યુરોપમાં રાષ્ટ્રીય સરહદોનું મહત્ત્વ ઝાંખુ થયું છે. બધે જ ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે, વગેરે. **આઝાદી વખતે ભારતની ૧૦% વસતિ એટલે માત્ર ૩-૪ કરોડ લોકો શહેરોમાં રહેતા હતા, આજે ૩૦% એટલે કે ૩૫-૪૦ કરોડ લોકો શહેરોમાં રહે છે. આવતા ૪૦-૫૦ વરસમાં ભારત સહિત બધા દેશોની અડધી વસતિ શહેરોમાં રહેતી હશે.**

સાંસ્કૃતિક ક્ષેત્રે આવા એકીકરણમાં પુરુષોનો અને સ્ત્રીઓનો પોષાક મોખરે રહ્યો છે. એક જ પોષાક ધંધાદારી દુનિયામાં સર્વમાન્ય થઈ રહ્યો છે. પ્રાદેશિક પોષાકો હવે પ્રસંગોપાત વપરાશના રહ્યા છે. મુખ્ય ધંધાકીય અને ટેકનિકલ ભાષા તરીકે અંગ્રેજી સર્વત્ર સ્વીકારાઈ રહી છે. સંગીત, નૃત્ય અને ખોરાકમાં એકીકરણ (ફ્યુઝન) થઈ એક નવું જ સ્વરૂપ ઉપસવા લાગ્યું છે. બીજા ક્ષેત્રોને પણ થોડા સમયમાં પરિવર્તન આંબી જશે.

પ્રવાસ સહેલો અને ઝડપી બન્યો છે. લોકોનું સ્થળાંતર અને દેશાંતર વધ્યું છે. પરિણામે યુવા પેઢીમાં રંગભેદ, જાતિભેદ ઓછા થઈ આંતરજાતિય અને આંતરધર્મિય લગ્નો શક્ય બન્યા છે અને વધી રહ્યા છે. આખી દુનિયાની માહિતી અને જ્ઞાન ઘેર બેઠા ઈન્ટરનેટ પર મળી શકે છે. મોબાઈલ દ્વારા ગમે ત્યાંથી જોઈએ એની સાથે સતત સંપર્કમાં રહી શકાય છે.

**ભૂતકાળમાં ઘણી સંસ્કૃતિઓ, જાતિઓ, ભાષાઓ વગેરે લુપ્ત થઈ છે જેની પાછળ કુદરતી ઘટનાઓ**

**કે પછી આક્રમણકારોના હુમલા જવાબદાર હતા. આ વખતે જે કંઈ પણ લુપ્ત થશે તે લોકોએ સ્વેચ્છાએ છોડી દીધેલ હશે.**

**પરિવર્તનના આટલા જોરદાર પ્રવાહમાં હજી પણ કેટલાક ક્ષેત્રોમાં ખાસ પરિવર્તન દેખાતું નથી. એવું એક ક્ષેત્ર છે ધાર્મિક માન્યતાઓ અને પરંપરાઓનું.** આમ તો ધાર્મિક વિચારધારાઓમાં પણ અંદરથી પરિવર્તન થયા છે. દરેક મુખ્ય ધર્મના અનેક ફાંટા અને પંથ એના પુરાવા છે. ધર્મગુરુઓ વચ્ચે અર્થઘટનના મતભેદ કે પછી અંગત પ્રતિષ્ઠા અને અનુયાયીઓ પર અંકુશ રાખવાની વૃત્તિથી એ થયું છે. **આ બધા પરિવર્તન ઉપરછલ્લા હોઈ એનાથી અંધશ્રદ્ધા અને જડતા ઘટવાને બદલે વધી છે.**

**કુદરતી વાવાઝોડા સામે જે ઝુકતું નથી તે મોટા ભાગે સમુળગું નાશ પામે છે. પરિવર્તનના આ જબરદસ્ત વાવાઝોડા સામે જડ અંધશ્રદ્ધાઓ અને અજ્ઞાન ટકી રહેશે, ઝૂકશે કે સમુળગું નાશ પામશે તે તો સમય જ બતાવશે.**

બધા જ પરિવર્તન સારા કે આવકારદાયક નથી હોતા. કેટલાક વિનાશક પણ હોય છે. માનવ જાતિનો અતિશય વસ્તી વધારો, જંગલોનો નાશ, મર્યાદિત કુદરતી સંપત્તિ સામે આપણી વધતી જરૂરિયાતો, વાતાવરણનું પ્રદૂષણ વગેરે દ્વારા આપણે કુદરતના નાજુક સમતોલનને છેડ્યું છે. એના પરિણામો ક્યારે અને કેવા આવશે એ ચોક્કસપણે કોઈ કહી શકે એમ નથી. એટલું તો ચોક્કસ છે કે તે સારા તો નહિ હોય.

ભૂતકાળમાં કુદરતી કારણોસર સંસ્કૃતિઓનો નાશ થયો છે. આજે પણ એવું થઈ શકે છે. કોઈ નવી જાતના બેક્ટેરિયા કે વાઈરસ મોટી સંખ્યામાં માનવ વસ્તીને ખતમ કરી શકે છે. ગીચ વસ્તીવાળા પ્રદેશમાં મોટો ઉલ્કાપાત, ભૂકંપ કે સુનામી ઘણી તારાજી સર્જી શકે તેના અનુભવ તાજા જ છે. વાયુ પ્રદૂષણને લીધે વધતું ઉષ્ણતામાન ધ્રુવ પ્રદેશના બરફને ઓગાળી દરિયાકાંઠાના શહેરોને ડૂબાડી શકે છે. આ ફક્ત કલ્પનાઓ નથી પણ વાસ્તવિક શક્યતાઓ છે. આપણે જે પરિવર્તનો કરી રહ્યા છીએ તેના ફાયદા આપણને જ મળવાના છે અને સાથે એના માઠાં પરિણામો પણ આપણે જ ભોગવવાના છે.

આ હતી માનવસર્જિત પરિવર્તનની વાતો. પરિવર્તન તો કુદરતનો અવિરત ક્રમ રહ્યો છે. કુદરતમાં બધું સતત બદલાયા કરે છે. એની ગતિ આપણી સમયગણના પ્રમાણે ખૂબ જ ધીમી હોવાથી આપણે તે અનુભવી શકતા નથી.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭ ૯૯૦૦૯*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **03** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

***નોંધ*: જાહેરાતની સાઈઝ**
(૧) ફુલ પેઈજ : ૭'' x ૯.૫''
(૨) હાફ પેઈજ : ૭'' x ૪.૫''
(૩) ૧/૪ પેઈજ : ૩.૨૫'' x ૪.૨૫''
(૪) બોટમ પટ્ટી : ૭'' x ૧''

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત**

**જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

**ભાવ – બાર મહિનાની જાહેરાતના દર**

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (દરેક જાહેરાતના)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (દરેક જાહેરાતના)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (દરેક જાહેરાતના)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (દરેક જાહેરાતના)

મહિલા સશક્તીકરણ

### આઠમી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન

# સહકાર દ્વારા મહિલાઓનું સર્વાંગી સશક્તીકરણ

• કિરણ ચાંપાનેરી 'સેતુ', ફ્રીલાન્સ પત્રકાર •

કોઈ પણ દેશની મહિલાઓની સ્થિતિને જોઈને તે દેશની આર્થિક તથા સામાજિક સ્થિતિનો ખ્યાલ આવી જાય છે. છેલ્લા ત્રણેક દાયકાથી સ્ત્રીઓ ઘરકામ ઉપરાંત નોકરી કરતી પણ થઈ છે. સાંપ્રતકાળે મહિલાઓ આત્મનિર્ભર અને સ્વાવલંબી બની રહી છે. જો કે પુરુષપ્રધાન સમાજમાં હજુ સ્ત્રીઓને સામાજિક દૃષ્ટિકોણથી માનસન્માન અને સમાનતાનો દરજ્જો જોઈએ તેવો મળ્યો નથી. તેથી દેશની ગ્રામીણ અને શહેરી સઘળી મહિલાઓના સશક્તીકરણ માટે ભારત સરકારે **'સ્ટેટસ ઓફ વુમન ઇન ઇન્ડિયા'**ની રચના કરેલી. આ સમિતિએ ૧૯૭૪માં સંયુક્ત રાષ્ટ્ર સંઘને અહેવાલ આપેલો. **સંયુક્ત રાષ્ટ્ર સંઘે પ્રથમવાર ૧૯૭૫ના વર્ષને 'મહિલા વર્ષ' ઘોષિત કરેલું.** ગ્રામીણ મહિલાઓની શક્તિ સંપન્નતા માટે ૧૧મી અને ૧૨મી પંચવર્ષીય યોજનામાં મહિલા સશક્તીકરણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. ભારત સરકારે ૨૦૦૧ને 'મહિલા સશક્તીકરણ વર્ષ' તરીકે ઉજવ્યું. **મહિલા સશક્તીકરણ હેતુ ૮મી માર્ચ, ૨૦૧૦ને 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ઉજવવાની ઘોષણા કરેલી.**

મહિલા સશક્તીકરણનો આશય મહિલાઓને આધ્યાત્મિક, રાજનૈતિક, શૈક્ષણિક, આર્થિક અને વ્યવહારિક રીતે સશક્ત કરવાનો છે. જેનાથી મહિલા સશક્તીકરણ દ્વારા માનવ વિકાસની વૃધ્ધિની સંરચના સુદ્રઢ થાય છે. તેનો પ્રભાવ મહિલાઓના શારીરિક, માનસિક અને મનોવૈજ્ઞાનિક રૂપે સકારાત્મક અને વ્યવહારિક જીવન પર પડે છે. પરિણામે મહિલાઓ વધુ આત્મવિશ્વાસ સાથે પોતાનો જીવન નિર્વાહ કરી શકે છે. જેનાથી મહિલાઓને દેશના મુખ્ય પ્રવાહથી જોડવાનો અવસર પ્રાપ્ત થઈ શકે છે.

મહિલા સશક્તીકરણના ઉદ્દેશ : (૧) મહિલાઓને ઉન્નત, વિકસિત અને સશક્ત કરવા, (૨) મહિલાઓના વિકાસ માટે વાતાવરણ સર્જન કરવું, (૩) સમાજના બધા ક્ષેત્રોમાં પુરુષની સાથે સમાનતાના આધારે મૌલિક સ્વતંત્રતા તથા માનવ અધિકાર આપવા, (૪) રાષ્ટ્રના સામાજિક, આર્થિક, રાજનૈતિક ક્ષેત્રમાં ભાગીદાર બનાવવા, (૫) સ્વાસ્થ્ય, શિક્ષણ, કારકિર્દી, પારિશ્રમિક ક્ષેત્રમાં પુરુષોની સમાન ઓળખ બનાવવા, (૬) મહિલાઓ પ્રત્યેના બધા ભેદભાવ દૂર કરીને સુરક્ષા અને સલામતી આપવાનો છે.

સને ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ભારતની કુલ વસતિ ૧૨૧.૦૫ કરોડમાં પુરુષો ૬૨.૩૧ કરોડ (૫૧.૪૭%) અને સ્ત્રીઓ ૫૮.૭૪ કરોડ (૪૮.૫૩%) હતી. કુલ વસતિમાંથી ૮૪.૭૦ કરોડ ગ્રામીણ વસતિ છે. આ ગ્રામીણ વસતિમાં પુરુષો ૪૩.૬૯ કરોડ (૫૧.૫૮%) અને સ્ત્રીઓ ૪૧.૦૧ કરોડ (૪૮.૪૨%).

**'એક બધા માટે અને બધા એકને માટે'ના વિચાર અને સિદ્ધાંતના આધારે સહકારી પ્રવૃત્તિ કાર્ય કરે છે.** સમાજના સર્વાંગી ઉત્કર્ષ માટે સહકારી ચળવળ આશીર્વાદ સમાન છે. મહિલાઓને પ્રેરિત કરવા, શિક્ષિત કરવા અને તેમનામાં કાર્યકુશળતા વધારવા તેમજ સિદ્ધાંતો અને મૂલ્યોના આધારે તેઓને સહકારી પ્રવૃત્તિ સાથે સાંકળવાની આવશ્યક્તા છે. વર્તમાનકાળે સહકારી ક્ષેત્ર આ કાર્ય કરવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહી છે. નવી દિલ્હી સ્થિત ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ (એન.સી.યુ.આઈ.)એ મહિલા વિકાસ માટે એક નવો દૃષ્ટિકોણ અપનાવ્યો છે. તેનો ઉદ્દેશ મહિલાઓનો આર્થિક અને સામાજિક ઉત્કર્ષ સાધીને મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાનો છે. જેથી મહિલાઓ સ્વાવલંબી અને શોષણ મુક્ત બને. એન.સી.યુ.આઈ. દ્વારા મહિલા સશક્તીકરણ માટે વિશેષ પ્રકારના તાલીમ કાર્યક્રમ, વિચારગોષ્ઠિ, સેમિનારનું દેશવ્યાપી આયોજન કરવામાં આવે છે.

સહકારી મંડળીઓથી મહિલાઓનું આર્થિક સશક્તીકરણ શક્ય બન્યું છે. મહિલા ડેરી યોજના અંતર્ગત દેશમાં મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની રચના કરવામાં આવી છે. ગુજરાતમાં અમૂલ તેનું જ્વલંત ઉદાહરણ છે. જેણે ગ્રામીણ મહિલાઓના સશક્તીકરણમાં વિશેષ ભૂમિકા અદા કરી છે. જેમાં ઉત્પાદન, પ્રક્રિયા અને વિતરણ વ્યવસ્થા મહિલાઓની માલિકીવાળી સહકારી સંસ્થાઓના માધ્યમથી જ કરવામાં આવે છે. આ દૂધ સહકારી મંડળીઓ ગ્રામીણ મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવામાં આશીર્વાદ સમાન સાબિત થઈ છે. મત્સ્ય મંડળીઓ, મરઘાપાલન, હાથશાળ, હસ્તશિલ્પ સહકારી મંડળીઓ મહિલા સશક્તીકરણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી છે. હસ્તશિલ્પ સહકારી મંડળીઓના માધ્યમથી મહિલાઓ

પોતાના ઘરે રહીને કલાત્મક મૂર્તિઓ, રમકડાં, સજાવટ તથા સુશોભનની વસ્તુઓ, મિણબત્તીઓ, સાબુ, બાંધણી - સાડીઓનું રંગકામ તથા સીલાઈકામ કરીને આર્થિક ઉપાર્જન કરી શકે છે.

સ્વસહાય જૂથ દ્વારા નાના ધીરાણ મેળવીને મહિલાઓ ગરીબી, બેરોજગારી, નિરક્ષરતામાંથી બહાર નીકળીને પ્રગતિ સાધી શકે છે. ગ્રામીણ ગરીબ વર્ગોની મહિલાઓના આર્થિક પરિવર્તન માટે સ્વસહાય જૂથ એક વરદાન સમાન સાબિત થઈ રહ્યાં છે. **જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો દ્વારા સ્વસહાય સમૂહના બધા પ્રકારને ધીરાણ આપવામાં આવે છે,** જે સહકારી ક્ષેત્રની મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે.

**સહકારી અધિનિયમ, ૧૯૬૦ના ૯૭મા સંશોધનથી મહિલા સશક્તીકરણને મહત્ત્વ અપાયું છે.** આ સુધારાથી સહકારી સંસ્થાના સંચાલક મંડળમાં બે બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે. જેના પરિણામે ગામડાંની પ્રાથમિક સહકારી મંડળીના સંચાલક મંડળમાં કાર્ય કરતી મહિલા પણ રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાની અધ્યક્ષ બની શકે છે. આ કારણે સહકારી ક્ષેત્રમાં મહિલાઓને સમાજના બધા ક્ષેત્રોમાં પુરુષની સાથે સમાનતાના આધારે મૌલિક સ્વતંત્રતા અને માનવ અધિકાર આપવામાં આવે છે. આજે એવી ઘણી સફળ સહકારી સંસ્થાઓનું સંચાલન માત્ર મહિલાઓ કરી રહી છે. **ભારતમાં બાવન મહિલા નાગરિક સહકારી બેંકો કાર્યરત છે જેનું સંચાલન માત્ર મહિલાઓ જ કરે છે.** ગુજરાતમાં મહિલા સેવા સહકારી બેંક, મધ્યપ્રદેશમાં આસ્થા મહિલા નાગરિક સહકારી બેંક, મહારાષ્ટ્રમાં ભગિની નિવેદીતા બેંક, કર્ણાટકમાં શ્રી વનસંકરી મહિલા સહકારી બેંક પણ પૂર્ણરૂપે મહિલાઓ દ્વારા જ સંચાલિત છે.

મહિલાઓનું સામાજિક સશક્તીકરણ શિક્ષણ, સ્વાસ્થ્ય, રહેણાંક અને પીવાના સ્વચ્છ પાણીની સુવિધા આપીને પણ થઈ શકે છે. **એક માતા સો શિક્ષક સમાન છે. જો એક મહિલા શિક્ષિત બનશે તો પેઢીઓની પેઢીઓ શિક્ષિત બનશે!** શિક્ષણનો પ્રસાર ગરીબી રેખાથી નીચેની મહિલાઓ સુધી પહોંચવો જોઈએ. જેથી તેઓ પોતાના રોજિંદા કાર્ય પોતે કરી શકે. જેવા કે બેંકમાં ખાતું ખોલાવવું, બેંકમાં પૈસા જમા કરાવવા અને ઉપાડવા વગેરે. સહકારી ક્ષેત્ર દ્વારા વખતોવખત ગ્રામ્યસ્તરે સ્વાસ્થ્ય જાગૃતતા સંબંધી તાલીમ શિક્ષણના કાર્યક્રમો સહકારી મંડળીઓના માધ્યમ દ્વારા આયોજન કરવામાં આવે છે. સ્વચ્છ પીવાનું પાણી, રહેણાંકની સુવિધામાં ગૃહનિર્માણ સહકારી મંડળીઓનું આગવું યોગદાન રહ્યું છે. મહારાષ્ટ્રમાં ખાંડ સહકારી મંડળીઓને મરઘાપાલન, ડેરી, સિંચાઈ યોજના, ક્રેડિટ સોસાયટી, બેંકો, વિદ્યાલયો અને મહાવિદ્યાલય, આરોગ્ય સુવિધા જેવી સુવિધા આપવાની વિવિધ સહાયક કાર્યક્રમોને વેગવંતો બનાવ્યો છે. સહકારી ક્ષેત્રએ આર્થિક વિકાસ સાથે મહિલાઓને સુશિક્ષિત કરી તેમના માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

મહિલાઓને શક્તિ સ્વરૂપા નારાયણી બનાવીને ધાર્મિક મૂર્તિ તથા ચિત્રોમાં પ્રસ્થાપિત કરીને માત્ર પૂજા ન કરવી જોઈએ. વિકાસના ક્ષેત્રોના જે પણ પાસાઓ છે તેમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે **સહકારી પ્રવૃત્તિ જ એક એવું ક્ષેત્ર છે જેના માધ્યમ વડે મહિલાઓનું સશક્તીકરણ થઈ શકે છે.** વાસ્તવમાં સહકારી પ્રવૃત્તિ મહિલા સશક્તીકરણનું અને તેના સર્વાંગી વિકાસનું પ્રભાવશાળી માધ્યમ સિધ્ધ થયું છે. જે માત્ર મહિલાઓને આર્થિક, સામાજિક, રાજનૈતિક અને શૈક્ષણિક વિકાસમાં સહાયક છે. આજે ગ્રામીણ ક્ષેત્રની મહિલાઓ પણ સહકારના માધ્યમથી આત્મવિશ્વાસ સાથે પોતાનો જીવન નિર્વાહ કરી રહી છે. આમ મહિલાઓના સર્વાંગી ઉત્કર્ષ સાધવા માટે સહકારી પ્રવૃત્તિ શ્રેષ્ઠ માધ્યમ છે.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હા.સો.,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

## લેખના લેખકશ્રીનો ફોટો

*"કચ્છશ્રુતિ"ના આગામી અંકથી દરેક લેખના લેખકશ્રીનો ફોટો પણ પ્રસારિત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તેથી દરેક લેખના લેખકશ્રીએ પોતાના લેખની સાથે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. જે લેખકશ્રીના લેખ નિયમિતપણે કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવામાં આવે છે તેઓએ માત્ર એક જ વખત પોતાનો ફોટો મોકલવો જરૂરી છે.*

*– તંત્રી મંડળ, કચ્છશ્રુતિ*

જીવન રસ

# પ્રેમ જીવનનો પ્રાણવાયુ

● ડૉ. ઊર્મિલા શાહ ●

અભિજિત અમેરિકા ગયો ત્યારે આશાબહેન અને અજિતભાઈના મનમાં આનંદનો પાર ન હતો. દીકરાને સરસ ભણાવ્યા ગણાવ્યાનો સંતોષ હતો. અભિજિત નાનો હતો ત્યારથી અજિતભાઈએ તો મનમાં નક્કી કર્યું જ હતું કે 'અભિજિતને મારે એન્જિનિયર બનાવવો છે ને પરદેશ મોકલવો છે. એક વખત ત્યાં ભણીગણીને અમેરિકા સેટલ થઈ જાય એટલે આપણે તો જગ જીત્યાં.' આશાબહેનને ઊંડે ઊંડે જરા એમ ખરું કે ''ના, ના, એટલે દૂર સુધી દીકરાને કાંઈ મોકલવો નથી. દીકરા તો આપણી નજર આગળ સારા. કાલે ઊઠીને માંદાસાજા થઈએ તો આપણું કોણ? આપણે કાંઈ ઓછાં બે-ચાર દીકરા છે! અભિજિત ને અલ્પના. 'અલ્પના તો કાલ મોટી થઈને સાસરે જાય. પછી આપણું કોણ! ઘર તો પછી ખાવા ધાય. એકલા એકલા તે જિંદગી શે જિવાય!'' પણ અજિતભાઈ ઘણા મક્કમ હતા અને એટલે આશાબહેને આખરે અભિજિતને અમેરિકા મોકલવો જ પડ્યો. અભિજિત અમેરિકા જતો હતો ત્યારે આશાબેને તેને છાતીસરસો ચાંપી વહાલથી માથે હાથ ફેરવતાં એટલું જ કહ્યું, 'બેટા! એ પારકા પરદેશમાં સાચવીને રહેજે. આપણા અહીં કરતાં એ દેશ ખૂબ જુદો છે. આપણા કુળની ખાનદાનીને છાજે તેવી રીતે જીવજે દીકરા! બાકી તો તું હવે સમજુ છે, મોટો છે. તને વધુ તે શું કહું! તને મારા હૃદયનાં ખૂબ ખૂબ આશીર્વાદ છે બેટા!' ને એમણે અભિજિતને વહાલથી કપાળે ચૂમી લીધી. ને ભારે હૃદયે કપાળમાં કુમકુમ તિલક કરી અક્ષત ચોડી વહાલથી વિદાય કર્યો.

અભિજિત નાનો હતો ત્યારથી જ આશાબહેને તેને ખૂબ જતનથી ઉછેર્યો હતો. મા હોય એટલે તેનો ઉછેર તો તે કરે જ પણ સાથે સાથે એમણે એને ખૂબ પ્રેમથી ઉછેર્યો હતો. અભિજિતનો જન્મ થયો એ પહેલાં આશાબહેન સ્કૂલમાં નોકરી કરતા હતા. શિક્ષણનો વ્યવસાય એ તો તેમનો ખાસ શોખ હતો. પણ અભિજિતના જન્મ પછી આશાબહેનને એમ લાગ્યું કે 'હવે અભિજિતને તેમની વધુ જરૂર છે.' માની ગેરહાજરી બાળકના ઉછેરને કથળી નાખે છે. બાળકને માટે તો માનો પ્રેમ, માની હૂંફ, માનો સમય બહુ જ મહત્ત્વનાં છે. બાળકને હૃદયમાં એવી ખાતરી હોય કે 'તેને માટે તેની મા ગમે ત્યારે, ગમે તે પળે, ગમે તે કરવા તૈયાર જ હોય છે. તો તે ખૂબ નિશ્ચિંતતાથી જીવી શકે છે, 'હાશ' અનુભવી શકે છે ને તેને પરિણામે તેની પ્રગતિ ખૂબ સારી રીતે પાંગરી શકે છે. શિક્ષણ ક્ષેત્રમાં રસ હોવાને કારણે આશાબહેનને માની ભૂમિકાની મહત્તાનો સારો એવો ખ્યાલ હતો અને એટલે એમણે નોકરી છોડવાનો તેમનો વિચાર અજિતભાઈને જણાવ્યો ત્યારે અજિતભાઈએ સલાહ પણ આપી કે, ''બાઈ રાખી લે ને! આટલી સારી નોકરી શું કામ છોડે છે?''

''અરે! ભાડુતી માણસ એટલે ભાડુતી માણસ. એને આપણા છોકરા માટે એટલી મમતા ક્યાંથી હોય! મારે કાંઈ મારા દીકરાની જિંદગી નથી બગાડવી. મારે તો અભિજિત પહેલો ને બીજું બધું પછી. એ મોટો થાય પછી ક્યાં કામ નથી થતું! દસ બાર વર્ષનો પ્રશ્ન છે ને! કેરી ખાવી હોય તો આંબો વાવવો ય પડે, ને એને ઉછેરવો ય પડે જ ને! નહીં તો ફળ ક્યાંથી ખાવા મળે? કાંઈ તપ વિના સિદ્ધિ ઓછી જ મળે છે! ને આખાય ગામનાં છોકરાંને ભણાવીને હોશિયાર કરું ને મારા હૃદયના ટુકડા એવા અભિજિતને જ અળગો કરું! ના, ના, અજિત તમે એવું ન કહેશો. મારાથી અભિજિતને અળગો કરી નોકરી નહીં થાય.'' ને આશાબહેને શિક્ષણક્ષેત્રના વ્યવસાયને તિલાંજલિ આપી, પોતે પોતાનાં સંતાનના શિક્ષણમાં, જતનમાં, ભણતર ને ઘડતરમાં સંપૂર્ણપણે લાગી ગયા. તેમના જીવનમાં માની ભૂમિકાનો અગ્રતાક્રમ સૌપ્રથમ હતો. અભિજિતના ઉછેર પાછળ તેમણે તેમનાં ગૃહિણી અને પત્નીની ભૂમિકાનું ય મહત્ત્વ ઓછું કરી દીધું હતું. એમના મનમાં તો એક જ રઢ હતી ''મારે તો અભિજિત પહેલો. મારા જીવનમાં હવે અભિજિત સિવાય બીજું કંઈ જ નહીં.'' ને આજે એમની એ સાધના ફળી હતી. તપ વિના ક્યારેય સિદ્ધિ મળે છે ખરી? અભિજિત અમેરિકા જતો હતો ત્યારે તેમના હૃદયમાં વિરહની વેદના તો હતી જ પણ સાથે સાથે એમણે નિષ્ઠાપૂર્વક કરેલી સાધનાની સિદ્ધિનો સંતોષ પણ હતો. એમની છાતી જાણે ગજગજ ફૂલી રહી હતી. એક મા તરીકે તેમનું માથું ગૌરવથી ઊંચું હતું. અભિજિતને એની મા માટે ખૂબ માન હતું. અભિજિત ક્યારેક કાગળમાં લખતો, ''મા, તેં મારે માટે શું શું નથી કર્યું! હું તો સદાય તારો ઋણી છું. હું આજે જે છું તેનો યશ તને ને પપ્પાને જાય છે. તમે લોકોએ રાતદિવસ એકાકાર

કરી મારી જિંદગી બનાવી છે. મારા હૃદયની લાગણી હું કેવી રીતે વ્યક્ત કરી શકું! મા...મા...! મારી પાસે એ વ્યક્ત કરવા શબ્દો પણ ઓછા પડે છે.'' ને એ કાગળ વાંચી અજિતભાઈ અને આશાબહેનની આંખમાં હર્ષાશ્રુ આવી ગયાં. બેઉના જીવનમાં જાણે એક સંતોષની લાગણી પ્રસરી ગઈ. અભિજિત આટલે દૂર હોવા છતાં જે કોઈને તેઓ મળે તેમને તેમનાં અભિજિતની વાતો કરતાં તે થાકતાં જ નહીં.

અભિજિત તો કામમાં રોકાયેલો હોય એટલે કાગળ લખતાં ય મોડું વહેલું થાય. શરૂ શરૂમાં ગયો ત્યારે તો દસ પંદર દિવસે અભિજિતનો કાગળ અચૂક આવે જ. પણ ધીરે ધીરે કરતાં એ ગાળો મોટો થતો ગયો. ક્યારેક મહિનો પણ થઈ જવા લાગ્યો. એથી વધુ પણ સમય જવા લાગ્યો. આશાબહેન છતાંય વિચારતા જ રહેતા, ''છોકરાં બિચારાં કામ કરી કરીને થાકી જાય, સમય પણ ક્યાંથી કાઢે!'' નાનપણથી જ એને જીવની જેમ જતન કરીને ઉછેર્યો હતો એટલે એમના હૃદયથી એને થોડુંય છેટું પડે તે કેમ સહી શકે! ને એટલે ભલે અભિજિતનો કાગળ આવે કે ન આવે પણ એ તો દર અઠવાડિયે અભિજિતને અચૂક કાગળ લખે જ. ''મારો અભિજિત ભલે અમેરિકા રહે, પણ અમારાથી એ દૂર ન પડી જવો જોઈએ.'' ને એટલે એ અવારનવાર અજિતભાઈને પણ દીકરાને કાગળ લખવા કહેતા. અરે! ક્યારેક તો ખાસ ટોકીને બેસાડતા. ''દીકરાને કાગળ ન લખો તો લાગણીના બંધન કેમ ટકી શકે! આપણે તો તેને મમતાને તાંતણે બાંધી રાખવાનો છે. ભણાવી ગણાવીને ભલે આપણે તેને તૈયાર કર્યો પણ હવે આપણી સાથે તેને લાગણીથી જોડી રાખવાની જવાબદારી આપણી છે.''

અજિતભાઈ ક્યારેક દલીલ કરતા કે, ''હવે આપણી ફરજ પૂરી થઈ ગઈ. છોકરાને તૈયાર કરી દીધો. હવે એ એના પગ પર ઊભો રહી ગયો છે. હવે ક્યાં સુધી એની ફિકર કરવાની હોય!'' પણ આશાબહેન તો કહેતાં ''તમને પુરુષોને એ ક્યાંથી સમજાય! આ તો કરોળિયાનું જાળું છે. એકવાર એમાં પડ્યાં એટલે માં ગૂંથાયા જ કરવાનાં. મમતાનો ક્યારેય અંત આવે ખરો!'' ને આખરે અજિતભાઈ પણ કાગળ લખવા બેસી જતા.

અને આમ આશાબહેન અને અજિતભાઈનું દાંપત્ય, સહજીવન અભિજિતની આસપાસ ગૂંથાઈને ચાલતું હતું. અભિજિત પણ એક પછી એક સિદ્ધિનાં શિખરો સર કરતો જતો હતો. નાનપણથી જ તેનામાં મહત્ત્વાકાંક્ષા ને પ્રેરણાનાં સિંચન ભરપૂર થયાં હતાં. એટલે એક સિદ્ધિ સર કરે ને તેનું અંતર સિદ્ધિનાં બીજાં શિખરને સર કરવા સળવળી ઊઠતું. ક્યારેક એવું લાગે કે 'સંતોષ એ જીવનનું સૌથી મોટું સુખ છે.' પણ તો પછી માણસ જીવનમાં પ્રગતિ કેવી રીતે સાધી શકે! સંતોષ જીવનમાં સુખ માટે જરૂરી છે એ હકીકત સાચી લાગે છે એ જરૂર, પણ સંતોષનો અનુભવ થાય તો માણસને આગળ વધવાની પ્રેરણાય ક્યાંથી થાય! મહત્ત્વાકાંક્ષા વિના માણસ પ્રગતિ કેવી રીતે સાધી શકે! અભિજિત આ જ રાહ પર આગળ વધી રહ્યો હતો. પણ તેના હૃદયમાં સતત એક રટણ ચાલતું હતું, ''મમ્મી-પપ્પાનું જીવન સુખી થવું જોઈએ. એમને દુઃખ ન પડવું જોઈએ.'' ને એટલે તે સતત કહ્યા કરતો, ''પપ્પા, તમે અગવડ ન ભોગવશો, પૈસાની ચિંતા ન કરશો. તબિયત સાચવજો. માણસ રાખી લેજો.'' જાણે એક બાજુ અભિજિત તો બીજી બાજુ આશાબહેન અને અજિતભાઈ બંને સામસામા પક્ષે સતત ચિંતા કરતા રહેતાં. ત્રણેયના હૃદયમાં સામાના સુખ માટે ઝંખના હતી. અને સાચો પ્રેમ પણ એમાં જ છે ને! પ્રેમમાં પામવા કરતાં આપવાની જ વધુ ઝંખના હોય છે. બીજાને સુખી કરવામાં, સુખી જોવામાં જે પ્રેમની અનુભૂતિ થાય છે, તેનાથી જીવન ધન્ય બની જાય છે અને દૂર રહેવા છતાંય જો સંતાન અને મા-બાપ વચ્ચે આવો પ્રેમ હોય તો એનાથી અધિક બીજું શું? પ્રત્યક્ષ સાંનિધ્યથી જ માત્ર સુખની અનુભૂતિ થાય છે, એવું નથી. પ્રેમ તો દૈવી છે, તેની દિવ્યતાની અનુભૂતિ તો હૃદયમાં થાય છે, પછી એ સાંનિધ્ય પ્રત્યક્ષ હોય કે પરોક્ષ. હૃદયનું આ ટ્રાન્સમીટર! એની શક્તિ અગાધ છે!!

*૨૫, પાર્થ બંગ્લોઝ,*
*કર્ણાવતી ક્લબની સામે,*
*સરખેજ ગાંધીનગર હાઈવે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૭૬૦૦૦૩, ૨૬૭૬૯૭૦૦*

## અબ્રાહમ લિંકન

***જણાવવા જેવો અબ્રાહમ લિંકનનો દાખલો.***

એ સાત વખત પ્રમુખપદની ચૂંટણીમાં હારી ગયા તોય નિરાશ થયા નહીં. દ્રઢ મનોબળને કારણે આઠમીવાર ચૂંટણી લડી અને એમાં જીત્યા. પાછળથી એ અમેરિકાના શ્રેષ્ઠ રાષ્ટ્રપતિ પુરવાર થયા. રંગભેદની નાબૂદી પણ એમણે જ કરાવી. કરોળિયાનું જાળુ જોઈને એમાંથી પ્રેરણા લેતા. કરોળિયો વારંવાર પડી જતો પણ અનેક વખતના પ્રયત્ન પછી જાળુ ગૂંથવામાં એ સફળ થયો.

હાસ્ય કથા

# શાલ ઓઢાડીને સન્માન : હાસ્ય કથા

• બલવીરસિંહ જાડેજા •

અમારા પરમ મિત્ર મનસુખનું નામ ભલે ને એના ફૈબાએ પાડ્યું છે, છતાં મનથી જેટલા સુખો તમે ગણી શકો એ બધા સુખ જાણે ભોગવતો લાગતો હોય એવા મનસુખના ચહેરા પર હાસ્ય કદી તમને અદૃશ્ય નહીં જોવા મળે. અરે ઉંઘમાં પણ નહીં. જ્યારે જુઓ ત્યારે હસતા ચહેરાનો માલિક અને પાછો કોઈ પણ સાથે, કોઈ પણ વાત સાંભળીને, હહહ-અઅર...! સાથે "જરૂર" કહીને પ્રતિભાવ આપે જ. આ બંને, હહહઅઅઅ.... અને 'જરૂર' એ એના તકિયા કલામ.

આખી જિંદગી હસતા ચહેરે લોકોના, સમાજના, જ્ઞાતિના કે સેવાના કામ કરનાર મનસુખને સન્માન ન મળ્યું હોય એવું કદી બન્યું નથી. પ્રશંસા પત્ર, ટ્રોફી, શિલ્ડ જે ગણો તે, એની સાથે પાછું શાલ ઓઢાડીને સન્માન તો થયું જ જાણો.

હવે આપ જ વિચારો કે ગુજરાત જેવા ગરમ પ્રદેશમાં શિયાળાનો સમય બહુ ટૂંકો. કદાચ માંડ બે કે અઢી મહિના. વળી સ્વેટર, ટોપી, મફલર કે કોટ હોય એટલે શાલના ભાગે ટાઢને રોકવાની જરૂરિયાત કે સમયગાળો કેટલોક રહે! "શાલ" મહારાણીઓ જેમકે, એક હતો રાજા ને એને ઘણી બધી રાણીઓ જેવો તાલ મનસુખના ઘરમાં શાલ માટે કે શાલો માટે જોવા મળે.

પાછા અમારા મણિભાભી, મનસુખના ઘરવાળા એવા તો ચીવટવાળા કે પોતાની સાડીઓના જૂના કબાટને બદલે ભેગી થયેલી શાલો માટે એમણે નવું કબાટ ખરીદ્યું. જેમાં દર વરસે લગ્ન તિથિ, જન્મ દિવસ કે વાર તહેવારે, મનસુખે અપાવેલી કે મણિભાભીએ ખરીદેલી કે ભેટ મળેલી સાડીઓ જ આ નવા કબાટમાં બધી શાલોની સાથે સ્થાન પામે. બીજે વરસે પાછી નવી બે-પાંચ શાલ આવે કે, પાંચ-છ સાડીઓ આવે એટલે અણમાનીતી રાણીની જેમ, જૂના મહેલમાં, નવા કબાટમાંથી જૂના કબાટમાં જૂની સાડીઓને જવું પડે. પાછા મણિભાભીને સ્ત્રીસહજ સ્વભાવથી વિરૂધ્ધ, પોતાની સાડીઓ કરતાં પણ મનસુખની શાલો માટે એવું તો અદકુ હેત કે વારંવાર હેંગરમાં કે ગડી કરી મૂકેલી સાડીઓને ઉથલાવી, ડામરની ગોળીઓ મૂકીને વરસમાં બે-ચાર વાર પોતાનો હેતાળ હાથ ફેરવીને વહાલ કરી લે. અને મનોમન પાછા પોરસાતા જાય કે 'મારા એમને તો કાંઈ સન્માન થાય છે, કાંઈ સન્માન થાય છે. બસ, આ શાલો જ એનો પુરાવો છે.' અરે, એટલું જ નહીં, કોઈ સગાવહાલાં, ભલે ને પુરુષ હોય કે સ્ત્રી કે બહેનપણીઓ કે મનસુખના મિત્રો, ઓળખીતાઓ, જો ભૂલથી સાડી કે શાલની વાત કાઢે તો બસ આવી જ બન્યું હોં!

મણિભાભીને મોકો મળી જાય કે, "આવો બતાવું" કહીને, નવા કબાટમાં નવી સાડીઓ પહેલાં પતિ મહાશય મનસુખને એમના જીવનકાળમાં શરૂઆતથી આજ લગી, સન્માનમાં મળેલી શાલો, જેની ઉપર મણિભાભીએ કાગળના વ્યવસ્થિત લખાણ સાથે ટાંકણીથી ભરાવેલ માહિતી, જેમ મ્યુઝિયમમાં ગાઈડ કહી બતાવે, તેમ મણિભાભીના મોંએ એનો ઈતિહાસ સાંભળવો પડે.

"આ તમારા ભઈને મળેલી પહેલી શાલ. જુઓ, કઈ સાલ લખી છે? ૧૯૭૦ને? નિશાળમાં એમને સૌથી હસમુખા વિદ્યાર્થી તરીકે પહેલીવાર મળેલી. આ શાલ ૧૯૭૪માં ગ્રેજ્યુએટ થયા ત્યારે કૉલેજના પ્રિન્સિપાલે સૌથી આજ્ઞાંકિત કૉલેજિયન તરીકે ઓઢાડેલી. આ અમારા લગ્ન વખતે મારા બાપુજીએ આપેલી. અને આ એમની નોકરીના પગારમાંથી અમે દાર્જિલિંગ ફરવા ગયા ત્યારે લીધેલી. અને આ જ્ઞાતિના સમારંભમાં અને આ સમાજની સેવામાં અને આ... વગેરે વગેરે." કોઈને પણ શાલ ભરેલા કબાટની બધી શાલનો ઈતિહાસ સાંભળવો જ પડે. કોઈ વળી ઉતાવળમાં કે કંટાળાથી 'હા, મને ખબર છે' એમ જો કહેવાઇ ગયું તો ખલાસ! "ના હોં, તમને મારા જેટલી થોડી ખબર હોય? માટે સાંભળી લો. અને હા, આપણે વાત પૂરી કરીને પછી જ ચા-નાસ્તાને ન્યાય આપીશું." હવે ચા કે નાસ્તા આઈસ્ક્રીમનો આગ્રહ કર્યો હોય એટલે સાંભળનારે વિવેક ખાતર પણ મણિભાભીની, પોરસાતા પોરસાતા લાઇવ કોમેન્ટ્રી સાંભળવી જ રહી.

આમ કરતા કરતા મિત્ર મનસુખલાલ હવે રીટાયર્ડ થયા ત્યારે પ્રાઇવેટ કંપનીમાં ચીફ એકાઉન્ટન્ટ હતા. ત્યાં સુધી કંપની તથા જ્ઞાતિ કે સમાજ તરફથી લગભગ ૧૮થી ૨૦ શાલનો સંગ્રહ મણિભાભીના કબાટમાં થઈ ગયો હતો. મનસુખે દીકરી પરણાવી, અમદાવાદમાં ફ્લેટ લીધો, દીકરાને ભણાવીને ગ્રેજ્યુએટ બનાવ્યો. પછી કાંઈ ખાસ બચત તો હોય નહીં અને એ વખતે

આજના જેવા પગાર પણ ક્યાં હતા? એટલે દીકરા જયંતનો, નોકરી ઘણી શોધ્યા પછી પણ મેળ પડ્યો નહીં ત્યારે 'પપ્પા, કાંઈક ધંધો કરવો છે. કોઈ લાઈન બતાવો અને તેમાં તમે કેવી રીતે અને કેટલી મદદ કરી શકો એ જણાવો.' એમ પૂછ્યું ત્યારે હહહઅઅઅ... 'જરૂર' કહીને મુત્સદ્દીઓ અને રીઢા રાજકારણીઓને પણ શીખવા મળી શકે એવા મોં પરના હાસ્ય સાથે મનસુખે બે દિવસ વિચારવાનો સમય માંગ્યો. મળેલી પી.એફ.ની રકમ કે બચત કે ફિક્સમાં મૂકેલી રકમ દીકરાને ધંધો કરવા આપી દે તો પછી? હજી તો દીકરા જયંતના લગ્ન પણ કરવાના હતા. નોકરી કે ધંધાની લાઈને ચડે પછી જ કોઈ કન્યા માટે નજર દોડાવેને!...

જો કે નિવૃત્તિ પછી પણ મનસુખની જ્ઞાતિ, સમાજ કે સેવા સંસ્થાઓ તરફની લાગણી અને પ્રવૃત્તિ તો ચાલુ જ હતી. જ્ઞાતિના મુખપત્ર કે સમારંભો કે અવનવા અભિયાનોમાં સતત પ્રવૃત્ત રહેતા મનસુખને ફરી એકવાર શાલ ઓઢાડીને સન્માન તો મળ્યું જ, પણ આ વખતે તો, મોં ખોલતા સાકરનો ગાંગડો આવી જાય એમ એક સાથે મનસુખના હસ્તકે ૧૧ શાલ તો આવી પણ સાથે સાથે દીકરાને ધંધો કરવાનો 'આઈડિયા' પણ લેતી આવી.

બન્યું એવું કે મનસુખના વતનના સમાજે, દરેક જ્ઞાતિના અભ્યાસમાં ઝળકેલા તારલાઓને પ્રોત્સાહન આપવા ટ્રોફી અને પ્રશંસા પત્રકો આપવાનું ઠરાવેલું. તે અનુસંધાને સમાજના / જ્ઞાતિના આગળ પડતા મહાનુભાવો - દાતાઓના હસ્તે આ વિતરણ સમારંભ ગોઠવેલો. હવે મહાનુભાવો - દાતાઓ પધારે. એમને એમ ખાલી હાથે તો પાછા મોકલાય નહીં. એટલે જેમના હસ્તે ટ્રોફી કે પ્રમાણપત્ર અપાય તેમને સ્ટેજ ઉપર બોલાવી, પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને અભિવાદન તો કરવું જ રહ્યું અને ફોટાઓ પણ પાડવા જ પડે. જે પછી જ્ઞાતિ - સમાજના મુખપત્રમાં છપાવવાય પડે. એટલે એક સાથે ૧૧ મહાનુભાવોને આમંત્રણ આપી બોલાવેલા.

પણ મહાનુભાવોના નસીબ વાંકા અને આપણા મનસુખના નસીબ જોર કરે એટલે શીલા, કર્તાહર્તા આપણા મનસુખના કબજામાં આવી ગઈ. જો કે મનસુખને એ વાતનું દુઃખ હતું કે મહેનત કરી યોજેલ સમારંભ ન થઈ શક્યો. જે દિવસે કાર્યક્રમનું આયોજન હતું તે દિવસે અને તેના એકાદ-દોઢ કલાકના સમય પહેલાં જ્યાં તે હોલ કે સ્થળની બાજુમાં આવેલા માર્કેટની એક દુકાનમાં શોર્ટ સરકીટને લઈને આગ લાગી.

જોતજોતામાં આગ આખી માર્કેટમાં ફેલાતાં, ટ્રાફિક અને ફાયર ફાઈટરની સુવિધા માટે એ રોડ જ બંધ કરવો પડ્યો. આગને કાબૂમાં લેતા વાર લાગી એટલે આપણા મનસુખે, જ્ઞાતિ પ્રમુખે કે સમાજના આગેવાનોએ સમારંભ ફોન - મોબાઈલથી જાણ કરીને કેન્સલ કર્યો. **હવે બધા લાભાર્થીઓ કે ચમકેલા તારલાઓ સમાજની ઓફિસેથી પોતાની ટ્રોફીઓ અને ચંદ્રકો સાથે પ્રમાણપત્રો તો આવીને લઈ ગયા પણ આ ૧૧ શાલોનું કરવું શું?** મનસુખે પૂછ્યું એટલે પ્રમુખ સાહેબે કહ્યું કે, 'તમે હમણાં તમારા ઘરે જ લઈ જાવ, મનસુખલાલ. પછી એનું કાંઈક કરશું.'

"હહહઅઅઅ... જરૂર" કહીને મનસુખ બધી શાલો ઘરે લાવ્યો. મણિભાભી તો એવા રાજી થયા કે વર્લ્ડ કપ જીતીને કપિલ દેવ ઘરે આવ્યો ત્યારે ઘર, ગામ, રાજ્ય અને દેશના લોકો જેટલા રાજી નહોતા થયા એટલો મણિભાભીને હૈયે હરખ થયો અને તે દિવસે મનસુખ માટે હોંશે હોંશે કંસાર બનાવ્યો.

પછી તો મનસુખે બે-ચાર વાર પ્રમુખ સાહેબને પૂછ્યું કે, 'હવે શાલોનું શું કરવું છે?' 'હમણાં ભલે તમારે ત્યાં રહી.' 'હહહઅઅઅ... જરૂર' અને એમ ને એમ એ બધી શાલો, 'રાત ગઈ ને બાત ગઈ' એમ દર વરસે નવી શાલો ખરીદાય એટલે બધી શાલો મનસુખના ખજાનામાં કે મણિભાભીના સંગ્રહાલયમાં શોભતી રહી.

બસ પછી તો મનસુખે દીકરા જયંતને અને ધર્મપત્ની મણિભાભીને પણ બોલાવીને સૂચન કર્યું. 'દીકરા જયંત, મારી પાસે તને આપવા માટે ખાસ કાંઈ મૂડી નથી પણ તારી મમ્મીએ ચીવટથી એક ખજાને ભેગો કર્યો છે એ ઉપયોગી થશે. આમ પણ મને સૌ આપણી જ્ઞાતિ - સમાજની સાથે સાથે ઘણા બધા સમાજ અને જ્ઞાતિના હોદ્દેદારો સાથે પરિચય છે અને બધા પોતાની જ્ઞાતિ / સમાજના દર વરસે આવા સમારંભો, મેળાવડાઓ કરતા જ હોય છે. તું બધાનો સંપર્ક કરીને પ્રસંગે શાલો આપવાનો ધંધો કરી શકે તો ન કોઈ દુકાનની જરૂર! ઘરેથી જ કામ થાય. તારૂં ને આપણા સૌનું કામ થઈ જાય.' 'શું કહો છો તમે ઘરવાળા?' 'જરૂર... એનાથી રૂડું શું?' કહીને મણિભાભીએ સંમતિ આપી. બસ જયંત ધંધે લાગી ગયો. જો કે શાલો કબાટની બહાર કાઢતા મણિભાભીને દીકરી સાસરે વળાવવા જેવું દુઃખ તો થયું પણ મન વાળ્યું કે 'દીકરી તો સાસરે જ શોભે ને!'

પછી તો મનસુખના કબાટની શાલો જોતજોતામાં ખાલી થવા લાગી અને જયંતને તો પાનો ચડ્યો કે હવે તો આ ધંધો જ કામનો છે. એણે તો જૂના સામયિકો - જ્ઞાતિપત્રો જ્યાંથી મળ્યા

ત્યાંથી કે શુક્રવારની ગુજરી બજારમાં કે પસ્તીવાળાઓને ત્યાંથી જ્ઞાતિ સમાજના સરનામા ભેગા કરવા મંડી પડ્યો. સાથે સાથે શાલો બનાવનાર કંપનીઓના એડ્રેસ મેળવી જથ્થાબંધ - સસ્તા ભાવે શાલો ખરીદી પોતાની મહેનત અને ખર્ચ કાઢતા ૧૦થી ૧૫% નફાથી, છતાં છૂટક વેચાણકર્તા કરતા સસ્તી, જાતજાતની અને ભાત ભાતની શાલો ખરીદીને મંડ્યો આપવા અને થઈ ગયો પ્રખ્યાત 'જયંતભાઈ શાલવાળા' તરીકે.

'પપ્પા, લાગે છે કે ધંધો જામી જશે.'

હહહઅઅઅ..... જરૂર કહીને મનસુખે દીકરાને પ્રોત્સાહન સાથે પાનો ચડાવ્યો. 'જોયું, હું નહોતી કહેતી કે સંઘર્યો સાપ પણ કામ લાગે.' મણિભાભીએ અસ્સલ ગુજરાતી સ્ત્રીઓના અંદાજમાં કહી દીધું કે, 'હું નહોતી કહેતી....'

હવે શાલ ઓઢાડીને કોઈવાર મનસુખનું સન્માન કરાય તો પહેલાની જેમ વિવેક ખાતર પણ મનસુખ ના નથી પાડતો પણ કહી દે કે, 'મારું સન્માન કરવું હોય તો ફક્ત શાલ ઓઢાડશો તો પણ ચાલશે.' કહીને શાલ સ્વીકારી લે છે. કારણ.... કારણ તો ચોખ્ખું ને ચટ્ટ છે કે 'ઘી પડ્યું તોય ખીચડીમાં.' એક તો દીકરા જયંતની જ શાલ પાછી ઘરમાં આવીને ફરી વેચાવા માટે જ જવાની છે ને! બોલો, ફાયદો જ ફાયદો છે કે નહીં?

હવે તો 'જયંતભાઈ શાલવાળા' માટે કન્યાના પિતાઓની લાઈન લાગવા માંડી. પહેલા તો કોઈ પોતાની કન્યા માટે પૂછપરછ કરવા આવે એટલે મનસુખ કાયમી અંદાજમાં કહેશે 'હહહઅઅઅ... જરૂર' પણ એક શરત છે કે, જો આપણું વેવાઈ બનવાનું નક્કી થાય તો બધા જ જાનૈયાનું સ્વાગત શાલ ઓઢાડીને કરવાનું. બોલો છે મંજૂર? હવે દીકરીનો બાપ ના કઈ રીતે પાડી શકે. એટલે પછી જ આગળ વાત ચાલે ને મુરતિયો ને કન્યા આગળ વધે.

છેવટે જયંતનું નેહા નામની છોકરી સાથે ગોઠવાઈ ગયું. રંગેચંગે લગ્ન લેવાયા. વેવાઈએ સૌ જાનૈયાઓનું શાલ ઓઢાડીને સ્વાગત કર્યું. પછી વેવાઈએ મનસુખને પૂછ્યું, 'વેવાઈ હવે તો રાજી ને?' 'હહહઅઅઅ... જરૂર' કહીને ખુશી વ્યક્ત કરી પણ બાજુમાં ઊભેલા મણિભાભીએ મનસુખને કોણી મારી સંભળાવ્યું, 'જોયું, મારા દીકરાએ મને પહેલીવાર શાલ ઓઢાડી. તમે તો જિંદગી આખી પોતે જ શાલ ઓઢતા રહ્યા. મને કોઈ દિવસ શાલ ઓઢાડી તમે?'

સાંભળતા જ મનસુખ ગંભીર થઈ ગયો. કોઈ દિવસ નહીં અને આવા સમયે મનસુખને ગંભીર જોઈને મણિભાભી પણ ગભરાઈ ગયા. મનમાં પસ્તાવા લાગ્યા કે 'ન બોલી હોત તો સારું હતું.'

ત્યાં તો મનસુખે ગંભીર મુખમુદ્રામાં જ વેવાઈને એક બાજુ લઈ જઈને વાત કરી. બંનેને જોઈને માંડવિયા - જાનૈયા કે લગ્નમાં હાજર રહેલા સૌ બંને વેવાઈઓને એકબાજુ જઈને વાત કરતા જોઈ, ગંભીર થઈ જોઈ રહ્યા. **'નક્કી મનસુખલાલ દહેજમાં કાંઈક માંગણી કરશે કે શું?' ચોરીમાં બેઠેલા જયંત અને નેહા પણ એકબીજા સામું જોઈ હક્કાબક્કા બની જોઈ રહ્યા. સૌના મનમાં પ્રશ્ન હતો કે, 'હવે... હવે શું થશે?'**

મનસુખે વેવાઈને એકબાજુ લઈ જઈને કહ્યું, 'વેવાઈ કાંતિલાલ, મારી જેમજ છેક સુધી મોં ગંભીર રાખજો. હું હસુ ત્યાં સુધી. મારે બીજું કાંઈ જોઈતું નથી. પણ મેં તમને જાનૈયાના પચ્ચીસ જણનું લિસ્ટ આપેલું એમાંથી વીસ વ્યક્તિ જ આવ્યા ને બધાને તમે શાલ ઓઢાડી. પણ જે પાંચ જણા નથી આવ્યા એમની શાલ લાવ્યા હશો – એ હજી પડી હશે ને?''

''હા છે ને...''

''મંગાવીને મારી પાસે આપો.''

વેવાઈ કાંતિલાલ પાંચેય શાલ મંગાવી એટલે વેવાઈએ કાનમાં કહ્યું. એ સાંભળીને **વેવાઇએ એ પાંચેય શાલ મણિભાભીને એકસાથે ઓઢાડી. એટલે મનસુખે મોટા અવાજે સૌ સાંભળે એમ કહ્યું, 'શાલ ઓઢવાની ખરી હક્કદાર તો મારી પત્ની મણિ જ છે. ખરૂં ને વેવાઇ?'**

ફક્ત વેવાઈ જ નહીં, હાજર રહેલા સૌ એકસાથે બોલી ઉઠ્યા, 'જરૂર... જરૂર...'

*વાતવાતમાં :*

શાલના સન્માનની વારતા કલ્પનાની પાંખે ઉડીને આવી છે. માટે કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવી નહીં. તમે શું માનો છો મનસુખભાઈ? ''હહહઅઅઅ... જરૂર.''

***૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,***
***ચાઇલ્ડ કેર પાછળ,***
***પ્રોફેસર્સ કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે,***
***નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.***
***મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬***

## આધ્યાત્મિક સરકારી કર્મચારી

ધર્મ અને અધ્યાત્મની વ્યાખ્યા જ બદલવી પડે એવો માહોલ સર્જાયો છે. વ્યવસાયમાં છેતરપિંડી ન કરે, કરચોરી ન કરે, ભેળસેળ ન કરે એવા વેપારીને, દર્દીને લૂંટે નહીં એવા ડૉક્ટરને કે ઓફિસમાં આવેલ ફરિયાદીનું અપમાન ન કરે એવા સરકારી કર્મચારીને હવે આધ્યાત્મિક કહેવો પડશે.

લઘુ કથા

# લાચારી

• અતુલ જે. ઉપાધ્યાય "અતુલ", સિવિલ ઇજનેર •

મારે ઑફિસ કામ સંબંધી નલિયા જવાનું હોતાં અગિયાર કલાકે ઉપડતી ભુજ - નલિયા લોકલ બસમાં કંડક્ટરની આગલી સીટમાં હું ગોઠવાયો. મારી બરાબર આગળની સીટમાં એક અબડાસામાં ગ્રામ્ય વિસ્તારનું રહેવાસી જણાતું યુગલ આવીને બેઠું. યુગલના ખોળામાં એક દસ-અગિયાર વર્ષનો હોય તેવો બાળક નિંદ્રાધીન હાલતમાં પડેલો હતો. બસ ચાલુ થતાં સુધીમાં મારું સંપૂર્ણ ધ્યાન આ યુગલ પ્રત્યે કેન્દ્રિત થયું.

યુગલના ચહેરાનું નિરીક્ષણ પુરુષ ગૃહસ્થીનો ભાર વર્ષોથી વેઠતો આવ્યો હોય તેમ કઠોર થઈ ગયેલ હતો. જ્યારે સ્ત્રીના ચહેરા પરથી સ્વજનનાં વિયોગ - વિરહનાં ચિહ્ન સ્પષ્ટ જણાતા હતા.

આગળનો સ્ટોપ આવતાં બસમાં ચડેલા ઉતારુએ યુગલને ટકોર કરી, 'ભાઈ હી છોરેજા પગ હટાય. માડુએંકે આડા અચેતા.' પુરુષે સ્ત્રીને કહ્યું, 'મેં તને કીધું કે પગ વાળીને ચાદર ઓઢાડી દે.' સ્ત્રીએ તેમ કરવા પ્રયત્ન કર્યો. પરંતુ ફરીથી એ જ પરિસ્થિતિ. બાળકના પગ તો સીધાનાં સીધાં જ રહ્યા.

સ્ત્રીની આંખોમાંથી રોકાયેલા આંસુ સરી પડ્યા. પુરુષે ફરીથી તેને ન રડવા ટકોર કરી. 'તને ગામ સુધી ચૂપ રહેવા કીધું હતું. કેમકે બધાને ખબર પડી જશે તો ઉપાધિ થશે.'

બસની ગતિ વધતાં બારીમાંથી પવનનો સુસવાટો આવતાં બાળકનાં મુખ પરથી ચાદર ખસી ગઈ. મેં બાળકના મુખનું વિહંગાવલોકન કરતાં મને સંપૂર્ણ સ્થિતિનો તાગ મળી ગયો.

યુગલ બે-ત્રણ દિવસના થાકથી ત્રસ્ત હતું. મોથાળા સ્ટેશને ચા-પાણી પીવા તેઓ ઉતર્યા એટલે મેં મારી દબાયેલી જિજ્ઞાસા પૂર્ણ કરવા આ યુગલ પુરુષનો સાથ હોટલમાં લીધો. એક ચા મંગાવી અડધી તેને આપી. વાતોનો પ્રવાહ શરૂ કર્યો. બે-ત્રણ પ્રશ્નોના ઉત્તર સાંભળી હું અવાક્ થઈ ગયો.

યુગલ અબડાસાનાં વાઢેર ગામનું રાજપુત જાતિનું હતું. તેનો એકનો એક પુત્ર ચિકન ગુનિયામાં સપડાતાં ભુજ સારવાર અર્થે બે-ત્રણ દિવસ રોકાયેલા હતા. પરંતુ વિધિની ક્રૂરતા કે બાળક બચવા ન પામ્યો.

યુગલ મધ્યમ વર્ગથી ગરીબ વર્ગ વચ્ચેની સ્થિતિનું હતું. જેથી ભુજમાં બે-ત્રણ દિવસ રોકાણ - દવા દારૂ ખર્ચમાં પૈસા વપરાતાં હવે પરત જવા તેમની પાસે પ્રાઈવેટ ટેક્ષી કરવા જોગવાઈ ન હતી.

કોઈ સ્વજને કહ્યું હશે કે બસમાં 'ડેડ બોડી' લઈ જવી એલાઉડ નથી. તો હવે શું કરવું?

પુરુષે સ્ત્રીને પુત્ર વિયોગની વેદના હૃદયમાં દફન કરી વાયોર સુધી પહોંચવા બસમાં બાળક નિંદ્રાધીન છે તેવું જણાવી નાટક કરવા કહેલ જણાતું હતું.

અત્યારના જમાનાની મધ્યમવર્ગી માણસની લાચારીની તાદૃશ્ય તસવીર જોઈ. ■

## જીવનમાં મહત્ત્વાકાંક્ષા હોવી જરૂરી છે

આપણે આજે સૌથી વધુ જરૂર ઉત્પાદકતા અને શ્રમની છે. એ ભૂલીને આપણે આળસુ અને અકર્મણ્યતા પર પડી ગયા છીએ. અધ્યાત્મિકતાને જો ચિંતન અને મનન ગણીએ તો એ માણસ માટે જરૂરી છે. માણસના જીવનમાં કોઈ ધ્યેય હોવું જોઈએ, કોઇ ફિલસૂફી હોવી જોઈએ. વિશ્વના શ્રેષ્ઠ વિચારોનું ચિંતન એણે ભણવું જ જોઈએ. પોતાના જીવનમાં પ્રગતિ અને સફળતામાં એ ખૂબ ઉપયોગી અને માર્ગદર્શક બની શકે. પણ અધ્યાત્મિક્તાને નામે આત્મા, પરમાત્મા અને સ્વર્ગ - નર્ક જેવી અગમ્ય બાબતોમાં એ પડી જાય તો માણસ પછી કામ કરતો જ બંધ થઈ જશે અને પરાવલંબી બની જશે. આર્થિક ઉન્નતિ માટે સાહસ અને કુશળતા જોઈએ અને સખત પરિશ્રમ જોઈએ. જે માણસ જીવનને મિથ્યા માનશે એની મહત્વાકાંક્ષા મરી જશે અને કામ કરવા જ નહીં પ્રેરાય. માણસમાં મહત્વાકાંક્ષા હશે તો એ પૂરી કરવા માટે મથશે પણ જો અગમનિગમની માયાજાળમાં પડી જશે તો જીવનમાં એને રસ જ નહીં રહે. માણસ વધુ મેળવ્યા પછી સાદાઇ અપનાવે એ એક વાત છે અને પોતાની પાસે કાંઈ હોય જ નહીં એટલે સાદાઇ અપનાવવી પડે એ બીજી જ વાત છે. જે માણસની પાસે વિચારનો આંતરિક વૈભવ છે, એણે મનની શાંતિની શોધમાં અહીં તહીં ભટકવું પડતું નથી.

સ્વચ્છતા અભિયાન

# આંખન કી દેખી

• ભીમજી નાકરાણી •

જાહેર શૌચાલય કે જાહેર બાથરૂમ અને મૂતરડીના ઉપયોગ માટે જઈએ કે જવું પડે ત્યારે આંખ બંધ રાખી શકાય નહીં. ખુલ્લી આંખે જાહેર સ્થળો, દેવાલયો, થિયેટરો, મોલ તથા ખૂબ ઊંચા, સમજુ અને બુધ્ધિશાળી વર્ગ આવતો હોય તેવા સ્થળો કે કૉલેજમાં તમામ સ્થળે જ્યારે નજર મારીશું તો ચોક, પેન્સિલ, પેન, ખીલી, સ્કેચપેનથી કંઈક લખેલું જોવા મળે અને **આ લખાણ આપણી માનસિક વિકૃતિઓને ખુલ્લેઆમ છતી કરે છે.** લેડિઝ હોસ્ટેલ, ઍરપોર્ટ, મહિલા કૉલેજો સહિત પાન-મસાલાની પિચકારી મારનારા આપણા સત્ય - અસત્ય સમાજના મહાનુભાવોને આપણે જાણતા જ હોઈએ છીએ. આ બધે આવા ગંદા, બીભત્સ લખાણો અને ચિત્રો દોરનાર કોણ છે? આપણે જ બધા અથવા આપણામાંના જ કોઈક! આખોયે સમાજ ચિત્ર-વિચિત્ર માનસિક બીમારી કે વિકૃતિનો શિકાર કેમ છે? ઓછું ભણેલા જ આવું કરે છે તેવું માનવાની જરૂર નથી અને **લેડિઝ ટોઇલેટમાં પણ આ બધું જોવા મળે તે તો વળી ખૂબ જ ઘાતક બાબત ગણાય.**

આ સડાનું મૂળ કારણ સમાજે શોધવું પડે. રસ્તે ચાલતા આપણી પાસેનો કચરો રોડ ઉપર નાખવો, થુંકવું, પાન-મસાલાની પિચકારી, કાગળ કે પ્લાસ્ટિકના ડૂચા ગમે ત્યાં ફેંકવા વગેરે કુટેવોને આપણે ગંભીરતાથી લીધી નથી કે લેતા નથી. ૫૦ લાખની ગાડીમાં જતો માણસ દરવાજો ખોલી ‘પિચકારી’ મારતો હોય ત્યારે તેવું ગંદુ દૃશ્ય સામાન્ય થઈ પડ્યું છે. છોકરીઓ સિગરેટ પીએ કે હુક્કો, આ તો તદ્દન સામાન્ય છે. હવે આ જ માનસિકતા ધરાવતા વ્યક્તિઓ જાહેર સ્થળોને આપણી નજર સામે બગાડે છે ત્યારે આપણે આ જોઈને શાંત રહીએ છીએ. **જો આપણે આપણા ઘર, ઓસરી, દીવાલ, ફળિયું કે આપણી પોતાની કોઈ જગ્યામાં, શૌચાલયમાં કોઈ ગંદકી કે ખરાબ લખાણ કરતા નથી, તો જાહેર જગ્યા ઉપર આવું શા માટે કરવું?**

આપણે બાળમંદિરથી કૉલેજ સુધી માતૃભાષામાં નાગરિક શાસ્ત્રના પાઠ ભણાવવા જરૂરી છે. **કથા કરનારા મહારાજો, ધર્મ સંપ્રદાયના મહંતો, જીવતા સ્વર્ગ દેખાડવાની વાતો કરે છે અને એ જ પરિસરના શૌચાલયો કેમ ગંદકીથી ખદબદે છે?** વિચાર માંગી લેતી આ સમસ્યાનો ઉકેલ સામૂહિક રીતે જ લાવી શકાય તેમ છે. આજથી આપણે જ નક્કી કરીએ કે આમાનું કોઈ કૃત્ય આપણે ન કરવું કે ન કરવા દેવું.

*૩, સંગાથ એપાર્ટમેન્ટ,*
*એસ.બી.આઈ.ની પાછળ,*
*સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે,*
*સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## અંગદાન (ઓર્ગન ડોનેશન) : નવી સામાજિક સંસ્થાની રચના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નેજા હેઠળ ઓર્ગન ડોનેશનની ઝુંબેશ અમદાવાદ ખાતે શરૂ કરવાના અનુસંધાને એક મીટિંગ રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૭ના શાહીબાગ, અમદાવાદ ખાતે મળેલ. આ મીટિંગમાં લેવાયેલ નિર્ણય અનુસાર ઓર્ગન ડોનેશનની ઝુંબેશ - જાગૃતિ માટે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નેજા હેઠળ એક નવી સામાજિક સંસ્થાની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ.

ઓર્ગન ડોનેશન અંગે જાગૃતિ લાવવા માટે રચના કરવામાં આવનાર **નવી સામાજિક સંસ્થાનું નામ શું રાખવું જોઈએ તે માટે અમો તમારી પાસેથી સૂચનો મંગાવીએ છીએ.** તમે તમારા સૂચનો સમાજના કાર્યાલય પર ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪ દ્વારા અથવા નીચે દર્શાવેલ વ્યક્તિઓને તેમના મોબાઈલ નંબર પર સંપર્ક કરી જણાવી શકો છો.

- *શ્રી અશોક મહેતા : ૯૮૨૫૩ ૨૨૬૮૯*
- *ડૉ. ધીરેન શાહ : ૯૮૨૫૫ ૭૫૯૩૩*
- *શ્રી મનુભાઈ કોટડિયા : ૯૬૦૧૨ ૭૫૦૭૮*
- *શ્રી હિમાંશુ ઠક્કર : ૯૮૭૯૩ ૦૧૦૦૪*
- *સી.એ. શ્રી હરસુખ પટેલ : ૯૮૨૫૦ ૭૦૩૮૪*

***શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

સ્વાસ્થ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – (૨)

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

આગળના લેખમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસ એટલે શું? હકારાત્મક તથા નકારાત્મક સ્ટ્રેસ, સ્ટ્રેસની શારીરિક પ્રક્રિયા વિશે જાણકારી મેળવી. ૨૧મી સદીમાં માનસિક સ્ટ્રેસનું પ્રમાણ વધ્યું છે. મનની દુભાયેલી લાગણીઓ સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે તથા શારીરિક બીમારીનું કારણ બને છે અને શારીરિક બીમારી હોય તો આ શારીરિક બીમારીનું પ્રમાણ વધારે છે. બ્લડ પ્રેસર વધી જાય છે, બ્લડ સુગરનું પ્રમાણ વધઘટ થયા કરે છે તથા પ્રમાણ વધી જાય છે. થાઈરોઈડ હોરમોન્સનું પ્રમાણ વધી જાય છે.

આ લેખમાં વધારે જાણકારી મેળવીએ.

- **માનસિક સ્ટ્રેસનું નિર્માણ ક્યાં થાય છે?**

રાણીબાગમાં આપણે હિંસક જંગલી પ્રાણીઓ જોવા જઈએ છીએ. સિંહ પીંજરામાં હોય છે. આપણને ભયની લાગણી (સ્ટ્રેસ) થતી નથી. સ્ટ્રેસનું નિર્માણ આપણા શરીરમાં થતું નથી.

આ જ હિંસક જંગલી પ્રાણી (સિંહ) ખુલ્લામાં હોય, પાંજરામાં બંધ ન હોય તો ભયની લાગણી નિર્માણ થાય છે. સ્ટ્રેસની પ્રક્રિયા શરીરમાં આપમેળે થાય છે.

બંને ઘટનામાં હિંસક જંગલી પ્રાણી (સિંહ) એ જ છે પરંતુ એક ઘટનામાં સ્ટ્રેસનું નિર્માણ થતું નથી જ્યારે બીજી ઘટનામાં સ્ટ્રેસનું નિર્માણ થાય છે.

સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વના છે.

- **૧૦% તથા ૯૦% સમીકરણ :**

સ્ટ્રેસની પ્રક્રિયા માટે બાહ્ય ઘટના / પ્રસંગ ફક્ત ૧૦% ભાગ ભજવે છે. ઘટના / પ્રસંગ પ્રત્યેનો વ્યક્તિગત પ્રતિભાવ - પ્રતિક્રિયા ૯૦% ભાગ ભજવે છે.

આપણે રસ્તા પરથી આપણા કામે જતા હોઈએ ત્યારે જો સામેથી થોડાંક માણસો શબને (Dead Body) સ્મશાનગૃહમાં લઈ જતા હોય તો આપણને ક્ષણિક નકારાત્મક અસર થાય છે. આપણે આપણા કામે જઈએ છીએ. રોજિંદુ કામકાજ અટકતું નથી. (સ્ટ્રેસની લાગણી)

પરંતુ શબ આપણા ખૂબ જ નજીકના કુટુંબીજનનું હોય જેની સાથે લાગણીનો સંબંધ હોય તો આપણને નકારાત્મક અસર થાય છે. (સ્ટ્રેસની પ્રક્રિયા)

કુટુંબીજનોમાં દરેકને એકસરખી નકારાત્મક અસર થતી નથી. મોટાભાગના કુટુંબીજનોને એક કે બે દિવસ અસર થાય છે. ત્યારબાદ પોતાના રોજિંદા જીવનના કામકાજમાં જોડાઈ જાય છે. (સ્ટ્રેસની પ્રક્રિયા)

બે-એક કુટુંબીજનોને આ નકારાત્મક અસર વધારે થાય છે, ઊંડી અસર થાય છે. જેમાંથી પોતાની જાતે જલ્દીથી બહાર આવી શકતા નથી. મૃત્યુ પામેલ વ્યક્તિની યાદ વારંવાર આવ્યા કરે છે, ઊંઘ આવતી નથી, વારંવાર રડવું આવે છે, રોજિંદા કામકાજમાં મન લાગતું નથી. પરાણે કામકાજ કરે છે. આ અસર જો બે અઠવાડિયાથી વધારે વખત રહે તો આ સ્ટ્રેસની બીમારી છે.

સ્ટ્રેસની પ્રક્રિયા માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વનું છે. સામાન્ય રીતે આપણે આંતરિક પરિબળ પર ધ્યાન આપતા નથી.

*બાહ્ય પ્રસંગ –*


૧. સ્ટ્રેસની લાગણી ઉત્પન્ન કરશે.

૨. સ્ટ્રેસની પ્રક્રિયા ઉત્પન્ન કરશે કે

૩. સ્ટ્રેસની બીમારી ઉત્પન્ન કરશે, એ

આંતરિક પરિબળ (અ) અનુવાંશિકતા, (બ) શરીરની ખાસ કરીને બ્રેઈનમાં આવેલા મનના અવયવોની રચના તથા એમાંના ન્યુરોટ્રાન્સમિટર્સ, (ક) માનસિક ઉછેર, (ડ) વ્યક્તિત્વ, (ઇ) લાગણીશીલતા, (એફ) સંજોગો તથા પરિસ્થિતિ ૯૦% ભાગ ભજવે છે.

## સ્ટ્રેસની પ્રક્રિયા




- **સ્ટ્રેસની બીમારી (Stress Disorder) :**

સ્ટ્રેસની બીમારી થવા માટે આંતરિક પરિબળ મુખ્ય ઘટક છે. જે નીચે પ્રમાણે છે :

**(૧) અનુવાંશિકતા :**

સ્ટ્રેસની બીમારી એ વારસાગત બીમારી છે. સ્ટ્રેસની બીમારીથી પીડાતા દર્દીના ભાઈ-બહેન, માતા-પિતા કે દર્દીના સંતાનોને આ રોગ હોવાની અને આ રોગ થવાની શક્યતા વધુ હોય છે. લોહીનો સંબંધ ધરાવતા અન્ય પરિવારજનોમાં પણ સ્ટ્રેસની બીમારીનું પ્રમાણ વધારે હોય છે.

**(૨) મનના અવયવોમાં નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સના (રાસાયણિક) ફેરફારો :**

અમેરિકન નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ તથા અન્ય ન્યુરોસાયન્ટીસ્ટોએ છેલ્લા ત્રણ દાયકામાં મગજમાં આવેલા મનના અવયવોમાં કદ, રચના, કાર્યશક્તિ તથા (ન્યુરોટ્રાન્સમિટર્સ) રસાયણોમાં નકારાત્મક ફેરફારો થાય છે. જેને લીધે સ્ટ્રેસની બીમારીના લક્ષણો જોવા મળે છે.

મગજમાં આવેલ લિમ્બિક સિસ્ટમના અવયવો આપણી લાગણી / સંવેદનાનું કેન્દ્ર છે. એમાં આવેલ બદામ આકારનું એમિગડેલા સંવેદનાનું મુખ્ય કેન્દ્ર છે.

સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારી વ્યક્તિને થશે કે નહીં એ એમિગડેલામાં થતા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો પર આધારિત છે.

**(૩) વ્યક્તિત્વ (Personality) :**

વ્યક્તિના ગુણદોષ સ્ટ્રેસ ડિસઓર્ડર થવામાં એક મહત્વનું ઘટક છે.

૩.૧ ભાવનાત્મક, લાગણીશીલ સ્વભાવ.

૩.૨ નિરાશાજનક લાગણીઓ / ભાવનાને વ્યક્ત કરવાની અણઆવડત તથા આવી અવ્યક્ત લાગણીઓને દાબી દેવાની વૃત્તિ.

૩.૩ યોગ્ય સમયે તથા યોગ્ય પધ્ધતિથી ''ના'' કહેવાની અસમર્થતા.

૩.૪ વાસ્તવમાં હોય એના કરતાં વધારે અપેક્ષાઓ.

૩.૫ અસમાધાનકારક જીદ્દી વલણ.

૩.૬ અન્યો જોડે અયોગ્ય સરખામણી.

**(૪) અણગમતી / નકારાત્મક સામાજિક ઘટનાઓ :**

અણગમતા કે નકારાત્મક પ્રસંગો સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારીને પ્રદર્શિત કરે છે.

૪.૧ અંગત સ્વજનનું અકાળે કે આકસ્મિક મૃત્યુ અથવા ગંભીર બીમારી.

૪.૨ માનભંગ કે પ્રતિષ્ઠાભંગનો બનાવ.

૪.૩ પ્રિય પાત્ર સાથે કટુતા, અણબનાવ કે ઝઘડો.

૪.૪ અપેક્ષિત સફળતા ન મળવી.

૪.૫ દીકરા કે દીકરીઓને અપેક્ષિત સફળતા ન મળવી.

***અનુવાંશિક તથા મનના અવયવોમાં થતા ફેરફારો વ્યક્તિને સ્ટ્રેસની બીમારી તરફ દોરે છે.***

***વ્યક્તિત્વનું પરિબળ સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારી થવાની શક્યતા ખૂબ જ વધારી દે છે.***

***અણગમતી સામાજિક ઘટનાઓ વ્યક્તિમાં સ્ટ્રેસ ડીસઓર્ડરની બીમારી લાવે છે.***

***(ક્રમશઃ)***

# સ્તન કેન્સર વિશે વિસ્તૃત માહિતી

***પ્રશ્ન : સ્તન કેન્સર કેવી રીતે થાય છે?***

***જવાબ*** : સ્તનમાં નવા કોષો બનવાની પ્રક્રિયા કોઈ પણ કારણે અનિયમિત અને અનિયંત્રિત થાય તો સ્તન કેન્સર થાય છે.

***પ્રશ્ન : સ્તન કેન્સરના ચિહ્નો કયા કયા છે?***

***જવાબ*** : કોઈપણ સ્ત્રીને જ્યારે સ્તનમાં ગાંઠ જેવું લાગે.

- સ્તનના આકારમાં અનિયમિતતા લાગે.
- સ્તનમાં સોજો અથવા બગલમાં ગાંઠ જેવું લાગે.
- સ્તનની નિપલમાંથી કોઈપણ પ્રકારનું પ્રવાહી નીકળતું હોય.

જ્યારે ઉપરોક્ત લક્ષણોમાંથી કોઈપણ લક્ષણ જોવા મળે ત્યારે કેન્સર હોવાની શક્યતા રહેલી હોય છે. આવા સંજોગોમાં સ્ત્રીઓએ ડૉક્ટરને મળીને યોગ્ય માર્ગદર્શન મેળવવું જોઈએ.

***પ્રશ્ન : સ્તન કેન્સરનું નિદાન કેવી રીતે થાય છે?***

***જવાબ*** : ડૉક્ટરને તપાસ કરીને કેન્સર હોવાની શક્યતા લાગે તો દર્દીમાં નીચે મુજબની તપાસ કરવામાં આવતી હોય છે : (એ) સ્તનની મેમોગ્રાફી, (બી) ગાંઠની બાયોપ્સી.

***પ્રશ્ન : સ્તન કેન્સરની સારવાર કેવી રીતે થાય છે?***

***જવાબ*** : સ્તન કેન્સરનું નિદાન થયા પછી કેન્સર શરીરમાં અન્ય કોઈ અંગમાં પ્રસરેલું છે કે નહીં તેની તપાસ થાય છે. મોટાભાગના કેન્સર શરૂઆતના સ્ટેજમાં હોય છે જેની સારવાર ઑપરેશન કર્યા પછી કિમોથેરાપી અને રેડિયો થેરાપી દ્વારા થાય છે.

(એ) ઓપરેશન કયા પ્રકારના હોય?

આખું સ્તન કાઢી શકાય અથવા નાની ગાંઠ હોય તો ફક્ત ગાંઠ કાઢીને સ્તન બચાવી શકાય. જેને બ્રેસ્ટ કન્ઝર્વિંગ કહેવાય છે.

(બી) કિમોથેરાપીનું મહત્ત્વ શું છે?

- ઓપરેશન કર્યા પછી રોગ ફરીથી પાછો ન આવે એના માટે કિમોથેરાપી અપાય છે.
- કિમોથેરાપી દ્વારા ગાંઠ નાની કરીને બ્રેસ્ટ કન્ઝર્વિંગ સર્જરી થઈ શકે છે.
- અમુક આગળ પ્રસરેલા રોગમાં અથવા જ્યારે ઑપરેશન ના થઈ શકતું હોય ત્યારે રોગને કાબુમાં રાખવા કિમોથેરાપી ઉપયોગી બને છે.

***પ્રશ્ન : શું કિમોથેરાપીની આડઅસરો વધારે છે?***

***જવાબ*** : આજના સમયમાં કિમોથેરાપીની આડઅસરો બહુ ઓછા દર્દીમાં થાય છે કારણકે ઘણા પ્રકારની નવી દવાથી આડઅસરને કાબુમાં રાખી શકાય છે.

***પ્રશ્ન : કયા પ્રકારની તપાસ કરવાથી સ્તન કેન્સરને શરૂઆતના સ્ટેજમાં નિદાન કરી શકાય?***

***જવાબ*** : ચાલીસ (૪૦) વર્ષથી મોટી ઉંમરની સ્ત્રીઓએ દર ૧૨-૧૮ મહિને સ્તનની મેમોગ્રાફી કરાવવી જોઈએ.

***પ્રશ્ન : શું કેન્સરથી ગભરાવાની જરૂર છે?***

***જવાબ*** : ના. કારણકે હવે ઘણા પ્રકારની આધુનિક પદ્ધતિથી કેન્સરની સારવાર થાય છે અને તેનું ઘણું સારું પરિણામ મળે છે. કોઈ પણ કેન્સરનું શરૂઆતના સ્ટેજમાં નિદાન થાય તો મોટાભાગના કેન્સર મટી શકે છે. જેના ઘણા ઉદાહરણો આપણા સમાજમાં જોવા મળે છે. વધારે પ્રસરેલા કેન્સરમાં પણ કેન્સરની ઘણા પ્રકારની દવાઓથી લાંબાગાળા સુધી ફાયદો થાય છે.

***ડૉ. રાહુલ જયસ્વાલ, એમડી., ડીએમ. (ઓન્કોલોજી)***
***મેડિકલ ઓન્કોલોજિસ્ટ - વેદાંત હોસ્પિટલ, સિમ્સ હોસ્પિટલ***

નિબંધ

# મૂડને સુધારી દે એવી કવિતા

• ગુલાબ દેઢિયા •

દર વર્ષે શાળા તરફથી અમને નવાં પાઠ્યપુસ્તકો મફત મળતાં. ગામડા-ગામમાં આ મોટી વાત હતી. નવી ચોપડી હાથમાં આવે ત્યારે પહેલું કામ હું એને સૂંઘી લઉં છું. કાગળ અને શાહીની ગંધ માણવી ગમે. ચોપડીને પામે પાને આંખ વિસ્મયભેર વિહરે તે પહેલાં હું ટેરવાં ફેરવી લઉં છું. નવા કાગળનો સ્પર્શ પણ મને ખૂબ ગમે છે. પાઠ્ય પુસ્તકોમાંથી બધાં તો નહિ, પણ ગુજરાતીની ચોપડી અમે ભણવામાં આવે તે પહેલાં જ આગોતરી વાંચી લેતા. વાર્તા, કવિતા કે નિબંધ ભણવા માટે વાંચવા પડે અને વાંચવા ખાતર વાંચીએ એ વચ્ચે તો નોકરી અને સર્જન જેટલો તફાવત છે.

પાઠ્યપુસ્તકની કવિતાઓ અમારે ગોખવી નહોતી પડતી. એ તો એકાદ બે વર્ષ અગાઉથી જ અમારા કાનમાં તોરણ બાંધી જતી. મોટાં ભાઈ બહેન કે પડોશના કોઈ વડેરા મિત્ર રાગથી કવિતા ગાતા... અમને એ કાવ્યો કંઠસ્થ થઈ જતાં. અંતકડી રમવામાં પણ એ જ કવિતાઓ ખપ આવતી.

કવિતાનો અર્થ પૂરેપૂરો નહોતા સમજતા (આજે પણ હજી ક્યાં પૂરો સમજાયો છે!) રાગનો કેફ અનુભવતા. રાગ કે લયની પણ ખબર નહોતી. શાળામાં પણ કવિતાઓ બહુ સમજાવવામાં નહોતી આવતી. માત્ર કંઠસ્થ હોય એટલું જ શિક્ષક માગતા. ગુજરાત વિદ્યાપીઠ વાચનમાળામાં કાવ્યો દેવનાગરી લિપિમાં છપાતાં. હિંદી લિપિ શીખવવામાં એ લાભ મળી જતો.

બચપણમાં ભેટી ગયેલી ઘણી કવિતાઓ પ્રિય છે, જુદા જુદા કારણોસર અને કોઈપણ કારણ વગર. એક ગમતી કવિતા કહું તો બાલાશંકર કંથારિયાની જાણીતી ગઝલ ‘ગુજારે જે શિરે તારે’ હજી યાદ છે. એનો માદક લય કાનમાં હજી સલામત છે. કેટકેટલા ઘોંઘાટ, કોલાહલ અને ચિત્કારોની વચ્ચે થોડાક મનગમતા ધ્વનિ કર્ણમૂળમાં રહે છે. એ કાનના આભૂષણ છે. કવિતાની ઉપર ‘ભુંજગી એમ લખેલું હતું, પણ ત્યારે છંદની ગતાગમ નહોતી. કાવ્યની સરળતા, વેધકતા અને ગેયતા કિશોરમન પર જાદુ કરતી હતી. એ કામણ હજી ઓસર્યા નથી.

કવિ સાવ સીધી વાત કરે છે. કહોને મુખામુખ કહે છે. કવિ ભાવક સાથે વાત કરતાં હોય એવું લાગે છે. વડીલશાહી ઢબે નહિ, ઊંચા આસને બેસીને નહીં, પણ અંગત આત્મીય મિત્રની ઢબે ખભે હાથ મૂકીને.

પહેલી પંક્તિ પ્રથમ પંક્તિમાં બેસે એવી છે.

*ગુજારે જે શિર તારે જગતનો નાથ તે સહેજે*
*ન ગણ્યું જે શિરે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.*

આપનાર અને લેનાર અન્ય કોઈ નથી. દુશ્મન નથી, પ્રભુ જ છે. એને ગમ્યું તે ખરું. આ વાત સમજાય ત્યારે દુઃખ, વિયોગ, સંતાપ એ સ્વરૂપે નથી રહેતાં. વિરોધ પોતે જ શમી જાય છે. જગતના દ્વન્દ્વોનો તાપ નથી રહેતો. કોઈ માનસશાસ્ત્રી સમજાવે એવી પંક્તિ છે.

દુનિયાની જૂઠી વાણીનું દુઃખ કોને ભોગવવાનું નહિ આવ્યું હોય? કવિ કહે છે, એ તાતાં તીર જેવા શબ્દોને દિલમાં પ્રવેશવા જ નહીં દેતો. તારા અંતરમાં જે આનંદ છે તે તારો છે, મૂલ્યવાન છે. એને ઓછો થવા ન દેતો. પેલી જૂઠી વાણી આઘી રહેશે. ન્યાય-અન્યાયના ચક્કરમાં ના પડતો. હંમેશાં ન્યાય જ થાય છે એવું નથી. થયેલા સંતાપને પાછો વાળી શકાતો નથી. એટલે કવિ કહે છે, ‘જગતકાજી બનીને તું વહોરી ના પીડા લેજે.’ જગતકાજી-જગતના જનરલ મેનેજર બનવાની તારે જરૂર નથી. પારકી પંચાત કરવા જતાં પીડા તો તને થવાની.

જગતના કાચના યંત્રે - દૂરબીન કે સૂક્ષ્મદર્શક વસ્તુ દૂર કે નજીક મોટી કે નાની દેખાશે. જગતના સાધનોથી યથાર્થ નહીં દેખાય. તારી માન્યતાના ચશ્માથી પણ યથાર્થ નહીં દેખાય. માટે સારા કે નઠારાથી દૂર રહેજે. અસંગ રહેજે. કડવાશ, અપમાન, સંતાપ, દ્વેષ, વિવાદ, વિખવાદ, અન્યાય વગેરેનો ભોગ બન્યા બાદ એ માનસિક ત્રાસથી છેટે રહેવામાં જ સાર છે.

શાંતિપૂર્વક સંતોષથી અને નિર્મળ ચિત્તે રહેજે. તારા દિલમાં જે દુઃખ કે આનંદ છે તે કોઈને નહીં કહેતો. કવિ બાહ્ય જગતના ઉધામાંથી આંતરજગતને બચાવવા કહે છે. અહીં આપણને કવિ રાજેન્દ્ર શાહનું ‘બોલીએ ના કંઈ’ અને ઝવેરચંદ મેઘાણીનું ‘એકલો’ કાવ્ય યાદ આવે.

કવિ ફરીફરીને કહે છે. દિલની વાત દિલમાં જ રહેવા દેજે. દુઃખ અને આનંદ બંને તારા છે. દિલમાં રાખજે. ઘણીવાર દુઃખ કહેવા જેવું નથી હોતું, તો ક્યારેક આનંદ પણ ક્યાં સહી શકાય છે! કવિને જાતને સુધારવામાં રસ છે. તેથી કહે છે, બહારનો નહીં

તારો પાકો દુશ્મન ક્રોધ છે, જે તારા ચિત્તમાં વસે છે તેને ત્યજી દેજે. ઘણી ઘડીઓમાંથી ઘડીભર સમય પણ ભલાઈમાં જાય તેને મહાલક્ષ્મી - મોટી મિરાત સમજજે. ક્રોધ છૂટ્યો તો તું પણ છૂટ્યો. કવિની શોધ આનંદ છે, નિજી આનંદ છે.

*'રહે ઉન્મત્ત સ્વાનંદે ખરું એ સુખ માની લે,*
*પિયે તો શ્રીપ્રભુના પ્રેમનો પ્યાલો ભરી લેજે.'*

જીવનની લીલીસૂકી જોનાર, અનુભવે ઘડાનાર ઠરેલ માનવી કહી શકે, 'કટુ વાણી સુણે જો કોઈને, વાણી મીઠી કહેજે; પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.' કટુ બોલનાર તો અબુધ છે, ભોળો છે. તું કડવી વાણી ના ઉચ્ચારતો. વાણીમાં અને જીવનમાં કટુતા ન આવે એ ખાસ જોવા જેવી સાવધાની છે. કવિ માનવવૃત્તિ, માનવમન અને માનવ વ્યવહારને કેવી નિકટતાથી નિહાળે છે!

અમ વિદ્યાર્થીઓને ઘણીવાર વિચાર-વિસ્તાર કરવા પૂછાતી એ પંક્તિ તો હવે કહેવત જેવી પ્રચલિત થઈ ગઈ છે.

*'અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગે તો,*
*ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે.'*

ભાગ્યને નજર સામે દોડતું રમતું, હડી કાઢતું દેખાડ્યું છે. પ્રારબ્ધ ચંચળ છે. એ બુદ્ધિપૂર્વક નથી વર્તતું. એનો કોઈ કાયદો કે નિયમ આપણને નથી સમજાતાં. ભાગ્ય કોને ફળે, કોને નડે એ કોણ જાણી શકે? એની પાસે લોજિક નથી અથવા એને સમજવા આપણી પાસે લોજિક નથી. તેથી તો કહે છે, તું એની પાછળ ન દોડતો. પ્રારબ્ધ અને પતંગિયાની રાશિ એક જ છે. એને પકડવા જઈશ તો છટકી જશે. શાંત રહીશ તો ખભે આવી બેસી જશે. કવિએ પ્રારબ્ધને ઘેલું કહી, નાદાન સમજી માફ કરી દીધું છે. કોઈ સાધુપુરુષ કહી શકે એવી પંક્તિ છે.

*'રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે,*
*જગત બાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે.'*

અનાસક્ત થવું દુષ્કર છે. મોહ એ મૂર્ચ્છા છે, ભ્રમ છે. મમત્વ ત્યજી શાંતિથી રહેવામાં સુખ છે. કવિને ખબર છે કે જગતમાં જાદુગર જેવી હાથચાલાકી, જીભચાલાકી બહુ ચાલે છે. એ છળકપટ સમૂળગાં ત્યજી દેવાનાં છે.

છેલ્લી બે કડી અમે વિદ્યાર્થીઓ ઊંચા અવાજે ઉચ્ચારતા, કહોને લલકારતા. કવિતા કોને માટે લખવી એ પ્રશ્ન કવિને નથી. પ્રભુના ગુણગાન ગાઈ કાવ્યમાળા બનાવી પ્રભુને અર્પણ કરી દેવી, પ્રભુની પ્યારી ગ્રીવામાં પ્રેમથી આરોપી દેવી.

કવિને પોતાના શબ્દ માટે પૂર્ણ શ્રદ્ધા છે. તેથી જ કવિ પોતાને વિરાજા કહી શકે છે. 'કવિ રાજા થયો શી છે પછી પીડા તને કાંઈ? નિજાનંદે હંમેશાં 'બાલ' મસ્તીમાં મજા લેજે.' કવિત્વ મળ્યું પછી કોઈ પીડા પીડા નથી રહેતી. સર્જનનું વરદાન એ તો બ્રહ્માનંદ સહોદર આનંદ સમાન છે. નિજાનંદથી સદા મસ્તીમાં મજા ઊપજે. આ મસ્તી અનન્ય છે. અંતરે ડોકિયું કર્યાની મસ્તી છે. જગતના અટપટા વ્યવહારોથી દુઃખી થવાનું છોડી દઈ જાતના સુખમાં મજા લેવી. સુખ બહાર નથી. બહાર છે તે સુખ નથી તેની પ્રતીતિ અહીં છે.

સારી કવિતા કદી જૂની થતી નથી. કવિતાની કસોટી એ છે કે અંતરને એ કેટલી સ્પર્શે છે. બોધ હોય તોય શું? મજા આવે છે ને! ભાવકને પોતાની વાત હોય એવી પ્રતીતિ થાય છે ને! પછી ચિંતા શાની!

સ્વ સાથે સંવાદ કરાવે, પોતાની રુબરુ કરાવી દે એવું આ કાવ્ય છે. 'બાલ' ઉપનામ પણ જાણે બાલક જેવી નિર્દોષતા, મુગ્ધતા અને સરળતાનું પ્રતીક છે.

ક્યારેક એમ લાગે કે આજે જરાક મૂડ ઠીક નથી, તો 'ગુજારે જે શિરે તારે' મોટેથી ગાજો. તેમને સંભળાય એ સ્વરે. રાગ તો યાદ છે ને! નિજાનંદ આવી મળશે.

તો ચાલો, મોટેથી ગાઈએ 'ગુજારે જે શિરે તારે...'

*૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર,*
*ચાર બંગલા, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩.*

## દરેકને પોતાનું માનસશાસ્ત્ર હોય છે

સમરસેટ મોમેં એકવાર કહ્યું હતું કે, "હું મારા વ્યક્તિત્વનાં જુદાં જુદાં પાસાં તરફ નજર કરું છું તો લાગે છે કે મારામાં ઘણા માણસો આવીને વસેલા છે અને ક્યારેક એમાંથી એક માણસનો હાથ ઉપર હોય છે તો ક્યારેક બીજાનો. આમાંથી કોણ સાચું છે? બધા કે કોઈ નહીં?

એમનો આ પ્રશ્ન બહુ જ મહત્ત્વનો છે. કદાચ દરેક મનુષ્ય જીવનમાં કોઈને કોઈ તબક્કે આ પ્રશ્નનો સામનો કરતા હોય છે. આપણામાં રહેલા મનુષ્યનાં વિવિધ સ્વરૂપોને આપણે ઓળખીએ નહીં ત્યાં સુધી આપણે સફળતાનાં સોપાન સર કરી શકીએ નહીં. સફળતાની ચાવી મનુષ્યની પોતાની પાસે જ હોય છે, પણ માણસ એને બહાર શોધતો હોય છે. આ આખી વાત માનસશાસ્ત્રીય છે. વાસ્તવમાં આધુનિક યુવાનો મોટાભાગનાં પ્રશ્નો માનસિક સંદર્ભો ધરાવતા હોય છે અને સમસ્યાઓની આસપાસ ચર્ચાઇ ગયેલું આ માનસિક સંદર્ભોનું જાળું આપણે ખેડીએ નહીં ત્યાં સુધી જીવનનો મર્મ પામવાનું કામ ખૂબ જ કઠિન નીવડવાનું છે.

માહિતી

# અમેરિકા રહેવા અને ફરવા માટે સુંદર છે – (૪)

• ચૌલા કુરુવા •

## સુંદર અને આયોજિત નગરોનો દેશ

અમેરિકામાં વસતા ભારતીયોની ખાસિયત એ છે કે તેઓ બહુજ ઝડપથી ગામ / શહેર બદલે છે, નોકરી પણ બદલે છે અને ઘર પણ બદલે છે. એટલે કે અમેરિકામાં દસ વરસથી રહેતા ભારતીય લોકોએ બે-ત્રણ મકાનો અને ગામો બદલી નાખ્યા હશે. નોકરી પણ. સારો પગાર અને તકો મળે તો તેમને નોકરી બદલતા વાર નથી લાગતી. એ જ રીતે Town બદલે છે અને ઘર પણ. જો કે નોકરી ન બદલાઈ હોય તો પણ Town કે ઘર તો બદલાઇ જતાં હોય છે. આનું કારણ છે કે અમેરિકામાં હવે ભારતીયો સહિતના વસાહતીઓ મોટાં શહેરોથી દૂર નાના શહેરોમાં રહેવું વિશેષ પસંદ કરે છે. પછી ભલેને નોકરીનું સ્થળ ૨૦ કે ૨૫ માઇલ દૂર કેમ ન હોય. ગામ અને ઘરની પસંદગીમાં ત્યાંના પરગણાના ટેક્ષ અને સ્કૂલ એટલે કે બાળકોની શાળાને જોવાય છે. રસ્તાઓ સુંદર છે અને વિશાળ છે એટલે ડ્રાઈવિંગનો તેમને વાંધો નથી. પણ શાંત સ્થળે રહેવું વિશેષ પસંદ કરતા હોય છે. પછી દૂધ લેવા કે કરિયાણા / ગ્રોસરી લેવ પણ દસ પંદર માઇલ ડ્રાઈવિંગ કેમ ના કરવું પડે! **આપણે ત્યાં ગામડાં તૂટી રહ્યા છે અને શહેરો ઝડપથી વધી રહ્યા છે. અહીં મેગા શહેરો છોડીને લોકો નાના શહેરોમાં રહેવું વિશેષ પસંદ કરે છે.** એક મકાન છોડીને બીજે મકાન જતાં ઘણાં બધા ફર્નિચરને પણ છોડી દે છે. ડોનેટ કરે કે વેચીને જાય અને નવું વસાવી લે છે. આ જ તેમની lifestyle છે તેમ કહી શકાય.

મુંબઈ, કોલકત્તા જેવા મોટા શહેરમાં તો લોકો સાવ ખંડિયેર જ થઈ ગયેલી ૫૦ કે ૧૦૦ વરસ જૂની ઈમારતમાં જ રહેતા હોય છે. છોડવાનું નામ જ નહીં. અમેરિકામાં બીજા વિશ્વયુદ્ધ પછી મોટા ફેરફારો થયા છે અને નવા બાંધકામો વિશેષ પ્રમાણમાં થયા છે જે આજે પણ ભવ્ય અને સુંદર છે. જો કે યુરોપની જેમ ઘરો અહીં અમેરિકામાં પણ લાકડાના બને છે સિવાય કે બહુમાળી મકાનો હોય. અમુક ઊંચાઇ અને માળ સુધી જ લાકડાના મકાનો બનાવી શકાય એવો કાયદો છે. મકાનો બધા જ વેલ ફર્નિશ્ડ એટલે કે કબાટો અને ફર્નિચર સહિત. જેમાં વોશિંગ મશીન, ગેસ, માઇક્રોવેવ કે ફ્રીજ પણ સાથે જ હોય છે. હાલના પ્રમુખ ટ્રમ્પ એક અબજોપતિ બિઝનેસમેન અને બિલ્ડર પણ છે. અમેરિકામાં ખાસ કરીને ન્યુયોર્કમાં બહુમાળી ટ્રમ્પ પેલેસ અને વિલાઓ ઘણી બધી જોવા મળશે.

અમેરિકામાં દસ વરસે તો ઘણું બધું બદલાય છે. મકાનોના બાંધકામ પણ એવા કે મોટા શહેરોની ૫૦ વરસ કે વધુની ઈમારતો આજે પણ સુંદર અને ભવ્ય દેખાય છે. **ઇસ્ટ કોસ્ટ ઉપરના ન્યુયોર્ક અને વોશિંગ્ટન પણ એવા જ ભવ્ય શહેરો છે.** બંને શહેરોની પોતાની આગવી સુંદરતા છે, ભવ્યતા છે. બાંધકામ અને આર્કિટેક્ટની બાબતમાં આપણા દેશે આ પશ્ચિમી દેશો ખાસ કરીને અમેરિકા જેવા દેશ પાસેથી ટેકનિકલ જ્ઞાન મેળવવાની જરૂર છે. શહેરોના બાંધકામ બાબતે અંગ્રેજો અને યુરોપિયનો શરૂઆતથી જ પ્રગતિશીલ રહ્યા છે. એટલે જ યુરોપ અને અમેરિકાના શહેરો વિશ્વમાં સૌથી સુંદર આજે પણ છે.

આપણા દેશમાં મોટા શહેરો જેમાં મુંબઈ, મદ્રાસ, કલકત્તા, ચેન્નાઇ કહી શકાય તેના મૂળ બાંધકામોમાં અંગ્રેજોનો કસબ દેખાય છે. અંગ્રેજ સમયની ઈમારતો લાકડાની કે પછી પથ્થરોની હજુ સુધી અડીખમ રહી છે. **લાકડાના મકાનો બનાવતા હોવા છતાં લાકડા કાપવા બાબતે કોઈ પર્યાવરણ સંસ્થાએ વાંધો લીધો નથી. જો કે સામે અનેક વૃક્ષો પણ દર વરસે નવા રોપવામાં આવે છે અને તેનો ઉછેર પણ થાય છે.** શહેરોમાં ઘાસ અને ગ્રીન બેલ્ટ તેમજ લેન્ડ સ્કેપિંગની આગવી સ્ટાઇલ દેખાય છે જે સમગ્ર શહેરને સુંદર અને ભવ્ય દેખાવ આપે છે. આની જાળવણી પણ આધુનિક રીતે અને નિયમિત થાય છે. પોતાના દેશને સુંદર અને સ્વચ્છ રાખવા માટે અમેરિકનો બહુ ચોક્કસ છે. યુરોપ સહિત હવે તો એશિયાના ઘણા દેશો ચીન, સિંગાપુર, બેંગકોક, દુબઈ, મિડલ ઇસ્ટના દેશો પણ પોતાના દેશની સ્વચ્છતા સુંદરતા માટે સંવેદનશીલ છે અને તેમના પ્રયાસો સફળ પણ થયા છે. સીટીની સુંદરતા અને સ્વચ્છતા માટે તેમજ પ્લાનિંગ અને આયોજન માટે ગોરાઓને કોઈ ઓવરટેક ન કરી શકે. યુરોપના શહેરોના બાંધકામ કરતાં અમેરિકાના શહેરોનું બાંધકામ અને દેખાવ નવું જ લાગશે. તેમાં દર દસ વરસે તો ઘણા બધા નવીનીકરણ થયા કરે છે.

અહીં નાના કે મોટા શહેરોની ખાસિયત તેના પાર્ક, ગાર્ડનમાં અને બાગ બગીચામાં જોવા મળે છે. દરેક મોટા શહેરોમાં લાઈબ્રેરી અને મ્યુઝિયમ હોય જ છે. મ્યુઝિયમો તો ભવ્ય અને ખાસ

concept પરના પણ હોય છે. આધુનિક ટેકનોલોજી તો ખરી જ... **ન્યુયોર્ક અને વોશિંગ્ટનમાં વિશાળ અને સુંદર લાઇબ્રેરીઓ છે.** તેમાં પુસ્તકોની મોટી સંખ્યા છે. અહીં આવતા પ્રવાસીઓ પણ આની મુલાકાત લેવાનું ચુકતા નથી. લાઈબ્રેરીમાં આવતા વાચકો કમ્પ્યુટર અને ઈન્ટરનેટની સુવિધા પણ મેળવી શકે છે. નાના શહેરો અને અન્ય તમામ શહેરોમાં પણ એકથી વધુ લાઈબ્રેરીઓ જોવા મળશે. જેમાં તમામ પ્રકારના પુસ્તકો અને વાંચી શકાય તેવી સુવિધાઓથી સજ્જ સુંદર વાતાવરણ હોય છે.

ઘણા સિનિયર સિટિઝન્સ પોતાનો સમય પસાર કરવા નજદીકની લાઈબ્રેરીમાં જાય છે, વાંચે છે. ત્યાં લંચ લેતા હોય છે અને રીલેક્સ થતા હોય છે. દરેકની આસપાસ લેન્ડસ્કેપિંગ, લોન કે બેન્ચિસ હોય જ. આ રીતે તમે ત્યાં આરામ પણ ફરમાવી શકો છો. **અમેરિકાના શહેરો એટલે લાઇબ્રેરી, મ્યુઝિયમ અને બાગ બગીચાઓ – પાર્ક્સ.** ચારે તરફ વિશાળ ખુલ્લી જગ્યાઓ. લોન, ઘાસ અને સુંદર લેન્ડસ્કેપિંગ... નાના મોટા તમામ શહેરોમાં આ વ્યવસ્થા સરકારે જ મોટાભાગે કરેલી છે. સ્થાનિક ઓથોરિટી જ સંચાલન અને વ્યવસ્થા જાળવે છે. સુંદર પ્રાઈવેટ મ્યુઝિયમો પણ ઘણા શહેરોમાં છે. વિશાળ રસ્તાઓ, મલ્ટિપલ પાર્કિંગ પ્લોટો તો ખરા જ અને સુંદર ફૂટપાથો વૉકર્સ માટે... દુનિયાભરના દેશોની રેસ્ટોરન્ટ્સ અને તેમની વાનગીઓ વોશિંગ્ટન અને ન્યુયોર્કમાં મળે છે.

પર્યાવરણની જાળવણીમાં આપણા કરતા તેઓ ઘણાં આગળ છે. **પર્યાવરણના નામે આપણે ત્યાં નર્મદા બંધનો વરસો સુધી વિરોધ કરી વ્યક્તિગત લાભો લેવામાં આવે છે અને સમૂહનો વિકાસ અટકાવવામાં આવે છે. આવું અમેરિકામાં લોકશાહી હોવા છતાં ભાગ્યે જ બને છે.** હાલમાં આપણે ત્યાં 'કાગળ બચાવો'ની ઝુંબેશ પર્યાવરણના નામે થાય છે. જો કે અમેરિકનો કાગળનો ભરપૂર ઉપયોગ કરે છે. ટીસ્યુ પેપર વગર અમેરિકાને ન ચાલે. પ્લાસ્ટિક થેલીઓનો પ્રતિબંધ પણ પર્યાવરણના નામે ઈન્ડિયામાં છે. અમેરિકામાં પ્લાસ્ટિક અને કાગળની બોલબાલા છે.

શહેરોની ડીઝાઈન માટે યુરોપિયન સ્થપતિઓની / આર્કિટેક્ટની સરખામણીએ કોઈ ન આવે. અમેરિકાનું હાલનું પાટનગર વોશિંગ્ટન એક અત્યંત ખૂબસુરત અને ભવ્ય શહેર છે. **જ્યોર્જ વોશિંગ્ટન અમેરિકાના પહેલા પ્રમુખના નામ પરથી વોશિંગ્ટન નામ અપાયેલ છે.** વોશિંગ્ટનમાં અનેક ભવ્ય અને સુંદર મ્યુઝિયમો બનાવવામાં આવ્યા છે, તેમાં કેટલાક થીમ આધારિત છે. ખૂબ મોટી સંખ્યામાં પ્રવાસીઓ તેની મુલાકાત લેતા હોય છે. ઘણાં મેમોરિયલો છે જે નેતાઓ અને સૈનિકોની યાદમાં બનેલા છે. જેમાં માર્ટિન લ્યુથર કિંગ મેમોરિયલથી માંડીને જ્યોર્જ વોશિંગ્ટન મેમોરિયલ વિયેતનામ સૈનિકોના મેમોરિયલ વગેરે ખાસ છે. આ મ્યુઝિયમોની ડીઝાઈન અને સ્થાપત્ય પણ સુંદર છે.

આ ખૂબસુરત પાટનગર વોશિંગ્ટન શહેર અસ્તિત્વમાં આવ્યું તેનો થોડો ઈતિહાસ જોઈએ. અમેરિકાના પહેલા પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટને આઝાદી પછી દેશની જૂની રાજધાની ફિલાડેલ્ફિયાના સ્થાને ઈ.સ. ૧૯૭૦માં નવી રાજધાની બાંધવાનો કાયદો પસાર કરાવ્યો. જેમાં રાજધાનીનો નવો જ વિસ્તાર અન્ય રાજ્યોથી અલગ નક્કી કરવામાં આવ્યો. જે અલગ રાજ્ય ડિસ્ટ્રીક્ટ બન્યું. આ માટે મેરીલેન્ડ અને વર્જિનિયા રાજ્યો દ્વારા ભેટમાં અપાયેલી જમીન ઉપર પોટોમેક નદીના કાંઠે આ રમણીય રાજધાની ભવ્ય રીતે બાંધવામાં આવી. જ્યોર્જ વોશિંગ્ટન પહેલાના નામ પરથી તેને વોશિંગ્ટન નામ અપાયું છે. એ વખતના અમેરિકાના કાવ્યાત્મક નામ કોલમ્બિયા પરથી આને વોશિંગ્ટન ડીસી કહે છે. એટલે District of Colombia. એનું પ્લાનિંગ શરૂઆતમાં ફ્રેંચ આર્કિટેક્ટને સોંપાયું હતું. ત્યારબાદ પાછળથી અન્ય આર્કિટેક્ટ પણ નિમાયા હતા. અમેરિકાના સુંદર અને આયોજિત નગરોના બાંધકામોનો ઈતિહાસ પણ આ વોશિંગ્ટનથી શરૂ થયો છે. **અમેરિકાની રાજધાની ફિલાડેલ્ફિયા ઇ.સ. ૧૮૦૦માં વોશિંગ્ટન આવી.** ત્યાર પછી તો ૧૮૧૨માં આ સુંદર પાટનગર વોશિંગ્ટનને બ્રિટીશ લશ્કરે સળગાવ્યું. વ્હાઈટ હાઉસ સહિત અનેક સરકારી ઈમારતોને પણ નુકસાન થયું. જો કે પછી તરત તેનું રીપેરિંગ પણ થઇ ગયું અને અનેક ઈમારતો નવેસરથી પણ બંધાઇ. શરૂઆતથી જ ભવ્ય સરકારી ઈમારતોની સાથે સાથે સુંદર બાગ બગીચાઓ, પાર્કો, વિશાળ ખુલ્લા મેદાનો, લેન્ડસ્કેપિંગ વગેરેથી રાજધાની શોભાયમાન કરવામાં આવી હતી. ૧૮૬૧માં અમેરિકાના સિવિલ વોરના સમયે આ શહેરને ઘણું નુકસાન થયું હતું. **ત્યારબાદ તે સમયના પ્રમુખ અબ્રાહમ લિંકને ગુલામોની પ્રથા રદ કરી અને સમાન અધિકારો આપતા કાયદા કર્યા.** એ સમયે શહેર આવું સુંદર નહોતું. તેમાં અનેક સમસ્યાઓ હતી. ૧૯૦૦ પછીના દાયકાઓમાં અને ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી તેમજ ૧૯૬૧માં માર્ટિન લ્યુથર કિંગની હત્યા પછી અનેક નવા ફેરફારો અને બાંધકામો થયા. ભવ્ય મેમોરિયલ્સ અને મ્યુઝિયમો બંધાયા. આમ, આ એક અત્યંત આયોજનપૂર્વક બંધાયેલ નગર છે.

ઘણાખરા ભારતીયો કે અન્ય વસાહતીઓ જેઓ વોશિંગ્ટનમાં નોકરી કરે છે તેઓ આસપાસના નાના શહેરોમાં

રહેવાનું વિશેષ પસંદ કરે છે. વોશિંગ્ટન મેમોરિયલની ૫૫૫ ફીટની ઊંચાઈ છે. તેનાથી વધારે ઊંચા મકાનો નથી. **કેપિટોલ બિલ્ડિંગથી ઉત્તર દક્ષિણની સ્ટ્રીટને નંબરો અંકમાં અપાયા છે : ૧, ૨, ૩, ૪, એ રીતે... તો પૂર્વ પશ્ચિમની સ્ટ્રીટને લેટર્સ પ્રમાણે A, B, C એમ ઓળખાય છે.** આ પ્રકારે અમેરિકાના હાઈવે પણ ઓળખાય છે. એટલું જ નહીં, દેશમાં આવી જ સિસ્ટમ અન્ય શહેરોના સ્ટ્રીટ અને રસ્તાઓની ઓળખ માટે મહદ્ અંશે છે. જે ખરેખર વધુ સરળ છે. **આ સિસ્ટમ યુરોપના મોટાભાગના શહેરોમાં પણ છે.** તેમજ હવે દુનિયાના આધુનિક શહેરો પણ આ જ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. આમ પણ વોશિંગ્ટન શહેરનું મૂળ આયોજન પેરિસ, મિલાન જેવા શહેરોની રચના પર થયેલ છે. કેપિટલ બિલ્ડિંગની આસપાસની સ્ટ્રીટો વિવિધ રાજ્યોના નામે ઓળખાય છે. **અમેરિકાના ટોચના દસ સ્થાપત્યો માંથી છ અહીં છે. જેમાં વ્હાઇટ હાઉસ, યુનાઇટેડ નેશનલ કેપિટોલ, વોશિંગ્ટન નેશનલ કેથેડ્રલ, થોમસ જેફરસન મેમોરિયલ, લિંકન મેમોરિયલ અને વિયેતનામ વેટરનસ મેમોરિયેલ છે.** આ પ્રકારની ભવ્ય ઈમારતોમાં નીયોક્લાસિક, જ્યોર્જિયન અને ગોથિક તેમજ મોડર્ન સ્થાપત્ય કળા દેખાય છે. સેંકડો પ્રવાસીઓ દર વર્ષે અહીં આવતા હોય છે. વોશિંગ્ટનમાં આવા તો અનેક ભવ્ય પ્રાચીન મકાનો છે જે વિવિધ યુરોપિયન પ્રાચીન સ્થાપત્યકળાના બનાવેલા છે અને લગભગ ૨૦૦ વર્ષ જૂના છે. તેનો ઉપયોગ સરકારી ઓફિસો તરીકે કે મ્યુઝિયમો તરીકે થાય છે જે સુંદર રીતે સચવાયેલા પણ છે.

**વોશિંગ્ટનની વસતિ ૬૦,૯૭,૬૮૪ જેટલી થવા જાય છે.** મહત્ત્વની અને નોંધપાત્ર બાબત એ છે કે આ શહેરમાં શરૂથી જ આફ્રિકન અમેરિકનોની વસતિ નોંધપાત્ર ૩૦ ટકા જેટલી હતી. જે એક તબક્કે ૭૦ ટકા જેટલી થઈ ગઈ હતી. **હાલે અહીં ૪૮ ટકા જેટલા આફ્રિકન અમેરિકનો છે તો ૪૩ ટકા જેટલા યુરોપિયન ગોરાઓ છે અને અન્ય એશિયન વગેરે દેશોના છે.**

આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ, વિવિધ દેશોની એમ્બેસી અને કાર્યાલયો ધરાવતા વોશિંગ્ટનનો મહત્ત્વનો ઉદ્યોગ જ પ્રવાસન છે. **એક અંદાજ પ્રમાણે ૨૦ મિલિયન પ્રવાસીઓની અવરજવર વરસે અહીં થાય છે.** અમેરિકાના મોટા શહેરો જોવાનો લહાવો તો પગે ચાલવામાં છે. ઘણી વોકિંગ ટૂરો પણ હોય છે. હોપે એન્ડ હોપ જેવી કે અન્ય કંપનીઓની બસમાં એક દિવસનો પ્રવાસ બહુ આરામથી કરાવે છે. અને તમે કોઈ સગા સંબંધીને ત્યાં ગયા હો અને તેઓની સાથે જાઓ તો કારમાં પણ બહુ આરામથી શહેરની સફર કરી શકો છો. કેટલીક સ્ટ્રીટ ચાલીને જોવાનો લહાવો પણ લેવા જેવો છે. વોશિંગ્ટન ડાઉન ટાઉનમાં આવેલ નેશનલ મોલ વિશાળ મેદાન અને પાર્ક ધરાવે છે. તેમાં જ ૨૦ જેટલા મ્યુઝિયમો, મેમોરિયલ્સ અને નેશનલ પાર્ક આવેલા છે. જેમાં માર્ટિન લ્યુથર મેમોરિયલ, અબ્રાહમ લિંકન મેમોરિયલ, વિયેતનામ વોર, વર્લ્ડ વોર-૨ મેમોરિયલ, જ્યોર્જ વોશિંગ્ટન મેમોરિયલ વગેરે વગેરે... દેશના નેતાઓ અને યુધ્ધના સૈનિકોના મેમોરિયલો ઉપરાંત અહીં આર્ટ અને હિસ્ટ્રીના મ્યુઝિયમો પણ છે. તેમજ સ્પેસ અને વિજ્ઞાનના મ્યુઝિયમો પણ જોવા જેવા છે. અહીં રાષ્ટ્રીય સભાઓ / EVENTS પણ થતી હોય છે. નેશનલ મોલની એક તરફ ભવ્ય અને સુંદર USA કેપિટોલ હિલ છે જેમાં સેનેટ બેસે છે. હાલ તો અહીં સલામતીના કારણોસર કલ્પના બહારના બેરિકેડ્સ અને બીજા પ્રબંધો લાદવામાં આવ્યા છે. ૧૮૦૦માં જ આ કેપિટોલ હિલ તૈયાર થયો હતો. ત્યારબાદ તો ૨૦૦ વરસોમાં તેમાં ઘણાં ફેરફારો અને નવીનીકરણ થયા છે. તેનો ચડતી પડતીનો એક આગવો ઈતિહાસ છે. તેના ભવ્ય ડોમમાં અત્યંત સુંદર કોતરણી અને પેઇન્ટિંગ્સ છે.

શિયાળો જતાં જ અહીં વૃક્ષો રંગ બદલે છે. અમેરિકા અને જાપાનની વચ્ચેના મૈત્રી સંબંધોના પ્રતીક સમા સુંદર ચેરી બ્લોસમના વૃક્ષો વોશિંગ્ટનના નેશનલ મોલ પાસે TIDAL BASIN (ટાઈડલ બેસિન)ના વિસ્તારમાં ઉગાડવામાં આવ્યા છે. આ વૃક્ષો એટલે જાપાન સરકાર તરફથી વોશિંગ્ટનને મળેલી મૈત્રી તરીકેની ભેટ. દર વરસે વસંતમાં અહીં ચેરી બ્લોસમ ફેસ્ટિવલ ઉજવવામાં આવે છે. જેની શરૂઆત વસંતના પહેલા દિવસથી થાય છે. તેમાં અનેક EVENTS યોજવામાં આવે છે. આ બહુ લોકપ્રિય અને પ્રખ્યાત ફેસ્ટિવલ છે. આ જાપનના મૈત્રી ભેટ એવા ચેરી બ્લોસમ વૃક્ષોના વનનો પણ એક રસપ્રદ ઈતિહાસ છે... ઈસ્ટ કોસ્ટના વોશિંગ્ટન ડીસી અને ન્યુયોર્કના સમય અને સીઝન લગભગ સરખા છે.

**અમેરિકા મુખ્ય પાંચ ટાઇમ ઝોનમાં ફેલાયેલું છે. બીજા બે ત્રણ ઝોન પણ સમયના પાડવામાં આવ્યા છે**, જે અમુક વિસ્તારો પૂરતા મર્યાદિત છે. એટલે કે વોશિંગ્ટનમાં સવારના ૧૨ વાગ્યા હોય તો વેસ્ટ કોસ્ટના લોસ એન્જેલસમાં સવારના ૯ થયા હોય છે. ઈસ્ટ કોસ્ટ અને વેસ્ટ કોસ્ટની વચ્ચે ૩ કલાકનો સમય તફાવત છે.

*(સંપૂર્ણ)*

***chaulakuruwa@gmail.com***
***મો. ૯૯૧૩૯ ૧૨૧૨૦***

સાંપ્રત પ્રશ્ન

# સાંપ્રત વિચાર મંચ

• સંકલન : હસમુખભાઈ મહેતા •

"સાંપ્રત વિચાર મંચ" અંતર્ગત છેલ્લે "ઓછા ખર્ચે વધુ સારા લગ્ન કઈ રીતે થઈ શકે?" — આ પ્રકારનો એક વિષય આપવામાં આવ્યો હતો. તે વિષયના અન્વયે આવેલ લેખો માટે સર્વે લેખકોનો ખૂબ ખૂબ આભાર. આ સંબંધી લેખો તા. ૨૦-૩-૨૦૧૭ સુધી મોકલાવી શકાશે. પ્રાપ્ત થયેલા લેખો પૈકી શ્રેષ્ઠ લેખોની યાદી હવે પછીના અંકમાં જાહેર કરવામાં આવશે. તેમજ ઇનામપાત્ર લેખ પણ તે અંકમાં પ્રસિધ્ધ થશે.

આ વિભાગમાં અપાતા વિવિધ વિષયો પર વાચકવર્ગને પોતાના વિચારો લખી મોકલાવવા જાહેર આમંત્રણ છે.

## બાબુભાઇ જશભાઈ પટેલ

### ગુજરાત રાજ્યના ૧૨ માર્ચ, ૧૯૭૬ સુધીના મુખ્યમંત્રી

સન ૧૯૫૮માં બ્રિટનના વડાપ્રધાન હેરલ્ડ મેકમિલન હતા. તેઓ વડાપ્રધાન પદેથી છૂટા થયા અને બીજા દિવસે લંડન શહેરની બસની ક્યુમાં ઊભા હતા.

યોગાનુયોગ ૧૨ માર્ચ, ૧૯૭૬ના રોજ બાબુભાઈ ગુજરાતના મુખ્યમંત્રીના પદેથી ઉતરી ગયા. ત્યાર પછીના બે-ચાર દિવસમાં જ તેઓ ગાંધીનગરના બસ સ્ટેન્ડ પર અમદાવાદ જતી બસ પકડવા ઊભા હતા! હવેની પેઢી માનશે નહીં કે આવો મુખ્યપ્રધાન સદેહે ગુજરાતમાં જન્મ્યો હોય.

(ઉપરોક્ત વિગત 'કચ્છમિત્ર'ના તા. ૫-૨-૨૦૧૭ના અંકમાં વી.એસ. ગઢવી લિખિત કોલમ "સંસ્કૃતિ"માંથી લીધેલ છે. પરંતુ આ તબક્કે આ વિગત લખનારના સ્વાનુભવનો એક પ્રસંગ વર્ણવવાનું મન થાય છે.

કોઈ કારણસર મારે અમદાવાદથી મુંબઈ જવાનું થયું. મારી ટિકિટ ગુજરાત મેલની થ્રી ટાયર સાદા સ્લીપર કોચની હતી. હું ડબ્બામાં દાખલ થયો. હજુ બહુ પેસેન્જર આવ્યા ન હતા. સાઇડની બોટમ બર્થમાં એક ભાઈ માથે ઓઢીને સૂતા હતા. ક્યાંકથી જાણવા મળ્યું કે એ સૂતેલ ભાઈ બાબુભાઈ છે. તે સમયે તેઓ ગુજરાતના મુખ્યપ્રધાન હતા. અવાક્ જ રહેવાઈ ગયું! સાથે કોઈ કરતા કોઈ સંત્રી ન હતા! આ સાદગી, આ દેશદાઝ, આ ભલમનશાહી આજે ક્યાં દેખાય છે? ગાંધીયુગ ધીરે ધીરે લુપ્ત થતો જાય તો નવાઈ નહીં લાગે!)

## પૃથ્વી પર અધધધ... પ્રદૂષણ

- વિશ્વભરમાંથી દર વર્ષે છ અબજ કિલો કચરો સમુદ્રમાં ઠલવાય છે. તેમાં મોટાભાગનું પ્લાસ્ટિક હોય છે.
- અમેરિકા વિશ્વની પાંચ ટકા વસતિ ધરાવે છે છતાં વિશ્વમાં પેદા થતાં કચરાનો ૩૦ ટકા હિસ્સો અમેરિકાનો છે.
- વિશ્વભરમાં જહાજમાં હેરાફેરી કરાતા દર ૧૦ લાખ ટન ઓઈલ પૈકી એક ટન ઓઈલ દરિયામાં ઢોળાય છે.
- પ્રદૂષિત પાણીથી દર આઠ સેકંડે વિશ્વમાં એક બાળકનું મૃત્યુ થાય છે.
- ચીનના બેઇજિંગમાં એટલું પ્રદૂષણ છે કે ત્યાં દિવસભર શ્વાસ લો તો ૨૧ સિગારેટ પીવા જેટલું નુકસાન થાય.
- ૨૦૧૨માં પૃથ્વી પર કુલ ૪.૯ કરોડ ટન ઇલેક્ટ્રોનિક કચરો નીકળ્યો હતો.
- દરિયામાં ફેંકાતા પ્લાસ્ટિક કચરાથી દરરોજ હજારો જળચર જીવોના મોત થાય છે.
- ઇ.સ. ૧૯૫૨માં લંડનમાં 'ગ્રેટ સ્મોગ' નામનું ધુમ્મસ જાણીતું બનેલું. તેના પ્રદૂષણથી લગભગ ૧૨,૦૦૦ લોકોના મોત થયા હતા.
- નાસાએ કરેલા અભ્યાસ પ્રમાણે અણુશક્તિના ઉપયોગથી ૧૯૭૧થી ૨૦૦૯ સુધીમાં હવાનું પ્રદૂષણ ઘટ્યું છે અને લગભગ ૧૦ લાખ લોકોનો બચાવ થયો છે.
- પૃથ્વી પર વસતિના ત્રીજા ભાગના લોકો હવાના પ્રદૂષણને કારણે આકાશદર્શન કરી શકતા નથી.

*જેણે જીવનમાં કોઈ અપરાધ ન કર્યો હોય એ જ બીજા અપરાધી પર પથ્થર ફેંકી શકે! આ સદીઓ જૂની દિવ્ય વાણી પેઢી દર પેઢી વારસાગત રીતે આપણા સુધી પહોંચી છે. આ સૂત્ર સદીઓ જૂનું છે પણ હજી એને કાટ ચડ્યો નથી! એ સૂત્ર આજે પણ એટલું જ પ્રસ્તુત છે.*

# ટમ ટમ તારલિયા

## ગીર ઓલાદની ગાયો બ્રાઝીલમાં

ઈ.સ. ૧૮૫૧માં બ્રાઝીલમાં અહીંથી થોડી ગીર ગાયો ગઈ હતી. બ્રાઝીલે આ ગાયોનું મહત્ત્વ સમજ્યું. આજે બ્રાઝીલમાં ગીર ઓલાદની ૬૦ લાખ કરતાં વધુ ગાયો છે.

## ભારતમાં ગૌ ધન ઘટતું જાય છે

આપણું ગૌધન દિવસે ને દિવસે ઘટતું જાય છે. એક અહેવાલ પ્રમામે ઈ.સ. ૧૯૬૧માં દર એક હજાર પશુએ ૪૩૦ ગાયો હતી. ૧૯૮૧માં આ સંખ્યા ૨૭૮ની થઈ.

## સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ બેલગામ

આપણા દેશમાં અગાઉ રાજય અને કેન્દ્રની સરકાર ખૂબ જ ઓછી ફી લઈને ઉચ્ચ શિક્ષણ પૂરું પાડતી હતી. હવે સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી યુનિવર્સિટીઓને કારણે ફી ની રકમ ખૂબ વધી ગઈ છે. પૂર્વ પ્રાથમિક વર્ગો જેવા કે નર્સરી, કે.જી.માં પણ એક વર્ષની ફી રૂપિયા એક લાખનો આંકડો પાર કરી ગઈ છે. એન્જિનિયરિંગ અને મેડિકલની ડિગ્રીઓ માટે લાખો રૂપિયાની ફી અગાઉથી જમા કરાવવી પડે છે. સર્જન કે ફિઝિશિયન કે કોઈ ખાસ વિષયના તજજ્ઞ થવા માટે રૂપિયા એક કરોડ કરતાં પણ વધારે ફી ચૂકવાય છે ત્યારે કારકિર્દીના ઘડતર માટે પરિવાર ઉપર ખૂબ મોટો આર્થિક બોજો આવે છે. આ વિષમતા જેટલી વહેલી દૂર થાય તેટલું આપણી ભાવિ પેઢી માટે ઉપકારક થશે. આવી સ્થિતિમાં કારકિર્દી માટે શું કરવું અને કઈ કઈ બાબતોમાં પારંગત થઈ વ્યક્તિત્વનો વિકાસ કરવો તે જાણવું ખૂબ જરૂરી છે.

## જગતની ૪૪૦૦ ભાષાઓ લુપ્ત થવાની તૈયારીમાં

જગતમાં બોલાતી ૬૭૦૦ ભાષાઓ પૈકી ૪૪૦૦ ભાષાઓ લુપ્ત થવાની તૈયારીમાં છે. ભારતમાં બોલાતી ભાષાઓ પૈકી ૧૯૭ માતૃભાષાઓને યુનેસ્કોએ ભયગ્રસ્ત જાહેર કરેલ છે. જગતમાં ભયગ્રસ્ત ભાષાઓ પૈકી ભારત અગ્રસ્થાને છે. ૧૯૭ પૈકી ૮૧ માતૃભાષા અંશતઃ ભયજનક, ૬૩ માતૃભાષા ચોક્કસપણે ભયજનક, ૬ માતૃભાષા અદશ્ય થઈ ગયેલ છે. જ્યારે ૧૧ માતૃભાષા અદશ્ય થવાની રાહ પર છે. આ માતૃભાષાઓ લુપ્ત થાય એ અગાઉ તે અંગે મનોમંથન કરી તેના સંવર્ધન અંગે જાગૃતતા લાવવી જોઈએ.

## સાંસદોના વેતન અને ભથ્થા

સાંસદોના વેતન અને ભથ્થાનું નિર્ધારણ ‘‘સેલેરીઝ એન્ડ એલાઉન્સિસ ઑફ મિનિસ્ટર્સ એક્ટ, ૧૯૫૨’’ અંતર્ગત નક્કી કરવામાં આવે છે. છેલ્લા છ દાયકામાં આપણા સાંસદોએ ૩૫ વાર પોતાના ભથ્થા અને વેતનનો વધારો લીધેલ છે. ઈ.સ. ૧૯૫૨ના એ કાયદામાં ૨૮ વખત સુધારાઓ થયા છે. કેબિનેટ દ્વારા સાંસદોને મળનારા વેતન અને ભથ્થા પર સુધારાનો પ્રસ્તાવ લાવવામાં આવે છે અને સંસદ તેને મંજૂર કરીને કાયદાનું રૂપ આપી દે છે. આવા સુધારા ઠરાવો પર ધમાલ થતી નથી. મોટેભાગે તો એને ધ્વનિમત દ્વારા એટલે કે મૌખિક સંમતિથી પસાર કરી દેવામાં આવે છે. ભારતનો વિરાટ લોકદેવતા તેને સતત જોયા કરે છે અને કોઈક દિવસ જાગશે ત્યારે આ વામણા નેતાઓને તેમની જગ્યા બતાવી દેસે તેવા દિવસો પણ હવે નજીકમાં આવશે.

## ધાતુઓ વિશે આ પણ જાણો

સોનું, ચાંદી, લોખંડ વગેરે ધાતુઓ છે. ગ્રીક ભાષામાં ‘મેટાલોન’ એટલે જમીનમાંથી નીકળેલું. ધાતુઓ જમીનમાંથી નીકળતું ખનિજ છે. એટલે અંગ્રેજીમાં તેને ‘મેટલ’ કહે છે. ધાતુઓ માણસ માટે અનેકવિધ ઉપયોગી છે. કાર બનાવવા ૧૫ જેટલી ધાતુઓ, ટી.વી. બનાવવામાં ૩૫, કોમ્પ્યુટર બનાવવામાં ૩૦ અને ટેલિફોન બનાવવામાં ૪૨ ધાતુઓ વપરાય છે. ધાતુઓ અંગે બીજી પણ કેટલીક વાતો જાણવા જેવી છે.

રાસાયણિક તત્ત્વોના આ વર્તન કોઠામાં ૭૫ ટકા તત્ત્વો ધાતુ છે.

તાંબુ ઉપયોગમાં લેવાતી સૌથી જૂની ધાતુ છે. ઈ.સ. પૂર્વે ૯૦૦માં પણ તાંબાનો ઉપયોગ થતો. માનવ જીવનની ઉત્ક્રાંતિમાં તામ્રયુગ અને લોહયુગ જેવા વપરાશ આધારિત સમયગાળા હતા.

ધાતુઓ સખત અને તેજસ્વી સપાટીવાળી હોય છે.

ધાતુઓ વધુ ગરમી સહન કરી શકે છે અને ઊંચા

ઉષ્ણતામાને પીગળે છે.

ધાતુઓને ગરમ કરી, વાળી શકાય છે અને ઘાટ આપી શકાય છે.

ધાતુઓ મોટેભાગે ઘન સ્વરૂપે હોય છે. પારો એક માત્ર પ્રવાહી ધાતુ છે.

બે કે ત્રણ ધાતુઓને ભેળવીને નવા પ્રકારની ધાતુ બનાવી શકાય છે. પિત્તળ એ મિશ્રિત ધાતુ છે.

## પૃથ્વી પરનું વિશિષ્ટ રસાયણ : પાણી

- પૃથ્વી પર પાણી છે. એટલે જ જીવન છે. પૃથ્વી પર બે અબજ વર્ષ પહેલાં પાણી પેદા થયું અને તેનો જથ્થો સમાન રીતે જળવાઈ રહ્યો છે. પૃથ્વી પર પાણી બરફ, પ્રવાહી અને વરાળ સ્વરૂપે હોય છે.
- પૃથ્વીના વાતાવરણમાં વરાળ સ્વરૂપે રહેલો જથ્થો, વરસાદ બની પૃથ્વી પર એકસાથે પડે તો આખી પૃથ્વી એક ઇંચ પાણીથી ઢંકાઈ જાય.
- વિશ્વની હિમ નદીઓમાં બરફ સ્વરૂપે એટલું પાણી છે કે તે વરસાદ બની વરસે તો પૃથ્વી પર સતત ૬૦ વર્ષ વરસાદ રહે.
- વિશ્વની લગભગ તમામ સંસ્કૃતિમાં પાણીને દેવ કહેવાય છે.
- પૃથ્વી પરના પાણીનો ૯૭.૫ ટકા ભાગ સમુદ્રોમાં છે.
- પાણી જામીને બરફ બને ત્યારે તેનું કદ વધે. ખારા પાણીમાંથી બનેલા બરફમાં મીઠું હોતું નથી.
- દરિયામાં દર એક કિલોગ્રામ પાણીએ ૩૫ ગ્રામ મીઠું હોય છે.
- દરિયાનું ક્ષારવાળું પાણી માઇનસ બે ડિગ્રીએ જામીને બરફ બને છે.

## તબીબી જગતની ઉપયોગી શોધો

- ૧૯૦૩માં પ્રથમ ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રાફ મશીન શોધાયું. આ મશીન વિલિયમ એન્થોવને શોધેલું. તે એક પ્રકારનું ગેલ્વેનોમીટદ્ઘ હતું કે જે વીજપ્રવાહમાં થતા નાના ફેરફારોની નોંધ કરતું. દર્દીના હાથ અને પગ સાથે વાયર વડે જોડીને હૃદયના ધબકારાની પેટર્ન જાણવા માટે તેનો પ્રથમવાર ઉપયોગ થયો. આ શોધ બદલ એન્થોવતને નોબેલ ઇનામ મળેલું.
- ૧૯૪૫માં વિલિયમ કોલ્ફ નામના વિજ્ઞાનીએ કિડની ડાયાલિસિસ મશીનની શોધ કરેલી. તે લાકડાના ડ્રમ અને સેલોફોનની નળીઓ જોડીને બનાવેલું. આ મશીનથી દર્દીના શરીરમાંનું લોહી ખેંચીને તે શુધ્ધ કરી પાછું દર્દીના શરીરમાં મોકલાતું. ૧૫ વખત નિષ્ફળ ગયા બાદ કોલ્ફે હોલેન્ડના એક દર્દીને ડાયાલિસિસ કરી તેનો જીવ બચાવેલો.
- ૧૯૪૮માં કેવિન ટોહી નામના વિજ્ઞાનીએ પ્રથમ પ્લાસ્ટિકના કોન્ટેક્ટ લેન્સ બનાવ્યા. જો કે ત્યારબાદ તેમાં ઘણા સુધારા થયા.
- ૧૯૫૨માં પૌલ ઝેલ નામના વિજ્ઞાનીએ હૃદય માટેનું કૃત્રિમ પેસમેકર શોધ્યું. વીજપાવરથી ચાલતું આ મશીન દર્દીની છાતી સાથે જોડાતું અને હળવા વીજપ્રવાહથી હૃદયને ધબકતું રાખવા ઉપયોગી થતું.
- ૧૯૭૦માં આર્થોસ્કોપની શોધ થઈ. ફાઈબર ઓપ્ટીકના ઉપયોગથી આ મશીન દ્વારા પેન્સિલ જેટલી પાતળી ટ્યુબથી દર્દીના શરીરની અંદરના દશ્યો જોઈ શકાય છે. તેના છેડે ટચુકડો વિડિયો કેમેરો હોય છે. મોટેભાગે હાડકાના સાંધાનું નિરીક્ષણ કરવા તેનો ઉપયોગ થતો.

## લાલ લીલા ઝબકારા મારતા ડિઓડ શું છે?

રેડિયો, ટી.વી., ટેપ રેકોર્ડર કે ઈલેક્ટ્રોનિક સાધનોમાં પ્રકાશતા લાલ-લીલા ઝબકારા મારતી ટચુકડી લાઈટને ડિઓડ કહે છે. ડિઓડ એ પ્રકાશ પેદા કરતો બલ્બ નથી પણ ધાતુનો નાનકડો ટુકડો છે. તેમાં વીજળી વહે ત્યારે પ્રકાશ ઉત્પન્ન થાય અને તેના પર પ્રકાશ ફેંકો તો તેમાં વીજળી પેદા થાય. આ વિશેષતાને કારણે ઈલેક્ટ્રોનિક ઉદ્યોગમાં ઉપયોગી બન્યા છે.

ડિઓડ સિલિકોન, જર્મનિયમ કે સેલેનિયમ જેવી સેમિ કન્ડક્ટર પદાર્થમાંથી બને છે. તેના એક છેડાને કેથોડ અને બીજા છેડાને એનોડ કહે છે. વીજપ્રવાહ એનોડ તરફથી કેથોડ તરફ વહે છે. ડિઓડની શોધ ૧૯૦૬માં થઈ હતી. તેને બિલાડીની મૂછ પણ કહેતા.

ડિઓડ એક તરફથી આવતા વીજપ્રવાહને રોકી બીજી તરફ વહેવા દે છે. બેટરી વડે ચાલતા સાધનોમાં ડિઓડ હોય છે. ભૂલથી બેટરીના છેડા ઊંધા જોડાઈ જાય તો ડિઓડ નુકસાન થતું અટકાવે છે.

## માનવ શરીરના અજાબય અવયવો

- માણસનું હૃદય સૌથી મજબૂત અને વધુ કામ કરતો સ્નાયુ છે. હૃદય સરેરાશ ૪૦૦ ગ્રામ વજનનું હોય છે. તે

મિનિટના ૭૨ વખત ધબકીને લોહીને આખા શરીરમાં ફરતું રાખે છે. લોહી શરીરની ધમનીમાં કલાકના લગભગ દોઢ કિ.મી.ની ઝડપે વહે છે.

- માણસની આંખ વિશ્વના સૌથી મોટા ટેલિસ્કોપ કરતાય વધુ રંગોને ઓળખી શકે છે. માનવ શરીરમાં આંખના સ્નાયુઓ સૌથી વધુ ઝડપે કામ કરે છે. આંખમાં પ્રકાશનું વિશ્લેષણ કરવા ૫૦થી ૭૦ લાખ રિસેપ્ટર હોય છે. રંગોની ઓળખ કરે છે.
- માણસના શરીરની ચામડીના દર ચોરસ ઈંચમાં ૬૨૫ પ્રસ્વેદ ગ્રંથિ અને ૭૨ કિ.મી.ની લંબાઈના જ્ઞાનતંતુઓ હોય છે. તે ઉપરાંત રક્તવાહિનીઓ અને રૂવાંટીના મૂળ પણ ખરા. ચામડી શરીરનું તાપમાન જાળવી રાખે છે.
- માણસનું મગજ સૌથી વધુ કામ હાથ માટે કરે છે. માણસના હાથમાં ત્રણ મુખ્ય જ્ઞાનતંતુઓ, લોહીની બે ધમનીઓ અને ૨૬ હાડકાં હોય છે. માણસ હાથનો ઉપયોગ સૌથી વધુ કરે છે.

## ગુજરાત રાજ્યમાં જિલ્લાવાર ચાલતી ગૌશાળા અને પાંજરાપોળ

| ક્રમ | જિલ્લો | કુલ ગૌશાળા | કુલ પાંજરાપોળ |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૭ | ૨૧ |
| ૨. | અમરેલી | ૨૪ | ૧૮ |
| ૩. | આણંદ | ૧૫ | ૫ |
| ૪. | બનાસકાંઠા | ૩૪ | ૨૦ |
| ૫. | ભરૂચ | ૧૧ | ૫ |
| ૬. | ભાવનગર | ૪૧ | ૧૬ |
| ૭. | દાહોદ | ૫ | ૦ |
| ૮. | ડાંગ | ૦ | ૦ |
| ૯. | ગાંધીનગર | ૨૨ | ૬ |
| ૧૦. | જામનગર | ૩૧ | ૧૯ |
| ૧૧. | જૂનાગઢ | ૧૧૩ | ૧૯ |
| ૧૨. | કચ્છ | ૫૫ | ૪૫ |
| ૧૩. | ખેડા | ૬ | ૮ |
| ૧૪. | મહેસાણા | ૭ | ૯ |
| ૧૫. | નર્મદા | ૫ | ૦ |
| ૧૬. | નવસારી | ૧૫ | ૧ |
| ૧૭. | પંચમહાલ | ૬ | ૪ |
| ૧૮. | પાટણ | ૧૮ | ૧૫ |
| ૧૯. | પોરબંદર | ૮ | ૩ |
| ૨૦. | રાજકોટ | ૮૨ | ૧૬ |
| ૨૧. | સાબરકાંઠા | ૧૭ | ૫ |
| ૨૨. | સુરત | ૨૪ | ૪ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૪૬ | ૧૯ |
| ૨૪. | તાપી | ૫ | ૦ |
| ૨૫. | વડોદરા | ૨૧ | ૫ |
| ૨૬. | વલસાડ | ૨૦ | ૬ |
| | **કુલ** | **૬૬૭** | **૨૬૯** |

*સોર્સ : બુલેટિન ઓફ એનિમલ હસબંડરી એન્ડ ડેરીંગ સ્ટેટિસ્ટ ૨૦૧૪-૧૫ ડાયરેક્ટોરેટ ઓફ એનિમલ હસબંડરી, ગાંધીનગર*

*(ઉમિયા દર્શન, ફેબ્રુઆરી-૨૦૧૭)*

## આકાશમાંથી કૂદકો : પેરાશૂટનું અવનવું

★ વિમાનમાંથી કૂદકો મારી જમીન પર ઉતરવા માટેના સલામત સાધન પેરાશૂટની સૌ પ્રથમ કલ્પના ઈ.સ. ૧૪૮૫ માં લિયોનાર્ડો દ' વિન્સીએ કરેલી.

★ ઈ.સ. ૧૭૮૫ માં ફ્રાન્સના જીન પિયરે બ્લેન્ચાર્ડે પ્રથમ પેરાશૂટ બનાવી. બલૂન દ્વારા આકાશમાં ઊંચે જઈ તેણે કૂતરાને પેરેશૂટ સાથે બાંધી સલામત ઉતરાણ કરાવેલું.

★ આધુનિક પેરાશૂટની શોધ ૧૮મી સદીમાં ફ્રાન્સના સેબાસ્ટિન લેનોમાન્ડે કરેલી તો ૧૭૮૬ માં જાહેરમાં પેરાશૂટ વડે કૂદકો મારી નિદર્શન કરેલું.

★ ઈ.સ. ૨૦૦૦ માં બ્રિટિશ બલૂનીસ્ટ એન્ડ્રિયન નિકોલસે દ'વિન્શીએ કલ્પના કરેલી તે મુજબ લાકડા અને કેનવાસની પેરાશૂટ બનાવી ૩૦૦૦ મીટરની ઊંચાઈએથી સફળ કૂદકો મારેલો.

★ વિમાનમાંથી પેરેશૂટ દ્વારા કૂદકો મારવાનો પ્રથમ પ્રયાસ ૧૯૧૨ માં થયેલો.

★ આજ સુધીમાં પેરાશૂટ વડે સૌથી વધુ ઊંચાઈએથી કૂદકો મારવાનો વિક્રમ ૧૯૬૦માં અમેરિકાના ઍરફોર્સના કેપ્ટન જોસેફ કિરીન્ગરે નોંધાવેલ છે.

★ ઈ.સ. ૧૭૮૩માં પેરેશૂટનો સિદ્ધાંત સેબાસ્ટીયન લેનોર્મેન્ડે કરેલો. તેણે કૂદકો માર્યો નહોતો. ■

# પ્રતિભાવ

### 'કચ્છશ્રુતિ' માસ ફેબ્રુઆરી-૨૦૧૭નો પ્રતિભાવ લેખન સામગ્રી વાંચવાલાયક અને જીવનમાં ઉતારવા જેવી...

માસ ફેબ્રુઆરી-૨૦૧૭ના 'કચ્છશ્રુતિ'ના અંક અંગે મારા પ્રતિભાવો આપતા આનંદ થાય છે કેમકે આ અંક હું એક જ બેઠકે વાંચી ગયો હતો અને ચાર-પાંચ દિવસ વાગોળતો હતો.

માસ ફેબ્રુઆરી-૨૦૧૭ના અંકમાં મને સૌથી વધુ લેખો ગમ્યા હોય તો તે છે... (૧) ઢાઈ અક્ષર પ્રેમકા 'કચ્છ' – અસાંજો કચ્છ, (૨) જ્યારે ભાઈશ્રી જયંતી જોષી 'શબાબ' દ્વારા 'આકાશવાણીનું આ ભુજ કેન્દ્ર છે' તે મને તો એનું પહેલું પ્રસારણ થયું તે દિવસની યાદ કરાવી ગયું. (૩) વળી ભુજપુરના ખેડૂત મહેન્દ્રભાઈની ખેતી વિશે એમણે કરેલ કામગીરી વાંચી મન ઝુમી ઉઠ્યું. (૪) જ્યારે 'આપણા ધાર્મિક સ્થળો ગંદા કેમ હોય છે?' – એ ભીમજીભાઈ નાકરાણીનો લેખ તો આપણી આંખ ઉઘાડનારો હોય એમ લાગે છે. (૫) 'કુદરતની અનમોલ ભેટ – રૂદન' લેખક ડૉ. મિહિરભાઈ એમ. વોરાએ આપણને ખરેખર વિચાર કરતા કર્યા છે, એવો સરસ લેખ લખ્યો છે.

એ સિવાયની અન્ય સામગ્રી પણ વાંચવા લાયક અને જીવનમાં ઉતારવા સમાન છે. સર્વે લેખકો અને તંત્રી મંડળને હાર્દિક અભિનંદન પાઠવું છું.

*ધનજીભાઈ કે. ભાનુશાલી 'કડક બંગાલી', એડવોકેટ - ભુજ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

### 'કચ્છશ્રુતિ' વાંચવાનું બંધાણ થઈ ગયું છે

ભુજમાં સવારના ભાગે જેમ 'કચ્છમિત્ર'નું બંધાણ છે તેમ આવતા અનેક સામયિકો પૈકી 'કચ્છશ્રુતિ' માટે પણ એવું જ બંધાણ થઈ ગયું છે. તેનાથી જાણી શકાય છે કે 'કચ્છશ્રુતિ'એ ખૂબ જ પ્રગતિ કરી છે. તે માટે સર્વેને અભિનંદન.

*ચંદ્રવદન જી. મહેતા 'સારસ'*

★

### 'કચ્છશ્રુતિ' માસ ફેબ્રુઆરી-૨૦૧૭

'કચ્છશ્રુતિ' ફેબ્રુઆરી-૨૦૧૭નો અંક મળ્યો. તેના ટાઇટલમાં વસંતઋતુનું નયનરમ્ય દૃશ્ય જોઈ આનંદ અનુભવ્યો. મારું મન આનંદમાં ગાઈ ઉઠ્યું, 'વરણાગી વસંતનું સ્વાગત કરીએ.' આ અંકના લેખો અને કાવ્યો વિવિધતા સાથે ઉત્તમ વાંચનથી ભરપૂર છે.

તંત્રી શ્રી અશોકભાઈ મહેતાનો તંત્રીલેખ 'અંગદાન ઝુંબેશ' દરેકે જીવનમાં સમજીને વિચારવા જેવો છે. અંગદાનની પ્રક્રિયા માટે ઝુંબેશ ઉપાડવામાં આવે તો જરૂરિયાતવાળા અનેક માનવીઓની જિંદગીને લંબાવી શકાય. આ એક ઉમદા કાર્ય છે. આ લેખમાં પુષ્પક વિમાન અને ગણેશજીના ધડ પર હાથીની સુંઢ લગાવી તેને જીવંત રાખેલ. એને સમજવામાં વિચારપૂર્વક મનન ચિંતન કરવું જોઈએ. અને એ સમયે વિજ્ઞાન ઘણું જ આગળ વધેલ હોવું જોઈએ.

ભારતમાં રક્તદાન, આઈ ડોનેશન વગેરે પ્રક્રિયાનો વર્ષોથી ખૂબ જ પ્રચાર થતો આવેલ છે. જનમાનસ તે તરફ કેળવાયેલ પણ છે. સાથે સાથે સ્કીન, કિડની વગેરેના દાન માટે જાગૃતિ પણ પેદા થતી જાય છે. અંગદાનની પ્રક્રિયા માટે ઝુંબેશ ચલાવવામાં આવે તો જરૂરિયાતવાળા અનેક માનવોની મહામૂલી જિંદગી લંબાવી શકાય છે. એ ઝુંબેશ માટે જરૂરિયાત છે કોઈ વ્યક્તિ કે વ્યક્તિના સમૂહની મજબૂત ઇચ્છા શક્તિની.

અશોકભાઈએ તંત્રીલેખમાં સરળતાથી વિગત જણાવી છે, જે ઉત્તમ છે. અંગદાન એ ખૂબ જ ઉમદા પ્રવૃત્તિ છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ૨૦થી ૨૨ તરવરિયા યુવાનોનું ગ્રુપ બનાવી આ ઉમદા પ્રવૃત્તિને વેગ આપવો જરૂરી છે. આ યુવાનોમાં ઇચ્છાશક્તિ હશે તો સફળતા સારી રીતે પ્રાપ્ત થઈ શકશે. પરંતુ તેના થકી સમાજનું નામ પણ રોશન થઈ શકશે. ધન્યવાદ.

*મહાભાઈ આર. વોરા - ભુજ*

★

### 'કચ્છશ્રુતિ' માસ ફેબ્રુઆરી-૨૦૧૭ના અંકનો પ્રતિભાવ

ફેબ્રુઆરી અંકનો તંત્રીલેખ સમયસરનો છે. અંગદાન અંગે છેલ્લા થોડા વર્ષોમાં ઠીકઠાક જાગૃતિ આવી છે, ત્યારે આ પહેલ આવકાર્ય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર' વાંચનારાઓને કદાચ યાદ હશે કે ફેબ્રુઆરી-૨૦૧૬ના અંકમાં મેં કેરાલા પ્રદેશના ખ્રિસ્તી પાદરીઓ દ્વારા ચલાવાયેલા અંગદાન અભિયાન બાબત 'રીડર્સ ડાઈજેસ્ટ'માં આવેલ લેખનો અનુવાદ આપેલ હતો અને સાથે ટકોર કરી હતી કે 'જો ખ્રિસ્તી ધર્મગુરુઓ આવું કરી શકે તો અન્ય ધર્મના

ધર્મગુરુઓ કેમ નહીં?' અફસોસ એ વાતનો છે કે આજ સુધી કોઈ અન્ય ધર્મગુરુએ આ ઝુંબેશને ટેકો આપ્યો હોય એવું સાંભળ્યું નથી (આમાં ભૂલ હોય તો ખુશી થશે!)

મારા આ લખાણ બાદ આશ્ચર્યજનક પ્રતિભાવો આવ્યા! એ નક્કી છે કે મોટી બહુમતી અંગદાનની તરફેણમાં હશે, પણ તેઓ મૌન રહ્યા અને વિરોધીઓ બોલતા રહ્યા. એક ભાઈએ મુંબઈથી ફોન કરીને અને અન્ય એકે ગાંધીનગરથી લેખિત વિરોધ નોંધાવ્યો. મતલબ તેઓનો એ હતો કે સાધુઓ તો મોક્ષમાર્ગના પ્રવાસીઓ છે, તેઓ આમાં શા માટે પડે? હવે એક મનુષ્યને જીવનદાન આપવાનું કાર્ય સાધુઓનું નથી? આવું ઉમદા કાર્ય શું મોક્ષમાર્ગમાં બાધારૂપ બને? મોક્ષમાર્ગીઓ શરીર સાથે તો મોક્ષમાં જવાના નથી, તો શરીરના આવા સદુપયોગનો ઉપદેશ આપવામાં ઉદાસીનતા શા માટે? સ્વયં અંગદાન કરે એ તો દૂરની વાત છે.

તંત્રીશ્રીએ તેમના લેખમાં પુષ્કળ આંકડાઓ આપ્યા છે. જરૂર એ ઉપયોગી છે, પણ આ બાબત તેઓના ધ્યાનમાં આવી નથી લાગતી. તેમનો અભિપ્રાય જાણવાની ઉત્સુકતા રહેશે.

કચ્છી સમાજે અંગદાન અંગે સમિતિ બનાવી છે. આવકાર્ય છે. પરિણામની રાહ જોઈએ.

દરમિયાન આપણી જેમ ભારતમાં અનેક લોકો - સંસ્થાઓ આ ઝુંબેશમાં પોતપોતાની રીતે ભાગ લઈ રહી છે. માસ જાન્યુઆરીના 'રીડર્સ ડાઈજેસ્ટ'માં પણ આવા જ એક અભિયાન બાબત લેખ આવેલ છે, જેનો અનુવાદ આગામી અંકમાં આપવાની ઈચ્છા છે.

### ગંદા ધર્મસ્થાનો

જે હિંદુ તીર્થોનું મોટું મહાત્મ્ય છે અને જ્યાં ભક્તોના ઘોડાપુર ઉમટે છે ત્યાં જ વધારે ગંદકી થાય છે અને પ્લાસ્ટિકે તેમાં મોટો ભાગ ભજવ્યો છે. જવાબદારી એ તીર્થોના વહીવટકર્તાઓની છે જ, સાથે ભક્તોની પણ છે.

સાથે એ પણ સાચું છે કે જૈન, સ્વામિનારાયણ મંદિરો, ગુરુદ્વારાઓ, ચર્ચ તથા મસ્જિદોમાં ગંદકી જોવા નથી મળતી.

### કચ્છમાં થતું સેવાકાર્ય

બિદડા અને ભોજાયના ટ્રસ્ટો, એ સાચા મંદિરો છે. ભાઈશ્રી વિજયભાઈ, લીલાધરભાઈ તેમજ તેઓના સહ કાર્યકરો જ સાચા સાધુઓ છે. સાથે લક્ષ્મીના સદુપયોગ માટે નવનીત પરિવારનો દાખલો લેવો જોઈએ.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : ૨૬૮૭૧૯૨૫*

**રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'કચ્છશ્રુતિ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮**

| | |
|---|---|
| **પ્રકાશનનું સ્થળ** | : અમદાવાદ |
| **પ્રકાશનનો ગાળો** | : માસિક |
| **મુદ્રકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા<br>પ્રમુખ - શ્રી કચ્છી સમાજ<br>અમદાવાદ |
| **મુદ્રકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **મુદ્રક સ્થાન** | : વિનાયક ઓફસેટ<br>દૂધેશ્વર, અમદાવાદ. |
| **પ્રકાશકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા<br>પ્રમુખ - શ્રી કચ્છી સમાજ<br>અમદાવાદ |
| **પ્રકાશકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **પ્રકાશકનું સરનામું** | : શ્રી કચ્છી સમાજ કાર્યાલય<br>૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલીસબ્રિજ, અમદાવાદ. |
| **સંપાદકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા |
| **સંપાદકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **સંપાદકનું સરનામુ** | : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલીસબ્રિજ, અમદાવાદ. |
| **મેગેઝિન/અખબારની માલિકી** | : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ |
| **સરનામું** | : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |

*હું અશોકકુમાર સાકરચંદ મહેતા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.*

અમદાવાદ **અશોકકુમાર સાકરચંદ મહેતા**
*તા. ૧૦-૩-૨૦૧૭* **પ્રકાશક અને મુદ્રક - 'કચ્છશ્રુતિ'**

# વર્તમાનપત્રોના આધારે

## સુપ્રીમ કોર્ટનો ગુજરાતના હિતમાં ઐતિહાસિક નિર્ણય

### નર્મદા યોજનાના વિસ્થાપિતોને ગુજરાત ૪૦૦ કરોડનું વળતર ચૂકવશે

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના જલ્દીથી પૂરી થાય તે માટે સુપ્રીમ કોર્ટે ગુજરાતના નાગરિકોના હિતમાં ઐતિહાસિક નિર્ણય કર્યો છે. જે મુજબ નર્મદા યોજનાના વિસ્થાપિતોને સરકાર રૂ. ૪૦૦ કરોડનું વળતર ચૂકવશે. જેના કારણે આ યોજના ખૂબ જ ઝડપથી પૂર્ણ થઈ શકશે. તેમજ FRI લેવલ સુધી પાણી ભરાતા લાખો ખેડૂતોને સિંચાઈની સુવિધાનો લાભ મળી શકશે.

આ અંગે ડેપ્યુટી મુખ્યમંત્રી નીતિન પટેલે ગાંધીનગરમાં મિડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ નિર્ણયને મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આવકાર્યો છે અને રાજ્ય સરકાર વતી સુપ્રીમ કોર્ટનો આભાર માન્યો છે. નર્મદા ડેમ પર દરવાજાની કામગીરી પૂર્ણ થઈ છે. પરંતુ વિસ્થાપિતોના પુનઃવસનને કારણે પાણી પૂરેપૂરું ભરવામાં પ્રશ્નો હતા તેનો આજે આ ચુકાદાથી અંત આવી ગયો છે. આ નિર્ણયથી નર્મદા યોજનાના વિસ્થાપિતો સંદર્ભના તમામ ચુકાદાઓનો અંત આવશે. સુપ્રીમમાં આ ચુકાદાને લીધે વિસ્થાપિતોને હેક્ટર દીઠ રૂ. ૩૦ લાખ હેક્ટરની મર્યાદામાં રૂ. ૬૦ લાખ ચૂકવાશે જેમાં મધ્યપ્રદેશના ૬૦૦ જેટલા વિસ્થાપિતોને લાભ મળશે. આ માટે રાજ્ય સરકારને ૪૦૦ કરોડનો ખર્ચ થશે જે તમામ રાજ્ય સરકાર જ ભોગવશે.

ડેપ્યુટી મુખ્યમંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે, આગામી ઓગસ્ટ-૨૦૧૭ સુધીમાં જે વિસ્થાપિતો છે તેમણે જગ્યા ખાલી કરી દેવાની રહેશે.

*ગુજરાત સમાચાર, તા. ૯-૨-૨૦૧૭*

## નર્મદા અંગે મહત્ત્વનો ચુકાદો

નર્મદા યોજના અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્ત્વનો ચુકાદો આવ્યો છે. વિસ્થાપિતોને વળતર આપવાનો હુકમ કર્યો છે અને નર્મદા યોજના આડેના વિઘ્નો હવે દૂર થઈ શકશે. ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી આ ચુકાદાનો સારી રીતે અમલ થયા બાદ નર્મદા ડેમ પૂરો ભરી શકાશે અને એ પાણી ગુજરાતની પ્રજાને આપી શકાશે. આ યોજના ત્રણ દાયકાથી ચાલી રહી છે. મુખ્ય કામ પૂરું થયું છે પણ ડેમની ઊંચાઈ મુજબ પાણી ભરી શકાતું નથી કારણ કે ગુજરાત અને મધ્યપ્રદેશના કેટલાક વિસ્થાપિતોનો મામલો પડતર હતો. હવે સુપ્રીમ કોર્ટે વિસ્થાપિત ૬૮૧ પરિવારોને ૬૦-૬૦ લાખ રૂપિયા આપવાનો હુકમ કર્યો છે અને એ ચૂકવ્યા બાદ વિસ્થાપિતોને બળજબરીથી દૂર કરી શકાશે. આ ચુકાદાના કારણે ગુજરાત સરકાર પર રૂ. ૪૦૦ કરોડ જેટલો બોજો આવવાનો છે. ઘણા સમયથી આ કેસ પડતર હતો. એમાં નર્મદા બચાવ આંદોલન સમિતિ પણ કાર્યરત હતી. બહુ લાંબી લડાઈ બાદ આ ચુકાદો આવ્યો છે. વિસ્થાપિતોને જમીનના બદલામાં જમીન કે રોકડ વળતર એ મુદ્દે અસમંજસ હતી, હવે એ દૂર થઈ છે. સુપ્રીમે કોર્ટે સ્પષ્ટ ચુકાદો આપ્યો છે. હવે ગુજરાત દ્વારા આ દિશામાં ઝડપી કામ થવું જોઈએ. વિસ્થાપિતોને વળતર મળે એ પછી એમણે એક માસમાં જમીન ખાલી કરી આપવી પડશે. સુપ્રીમ કોર્ટે બહુ યોગ્ય ચુકાદો આપ્યો છે. ગુજરાત સરકારે હવે બીજી દિશામાં કામ આગળ વધારવું પડશે કારણ કે વિસ્થાપિતોનો પ્રશ્ન પૂરો થયા પછી ડેમ તો પૂરો ભરી શકાશે પણ એ પાણી સૌરાષ્ટ્ર કે કચ્છ કે પછી અન્ય વિસ્તારમાં આપવું હશે તો એ માટેની નહેરની વ્યવસ્થા પૂરી થઈ નથી. મુખ્ય કેનાલનું તો કામ પૂરું થયું છે પણ પેટા કેનાલોનું કામ હજુ ઘણું બાકી છે. એ કામમાં ગતિ આવે એ જરૂરી છે. હજુ ૩૮ ટકા જ કામ થયું છે. ગયા સપ્ટેમ્બર સુધીમાં ૨૭,૪૨૧ કિલોમીટર જ કામ થયું છે. આજની સ્થિતિ જુદી હોઈ શકે છે પણ આ કામ શા માટે મંદ ગતિએ થાય છે એ સવાલ છે કારણકે આવતા ચોમાસે ડેમ પૂરો ભરી શકાય તો ય નહેરોનું કામ પૂરું ના થાય ત્યાં સુધી એનો ઉપયોગ થઈ નહિ શકે. સરકારે કામની ઝડપ વધારવી પડશે અને અહીં કોઈ અડચણ પણ નથી. નર્મદા રાજ્યની જીવાદોરી છે એ સાચા અર્થમાં ત્યારે જ સાબિત થશે જ્યારે નહેરોનું કામ પૂરું થાય. સરકાર આવતા વર્ષે આ કામ પૂરું થશે એમ કહે છે પણ વાસ્તવમાં એ કામ થાય એ આવશ્યક છે. સૌરાષ્ટ્ર માટે તો આ ચુકાદો બહુ રાહત આપનારો છે કારણ કે, સૌરાષ્ટ્રનો બહુ મોટો વિસ્તાર નર્મદાના પાણી પર નિર્ભર છે. ગુજરાત સરકાર અને રાજ્યની પ્રજા માટે તો આ ચુકાદો લાપસીના આંધણ મૂકવા જેવો છે.

*કચ્છમિત્ર, તા. ૧૪-૨-૨૦૧૭*

## કચ્છને નર્મદાના વધારાના પાણી માટે ૭૬ કરોડ મશ્કરી સમાન

અબડાસા વિભાગના ધારાસભ્ય અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે ગુજરાત વિધાનસભામાં તાજેતરમાં રજૂ થયેલા બજેટ અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, નિષ્ફળ, ભ્રષ્ટ અને હતાશ ભાજપ સરકારનું આ છેલ્લું બજેટ હતું. હવે ફરી આવતા વખતે બજેટ રજૂ કરી શકાય તેમ નથી એટલે એક પ્રકારે હવાતિયાં મારતાં હોય તે પ્રકારની નાયબ મુખ્યમંત્રી - નાણામંત્રીની બજેટ સ્પીચ હતી.

ભાજપ સરકાર બજેટમાં વાતો ખૂબ મોટી મોટી કરે છે, પરંતુ એની સામે નાણાંની ફાળવણી નહીંવત હોય છે. નર્મદાની કેનાલના કામો ખૂબ મોટાપાયે બાકી છે. ૩૮ હજાર કિ.મી.ના માઈનોર, સબ-માઈનોર, ફિલ્ડ ચેનલોના કામો બાકી છે. દર વર્ષે બજેટમાં ડેમના દરવાજા બંધ કરવાના, કેનાલના કામ કરવા માટે રૂા. ૯ થી ૧૦ હજાર કરોડની ફાળવણી થાય છે, જે પણ ઘણા ઓછા ગણાય. જ્યારે આ બજેટમાં તેના કરતાં પણ નાણાંની ફાળવણી ઘટી ગઈ છે.

નાણામંત્રીએ પાના નં. ૧૪ ઉપર ૯ રસ્તા અને ૫ બ્રિજ ફોર

લેન બનશે તેમ જણાવ્યું છે, તેના માટે નાણાંની ફાળવણી કરી છે માત્ર રૂ. ૧૧૫૧ કરોડ. ૯ રસ્તાને બદલે ૧ રસ્તો પણ ફોર લેન કરવાનો હોય તો આમાંથી થાય નહીં તો આ ૯ રસ્તા અને ૫ પુલ કેવી રીતે શક્ય બનશે તે સવાલ છે. તેવી જ રીતે બજેટમાં કચ્છને સૌથી મોટો અન્યાય થયો છે. **કચ્છને ૧ મિલિયન એકર ફીટ પાણી આપવું હોય તો રૂ. ૧૩,૧૮૭ કરોડનો બજેટ એસ્ટીમેટ છે. ૨૨ વર્ષમાં એકપણ રૂપિયો તેના માટે વાપર્યો નથી. આ વર્ષે મશ્કરી કરીને માત્ર રૂ. ૭૬ કરોડની જ ફાળવણી તેના માટે કરી છે.** ગુજરાત સરકારનો નાણાં વિભાગનો પરિપત્ર છે કે, જો કુલ બજેટની રકમના ૨૦ ટકા ન ફાળવીએ ત્યાં સુધી કામને વહીવટી મંજૂરી જ ન મળે, કામ શરૂ જ ન થાય. તો રૂ. ૭૬ કરોડ બજેટના આંકડામાં આપ્યા પછી એક રૂપિયો પણ કચ્છ માટે વાપરી શકાશે નહીં.

***કચ્છમિત્ર, તા. ૨૨-૨-૨૦૧૭***

## નર્મદાનાં વધારાનાં પાણી કચ્છને નામમાત્રની ફાળવણી

ગુજરાતના નાણામંત્રી નીતિનભાઈ પટેલે રૂપાણી સરકારનું પહેલું અને છેલ્લું અંદાજપત્ર પેશ કર્યું. બજેટમાં કચ્છના સંદર્ભની વાત કરીએ તો નર્મદાના વધારાના નીરથી હયાત જળાશયો ભરવા માટેની યોજના માટે રૂ. ૭૬ કરોડની ફાળવણી કરી છે. છેલ્લા કેટલાંક વર્ષથી એ સિલસિલો થઈ ગયો હતો કે ગુજરાતનું બજેટ આવે એટલે રાબેતા મુજબ કચ્છ શાખા નહેર માટે રકમ ફાળવાય પરંતુ વધારાનાં નીરની યોજનાનો ઉલ્લેખ સુદ્ધાં ન હોય. ફરી એ જ અન્યાયના રોદડાં રોવાય. કચ્છને રંજ એ વાતનો છે કે સૌરાષ્ટ્ર માટે 'સૌની' યોજનાનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે. ગયા વર્ષે આનંદીબેનનાં સ્થાને વિજય રૂપાણી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા એ પછી ૩૦મી ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ નજીક આજી-૩ ડેમમાં નર્મદાનાં નીર વહેતાં કરીને યોજનાના પ્રથમ તબક્કાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. **એટલું જ નહીં આ વખતે પણ સૌની માટે બજેટમાં વધુ રૂ. ૧૬૯૮ કરોડ ફાળવવામાં આવ્યા છે. ટૂંકમાં રાજકોટીયન રૂપાણી સરકારને સૌરાષ્ટ્રપ્રેમ વિશેષ હોય એવી કચ્છીઓ પર છાપ પડી છે.** નર્મદા યોજના સાકાર થઈ શકી છે એના પાયામાં કચ્છનું કારણ છે એ ઐતિહાસિક તથ્ય છે છતાં યોજનાનો લાભ કચ્છને આપવામાં તત્પરતા નથી દાખવવામાં આવતી એ સૌએ સખેદ કબૂલવું રહ્યું. અલબત્ત, સૌરાષ્ટ્ર પણ કચ્છની જેમ જ પાણીની અછતથી પીડાતો પ્રદેશ છે અને ત્યાંની પાણી સમસ્યા દૂર થાય એમાં કોઈ વાંધો હોઈ શકે નહીં **પરંતુ વરસાદના પ્રમાણને સંબંધ છે ત્યાં સુધી એ વિસ્તાર કચ્છ કરતાં સુખી છે. હકીકતમાં સૌરાષ્ટ્રની તુલનાએ કચ્છનું રાજકીય વજન ઓછું પડે છે. આપણા જનપ્રતિનિધિઓ દબાણ ઊભું નથી કરી શકતા. વિપક્ષનું કહેવું છે કે ૭૬ કરોડ ફાળવવાથી વધારાના પાણીની યોજનામાં કંઈ થઈ શકવાનું નથી. આ સમગ્ર યોજના પાંચ હજાર કરોડથી વધુની છે અને તે પૈકી બસ્સોથી ૩૦૦ કરોડ ફાળવવામાં આવત તો તેને શુભ શરૂઆત માની શકત. વધારાના પાણીનો મુદ્દો** આ અખબારમાં વખતો વખત ઉઠાવાતો રહ્યો છે એનું કારણ એ છે કે નર્મદાના સિંચાઈની નહેર મર્યાદિત વિસ્તારમાં જ જવાની છે પરંતુ વધારાના નીરથી કચ્છના જળાશયોમાં પાણી ભરી શકાશે અને એ રીતે સમગ્ર જિલ્લાના કિસાનો, પશુપાલકોને ફાયદો થશે.

**બજેટમાં નર્મદાની કચ્છ શાખા નહેરની કામગીરી માટે રૂ. ૭૯૧ કરોડ ફાળવવામાં આવ્યા તેની નોંધ લેવી રહી.** ધમધોકાર કામ ચાલી રહ્યું છે. અમુક જગ્યાએ જમીન સંપાદનમાં અસહકારના લીધે કામ આગળ વધી નથી શક્યું. **એ સિવાય ૩૫૭ કિ.મી. પૈકી ૩૦૦ કિ.મી. નું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે.** રણને અભયારણ્યમાં પર્યાવરણ મંજૂરીને લઈને અપાયેલું કામ પણ લીલીઝંડી મળી જતાં ઘણું આગળ વધી ચૂક્યું છે. તેવી જ રીતે ગાંધીધામ સંકુલનો જેના પર આધાર છે એ ટપ્પર ડેમ ભરવા માટે રૂ. ૧૬૦ કરોડની ફાળવણી પણ નોંધનીય છે. એટલે જ અફસોસ થાય છે કે વધારાના નીરની યોજના પણ સમાંતર આગળ ધપાવવામાં આવી હોત તો કચ્છના સૂકા વિસ્તારને લાભ મળત. કચ્છના શોષાતા ભૂગર્ભ જળને ફાયદો થાત.

નાણામંત્રી નીતિન પટેલે પેશ કરેલા બજેટની એક બાબત કચ્છીઓને ખાસ તો ખેડૂતોને કઠે તેવી છે. એ છે દક્ષિણ ગુજરાતમાં સજીવ ખેતી યુનિવર્સિટીની સ્થાપના. આ જાહેરાતે કચ્છની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. આ સૂકા અને સરહદી જિલ્લામાં સજીવ ખેતીનું ચલણ વધ્યું છે. એટલું જ નહીં અહીંની ભૌગોલિક સ્થિતિ આબોહવા વગેરે પરિબળો સજીવ ખેતીને એકદમ અનુકૂળ છે. કચ્છે ભૂતકાળમાં ગાંધીનગર સુધી આ માટે દાવો પેશ કયો હતો છતાં કચ્છને હાથ ઘસતા રહી જવું પડ્યું છે.

તેવી જ રીતે સમુદ્રના પાણીને મીઠાં પાણીમાં ફેરવવાના ડિસેલિનેશન પ્લાન્ટ મુદ્દે પણ સરકારનું વલણ આઘાતજનક છે. કચ્છમાં વ્યાપક ઉદ્યોગીકરણ પછી પાણીનો પ્રશ્ન ગંભીર છે અને ડિસેલિનેશન પ્લાન્ટની યોજના વિવિધ તબક્કે ચર્ચાતી રહી છે. ટેન્ડર પ્રક્રિયા સુધી આ યોજના પહોંચી ગઈ હોવા છતાં આખી બાબત પડતી મૂકીને મુખ્યમંત્રીએ જામનગર નજીક જોડિયા ખાતે ૧૦૦ એમએલડીનો પ્લાન્ટ નાખવાની જાહેરાત કરી છે અને રૂ. ૧૦ કરોડની ફાળવણી સુદ્ધાં કરી દેવાઈ છે. કચ્છના ઉદ્યોગકારોએ લોકપ્રતિનિધિઓના માધ્યમથી સરકારનો ખુલાસો પૂછવો જોઈએ કે આવું કેમ? કચ્છનાં ઉદ્યોગોને પાણીની જરૂરિયાત તીવ્ર હોવા છતાં કચ્છનો ડિસેલિનેશન પ્લાન્ટ અભેરાઈએ શા માટે ચડાવી દેવાયો.

મુખ્યમંત્રી વિજય રૂપાણી કચ્છ આવ્યા હતા ત્યારે કચ્છમિત્ર સાથેની વાતચીતમાં નર્મદાના વધારાના નીર અંગે ખાતરી આપી હતી. બજેટ પૂર્વે કચ્છના જનપ્રતિનિધિઓએ તેમને રૂબરૂ મળીને રજૂઆત સુદ્ધાં કરી હતી. એના અનુસંધાને સરકારે બજેટમાં વાયદો નિભાવ્યો, પણ નિભાવવા ખાતર જ!

***કચ્છમિત્ર, તા. ૨૩-૨-૨૦૧૭***

## હવે નર્મદા મુખ્ય નહેરનું ૫૭ કિ.મી.નું કામ બાકી

નર્મદાના સિંચાઈના પાણી વહેલામાં વહેલી તકે મુંદરા તથા માંડવીના ખેડૂતોને મળે તે માટે નડતા પ્રશ્નોના ઉકેલ માટેની એક બેઠકનું આયોજન ધારાસભ્ય તારાચંદભાઈ છેડાના પ્રમુખસ્થાને પ્રાંત કચેરી મુંદરામાં કરવામાં આવ્યું હતું. જેમાં નર્મદા નિગમના ડાયરેક્ટર મુકેશભાઈ ઝવેરી, કાર્યપાલક ઇજનેર શ્રી બાળઝોડ, નર્મદા નિગમના

અધિકારીઓ ઉપરાંત ૨૦૦ ખેડૂતો હાજર રહ્યા હતા.

નર્મદા નિગમના ડાયરેક્ટર મુકેશભાઈ ઝવેરીએ કચ્છની ૩૫૭ કિ.મી. ની નર્મદા મેઈન કેનાલનું કામ હવે માત્ર ૫૭ કિ.મી. બાકી રહ્યું છે અને યુદ્ધના ધોરણે આ કામ ચાલી રહ્યું છે. ત્યારે સહુના સહકારની અપેક્ષા બાકી કામ વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય તે માટે સાથ આપવા ખેડૂતોને અપીલ કરી હતી. ખેડૂતોને મુખ્ય પ્રશ્ન જેમણે રાજીખુશીથી પોતાની જમીનો આપી છે તેમને ખૂબ જ ઓછા ભાવ મળ્યા છે, જ્યારે જેમણે કામ અટકાવેલું છે તેવા ખેડૂતોને ઘણા ભાવ મળવાના છે. તે બાબતે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી અને ફળ-ઝાડના ભાવો પણ ખૂબ જ ઓછા હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું.

આ બાબતે નર્દાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૦૧૪ સુધી જે ખેડૂતોએ જમીનનો કબ્જો આપેલો છે તથા જેમના કરાર થઈ ગયેલા છે તેમને તે પ્રમાણેના ભાવ મળ્યા છે. જ્યારે ત્યાર પછી સરકારે નિયમોમાં સુધારો કરતાં ચારગણા જંત્રીના ભાવ કરતાં વધુ મળશે તેવું જણાવેલું પણ ખેડૂતો બધાને સરખો ભાવ મળે તે માટે રજૂઆતો કરી હતી.

પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી છેડાએ ભાવ વધારે બાબત તથા ફળ-ઝાડના ભાવો આગામી વિધાનસભાના સત્રમાં તેઓ તરફથી યોગ્ય રજૂઆતો કરવામાં આવશે. નાના-મોટા ૧૦૦ પ્રશ્નો આ બેઠકમાં રજૂ થયા હતા, જે બાબતે અધિકારીઓએ સાનુકૂળ જવાબો આપીને યોગ્ય કરવાની ખાતરીઓ આપી હતી અને સ્થળ ઉપર અનેક પ્રશ્નોના નિકાલ પણ કર્યા હતા.

*કચ્છમિત્ર, તા. ૧૫-૨-૨૦૧૭*

## વાગડ પંથકમાં નર્મદા નહેરની ૨૩૭૯ કિ.મી. લાંબી પેટા શાખાની નહેરોના ટેન્ડરને મંજૂરી.

વાગડથી કચ્છમાં પ્રવેશતી નર્મદા નહેરની નાની અને પેટા નહેરોના બાકી રહેતા તમામ કામો માટે વધારાના રૂ. ૧૯૮ કરોડના ટેન્ડર બહાર પડી જતાં વર્ષોથી પાણીની સમસ્યા વેઠતા મુલકમાં હરખનો માહોલ છવાયો છે.

નર્મદાના નીર માટે ખાસ કરીને રાજ્ય સરકારે ગંભીરતાથી લઈ કુલ ૪૧૧.૭૫૪ કરોડના ટેન્ડર બહાર પડતાં હવે તમામ ડિસ્ટ્રીબ્યુટરીના કામો હાથ ધરવામાં આવશે. જે પેટા કેનાલો (ડિસ્ટ્રીબ્યુટરી) ના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે તેની પેટા શાખાઓની કુલ લંબાઈ ૨૩૭૯ કિલોમીટર થાય છે.

રાપર તાલુકા નર્મદાનું પ્રવેશદ્વાર હોઈ નર્મદાના નીરનો પ્રથમ તબક્કે જ લાભ મળતાં વાગડનો સર્વાંગી વિકાસ શક્ય બન્યો છે. મોટાભાગના વિસ્તારની પીવાના પાણીની સમસ્યા નર્મદાના નીર થકી ઉકેલાઈ છે.

*કચ્છમિત્ર, તા. ૬-૨-૨૦૧૭*

## કેનાલ નેટવર્કના આયોજનનો અભાવ : કિંમતી પાણી વેડફાય છે

એક બાજુ કરોડો લિટર પાણી વહી જાય છે અને બીજી તરફ અમદાવાદ જિલ્લા સહિતના ગુજરાતના ઘણાય વિસ્તારોમાં પીવાનું પાણી મળતું નથી, સિંચાઈની સગવડ મળતી નથી. હકીકતમાં આ બધી આયોજનની કમી છે. ચીન કે અન્ય દેશોમાં યોજનાનો ડેમ અને તેનું કેનાલ નેટવર્ક બધું એક સાથે પૂરું થતું હોય છે. એટલે સિંચાઈ યોજના શરૂ થાય તે સાથે જ છેવાડાના વિસ્તારોમાં પાણી મળવા માંડે છે. જ્યારે ગુજરાતમાં હજારો કિ.મી.નું કેનાલ નેટવર્કનું કામ જ બાકી છે. પરિણામે સિંચાઈ માટેનું પાણી દરિયામાં વહી જાય છે.

એક માહિતી મુજબ સિંચાઈ પાણીની ફાળવણી પાછળ પ્રતિ હેક્ટર ૨.૨૭ લાખ રૂપિયાનો અધધ ખર્ચ થાય છે. તેમ છતાં દર વર્ષે તંત્ર મોંઘામૂલું પાણી વેડફાતું અટકાવી શકતું નથી. વડગામથી સલી, ઝાડિયાણાની માઈનોર કેનાલ પર ઠેર ઠેર પાઈપ લાઈનો દ્વારા ખાડાઓ ભરવામાં આવ્યા હોવાથી છેવાડાના ખેડૂત સુધી પાણી પહોંચતું નથી. ક્યાંક તો માઈનોર કેનાલો બનાવ્યા પછી તેમાં પાણી વિતરણ અંગેના કોઈ જ નિયમો પાળવામાં આવતા નથી. કરોડો રૂપિયાની કેનાલોનો ખર્ચ કર્યા પછી પણ મશીન વડે પાણી ખેંચવું પડતું હોવાથી સ્થાનિક લોકો મજાકમાં નર્મદા યોજનાને મશીન યોજના કહેવા લાગ્યા છે.

*ગુજરાત સમાચાર, તા. ૧-૨-૨૦૧૭*

## ખામી ભરેલી વિતરણ વ્યવસ્થાના કારણે

### દર વર્ષે નર્મદા યોજનાનું કરોડો લિટર પાણી કચ્છના નાના રણમાં વહી જાય છે.

નર્મદા કેનાલનું કરોડો લિટર પાણી કચ્છના નાના રણમાં વેડફાતું હોવાથી ભર શિયાળે ચોમાસા જેવો માહોલ ઉભો થયો છે. આ પાણી ખારાઘોડાથી શરૂ કરીને નિમકનગર સુધીના ૫૦ કિમી જેટલા વિસ્તારમાં પથરાયેલું છે. એક બાજુ પાણી મૂલ્યવાન છે તેનો પ્રચાર કરવામાં આવે છે બીજી બાજુ કેનાલોમાંથી રણમાં વહી જતા પાણીને તંત્ર અટકાવી શકતું નથી.

પ્રાપ્ત માહિતી મુજબ રવિપાકોમાં ખેડૂતો પિયત કરી શકે તે માટે ઓક્ટોબરથી માર્ચ મહિના સુધી રણ પ્રદેશ પાસે માળિયા, મોરબી તરફની કેનાલ, વિરમગામ, પાટડી અને ઝીંઝુવાડા તરફની કેનાલોમાંથી પાણી છોડવામાં આવે છે. જો કે કેનાલોની અધૂરી અને નબળી કામગીરી તેમજ ખામી ભરેલી વિતરણ વ્યવસ્થા હોવાથી ખેડૂતો નર્મદાનું પાણી કુદરતી ખાડાઓ અને વોકળામાં સંગ્રહ કરીને મશીનો વડે ખેતર સુધી પહોંચાડે છે. ક્યાંક કાચા ધોરિયા કરીને ખેડૂતો પાકને પાણી આપે છે પરંતુ જરૂરીયાત પૂરી થઈ ગયા પછી ખેડૂતો પણ પાણી વહાવી દેતા હોવાથી ઓવરફ્લો થઈને રણમાં જમા થતું જાય છે.

આ અંગે એક સ્થાનિક ખેડૂત ભુપેન્દ્રભાઈના જણાવ્યા મુજબ એક ખેડૂત પાંચ વર્ષ સુધી એના ખેતરમાં પિયત કરી શકે તેટલું પાણી એક વર્ષમાં વેડફાય છે. દસાડા, માલવણ, ધાંગ્રધા અને માલવણ વિસ્તારના કેટલાય ગામોમાં નર્મદા યોજના ખાડા ભરો યોજના બની ગઈ છે. અન્ય એક ખેડૂત રણશીભાઈના જણાવ્યા મુજબ પિયત માટેનું પાણી દરેક પિયત મંડળીના છેવાડાના ખેડૂતો સુધી પહોંચાડવાનું હોય છે. પરંતુ નવાઈની વાત તો એ છે કે પિયત મંડળીઓ માત્ર કાગળ ઉપર જ બનાવવામાં આવી છે. આથી જે તે ગામની નજીકના ખાડાઓ અને વોકળામાં પાણી ભરીને ખેડૂતો મશીનો વડે પાણી પીવડાવે છે. આ ખાડાઓ અને વોકળામાંથી પાણી ઓવરફ્લો થઈને કરોડો લિટર પાણી રણમાં વહી રહ્યું છે.

*ગુજરાત સમાચાર, તા. ૧-૨-૨૦૧૭*

## હૃદયને ધબકતું રાખતાં સ્ટેન્ટના ભાવ દિલ તોડી નાંખે તેવા

હૃદયરોગીની સારવારમાં એક ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે અને આ ફેરફાર બોલપેનની રિફીલ સાથે વપરાતી ટચુકડી સ્પ્રિંગ જેવા ધાતુની જાળીના બનેલા સ્ટેન્ટને પરિણામે આવ્યો છે. જેથી પેશન્ટોમાં ફફડાટ ફેલાવનાર બાયપાસ સર્જરીને બાયપાસ કહી શકાય છે. કારણ કે આ જટીલ શસ્ત્રક્રિયાને બદલે નોનસર્જિકલ એન્જિયોપ્લાસ્ટી વડે હૃદયરોગીને હેમખેમ રાખી શકાય છે.

આ રીતે તો હૃદયરોગના દર્દીઓ માટે એન્જિયોપ્લાસ્ટિ ઓપન હાર્ટ સર્જરીનો ઓછી કિંમતનો જીવન બચાવનાર વિકલ્પ હોવો જોઈએ. પરંતુ ભારતમાં હોસ્પિટલો દ્વારા વધારાયેલી સ્ટેન્ટની કિંમતો એન્જિયોપ્લાસ્ટિકના ખર્ચની ગણતરીને ઊંધી વાળતી હોવાનું જણાય છે, એમ લીગલ મેટ્રોલોજી ઓર્ગેનાઈઝેશન (એલએમઓ) ની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું.

હૃદયની શસ્ત્રક્રિયામાં જરૂર પડ્યે બેસાડવામાં આવતા સ્ટેન્ટની કિંમત ઉપર હોસ્પિટલ્સવાળા અને કેટલાંક તબીબોના એજન્ટો ૬૦૦ થી ૧૦૦૦ ટકાથી વધુ નફો લેતા હોવાનું જાણીને દર્દીના સાજા સારા કુટુંબીજનોને પણ હૃદયરોગનો હુમલો આવી શકે છે. સ્ટેન્ટ ઉપર ભાવ નિયંત્રણ લાવતાં પહેલાં તેની પડતર અને વેચાણ કિંમત જાણવા માટે નિયમનકાર નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ) એ એક વર્ષ સુધી અભ્યાસ કર્યા બાદ કાઢેલા નિષ્કર્ષનું વરવું પાસું એ છે કે સ્ટેન્ટના ઉત્પાદકનો નફાગાળો ૨૦ થી ૫૬ ટકાનો છે, જેની સામે હોસ્પિટલનો નફાગાળો તેનાથી અનેકગણો વધારે છે. આ નફાખોરીને કારણે જે ધાતુના આયાતી સ્ટેન્ટની પડતર કિંમત ૧૬,૭૪૯ રૂપિયા સુધીની હોય તેની કિંમત દર્દી રૂા. ૫૦૦૦૦ થી એક લાખ રૂપિયા ચૂકવે છે. જ્યારે ઔષધયુક્ત સ્ટેન્ટની પડતર કિંમત ૪૦,૦૦૦ રૂપિયા જેવી હોય છે. જેના દર્દી ચૂકવે છે રૂપિયા બે લાખ. હોસ્પિટલના અને શસ્ત્રક્રિયા કરનારા ડોક્ટરની ફી અને અન્ય ખર્ચા દર્દી ચૂકવે તે તો જુદા.

*ગુજરાત સમાચાર, તા. ૧૯-૨-૨૦૧૭*

## સ્ટેન્ટ બનાવતી કંપનીઓ પર સરકારની ચાંપતી નજર

### કોરોનરી સ્ટેન્ટની કૃત્રિમ અછત ઉભી કરનાર કંપનીઓ વિરુદ્ધ સરકાર કાર્યવાહી કરશે.

જીવનરક્ષક કોરોનરી સ્ટેન્ટની કૃત્રિમ અછત ઉભી કરનાર કેટલીક કંપનીઓ પર ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે અને આવા અનૈતિક કાર્યોમાં સંડાવાયેલી કંપનીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ સરકારે આજે જણાવ્યું હતું.

**ઉલ્લેખનીય છે કે ૧૪ ફેબ્રુઆરીએ સરકારે બેર મેટલ સ્ટેન્ટની કિંમત ઘટાડીને ૭૨૬૦ રૂપિયા અને ડ્રગ એલ્યુટીંગ સ્ટેન્ટની કિંમત ઘટાડીને ૨૯,૬૦૦ રૂપિયા કર્યા પછી હોસ્પિટલોમાં સ્ટેન્ટની અછત સર્જાઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.**

નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ), ડ્રગ કન્ટ્રોલર જનરલ ઇન્ડિયા (ડીસીજીઆઈ) અને આરોગ્ય મંત્રાલયે ઘટાડેલા ભાવે પૂરતા પ્રમાણમાં સ્ટેન્ટ ઉપલબ્ધ કરાવવાનો આદેશ આપ્યો છે.

ફાર્મા સચિવ જયપ્રિયે પ્રકાશે પત્રકારોને જણાવ્યું હતું કે સ્ટેન્ટની કૃત્રિમ અછત ઉભી કરનારી કેટલીક કંપનીઓ પર નજર રાખી રહ્યાં છીએ અને તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશમાં હૃદયરોગના દર્દીઓને પૂરતા પ્રમાણમાં સમયસર સ્ટેન્ટ મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે અમે શક્ય તમામ પગલા ભરીશું.

ફાર્માસ્યુટીકલ વિભાગે એનપીપીએ, ડીસીજીઆઈ અને આરોગ્ય મંત્રાલયને પત્ર લખી કૃત્રિમ અછત દૂર કરવા તાત્કાલિક જરૂરી પગલા ભરવાની વિનંતી કરી છે.

૧૩ ફેબ્રુઆરીએ એનપીપીએ દ્વારા કોરોનરી સ્ટેન્ટના મહત્તમ ભાવ નક્કી કરી દેવામાં આવ્યા છે. આ નિર્ણય પછી હોસ્પિટલો અને બજારમાં સ્ટેન્ટની અછત સર્જાઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. નવા ભાવના લેબલ લગાડવાના કારણે કંપનીઓ હોસ્પિટલમાંથી સ્ટેન્ટ પરત લઈ રહી હોવાથી હોસ્પિટલોમાં સ્ટેન્ટની અછત સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે.

સ્ટેન્ટની વધુ કિંમત લેનાર હોસ્પિટલનું લાયસન્સ રદ થશે.

કોરોનરી સ્ટેન્ટની નિર્ધારિત કરેલી રકમથી વધુ રકમ લેનાર હોસ્પિટલ કે સ્ટેન્ટ વિતરક વિરુદ્ધ લાઈસન્સ રદ કરવા સહિતની કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ કેન્દ્રીય પ્રધાન અનંતકુમારે જણાવ્યું હતું. મુંબઈ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં ભાજપ માટે પ્રચાર કરવા અનંતકુમાર આજે મુંબઈ આવ્યા હતાં. તેમણે કહ્યું હતું કે કેન્દ્રે સ્ટેન્ટના ભાવ ૮૫ ટકા ઘટાડ્યા છે. સરકારના આ નિયમનું પાલન દરેક હોસ્પિટલ અને સ્ટેન્ટ વિતરકે કરવાનું રહેશે.

*ગુજરાત સમાચાર, તા. ૧૮-૨-૨૦૧૭*

## ૧૩૧ મિનિટમાં હૃદય સુરતથી મુંબઈ ટ્રાન્સફર કરીને ટ્રાન્સપ્લાન્ટ કરાયું

સુરતના મોઢ પટણી ઘાંચી સમાજના બ્રેઈનડેડ આધેડના હૃદય, અંગ અને ચક્ષુદાનથી ચાર વ્યક્તિને નવજીવન અને બે વ્યક્તિને આંખોની રોશની મળી છે. પરિવાર અંગદાન માટે સંમત થયા બાદ ૧૩૧ મિનિટમાં સુરતથી તેમનું હૃદય મુંબઈ ટ્રાન્સફર કરીને ટ્રાન્સપ્લાન્ટ કરાયું હતું. સુરતમાં જ હૃદય ટ્રાન્સફર કરવાની આ આઠમી ઘટના છે.

પ્રાપ્ત માહિતી મુજબ, સુરતના કતારગામ રણછોડજી પાર્કમાં સોસાયટીમાં રહેતા ૪૮ વર્ષીય શૈલેષભાઈ મનહરલાલ ગોટલાવાલા ટેક્ષટાઈલ માર્કેટમાં એસ.આર. ટેક્ષમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હતા. તા. ૬ ફેબ્રુઆરીએ રાતે ૮ વાગ્યે ઘરે જતી વેળા બ્લડપ્રેશર વધી જતા બાઈક પરથી ઉતરીને સાઈડમાં બેસી ગયા બાદ તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને ૧૦૮ માં ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા બાદ મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો ન્યુરોસર્જરી કરીને

દૂર કરાયો હતો. તા. ૯મીએ તેમને અન્ય ખાનગી હોસ્પિટલમાં શિફ્ટ કરાયા બાદ તા. ૧૦મી એ બ્રેઈનડેડ જાહેર કરાયા હતા.

આ અંગે ડોનેટ લાઈફના નિલેશ માંડલેવાલાને જાણ કરાતા તેમણે શૈલેષભાઈના પરિવારને મળીને અંગદાનનું મહત્ત્વ સમજાવતા સમસ્ત પરિવાર તે માટે સંમત થયો હતો. બાદમાં અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું જ્યારે મુંબઈની હોસ્પિટલે હૃદયનું દાન સ્વીકાર્યું હતું. ચક્ષુઓનું દાન સુરતની લોકદૃષ્ટી બેંકને કરાયું હતું. દાનમાં મેળવાયેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ મુંબઈમાં ૩૬ વર્ષીય મૂળ પૂણેના ઈન્દાપુર તાલુકાના વતની વિઠ્ઠલ જાદવને કરાયું હતું. ૧૦ દિવસમાં તેને હૃદય ન મળે તો મૃત્યુ નિશ્ચિત હતું. ગ્રીન કોરીડોર બનાવી સુરતથી મુંબઈ, મહારાષ્ટ્ર હૃદય ટ્રાન્સફર કરી ટ્રાન્સપ્લાન્ટ કરવાનો ચૌદ મહિનામાં આ આઠમો કિસ્સો છે.

*ગુજરાત સમાચાર, તા. ૧૨-૨-૨૦૧૭*

## હાર્ટ - લીવર - કિડની ટ્રાન્સપ્લાન્ટનો ૫૦ ટકા હવાઈ ખર્ચ સરકાર આપશે

હાર્ટ, લીવર કે કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે સમય મર્યાદા જાળવવા હેલિકોપ્ટર કે વિમાનનો ઉપયોગ કરવાનો થશે તો તે માટેનો ૫૦ ટકા ખર્ચ સરકાર ભોગવશે. પ્રશ્નોત્તરી દરમિયાન પૂછાયેલા પ્રશ્નના જવાબમાં આરોગ્યમંત્રી શંકર ચૌધરીએ આવી જાહેરાત ગૃહમાં કરી હતી. ઉપરાંત અમદાવાદની વર્લ્ડ બેસ્ટ કિડની હોસ્પિટલને અતિ આધુનિક બનાવવાનું કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

ભાવનગર અને સુરત અવયવ દાનમાં અગ્રેસર છે. સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ૫૩,૯૬૬ ચોરસમીટર જમીન પર રૂા. ૨૯૫ કરોડના ખર્ચે ૧૦ માળના અતિ આધુનિક બિલ્ડિંગનું નિર્માણ થઈ રહ્યું છે. આ હોસ્પિટલમાં ૨૦૧૫માં ૭૧ કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ૨૦૧૬માં ૧૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ થયા હતા. આ જ રીતે ગત વર્ષે ૨૬ લીવર ટ્રાન્સપ્લાન્ટ અને ૨૦૧૬માં ૫૩ લીવર ટ્રાન્સપ્લાન્ટ થયાં હતાં.

કોઈ પણ જરૂરિયાતમંદ દર્દીને યોગ્ય સારવાર મળે તે માટે આ વાત્સલ્ય યોજના ઉપરાંત મુખ્યમંત્રી અને વડાપ્રધાનના ફંડમાંથી જરૂરી સહાય આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

*ગુજરાત સમાચાર, તા. ૩-૩-૨૦૧૭*

## હૈદરાબાદમાં પાંચ વર્ષની બાળકીના લીવર ટ્રાન્સપ્લાન્ટ અને ઓપનહાર્ટ સર્જરી

હૈદરાબાદની એક હોસ્પિટલના ડોક્ટરોએ એક પાંચ વર્ષની બાળાની લીવર ટ્રાન્સપ્લાન્ટ અને ઓપનહાર્ટ સર્જરી કરીને તેને નવજીવન બક્ષ્યું હતું. આ બાળાને તેના આ બન્ને અંગોની નબળાઈના કારણે ઘણી શારીરિક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.

આ અંગે હોસ્પિટલના ડોક્ટરોએ માહિતી આપતા કહ્યું હતું કે આ પાંચ વર્ષીય બાળા, પાર્વતી રોહરા તેના આનુવાંશિક રોગ અલાજિલે સિન્ડ્રોમથી પીડાતી હતી. આવો રોગ એક લાખ બાળકે એકાદમાં જોવા મળે છે. તે રોગની અસર શરીરના અનૈચ્છિક અને સ્વયં સંચાલિત અંગો જેવા કે લીવર, હૃદય, ફેફસા, મુત્રપિંડ, હોજરી, આંતરડા કે હાડકા પર થતી હોય છે.

આ બધી સમસ્યાની આડ અસર એ થઈ હતી કે તેનું વજન ૧૦ કિલોગ્રામ હતું.

તેના પર ગત ૨૩મી જાન્યુઆરીએ ઓપન હાર્ટ સર્જરી કરીને પ્રથમ તેના હૃદયમાં જે ખામી હતી તે દૂર કરાઈ હતી. ત્યારબાદ તેની માતાના લીવરનો કેટલોક હિસ્સો મેળવીને તે બાળાના લીવરમાં આરોપીત કરાયો હતો. ત્યારબાદ તે બાળાની તબિયત સતત સુધરી રહી હતી અને સાતમી ફેબ્રુઆરીએ રજા અપાઈ હતી.

આમ આ હોસ્પિટલે લીવરના જીવંત દાતાના લીવરનો હિસ્સો લઈ, અન્ય દર્દીના શરીરમાં ટ્રાન્સપ્લાન્ટ કરીને તેમણે આગામી બે વરસમાં આ બાળા સામાન્ય બાળકો જેવું જીવન જીવતી થઈ જશે તેવી આશા વ્યક્ત કરી હતી.

*ગુજરાત સમાચાર, તા. ૨૬-૨-૨૦૧૭*

## કચ્છની ૬૦ વર્ષની મહિલાએ અમદાવાદમાં માતૃત્વ ધારણ કર્યું.

કચ્છના ૬૦ વર્ષના મહિલાએ આઈવીએફ ટેકનોલોજીથી અમદાવાદમાં માતૃત્વ ધારણ કરતાં પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો છે.

ભચાઉ તાલુકાના વોંધ ગામના સુશીલાબેન પંડ્યાએ ડો. મેહુલ દામાણીની ખાનગી હોસ્પિટલમાં બાળકીને જન્મ આપ્યો છે. વધુ આશ્ચર્યની બાબત એ પણ છે કે તેમને ધાવણ પણ શરૂ થયું છે.

૧૫ વર્ષ અગાઉ મેનોપોઝમાં આવી ગયા હતા. બે વર્ષ અગાઉ પ્રથમવાર આઈવીએફ સાઈકલ પૂરી કરી હતી. તેમને એક લાખનો ખર્ચ થયો હતો તેમાં બેલડું હતું પણ ત્રણ માસ બાદ ગર્ભપાત થઈ ગયો હતો. તેમણે હિંમત હાર્યા વિના ફરી બીજીવાર આઈવીએફ ટેકનોલોજીથી સારવાર કરાવતાં આ વખતે સફળતા સાંપડી છે. માતા અને બાળકી બંને સ્વસ્થ છે.

સુશીલાબેનને ડાયાબિટીસ અને હાયપર ટેન્શન હોવા છતાં માતૃત્વ ધારણ કરવા તૈયાર થયા હતા. તેમના પતિ પ્રવીણભાઈ પંડ્યા સરકારી કર્મચારી છે.

*કચ્છમિત્ર, તા. ૧૮-૨-૨૦૧૭*

## ૩૫ લાખથી વધુ ગુજરાતીઓની વસતિ ધરાવતી મુંબઈની મહાપાલિકાની ચૂંટણીમાં ૨૮ ગુજરાતી ઉમેદવારોનો વિજય

મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણીમાં ગુજરાતીઓને ભાજપે ખોબલે ખોબલે મત આપ્યા હતા. આથી ભાજપે શિવસેનાથી માત્ર બે ઓછી બેઠક મેળવી છે. પાલિકાની ચૂંટણીમાં ૨૮ ગુજરાતી ઉમેદવાર ચૂંટાઈને આવ્યા હતા. એમાં એક શિવસેના ઉમેદવારનો સમાવેશ થાય છે. મુંબઈમાં સૌથી વધુ અને વિક્રમજનક મતથી બોરીવલીના ભાજપના નગરસેવક તથા ઉમેદવાર પ્રવીણ શાહ

૧૯૫૫૬ મતથી ચૂંટાઈને આવ્યા હતા.

બોરીવલી (વેસ્ટ) માં વાર્ડ નં. ૧૫ થી વર્તમાન નગરસેવક તથા ત્રીજી ટર્મ માટે ચૂંટાઈને આવેલા પ્રવીણ શાહને બોરીવલી જનતાએ ૧૯૫૫૬ મતોથી વિજયી બનાવ્યા હતાં.

વોર્ડ નં. ૧૫ માં ૫૪૩૭૧ મતદારો પૈકી ૩૧૧૭૭ મતદારોએ મતદાન કર્યું હતું. એમાંથી પ્રવીણ શાહને ૨૨૮૬૦ મત મળ્યા હતા. તેમના નજીકના પ્રતિસ્પર્ધી પરેશ સોનીને ૩૩૦૪ મત મળતાં પ્રવીણ શાહ ૧૯૫૫૬ મતની સરસાઈથી જીતી ગયા હતા.

જયારે ૨૫ વર્ષથી નગરસેવક પદ પર બિરાજમાન ભાજપની સીનિયર નગરસેવક ડૉ. રામ બારોટ મલાડથી છઠ્ઠી વખત ભારે મતોથી એટલે કે ૧૦૭૯૮ ની સરસાઈથી ચૂંટાઈને આવ્યા છે. તેઓ વર્ષ ૧૯૯૨ થી ૨૦૧૨ સુધી પાંચ ટર્મ અને હવે વર્ષ ૨૦૧૭ થી નવી ટર્મ શરૂ થતી પાલિકામાં ફરી ચૂંટાઈને આવતાં પાલિકામાં સૌથી સીનિયર નગરસેવક તરીકે ડૉ. રામ બારોટ છે.

આ સિવાય દહીંસર (પૂર્વ) થી જગદીશ ઓઝા, બોરીવલીથી હરેશ છેડા, જિતેન્દ્ર પટેલ, બીના દોશી, કાંદિવલી (વેસ્ટ) થી લીના પટેલ દેહેલકર, મલાડથી સેજલ દેસાઈ, દક્ષા પટેલ, ગોરેગામથી સૌથી યુવાન ઉમેદવાર હર્ષ ભાર્ગવ પટેલ, સંદીપ પટેલ, અંધેરી (વેસ્ટ) થી રેણુ હંસરાજ, સુનીતા મહેતા, હેતલ શાહ ચૂંટાઈને આવ્યા છે. હર્ષ પટેલ બાબત તો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એવા શબ્દો ઉચ્ચાર્યા હતા કે સોનાવાળા ભલે હાર્દિક પટેલને બોલાવે તેની સામે અમારો હર્ષ પટેલ કાફી છે. મુલુંડના ભાજપના સાંસદ કિરીટ સોમૈયાએ તનતોડ મહેનત કરીને ત્યાંની છ એ છ બેઠક ભાજપને જીતાડી આપી હતી. એમાં ગુજરાતી ઉમેદવારમાં પાલિકાના ગ્રુપ લીડર તથા સતત બે ટર્મથી ચૂંટાઈને આવેલા મનોજ કોટક, નીલ સોમૈયાનો સમાવેશ થાય છે. ઘાટકોપરથી પરાગ શાહ અને બિંદુ ત્રિવેદી જીત્યા હતા.

*ગુજરાત સમાચાર, તા. ૨૪-૨-૨૦૧૭*

## ભુજ-નલિયા બ્રોડગેજનું વાયોર સુધી વિસ્તરણ

અલાયદા બજેટની પરંપરા તોડીને આ વખતે સામાન્ય બજેટની સાથે જાહેર કરવામાં આવેલા રેલવેના બજેટમાં કચ્છ માટે સમાવિષ્ટ કેટલીક ફાળવણીઓ જાહેર કરવામાં આવી છે. ખાસ તો દેશના પ્રવાસન સ્થળોમાં જેમનું સ્થાન મળે છે તેવા કચ્છના પૂર્વ છેવાડે આવેલા મોટા મથક ધોળાવીરાને રેલવેથી જોડવાની વાત મહત્ત્વની હતી. ઉપરાંત જેની લાંબા સમયથી રજૂઆતો કરવામાં આવે છે, તે ભુજ નલિયા રેલવે લાઈન માટે નવા નાણાકીય વર્ષમાં ૪૬૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જેમાં તેના વાયોર સુધી વિસ્તરણ માટે જ માત્ર ૩૫ કરોડની રકમ ફાળવવામાં આવી છે.

જેટલીના રેલવે બજેટમાં ગુજરાત રાજયને ફાળવવામાં આવેલી ૩૯૯૪ કરોડની રકમમાંથી કચ્છને ૮૯૫ કરોડની રકમના કામોની જોગવાઈઓ કરવામાં આવી છે. જોકે, જિલ્લામાંથી ઉચ્ચ સ્તરે રજૂઆતો કરવામાં આવે તેવી સમસ્યાઓને જાણે બજેટમાં નજરઅંદાજ જ કરવામાં આવી હોવાનો સૂર ઊઠ્યો છે. રાજયની જે બે નવી રેલવે લાઈનો માટે સર્વે થશે તેમાં એક છે સામખિયાળી-ધોળાવીરા વચ્ચેની નવી લાઈનની દરખાસ્ત. ૭૦ કિ.મી. ના આ સર્વેના કાર્ય માટે ૧૮ લાખનો ખર્ચ કરવામાં આવશે. અમદાવાદ ડિવિઝનને ગેજ પરિવર્તન માટે જે ફાળવણી થઈ તેમાં ભુજ-નલિયા બ્રોડગેજ માટે ચાલુ નાણાકીય વર્ષમાં વધુ રકમ ફાળવણી થઈ છે. ડબલિંગ પરિયોજનામાં કચ્છને સંબંધ છે ત્યાં સુધી સામખિયાળીથી વીરમગામ માટે ૩૦૮ કરોડ અને સામખિયાળીથી પાલનપુર માટે ૧૨૬ કરોડ રૂપિયા ફાળવાયા છે.

આ સિવાય પણ રેલવે લાઈનોના નવીનીકરણ, સિંગલને ડબલ કરવા લુપ લાઈન અને કર્મચારી ક્વાર્ટર, કંડલા મુંદરા બંદરના વિકાસ સંબંધી વિવિધ દરખાસ્તોની જાહેરાતો કરવામાં આવી છે.

### રેલવે બજેટમાં કચ્છ

**સિંગલનું ડબલ લાઇનમાં પરિવર્તન**

ગાંધીધામ : કંડલા પોર્ટ : દસ લાખ (ફાળવણી)

ગાંધીધામ - આદિપુર : ૧ લાખ

**ટ્રેક નવીનીકરણ**

સામખિયાળી - કંડલા પોર્ટ, ૩૨ કિ.મી : ૮૯.૩૩ લાખ

ગાંધીધામ યાર્ડ, ૭ કિ.મી. : ૨૦ લાખ

ગાંધીધામ - ભુજ, ૫૧.૨૯ કિ.મી. : ૧.૨૫ કરોડ

**વધારાની લુપ લાઇન**

ગાંધીધામ - વિરમગામ વચ્ચેના ૭ સ્ટેશન : ૧૦ હજાર

ગાંધીધામ - આદિપુર બાયપાસ લાઈન : ૧.૭૧ કરોડ

**લુપ લાઇન નવીનીકરણ**

સામખિયાળી - કંડલા પોર્ટ : અઢી કરોડ

**પોર્ટ - ગાંધીધામ સંબંધી જોગવાઇઓ**

વેગન મેઈન્ટેનન્સ સુવિધા : ૪૨ લાખ

કંડલા પોર્ટ યાર્ડમાં મોડેલિંગ : ૫ કરોડ ૭ લાખ

રેલવેના કર્મચારીઓ માટે ૭૦ ક્વાર્ટર : ૫૦ લાખ

ગુડઝ શેડમાં નવું પ્લેટફોર્મ : ૧ લાખ

*કચ્છમિત્ર, તા. ૬-૨-૨૦૧૭*

## શ્વેત રણનાં સૌંદર્યથી કેન્દ્રીય મંત્રી મંત્રમુગ્ધ... કચ્છી ફળો હવાઈ માર્ગે જરૂર વિદેશોમાં જશે

માત્ર ઘરઆંગણે જ નહીં, પરંતુ વિદેશોની બજારમાં પણ કચ્છના બાગાયતી ફળોએ સ્થાન ઊભું કરવા માંડ્યું છે ત્યારે વિશ્વભરમાં કાઠું કાઢવાનું કૌવત ધરાવતા કચ્છની ખેતી તેમજ ખેડૂતોને પ્રોત્સાહન આપવા વિદેશોમાં નિકાસ માટે કચ્છને 'એર કાર્ગો' ની સુવિધા આપવાની દિશામાં કેન્દ્ર સરકાર હકારાત્મક વલણ સાથે આગળ વધશે તેવું કેન્દ્રમાં નાગરિક ઉડ્ડયન રાજયપ્રધાન જયંત સિંહાએ આજે અહીં જણાવ્યું હતું

કચ્છમાં કૃષિની કાયાપલટ થવા માંડી છે અને ખાસ તો બાગાયત

ક્ષેત્રે વિદેશોમાં કચ્છી કિસાનોએ નામના મેળવી છે ત્યારે ઝડપી નિકાસ માટે કચ્છને કેન્દ્ર તરફથી પૂરતી સુવિધા ક્યારે મળશે તેવા 'કચ્છમિત્ર' એ પૂછેલા પ્રશ્નના જવાબમાં સિંહાએ કહ્યું કે 'એર કાર્ગો' જેવી સુવિધા આપવાની અમારી તૈયારી છે. કચ્છના સાંસદને આ સંદર્ભમાં સરહદી પ્રદેશના ધરતીપુત્રોની માંગ, નિકાસ માટેની તૈયારી, જરૂરિયાત સહિતના મુદ્દાઓ સાથે વિગતવાર દરખાસ્ત કરવાનું સૂચન કરતાં નાગરિક ઉડ્ડયન મંત્રીએ આવી દરખાસ્તનો અભ્યાસ કરી અને હવાઈ માર્ગે કચ્છના બાગાયતી ફળોની નિકાસ માટેની સુવિધા મોદી સરકાર તરફથી જરૂર અપાશે તેવી ધરપત ધરતીપુત્રોને આપી હતી.

અન્ય એક મહત્ત્વની માહિતી આપતાં હાવર્ડ બિઝનેસ સ્કૂલમાંથી એમબીએ થયેલા જયંત સિંહાએ જણાવ્યું હતું કે, રિજિયોનલ કનેક્ટિવિટી એટલે કે 'પ્રાદેશિક જોડાણ' ની યોજના તળે કચ્છના બે મહાબંદર કંડલા અને મુંદરાને પણ હવાઈ સેવા સાથે સાંકળી લેવાની દિશામાં ઝડપભેર કામ ચાલી રહ્યું છે.

વધુમાં અખાતી તેમજ અન્ય વિવિધ દેશોમાં મોટી સંખ્યામાં કચ્છી સમુદાય વસતો હોવાનું ધ્યાન લેતાં ભુજના એરપોર્ટ પરથી સીધી આંતરરાષ્ટ્રીય વિમાની સેવા સંદર્ભે સવાલના જવાબમાં ૫૩ વર્ષીય ઉડ્ડયન પ્રધાને કચ્છમાંથી આ મુદ્દે માગણી અને જરૂરિયાત વગેરે પાસાંઓનો અભ્યાસ કરીને આંતરરાષ્ટ્રીય ઉડાન સીધી ભુજથી શરૂ કરાવવા માટે કેન્દ્ર સરકાર ગંભીરતા સાથે જરૂર આગળ વધશે તેવો કોલ પણ આપ્યો હતો.

લાંબા સમયથી કચ્છ જોવાની ઝંખના હતી તેવું કહેતાં પૂર્વ નાણાપ્રધાન યશવંત સિંહાના પુત્ર જયંતે જણાવ્યું હતું કે, રણના અફાટ સૌંદર્યએ અભિભૂત કરી નાખ્યો છે.

ખાસ કરીને હજારો વર્ષ પુરાણી સભ્યતાને સાચવી બેઠેલા ધોળાવીરાની મુલાકાતથી પ્રભાવિત થયેલા નાગરિક ઉડ્ડયન મંત્રીએ કહ્યું હતું કે, ખરેખર આ સ્થળ કમાલ છે. હું મારા સાથી અને કેન્દ્રીય સાંસ્કૃતિક પ્રધાન મહેશ શર્માને ખાસ ધોળાવીરા સંદર્ભે રૂબરૂ મળીને અહીં પ્રવાસનલક્ષી સુવિધાઓ વિકસાવવા માટે ભારપૂર્વક ભલામણ કરીશ.

એક આખો દિવસ ધોળાવીરામાં ગાળ્યા પછી ધોરડોના ટેન્ટ સિટીમાં રાત્રિરોકાણ કરીને શ્વેત રણનું સૌંદર્ય માણનાર મોદી સરકારના મંત્રીએ કહ્યું હતું કે, રણની રાત જીવનનું યાદગાર સંભારણું બની રહેશે. સાંસદ વિનોદભાઈ ચાવડાએ કચ્છમાં જોવાલાયક અન્ય સ્થળો, રણોત્સવના આયોજનથી માંડીને કચ્છમાં પ્રવાસનને પ્રોત્સાહનના પ્રયાસો સહિતની વિગતવાર માહિતી નાગરિક ઉડ્ડયન પ્રધાન જયંત સિંહાને આપી હતી. કેન્દ્રીય મંત્રીએ યુવા સાંસદની કામગીરીને બિરદાવી હતી. મુલાકાતના અંતમાં મંત્રી સાંકેતિક શબ્દોમાં બોલી ઊઠ્યા હતા કે, દિલ્હીથી સીધી ઉડાન ભરીને ફરી કચ્છ જરૂર આવીશ.

*કચ્છમિત્ર, તા. ૩૦-૧-૨૦૧૭*

## લંડનમાં સો કરોડના ખર્ચે વડીલ માવજત સંકુલ

ધાર્મિક શાંતિ સહ સ્વનિર્ભર સ્વમાન સહ તન, મનની માવજત ઝંખતા હિન્દુઓ માટે જીવનવ્યાપન બહુલક્ષી કેન્દ્ર ૧૦૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે લંડનના વિલ્સડન પરગણામાં સ્થાપવાનો કચ્છી હરિભક્તો દ્વારા નિર્ણય લેવાયો છે. બ્રિટનમાં કચ્છીઓના હિજરતી ઈતિહાસમાં સંભવતઃ સૌથી અગ્ર આ પ્રોજેક્ટની પ્રેરણા ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી અને વરિષ્ઠ કોઠારી પાર્ષદ જાદવજી ભગત દ્વારા મળતાં હરિભક્તોમાં ખુશીની લાગણી પ્રસરી છે. લંડન ટાઉન પ્લાનિંગ સત્તામંડળે બાંધકામની મંજૂરી આપી છે. અહીં મેડિકલ કેર પણ સમાવિષ્ટ છે.

સ્વજનો એકલતા અનુભવે છે. આવા સમુદાય માટે પોતીકું સ્થાન ઊભું કરવાની લાગણી - જરૂરિયાત હતી. તે માટે એક દાયકાના મંથન પછી કચ્છ સત્સંગ વિલ્સડન સ્વામિનારાયણ મંદિરે ભુજ મંદિરના આજ્ઞા આશીર્વાદથી નિર્માણનો નિર્ણય જાહેર કર્યો છે. તે માટે બ્રિટનના બાંધકામ નિયમો પ્રમાણે આયોજન મંજૂર કરી લેવાયું છે. તે મુજબ હિન્દુ સંસ્કૃતિ-સિદ્ધાંત મુજબ બે માળનું ૮૦ હજાર ચોરસ ફૂટ બાંધકામ કરાશે. જેમાં પોતિકા ઘરની જેમ ૧૯ ઓરડા હશે. સદ્વાચન ગ્રંથાલય, સત્સંગ હોલ, ગુજરાતી - સંસ્કૃત શાળા, વિશાળ લગ્નહોલ, બાળ ક્રિડાંગણ, આઈ.ટી. મીડિયા રૂમ, જિમ, યુવાનો માટે સંગીત નાટ્ય, ગાણિતિક-બૌદ્ધિક પ્રવૃત્તિઓ કરાશે. ભોંયતળિયે પાર્કિંગ, સાઈકલ, આંતરિક પરિવહન માટે વિદ્યુત ગાડીઓ, પંગુઓ માટે ડિસેબલ વર્ગીય ઉપકરણો, શુદ્ધ શાકાહારી રસોડું અને ભોજનાલય બનાવાશે. સમગ્ર પરિવેશ વ્યક્તિને પોતાના ઘર જેવો લાગે તેનું ધ્યાન રખાયું છે.

### વૃદ્ધાશ્રમ નહીં, માવજત કેન્દ્ર

આ સંકુલ વાસ્તવમાં જીવનના વિવિધ તબક્કે સર્જાયેલા સંજોગોમાં આશરાનું કામ કરશે. અહીં આવનારની લાગણીઓને સમજી કાઉન્સેલિંગ (વાતચીત) દ્વારા ભાવનાઓને દિશા આપી તાણમુક્ત જીવન માટે પ્રયાસ કરાશે. સમય વિત્યે વ્યક્તિ સ્વગ્રહે પરત પણ જઈ શકશે.

વિલ્સડન સ્વામિનારાયણ મંદિર યુરોપનું સૌ પ્રથમ શિખરબદ્ધ મંદિર છે. તેનું નિર્માણ ભુજ મંદિરના સમર્થ સંત શાસ્ત્રી ધર્મ જીવનદાસજી સ્વામીએ જે હેતુથી કરાવ્યું છે તે હેતુને આગળ વધારવા આ પ્રયાસ છે. એકબાજુ ભુજ મંદિર જેવી માતબર સંસ્થા પડખે છે તો અમદાવાદ નરનારાયણ દેવ ગાદીના આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, મોટા બાપજી તેજેન્દ્રપ્રસાદજીના આશીર્વાદ પણ નિર્માણ માટે મળ્યા છે.

### લાખો હિન્દુઓ લાભાન્વિત

કચ્છી લેવા પટેલ સત્સંગીઓના બાહુલ્યવાળા આ સર્જનમાં તમામ હિન્દુઓને પણ લાભ અપાશે. સંસ્થાના નિયમો મુજબ કોઈપણ હિન્દુ ઉપયોગ માટે અરજી કરી શકશે. બ્રિટનમાં ત્રણેક લાખ હિન્દુઓની વસ્તી છે. ઓલ્ડ એજ હોમ કેરની સંકલ્પના બ્રિટિશ સરકાર દ્વારા પણ અમલમાં છે. બીમાર-અશક્ત વ્યક્તિની તંદુરસ્તી માટેની તમામ સુશ્રૂષા ભારતીય સંસ્કૃતિ મુજબ ઉપલબ્ધ કરાવાશે. બ્રિટનના હિન્દુ ઈતિહાસમાં ધાર્મિક માધ્યમે સમાજ સેવાનો આ સૌથી મોટો પ્રોજેક્ટ છે.

*કચ્છમિત્ર, તા. ૨૭-૨-૨૦૧૭*

*આપવાવાળો વિચારતો નથી અને વિચારવાવાળો આપતો નથી.*

## કચ્છી મેમણ જ્યાં ગયા ત્યાં કચ્છી સંસ્કૃતિ જાળવી

ઇ.સ. ૧૫૨૪ માં સિંધના નગરઠઠ્ઠાથી મેમણ સમાજના ૭૦૦ કુટુંબના ૬૧૭૮ વ્યક્તિઓ કચ્છમાં આવીને વસ્યા અને કચ્છી મેમણ તરીકે ઓળખાયા. અંદાજે ૨૦૦ વર્ષ બાદ કચ્છની દુષ્કાળ જેવી કુદરતી આપદાઓ તેમજ રોજીરોટીની મુશ્કેલીના લીધે હાલાર-સૌરાષ્ટ્ર બાજુ અનેક કચ્છી મેમણોએ હિજરત કરતાં હાલાર મેમણ તરીકે ઓળખાયા. આમ, જે જે પ્રાંતમાં તેમણે વસવાટ કર્યો તેને મેમણની આગળ ઓળખ આપી. દા.ત. ઓખાઈ મેમણ, નસરપુરિયા મેમણ, થરાદી મેમણ વિ. આમ સમય વીતતાં ફાંટા પડતા ગયા પરંતુ દરેક મેમણે કચ્છી સંસ્કૃતિ હજુ પણ જાળવી રાખી છે, ત્યારે હવે સમય આવી ગયો છે કે આપણે એકજૂટ થઈને ફક્ત મેમણ તરીકે ઓળખાઈએ એ માટેની હાકલ જેમના નેજા હેઠળ ૫૦૦ જેટલી જમાત આવેલી છે તેવા ઓલ ઇન્ડિયા મેમણ ફેડ. - મુંબઈના પ્રમુખ હાજી ઇકબાલભાઈ ઓફિસરે આજે અહીં યોજાયેલા સેમિનાર કાર્યક્રમમાં કરી હતી.

ભુજના કચ્છી મેમણ જમાતખાનામાં કચ્છી મેમણ ફેડરેશન (કચ્છ) દ્વારા સ્નેહ મિલન સહિતના કાર્યક્રમમાં ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત ઇકબાલભાઈએ જણાવ્યું હતું કે, હું અહીં બિરાદરો સાથે ફક્ત હાથ મિલાવવા નહીં પરંતુ દિલ મિલાવવા આવ્યો છું. મારા પણ પૂર્વજો આ જમીનના હોવાથી અહીં મને પોતીકાપણાનો ભાસ થઈ રહ્યો છે. આવકાર પ્રવચનમાં પ્રમુખ હાજી મો. હનીફ યુનુસ ઇસાણીએ સ્થાનિકે મેમણ સમાજ માટે શાળા, હોસ્પિટલની જરૂરિયાત હોઈ ફેડરેશન મદદરૂપ બને તેવી રજૂઆતને ઇકબાલભાઈએ બિરદાવી હતી અને ઓલ ઇન્ડિયા મેમણ ફેડના કાયમી મહેમાન તરીકેનું પ્રમાણપત્ર આપ્યું હતું.

અનાજ, કરિયાણા અને કાપડના વેપારી એવા મેમણ બંધુઓ રાજકીય ક્ષેત્રે પણ હાલે આગળ વધી રહ્યા છે. આ દેન પણ પૂર્વજોમાંથી જ મળી છે. મહાત્મા ગાંધીને ૬૫ પાઉન્ડના પગારે આફ્રિકા લઈ જનાર અબ્દુલ આદમ ઝવેરીના બંગલેથી જ આઝાદીની લડત લડવાની પ્રેરણા મળી હોવાનું ખુદ ગાંધીજીએ જ નોંધ્યું હોવાનું ઈકબાલભાઈએ જણાવ્યું હતું.

મુફતી-એ-કચ્છના પુત્ર હાજી અહેમદશા બાવાએ જણાવ્યું હતું કે, અલ્લાહે મેમણને શરૂથી જ ઇલમ, દોલત અને અક્કલની સૌગાતથી નવાજ્યા છે. મૂળ કચ્છના અને તાજેતરમાં જ કચ્છી મેમણ જમાત-મુંબઈના પ્રમુખ બનેલા હાફિઝ ઈરફાન દાદાનીએ જણાવ્યું હતું કે, વિશ્વના જે ખૂણે પણ કચ્છી મેમણો પહોંચ્યા છે ત્યાં પોતાના ઝંડા ખોડી દીધા છે. મુંબઈમાં ૨૨ વર્ષની નાની વયે જ સાબુ સિધિકે ઇન્જિનીયરિંગ કૉલેજ સ્થાપી. આજે આ કૉલેજ નામાંકિતમાંની એક છે.

હૈદરાબાદથી ઓલ ઇન્ડિયા મેમણ ફેડ. ના ઉપાધ્યક્ષ પ્રો. હાજી સાજીદભાઈએ કહ્યું કે, હૈદરાબાદ કચ્છી મેમણ જમાત દર વર્ષે જમાતના બાળકોના અભ્યાસ માટે એક કરોડ જેટલો ખર્ચ કરે છે.

કાર્યક્રમ અંતર્ગત સમાજની સિદ્ધિ પ્રાપ્ત દીકરીઓ એમ.બી.બી.એસ. નૌરીન જાહીદ મેમણ, સરમીન મહમદ અશરફ મેમણ તથા સી.એ. મિનાઝ સિરાઝ મેમણનું સન્માન ઓલ ઇન્ડિયા મેમણ ફેડરેશન દ્વારા થયું હતું.

## મોરેસિયસની ચલણી નોટ પર કચ્છી મેમણ




હા, બેન્ક ઓફ મોરેસિયસની રૂા. ૨૦૦ ની ચલણી નોટ પર જે ફોટો નજરે પડે છે તે મોરેસિયસના નાયબ વડાપ્રધાન રહી ચૂકેલા કચ્છી મેમણ સર અબ્દુલ રઝાક છે. આ અબ્દુલ રઝાકના દોહિત્ર મૂળ કોડાયના મોહમદ ઈરફાન અબ્દુલ રહેમાન હાલે મોરેસિયસના ચૂંટણી કમિશનર છે. આ ઈરફાનના પિતા ઓસમાણ અબ્દુલ રહેમાન મોરેસિયસની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમના કપ્તાન પણ રહ્યા હોવાનું ગઢશીશાના સુલેમાન મેમણે રવિવારે કચ્છી મેમણ જમાતે યોજાયેલા કાર્યક્રમમાં જણાવ્યું હતું.

*કચ્છમિત્ર, તા. ૨૭-૨-૨૦૧૭*

## ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયામાં કચ્છીને સ્થાન

ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયાની આજે ગુરુગ્રામ, હરિયાણા ખાતે મળેલી વાર્ષિક સાધારણ સભામાં ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન (જીએસટીટીએ) ના ચેરમેન મિલિન્દ તોરવણે અને માનદમંત્રી હરેશ સંગતાણીની ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઇન્ડિયાના ઉપપ્રમુખ પદે વરણી કરાઈ છે.

હરેશ સંગતાણીએ ટી.ટી.એફ.આઈ. ના સંયુક્ત મંત્રી તરીકે ૧૨ વર્ષ સુધી સેવા આપી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં પણ ટેબલ ટેનિસનો માહોલ વધુ મજબૂત બને અને ગુજરાતના ખેલાડીઓ વધુ ને વધુ આગળ વધે એ માટે તેઓ લાંબા સમયથી સક્રિય છે. આ સાધારણ સભામાં ટી.ટી.એફ.આઈ. ના પ્રમુખપદે દુષ્યંત ચૌટાલાની વરણી કરી હતી, જે અત્યાર સુધીના સૌથી યુવા પ્રમુખ છે. જ્યારે માનદ્ મંત્રી તરીકે એમ.પી.સિંગ અને ખજાનચી તરીકે અરુણ બેનરજીની નિયુક્તિ કરવામાં આવી હતી.

આ ચૂંટણી પંજાબ, હરિયાણા હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ રણજિત સિંગની દેખરેખ હેઠળ કરાઈ હતી. જ્યારે ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના કુલદીપ વ્યાસ અને યુવા અને રમતગમત મંત્રાલયના અશ્વિની કુમારે નિરીક્ષકો તરીકે સેવા આપી હતી.

બધા પદાધિકારીઓની નિમણૂક ટી.ટી.એફ.આઈ. ના બંધારણ મુજબ નામાંકિત કરીને કરવામાં આવી હતી. જીએસટીટીએના પ્રમુખ વિપુલ મિત્રા અને તમામ પદાધિકારીઓએ મિલિન્દ તોરવણેને અને હરેશ સંગતાણીને આ નિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

*કચ્છમિત્ર, તા. ૩૦-૧-૨૦૧૭*

*કાટ ખાઈ જવા કરતાં ઘસાઈ જવું સારું.*

## વીરાયતનના વિદ્યાર્થીની સિદ્ધિ ડિપ્લોમામાં યુનિ. માં પ્રથમ

અહીંની અર્હમ વીરાયતન ઓફ એન્જિનિયરિંગ ટેકનોલોજી એન્ડ રિસર્ચ કોલેજમાં ડિપ્લોમાં સિવિલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ચૌહાણ રીયાઝુદ્દીન જુસબને સેમેસ્ટર ૩માં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની લેખિત પરીક્ષા દરમ્યાન ૧૦ એસ.પી.આઈ. એટલે કે ગુજરાત લેવલે પ્રથમ સ્થાન મેળવ્યું છે. વીરાયતન કચ્છના વડા સાધ્વી શિલાપીજીએ સિદ્ધિને સન્માનિત કરી હતી. વીરાયતન ડિપ્લોમા સિવિલના વડા પ્રો. વિધિ સંઘવી, પ્રિન્સિપાલ વિવેક ગુલ્હાને, એડમિનિસ્ટ્રેટર અનિલ જૈન અને માનદ સચિવ ડો. કૌશિક શાહે શુભેચ્છા પાઠવી હતી.

*કચ્છમિત્ર, તા. ૨૪-૨-૨૦૧૭*

## કચ્છી ભાષાને માન્યતા અપાવવા સહિયારા પ્રયાસો જરૂરી

કચ્છી ભાષાની પદ્ધતિસર તાલીમ બિનકચ્છી શિક્ષકોને મળે તે માટે તજજ્ઞો તૈયાર કરવા ખાસ પ્રશિક્ષણ શિબિરનો નજીકના દિવસોમાં આરંભ કરાશે. કચ્છી ભાષાના જતન અને સંવર્ધન માટે આરંભાયેલા સર્વે માટે કચ્છ આવેલા ભારતીય ભાષા સંસ્થાન મૈસુરના ભાષાવિદ્ ડૉ. કલિકાબહેન મહેતાએ કચ્છમિત્રને આપેલી મુલાકાતમાં કચ્છી ભાષાના વિકાસ અંગેની વાતો કરતાં આ મુજબની માહિતી આપી હતી.

મૈસુર ખાતે મુખ્ય મથક ધરાવતું ભારતીય ભાષા સંસ્થાન, મૈસુર ઉપરાંત પૂના, ભુવનેશ્વર, ગૌહાતી, પતિયાલા, લખનૌ અને સેલોન ખાતે પોતાના કેન્દ્રો ધરાવે છે. આ સંસ્થાના કાર્ય અંગેની વિગતો તેમણે આપી હતી. પૂના ખાતેના કેન્દ્રમાં ગુજરાતી, મરાઠી, સિંધી અને કોંકણી ભાષાની તાલીમ તથા તેના વિકાસની પ્રવૃત્તિ કરાય છે.

ડૉ. કલિકાબહેનના જણાવ્યા મુજબ આ યોજના અંતર્ગત જ ગુજરાતમાં સૌપ્રથમવાર કચ્છી ભાષા અંગે ખાસ સર્વેનો આરંભ ગત ૨જી તારીખથી કરાયો છે. કચ્છના જુદા જુદા વિસ્તારોમાં બોલાતી કચ્છી ભાષાની વિવિધતા, વિશેષતા, તફાવત તથા કચ્છના દરેક પ્રદેશ-પ્રદેશમાં પણ કચ્છી ભાષા કઈ રીતે જુદી પડે છે તેનો પણ અભ્યાસ કરવામાં આવશે અને આ વિવિધતા જાતિ કે પ્રદેશને કારણે આવી છે કે કેમ? તેનું પણ સર્વેમાં તારણ કાઢવામાં આવશે.

મુંબઈમાં જન્મેલા ગુજરાતી એવા ડૉ. કલિકાબહેનને કચ્છી ભાષાને દેશના બંધારણ દ્વારા માન્યતા મળે તે માટે એમની સંસ્થા શું કાર્યવાહી કરવા ધારે છે એવો સવાલ કરતાં તેમણે જણાવ્યું કે કચ્છમાં હાથ ધરાયેલા સર્વે પછી ગુજરાતી ભાષાથી કચ્છીને જુદી સાબિત કરી શકાય તો કચ્છી ભાષાને બંધારણીય માન્યતા મળે એ માટે સંસ્થા દરખાસ્ત કરશે. કેમ કે ગુજરાત સરકારે ૧૯૬૧માં કચ્છીને માત્ર બોલી તરીકે સ્વીકારી છે એવા સંજોગોમાં ભાષા તરીકે સ્થાન અપાવવા સૌએ સહિયારા પ્રયાસો કરવા જરૂરી હોવાનું મંતવ્ય પણ એમણે વ્યક્ત કર્યું હતું.

મુલાકાતને અંતે વિશેષ વિગત આપતાં કલિકાબહેને કહ્યું કે, બિન ગુજરાતી શિક્ષકોને કચ્છી ભાષાની તાલીમ આપવા માટે ખાસ તજજ્ઞો તૈયાર કરવા, કચ્છના શિક્ષકો માટે ખાસ તાલીમવર્ગ તુરતમાં શરૂ કરવામાં આવશે. આ તાલીમમાં સામેલ થવા ઇચ્છુક કચ્છી શિક્ષકોને ચાલુ પગાર ઉપરાંત ખાસ સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. આ માટે કચ્છી શિક્ષકો આગળ આવે તેવો તેમણે અનુરોધ કર્યો હતો. **આ મુલાકાત સમયે કચ્છી ભાષાના સર્વે સાથે જોડાયેલા તજજ્ઞ મહેન્દ્રભાઇ દોશીએ હાજર રહી પૂરક વિગતો આપી હતી.**

*કચ્છમિત્ર, તા. ૮-૨-૨૦૧૭*

## મુંબઈમાં કચ્છી સાહિત્યકારની આત્મકથાનું વિમોચન થયું

સામાજિક અગ્રણી અને સાહિત્ય સંગીતના પુરસ્કર્તા વિશનજી હરશી ગાલા લિખિત આત્મકથા 'સફર આઠ દાયકાની' નું વિમોચન તેમના ૮૦મા જન્મદિને તેમની જ બહેનો મીઠીબાઈ અને સાકરબાઈના હસ્તે થાણેના આઈટી પાર્ક હોલમાં કરાયું હતું. આ પરિવાર તરફથી તારામતી વિશનજી ગાલા સાહિત્ય - કલા પુરસ્કાર અપાય છે.

'સફર આઠ દાયકાની' પુસ્તક વિષે હિમાંશુભાઈ બૂચે જણાવ્યું કે, આ પુસ્તકમાં જીવનના સિદ્ધાંતો, નીતિમત્તા, ઉદારતા અને હકારાત્મક વિચારોની જીવનમાં જેટલી ઉપયોગિતા છે તે જણાવવામાં આવ્યું છે. વિશનજીભાઈની ત્રણેય દીકરીઓ નયના, અલ્પા અને વૈભવીએ પિતાજી વિષે હૃદયસ્પર્શી વક્તવ્ય આપ્યું હતું.

વિશનજીભાઈએ ઘણી સંસ્થાઓમાં પ્રમુખપદ સંભાળ્યું છે. હાલમાં કવીઓ સમાજની કેન્દ્રીય મધ્યસ્થ સમિતિના પ્રમુખ તરીકે છેલ્લા એક દાયકાથી સેવા આપી રહ્યા છે. આ સમિતિ લગ્ન બાદ થતા અણબનાવનું નિરાકરણ કરે છે અને સમાધાનના પ્રયાસ કરે છે. જો સમાધાન શક્ય જ ન હોય તો સંસ્થાના વકીલ દ્વારા ઓછા ખર્ચે છૂટાછેડા ફક્ત છ મહિનામાં કરાવી આપે છે.

વક્તૃત્વ સ્પર્ધા, બોયઝ અને લેડીઝ ક્રિકેટ, વોલીબોલ વગેરે રમતો અને આરટીઆઈને પ્રોત્સાહન આપે છે. પોતાના ગામ ડુમરામાં ભોજન, શાળા અને અદ્યતન અતિથિગૃહ, 'લક્ષ્મીબહેન હરશી ગાલા ટ્રસ્ટ' દ્વારા બનાવી આપ્યું છે, જેનો લાભ ગામના બધા સમાજ લે છે. બિદડાની 'માનસી' સંસ્થાને અનુદાન આપ્યું છે.

*કચ્છમિત્ર, તા. ૨-૨-૨૦૧૭*

## મુંબઈમાં કચ્છી સંસ્થાના વાર્ષિક ઉત્સવમાં ગાયો અને સામાજિક પ્રવૃત્તિ માટે ૮૦ લાખ એકત્ર

ગૌસેવા અને વિવિધ સામાજિક પ્રવૃત્તિ કરતી અત્રેની સંસ્થા કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ મંડળ-રાતા તળાવનો ૪૧મો વાર્ષિક મહોત્સવ ઘાટકોપર-મુંબઈ ખાતે યોજાયો હતો. **આ નિમિત્તે યોજાયેલી સંતવાણીમાં ૮૦ લાખની ગોર થઈ હતી.** જે ગૌસેવા અને વિવિધ સામાજિક પ્રવૃત્તિમાં વાપરવાની આયોજકો દ્વારા જાહેરાત કરાઈ હતી.

આ પ્રસંગે ખાસ અતિથિવિશેષપદે મહારાષ્ટ્રના પૂર્વે કેબિનેટ મંત્રી નસીમખાન, કેબિનેટ મંત્રી એકનાથ શિંદે, ગુજરાત રાજ્ય સંગીત અકાદમીના ચેરમેન યોગેશ ગઢવી, અબડાસાના પૂર્વ ધારાસભ્ય

ઈબ્રાહીમ મંધરા, મનોજ કોટક, નરેશ મહાશ્કેની ઉપસ્થિતિ રહી હતી.

અબડાસાના ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલે કચ્છમાં ગૌસેવા અને વિવિધ સામાજિક પ્રવૃત્તિમાં ઓધવરામ સત્સંગ મંડળના સ્થાપક પ્રમુખ મનજીભાઈ ખીંયશી ભાનુશાલીના યોગદાનની સરાહના કરી હતી. સંસ્થાના મુંબઈ એકમના પ્રમુખ હરિભાઈ શંકરલાલ કટારમલે કચ્છમાં સંસ્થા દ્વારા ચલાવાતી પ્રવૃત્તિની વિગતો આપી હતી.

રાતા તળાવ ખાતે સાડા ત્રણ લાખ લિટરની ક્ષમતાનો ઊંચો ટાંકો રૂા. ૩૦ લાખથી વધુ ખર્ચે દાતા ચેતનભાઈ સુંદરજી ભદ્રા તરફથી ઉપરાંત પાણીની પરબ માટે ભાનુશાલી ગિરધરભાઈ (છાદુરાવાળા) તરફથી દાનની જાહેરાત કરાઈ હતી. આ કામ આગામી વસંત પંચમીથી શરૂ કરાશે તેવું જણાવાયું હતું.

*કચ્છમિત્ર, તા. ૬-૨-૨૦૧૭*

## મુંદરા તાલુકામાં ૪૫% છાત્રો અભ્યાસ અધૂરો છોડે છે

તાલુકાનું પ્રાથમિક શિક્ષણ ઝડપથી ખાનગી પ્રા. શાળાઓ તરફ ફંટાતું જાય છે. ઉપરાંત અંગ્રેજી ભાષાના સવાર થયેલા ભૂતનાં કારણે ગુજરાતી માધ્યમની પ્રા. શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે. ત્રીજું ધો. ૧ થી ૫ નો અભ્યાસ કર્યા બાદ લગભગ ૪૫ ટકા વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી જાય છે. શાળા છોડી જનારા વિદ્યાર્થીઓમાં કુમાર કરતાં કન્યાની સંખ્યા વધુ છે.

વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬ એમ ૪ વર્ષના લીટમસ ટેસ્ટ સમાન આંકડાઓનો અભ્યાસ માત્ર શિક્ષણ સાથે સંકળાયેલા જ નહીં પણ સમાજશાસ્ત્રીઓને પણ ચિંતામાં મૂકી દે એવા છે. રાઉન્ડ ફિગરમાં વાત કરીએ તો આ ૪ વર્ષ દરમ્યાન મુંદરા તાલુકાની પ્રાથમિક શાળામાં ધો. ૧ થી ૫ સુધી કુલ ૪૦ હજાર વિદ્યાર્થી ભાઈ-બહેનો અભ્યાસ કરતા હતા. જે પૈકી માત્ર ૨૫ હજાર બાળકો જ ધો. ૬ થી ૮ ના એકમમાં અભ્યાસ માટે આવ્યા. બાકીના એટલે કે ૧૫ હજાર બાળકોએ સરકારી શાળાને છોડી દીધી. કાં તો તેઓ ધો. ૬ થી ખાનગી પ્રા. શાળામાં દાખલ થયા અથવા શિક્ષણને જ રામ રામ કરી ચાલ્યા ગયા.

*કચ્છમિત્ર, તા. ૨૨-૨-૨૦૧૭*

## પૃથ્વી પરની માનવ-નિર્મિત તમામ ચીજોનું વજન 30,000 અબજ ટન

બ્રિટનની યુનિવર્સિટી ઓફ લેસ્ટરના સંશોધકોએ પ્રથમવાર પૃથ્વી પર માનવ નિર્મિત ચીજોનું કુલ વજન કેટલું એ માપ્યું છે. પૃથ્વી પર માનવો દ્વારા સતત બાંધકામ થતાં રહે છે. રોડ-રસ્તાં, મકાનો, પુલો, મેદાનો, રેલવે...માનવ સર્જિત આ તમામ ચીજોના વજનનો અંદાજ વિજ્ઞાનીઓએ લગાડ્યો છે. આ વજન ૩૦,૦૦૦ ટન (૩૦ ટ્રિલિયન ટન) છે. આવા બાંધકામ માટે વિજ્ઞાનમાં ટેકનોસ્ફિયર શબ્દ વપરાયો છે. જેમ પૃથ્વી પર વાતાવરણના વિવિધ થરો એટમોસ્ફિયર, લિથોસ્ફિયર એવા નામે ઓળખાય છે, તેમ આ બાંધકામને ટેકનોસ્ફિયર નામ અપાયું છે.

યુનિવર્સિટીના સંશોધકોએ પોતાના સંશોધનમાં નોંધ્યું હતું કે આ પ્રકારનો અંદાજ અત્યંત મુશ્કેલ છે. કેમ કે પૃથ્વી પર માનવીઓએ બાંધકામો આરંભ્યા પછી ક્યાં શું ખડક્યું એ દરેક ચીજનો વજન માપી ન શકાય. પરંતુ અંદાજ લગાવી શકાય. તેના આધારે જ આ આંકડાઓ રજૂ થયા છે. માનવીઓ સક્રિય થયા પછી પૃથ્વી પર વાતાવરણમાં કેવા ફેરફારો થયા છે, તેનો પણ આ સાથે અભ્યાસ થઈ રહ્યો છે.

માનવ નિર્મિત દરેક ચીજો વિકસાવવા માટે ટેકનોલોજીની જરૂર પડી છે અને અત્યારેય પડી રહી છે. એટલે જ આવા કૃત્રિમ વાતાવરણને ટેકનોસ્ફિયર કહેવામાં આવ્યું છે. કૃત્રિમ રીતે સર્જાયેલું પર્યાવરણ એટલેકે વર્ચ્યુઅલ એન્વાયર્નમેન્ટ પણ કહેવામાં આવે છે. આ કુલ વજનને પૃથ્વીના વિસ્તાર પ્રમાણે વહેંચી દેવામાં આવે તો દર ચોરસ મિટરે સરેરાશ ૫૦ કિલોગ્રામ વજન થાય છે.

*ગુજરાત સમાચાર, તા. ૨૮-૧-૨૦૧૭*

## હવે શુક્ર સર કરવા ઇસરોની તૈયારી

ભારતીય અંતરિક્ષ સંસ્થા ઈસરો પ્રથમ વખત શુક્ર ઉપર પહોંચવા માટે તૈયારી કરી રહી છે. આ ઉપરાંત ઈસરોનું અવકાશયાન મંગળની વધ એક યાત્રા માટે પણ સજ્જ છે. સ્પેશ બજેટમાં પણ આ મિશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં અવકાશનાં રહસ્યો અંગેનો પ્રેમ જગજાહેર છે. તેઓ દ્વારા અવકાશી સંશોધન બાબતે સતત પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષે સરકાર તરફથી નાણામંત્રી અરુણ જેટલીએ સ્પેસ બજેટમાં ૨૩ ટકાનો વધારો કર્યો હતો. બજેટમાં મંગળ અને શુક્રનાં મિશનનો પણ ખાસ સમાવેશ કરવામાં આવ્યો હતો. મંગળ મિશન - ૨, ૨૦૨૧-૨૨ માં શરૂ થશે. આ મિશનમાં મંગળ ગ્રહનાં અભ્યાસ માટે રોબોટને સપાટી પર ઉતારવામાં આવશે. આવી જ રીતે શુક્ર ઉપર પણ મિશન શરૂ કરવામાં આવશે. આ બંન્ને મિશનમાં મંગળ અને શુક્ર ઉપર જીવનની સંભાવના, ગ્રહોનાં વાતાવરણ સહિતની બાબતોએ સંશોધનો કરવામાં આવશે.

*કચ્છમિત્ર, તા. ૧૩-૨-૨૦૧૭*

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

ઈતિહાસ સાક્ષી પૂરે છે કે દરેક સભ્યતા કે દેશ શાસનની સ્થિરતા આપે, મોકળાશભેર ભૌતિક વિચારોને ઉત્તેજન આપે ત્યારે વિજ્ઞાનનો વિકાસ શરૂ થાય છે. અંકગણિતમાં શૂન્યનો આવિષ્કાર કરનાર અને આયુવિજ્ઞાન જેવું અત્યંત આધારભૂત અને નિવડેલું શાસ્ત્ર આપનાર પ્રાચીન ભારત વિજ્ઞાનના ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં મોખરે હતું. ગણિતમાં આર્યભટ્ટ, પદાર્થ વિજ્ઞાનમાં કણાદ, આયુ વિજ્ઞાનમાં ચરક અને સુશ્રુત, ખગોળશાસ્ત્રમાં વરાહમિહિર, રસાયણ વિજ્ઞાનમાં નાગાર્જુન વગેરે પ્રાચીન ભારતના એવા મહાન નામો છે જેમના પ્રદાનને આજે પણ સમગ્ર વિશ્વ સન્માનભેર ઉચ્ચારે છે.

ગત મહિને વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત અમદાવાદ આવેલા નોબેલ પ્રાઈઝ વિનર્સ વિજ્ઞાનીઓએ એક રસપ્રદ વાત કરી હતી કે ભારત તમામ દૃષ્ટિએ સંપન્ન છે. ભારતીય વિદ્યાર્થીઓ ટેલેન્ટેડ છે અને પ્રતિબદ્ધ (કમિટેડ) છે તેમ છતાં ભારતમાં સૌથી મોટી ખોટ એ છે

કે વિદ્યાર્થીઓમાં મૂળભૂત વિજ્ઞાન પ્રત્યેની ઉદાસીનતા વર્તાય છે. સોફટવેર, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ અને મોબાઈલ ટેકનોલોજીમાં ભારત વિશ્વ સ્તરે નોંધપાત્ર સ્થાન હાંસલ કરી શકશે પરંતુ રસાયણવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર કે બાયોમેડિકલ, મોલેક્યુલર બાયોલોજી જેવા બેઝિક સાયન્સ સબ્જેક્ટમાં ભારતીય વિદ્યાર્થીઓનો રસ ઘટી રહ્યો છે.

બેઝિક સાયન્સમાં રસ ઘટી રહ્યો છે તેનું કારણ સરકારી તેમજ સામાજિક વ્યવસ્થાની ઉણપ હોવાનું જણાય છે. સમાજ વ્યક્તિની બૌદ્ધિક ઊંચાઈ નહિ પરંતુ દેખીતી સફળતાની લંબઈ માપે છે. પરિણામે કેવી રીતે ભણ્યા હશે તેના કરતા શું ભણ્યા છો તેનું મહત્ત્વ અદકેરું થઈ ગયું છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં પૈસા ખર્ચીને મેળવેલી સોફટવેરની ડિગ્રી વધુ પસંદ થાય છે કારણ કે તેનાથી નોકરી તરત મળી જાય છે.

આ સ્થિતિમાં પ્રયોગશાળામાં વર્ષો સુધી માથાફોડી કરીને બેઝિક સાયન્સ ભણવાનું કોણ પસંદ કરે? તેના કારણે કેમિસ્ટ્રી, બાયોલોજી કે ફિઝિક્સ ટલ્લે ચડી રહ્યા છે. પ્રતિષ્ઠિત વિજ્ઞાનીઓ આ માનસિકતા સામે લાલ બત્તી ધરે છે. તેમના મતે આપણી શિક્ષણપ્રથા સાયન્સના ભોગે ટેકનોલોજીને ઉત્તેજન આપી રહી છે, જે ખરેખર સમાન ધોરણે હોવું જોઈએ.

વિજ્ઞાન દિવસ ૨૫ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે કારણ કે ૧૯૨૮ માં આ દિવસે મહાન ભારતીય વિજ્ઞાની ડો. સી.વી.રામને પ્રકાશ કિરણો માટે રામન ઈફેક્ટ તરીકે ઓળખાતું સંશોધન સાબિત કર્યું હતું. યોગાનુયોગ એ છે કે નોબલ પ્રાઈઝ મેળવનાર ડૉ. રામન છેલ્લા ભારતીય વિજ્ઞાની છે, જે જન્મથીજ નહીં, કર્મે પણ સદૈવ જ રહ્યા હતા. અમેરિકા જઈને સંશોધન આગળ વધારનાર ભારતીયોને નોબેલ પ્રાઈઝ મળ્યા છે. પરંતુ ભારતમાં ભણીને ભારતમાં જ કાર્યરત વિજ્ઞાનીઓ કેમ નોબેલ પ્રાઈઝ મેળવી નથી શકતા એ સવાલના જવાબમાં આપણે વિજ્ઞાન સંસ્થાઓની કાર્યપદ્ધતિ પણ સુધારવાની આવશ્યકતા છે. એ માત્ર સરકારનો જ નહીં, સમાજના ચિંતાનો વિષય પણ બનવો જોઈએ.

*ગુજરાત સમાચાર, તા. ૨૮-૨-૨૦૧૭*

## યુએસ-યુરોપના ટેલેન્ટ ઉપર આધાર રાખવાનું ચીને બંધ કરવું જોઈએ તેવું સૂચન

### ભારતીય વિજ્ઞાન અને ટેકનોલોજી નિષ્ણાતોની અવગણના કરીને ચીને ભૂલ કરી : ચીની મીડિયા

ભારતના સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રના નિષ્ણાતોની અવગણના કરીને ચીને અત્યાર સુધી ભૂલ કરી છે અને હવે ચીને ભારતીય ટેલેન્ટનો ભરપૂર લાભ લેવો જોઈએ. ભારતીય નિષ્ણાતોને આકર્ષવાના પ્રયાસો ચીને વહેલી તકે કરવા જોઈએ એવો મત ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે વ્યક્ત કર્યો હતો.

ચીન અત્યાર સુધી અમેરિકા અને યુરોપમાંથી આવતા સાયન્સ ટેકનોલોજીના નિષ્ણાતો ઉપર નિર્ભર રહ્યું છે એને બદલે હવે ભારતીય નિષ્ણાતોનો લાભ લેવો જોઈએ તેવો મત ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે વ્યક્ત કર્યો હતો. એક અહેવાલમાં ચીનના સરકારી અખબારે કહ્યું હતું કે ચીને જોકે એ માટેના પૂરતા પ્રયાસો હજુ કર્યા નથી, પણ શક્ય એટલી ઝડપથી એવું વાતાવરણ સર્જવું જોઈએ કે જેથી ભારતના સાયન્સ - ટેકનોલોજીના નિષ્ણાતો ચીનમાં આવીને કામ કરતા થાય. ચીની સરકારના અખબારમાં એ પાછળના કારણોની પણ છણાવટ કરાઈ હતી. તેમાં લખાયું હતું કે અમેરિકી-યુરોપના સાયન્સ-ટેકનોલોજીના એક્સપર્ટસ માટે વધુ રકમ ખર્ચવી પડે છે. વળી, જે કિંમતે ચીનના સાયન્સ-ટેકનોલોજીના નિષ્ણાતો કામ કરે છે એથી ઓછા વળતરે ભારતીય નિષ્ણાતો યોગ્ય કામ કરી આપે છે એટલે એ દિશામાં ચીન સરકારે અને ચીનની કંપનીઓએ વિચારવું જોઈએ.

ચીનના અખબારે અમેરિકાની એકસીએ ટેકનોલોજી નામની કંપનીનું ઉદાહરણ ટાંકીને લખ્યું હતું કે એ કંપનીએ ૩૦૦ અમેરિકી કર્મચારીઓને છૂટા કરીને થોડા સમય પહેલાં ૨ હજાર ભારતીય એન્જિનિયરોને નોકરી આપી હતી. એ કંપનીનો વિકાસ એ પછી અનેકગણો વધ્યો હતો. ભારતમાં અસંખ્ય યુવાપ્રતિભા છે એવો ઉલ્લેખ કરીને ચીની સરકારી અખબારના સંપાદકીય લેખમાં તેનો લાભ લેવા સરકારને સૂચન કર્યું છે.

ચીનમાં છેલ્લાં કેટલાક વર્ષોથી સાયન્સ એન્ડ ટેકનોલોજી ક્ષેત્રે ઉછાળ આવ્યો છે. આ ક્ષેત્રે સંશોધન વધ્યું છે અને ચીને એ દિશામાં ધ્યાન કેન્દ્રિત કર્યું છે એટલે ભારતીય નિષ્ણાતો તરફ પણ ચીનનું ધ્યાન પડ્યું છે. ચીનના સરકારી અખબારના આ નિર્દેશ પછી આગામી દિવસોમાં ભારત-ચીન વચ્ચે સાયન્સ-ટેકનોલોજીના નિષ્ણાતોનું આદાન પ્રદાન વધે એવી શક્યતા જોવાઈ રહી છે.

*ગુજરાત સમાચાર, તા. ૨૫-૨-૨૦૧૭*

## અમેરિકા નોબેલ વિજેતાઓ પેદા કરે છે અને સાચવી પણ રાખે છે!

### અમેરિકાના ૩૫૦ નોબેલ વિજેતાઓ પૈકી ૧૦૦ પરદેશમાંથી માઈગ્રન્ટ થયેલા

અમેરિકાને અત્યાર સુધીમાં ૩૫૦ નોબેલ પ્રાઈઝ મળ્યાં છે. રસપ્રદ વાત એ છે કે તેમાંથી ૧૦૦ વિદ્વાનો એવા છે જે મૂળ અમેરિકાના નથી. એટલે કે પરદેશમાં જન્મીને અમેરિકામાં સ્થિર થયા હોય એ પછી તેમના સંશોધન-લેખનને કારણે તેમને નોબેલ પ્રાઈઝ મળ્યાં છે. એટલે કે અમેરિકાની ધરતી નોબેલ પ્રાઈઝ વિજેતાઓ પેદા કરે છે અને પરદેશથી આવતા વિદ્વાનોને સાચવીને નોબેલ પ્રાઈઝ જીતવાં જેવા બનાવી પણ શકે છે.

ભારતમાંથી અમેરિકા જવાનો અને સ્થિર થવાનો જે રીતે ક્રેઝ છે, એ જોતાં ભારતવાસીઓને આ વાતની નવાઈ નહી લાગે. કેમ કે અમેરિકા પહોંચીને ઊંચા હોદ્દા પર પહોંચેલા વિજ્ઞાનીઓ કે અન્ય સંશોધકોને ભારતમાં પૂરતી તકો અને યોગ્ય વાતાવરણ નથી મળ્યું એટલે જ તેમને ત્યાં જવું પડ્યું હતું. અમેરિકા જોકે દુનિયાભરમાંથી આવતી ટેલેન્ટને પોતાને ત્યાં આવકારી તેને સાચવી રાખવામાં માસ્ટર છે. સંશોધકો અહીં સારી રીતે પોતાનું કામ કરી શકે એ માટેની મોકળાશ, વાતાવરણ અને સુવિધા તેમને પૂરી પાડવામાં આવે છે.

બીજા વિશ્વયુદ્ધ પછીના નોબેલ વિજેતાઓનું લિસ્ટ જોતા જણાઈ આવે છે કે સંશોધન (મેડિસિન, કેમેસ્ટ્રી, ફિઝિક્સ, ઈકોનોમી) માં સૌથી વધુ નોબેલ પ્રાઈઝ અમેરિકાને મળ્યાં છે. ૨૦૧૬ ના નવ

સંશોધન નોબેલ વિજેતાઓ પૈકી ૬ અમેરિકનો છે. પણ એમાંથી બધા અમેરિકામાં જન્મ્યા નથી. મૂળ હકીકત એ છે કે આજનો આખો અમેરિકા દેશ જ માઈગ્રન્ટ લોકોનો બનેલો છે. મૂળ અમેરિકનો એવા રેડ ઈન્ડિયનો તો બહુ ઓછી સંખ્યામાં અમેરિકામાં છે. તેની સામે યુરોપથી આવેલા અને પછી આખી દુનિયામાંથી આવેલી પ્રજા જ આજની અમેરિકન પ્રજા બની બેઠી છે.

### ૨૦૧૫ અને ૨૦૧૬ ના નોબલ વિજેતા અમેરિકનો

| *નામ* | *વિષય* | *જન્મ* | *નોબેલ મળ્યું ત્યારે ક્યાં હતાં?* |
|---|---|---|---|
| એન્ગસ ડેન્ટન | અર્થશાસ્ત્ર | યુ.કે. | પ્રિસ્ટન યુનિવર્સિટી |
| અઝિઝ સેન્કર | કેમેસ્ટ્રી | તુર્કી | નોર્થ કેરોલિના યુનિવર્સિટી |
| બેન્ગટ હોમ્સ્ટ્રોમ | અર્થશાસ્ત્ર | ફિનલેન્ડ | મેસેચ્યુશેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી |
| ડેવિડ થોલસ | ફિઝિક્સ | યુ.કે. | યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટન |
| ડંકન હેલ્ડન | ફિઝિક્સ | યુ.કે. | પ્રિસ્ટન યુનિવર્સિટી |
| માઈકલ કોસ્ટેરિલ્ત્ઝ | ફિઝિક્સ | યુ.કે. | બ્રાઉન યુનિવર્સિટી |
| ઓલિવર હાર્ટ | અર્થશાસ્ત્ર | યુ.કે. | હાવર્ડ યુનિવર્સિટી |
| જેમ્સ ફ્રેસર | કેમેસ્ટ્રી | યુ.કે. | નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટી |
| વિલિયમ કેમ્પબેલ | મેડિસિન | આયર્લેન્ડ | ડ્રયુ યુનિવર્સિટી |

***ગુજરાત સમાચાર, તા. ૨૮-૧-૨૦૧૭***

## ૧ ફેબ્રુઆરી ૧૯૧૫ ના રોજ શહેરમાં આવીને ગાંધીજીએ કહેલું જો અમદાવાદ મને સંઘરશે તો હું અહીં જ રહેવા ઇચ્છું છું.

દક્ષિણ આફ્રિકામાં બેરિસ્ટર તરીકે જઈને મહાત્મા ગાંધી તરીકે ૧૯૧૫ માં ભારત પાછા ફરનારા મોહનદાસ ગાંધીએ પોતાના વસવાટ અને પ્રવૃત્તિ માટે અમદાવાદને જ પસંદ કર્યું હતું. ગાંધીજીને આમ તો રાજકોટ, હરિદ્વાર, બિહાર જેવા અનેક સ્થળોએ રહેવાની ઓફર હતી પરંતુ છેવટે તેમનો જીવ અમદાવાદમાં ચોંટ્યો હતો. દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા બાદ ગાંધીજીએ સૌરાષ્ટ્રનો પ્રવાસ ખેડ્યો હતો. ત્યારબાદ ૧ ફેબ્રુઆરી ૧૯૧૫ ના રોજ અમદાવાદ આવ્યા હતા. તેમનો પહેલા દિવસનો ઉતારો શેઠ મંગળદાસને ત્યાં રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ બીજા દિવસે શહેરના અગ્રણી ચીનુભાઈ બેરોનેટના હસ્તે સન્માનપત્ર આપવાનો આ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં ગાંધીજીએ કહ્યું હતું કે જો અમદાવાદ મને સંઘરશે તો હું અહીં જ રહેવા ઇચ્છું છું. અમદાવાદ આવીને ગાંધીજીએ આશ્રમ સ્થાપવા માટે જગ્યાની પણ શોધ કરવા માંડી હતી. શેઠ મંગળદાસે અમદાવાદમાં રહેવાનો એક વર્ષનો સમગ્ર ખર્ચ ઉઠાવવાની તૈયારી બતાવી હતી. છેવટે ૧૧મી મે ૧૯૧૫ ના રોજ ગાંધીજી કોચરબમાં જીવણલાલ બેરિસ્ટરનો બંગલો ભાડેથી જોવા માટે ગયા હતા. **ગાંધીજીની દિનવારીની નોંધ મુજબ અહીં ૨૫ મે ના રોજ કોચરબ ખાતે સત્યાગ્રહ આશ્રમની વિધિવત સ્થાપના થઈ હતી.** એ દરમિયાન ફિનિક્સ આશ્રમમાં રહેતા લોકો મળીને ૨૫ જેટલા સ્ત્રી પુરુષ રહેતા હતા. **એ પછી ૧૯૧૭ માં સાબરમતી નદીના કાંઠે આશ્રમ ખસેડવામાં આવતા બળદગાડા ભરીને સામાન લઈ જવામાં આવ્યો હતો.** એ સમયે પ્લેગ વગેરે ફાટી નીકળતા સ્થળાંતર માટે ખૂબ સમય લીધો હતો. સાબરમતી નદીના કાંઠાનો આ જ આશ્રમ ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો, વિચારો, નિયમો અને અંગ્રેજો સામેની અહિંસક લડતની વ્યુહરચનાનો સાક્ષી રહ્યો હતો. આમ દુનિયામાં અહિંસાના પૂજારી તરીકે ખ્યાતનામ બનેલા ગાંધીજીનો અમદાવાદ સાથે વિશિષ્ટ નાતો છે.

***ગુજરાત સમાચાર, તા. ૨૬-૨-૨૦૧૭***

## રાણી પદ્માવતીની કથાનો ઈતિહાસ

સિંહલ પ્રાંતના રાજા ગંધર્વસેન અને તેમના પત્ની ચંપાવતીની પુત્રી રાણી પદ્માવતીનું બીજું નામ પદ્મીની પણ હતું. તેની પાસે 'હીરામણિ' નામે બોલતો પોપટ હતો. બાળપણથી જ ભારે સુંદર પદ્માવતીના પિતાએ તેનો સ્વયંવર યોજ્યો, જેમાં એક નાના પ્રદેશના રાજા મલખાન સિંહને હરાવી ચિત્તોડના રાજા રાવલ રતનસિંહે રાણી પદ્માવતી સાથે લગ્ન કર્યા હતા.

કુશળ શાસક હોવાની સાથે કલાના સંરક્ષક રાજા રાવલ રતનસિંહના દરબારમાં અનેક કલાકારો હતા. જેમાં રાઘવ ચેતન નામે સંગીતકાર પણ હતો. તે જાદુગર પણ હતો. ખરાબ આત્માઓને બોલાવવાનું તેનું કૃત્ય પકડાઈ જતાં નારાજ રાજાએ રાઘવને રાજ્યની બહાર કાઢી મૂક્યો હતો. કઠોર સજા મળતાં રાજાના દુશ્મન બની ગયેલા રાઘવ ચેતને દિલ્હી ચાલ્યા જઈ અલાઉદ્દીન ખિલજીને ચિત્તોડ પર આક્રમણ કરવા ઉશ્કેર્યો હતો. રાઘવે ખિલજી સમક્ષ રાણી પદ્માવતીના સૌંદર્યના વખાણ કર્યા. અલાઉદ્દીનના મનમાં ચિત્તોડના રાજા રાવલ રતનસિંહની પત્ની રાણી પદ્માવતીને પામવાની ઝંખના જાગી.

દિલ્હીના શાસક અલાઉદ્દીને રતનસિંહને એવો સંદેશો આપ્યો કે, રાણી પદ્માવતીને બહેન સમાન માનું છું અને મળવા માગું છું. રાજા ખિલજીના રોષથી બચવા તેની વાત માનવા તૈયાર થઈ ગયો. કાચમાં ચહેરો બતાવવા સહમત થયેલી રાણી પદ્માવતીના ચહેરાનું પ્રતિબિંબ જોતાં જ અલાઉદ્દીન ભારે મોહિત થઈ ગયો.

પરત ફરતી વખતે તેણે કપટથી રાજા રાવલ રતનસિંહને બંદી બનાવી અને પદ્માવતીની માંગ કરી. ચૌહાણ રાજપૂત સેનાપતિ ગોરા અને બાદલે કાલે સવારે રાણી સોંપી દઈશું તેવો સંદેશ આપ્યો હતો.

બીજા દિવસની સવારે ૧૫૦ પાલખી પહોંચી. તમામ પાલખીમાંથી રાણી પદ્માવતી કે દાસીઓના સ્થાને શસ્ત્રોથી સજ્જ સૈનિકો બહાર આવ્યા અને રતનસિંહને છોડાવીને કિલ્લા તરફ પાછા વળી ગયા. પ્રપંચી કાવતરું નિષ્ફળ જતાં ગુસ્સે ભરાયેલા અલાઉદ્દીને સેના સાથે કિલ્લામાં પ્રવેશવા પ્રયાસ કર્યો, પણ નાકામ રહેતાં બહારથી ઘેરાબંદી કરી. આખરે કિલ્લામાં ખાદ્ય સામગ્રી ખૂટી ગઈ. અંતે દ્વાર ખોલાવી ખિલજીની સેના સામે લડતાં રતનસિંહ શહીદ થઈ ગયા. ત્યારબાદ અલાઉદ્દીનને કે તેની સેનાને શરણે નહીં થતાં રાણી પદ્માવતી અને ચિત્તોડની તમામ સ્ત્રીઓએ 'જોહર' નો નિર્ણય કર્યો. વિશાળ ચિતા પ્રગટાવી અને તેમાં કૂદી પડી. અલાઉદ્દીનને ખાલી હાથે પાછા ફરવું પડ્યું. રાણી પદ્માવતી અને તમામ મહિલાઓના જોહર આજે પણ લોકગીતોમાં જીવે છે.

***કચ્છમિત્ર, તા. ૧-૨-૨૦૧૭***

## તીરંદાજીની રાષ્ટ્રીય ચેમ્પિયન હાઈવે પર સંતરા વેચી રહી છે!

ક્રિકેટ સિવાયની અન્ય રમતોના રાષ્ટ્રીય ખેલાડીઓની દારુણ હાલતના કિસ્સા વારંવાર બહાર આવતા હોય છે. હવે આસામની એક રાષ્ટ્રીય સ્તરની તીરંદાજીની (આર્ચરી) મહિલા ખેલાડીની ગરીબીનો કિસ્સો સામે આવ્યો છે. આર્ચરીમાં નેશનલ લેવલે ગોલ્ડ મેડલ જીતી ચૂકેલી મહિલા ખેલાડી બુલી બાસુમૈત્રી પરિવારના ભરણ-પોષણ કાજે હાઈવે પર સંતરા વેચી રહી છે. આ મહિલા ખેલાડી છેલ્લા ત્રણ વર્ષથી આસામના ચિરાંગ હાઈવે પર પાથરણું પાથરીને સંતરા વેચતી જોવા મળી રહી છે. તેને આર્ચરીમાં રાષ્ટ્રીય કક્ષાએ અનેક ચંદ્રક મળ્યા છે. આ આધાર પર તેણીએ આસામ પોલીસમાં નોકરી માટે અરજી કરી હતી, પણ તેને નોકરી મળી નહીં. ૨૦૧૦ બાદ બુલી બાસુમૈત્રીએ રમવાનું છોડી દીધું છે. તે બે વખત રાષ્ટ્રીય વિજેતા બની હતી. હાલ તેના બે અને ત્રણ વર્ષની વયના બાળક છે. સરકાર ભલે રમતને પ્રોત્સાહન આપવાની વાતો કરે, પણ ગરીબી વચ્ચે રાષ્ટ્રીય સ્તરે હીર ઝળકાવનાર બાસુમૈત્રી જેવી બીજી અનેક મહિલા ખેલાડીને નોકરી કે આર્થિક મદદ ન મળે તો બધી યોજનાઓ શું કામની તે મોટો સવાલ છે.

*કચ્છમિત્ર, તા. ૧૬-૨-૨૦૧૭*

## દારૂના પ્રવેશદ્વાર પર નોકરી આપી ભાજપ સરકારે ઋણ અદા કર્યુ : એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટે રૂા. ૭૫ લાખ ચૂકવી શામળાજીમાં પોસ્ટિંગ મેળવ્યું.

ગુજરાતને મોડેલ સ્ટેટ ગણાવી ભાજપે માર્કેટિંગ કરવામાં કોઈ કસર છોડી નથી પણ વાસ્તવિકતા એ છે કે, મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂબંધી એ માત્ર કાગળ પર રહી છે. ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક - ૨૦૧૭ ની ચર્ચામાં ભાગ લેતાં કોંગ્રેસના ધારાસભ્યએ જણાવ્યું કે, એન્કાઉન્ટ સ્પેશ્યાલિસ્ટ ગણાતાં એક પોલીસ અધિકારી કે જે હાલમાં જ જામીન પર છૂટ્યાં છે તેમણે રૂા. ૭૫ લાખ આપીને દારૂના પ્રવેશદ્વાર સમા શામળાજીમાં પોસ્ટિંગ મેળવ્યું છે. ભાજપ સરકારે પણ એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટને પોસ્ટિંગ આપી જાણે ઋણ અદા કરી દીધું છે. વિધાનસભામાં નશાબંધીના બિલ પર ચર્ચા કરતાં કોંગ્રેસી ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું કે, એક તરફ, ગુજરાતને ડ્રાય સ્ટેટ કહેવાય છે પણ છેલ્લા પાંચેક વર્ષમાં ગુજરાતમાં રૂ. ૩૯૫ કરોડનો દેશી-વિદેશી દારૂ ઉપરાંત બિયરનો જથ્થો પકડાયો છે. નવાઈની વાત એ છે કે, દારૂનો જે જથ્થો પકડાયો તે પૈકી રૂ. ૧૧૮ કરોડનો દારૂ કાં તો ચોરાઈ ગયો કાં તો ગુમ થઈ ગયો છે. પોલીસ પાસે આનો હિસાબ નથી. નશાબંધીનો કાયદો ગુજરાતમાં નામ પૂરતો જ રહ્યો છે તેવો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે, રાજ્યમાં દારૂના પરમિટધારકો વધી રહ્યાં છે. મે-૨૦૧૬ માં પરમિટધારકોની સંખ્યા વધીને ૫૮,૦૦૦ પહોંચી છે. આ ઉપરાંત વાઈબ્રન્ટ ગુજરાત સમિટ વખતે પણ સ્ટાર હોટલોમાં ૧૪ હજાર વિદેશી દારૂની બોટલો વેચાઈ હતી. આજે પણ ભલે કાયદો કડક બન્યો હોય પણ ગુજરાતના શેરી-મહોલ્લામાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થઈ રહ્યું છે.

*ગુજરાત સમાચાર, તા. ૨૩-૨-૨૦૧૭*

## સાઈબર – પાઠશાળા

ભાજપની થીન્ક ટેન્કના એક સભ્ય અને રાજ્યસભાના પૂર્વ સંસદસભ્ય **તરુણ વિજય**ને વિચાર આવ્યો કે ડિજિટલ યુગમાં જો પ્રાથમિક કક્ષાએથી જ બાળકોને સાઈબર ભાષાથી પરીચિત કરાવવામાં આવે તો ડિજિટલ યુગનો ખરા અર્થમાં માહોલ સમજાય. એમ વિચારીને તેમણે અથાગ મહેનત અને સંશોધન કરીને ‘‘સાઈબર – પાઠશાળા’’ નામે એક પુસ્તક તૈયાર કર્યું.

થોડાક સમય પહેલા ઈઝરાયેલના પ્રેસિડેન્ટ ભારત આવેલા ત્યારે ડેલિગેશન લેવલની ચર્ચામાં ઈઝરાયેલના પ્રેસિડેન્ટે તરુણજીની ઓળખાણ તેલ - અવીવની યુનિવર્સિટીના પ્રોફેસર **રિવકા કારમી** સાથે કરાવી. એમણે તરુણજીને કહ્યું કે અમારે ત્યાં તો સાઈબર - પાઠશાળા હવે ભૂતકાળ બની ચૂકી છે. અમારા સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓ સાઈબર - વિશ્વમાં એટલા એડવાન્સ છે કે તેઓ કોઈ પણ વેબસાઈટ હેક કરી શકે છે!

આ સાંભળ્યા પછી તરુણજીએ આપણા વિદ્યાર્થીઓને પણ પ્રાથમિક કક્ષાએથી જ સાઈબર-વર્લ્ડમાં પલોટવા શું કરી શકાય એ વિશે સોફ્ટવેર નિષ્ણાતો અને શિક્ષણવિદો સાથે ચર્ચા કરી, વૈજ્ઞાનિક ઢબે સાઈબર આલ્ફાબેટ કેવી રીતે તૈયાર કરી શકાય એની ચર્ચા પછી આ પુસ્તક તૈયાર કરવામાં આવેલ છે.

જેઓ વિદ્યાર્થીઓને સાઈબર-વર્લ્ડમાં લઈ જવા માંગે છે તેઓએ આ પુસ્તક રીફર કરવું જરૂરી છે. ■

## ઉત્તરાખંડનો રહસ્યમય રૂપકુંડ

ઉત્તરાખંડના હિમાલયની પર્વતમાળામાં ૫૦૨૯ મીટરની ઊંચાઈએ આવેલા રૂપકુંડ રહસ્યમય કુંડ છે. બરફ પીગળે ત્યારે આકુંડના તળિયે માનવ હાડપિંજરો દેખાય છે. વિજ્ઞાનીઓએ કરેલા અભ્યાસમાં આ હાડપિંજરો નવમી સદીના કરાના વરસાદમાં માર્યા ગયેલા લોકોના હોવાનું જણાય છે. રૂપકુંડ બે મીટર ઊંડું નાનકડું તળાવ છે અને માનવ કંકાલને કારણે જગપ્રસિદ્ધ થયું છે. સ્થાનિક દંતકથા મુજબ કનૌજના રાજા જસધવલ અને તેના રાણી નૃત્ય કલાકારોના કાફલા સાથે નંદાદેવીની યાત્રાએ આવેલા ત્યારે ભયંકર તોફાન અને કરાના વરસાદના કારણે તેમનો નૃત્ય કાફલો રૂપકુંડમાં ડૂબી ગયેલો તેના હાડપિંજરો તળિયે જોવા મળે છે. હાડપિંજરના કેટલાક નમૂના દહેરાદૂનના એન્થ્રોપોલોજિકલ સર્વેના મ્યુઝિયમમાં જોવા મળે છે.

રૂપકુંડની આસપાસનો વિસ્તાર રમણીય છે. ત્રિશુળ અને નંદાઘૂંટી શિખરો ટ્રેકિંગના શોખીનો માટે પ્રિય સ્થળ છે. રૂપકુંડ તળાવ મોટેભાગે થીજેલું રહે છે. આ સ્થળે મંદાદેવી રાજજાટનો ઉત્સવ ઉજવાય છે. સ્થાનિક લોકો તેમાં ભાગ લે છે. ચમોલી જિલ્લામાં થઈને આ સ્થળે જવું એક સાહસનું કામ છે. ત્રણથી ચાર દિવસ આ પર્વતારોહણ કરીને આ સ્થળે પહોંચાય છે. ટ્રેકિંગના શોખીનો આ સ્થળે આવે છે. ■

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છમાં નર્મદા કેનાલના સિંચાઇના પાણી માટે નડતા પ્રશ્નોના ઉકેલ માટેની મીટિંગ

નર્મદાના સિંચાઇના પાણી વહેલામાં વહેલી તકે મુંદ્રા તથા માંડવીના ખેડૂતોને મળે તે માટે નડતા પ્રશ્નોના ઉકેલ માટેની એક બેઠકનું આયોજન ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાના પ્રમુખ સ્થાને પ્રાંત કચેરી મુંદ્રા મધ્યે તાજેતરમાં કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં નર્મદા નિગમના ડાયરેક્ટરશ્રી મૂકેશભાઈ ઝવેરી, નર્મદાના કાર્યપાલક ઇજનેર શ્રી બાળઝોડ, નાયબ કલેક્ટર શ્રી દેસાઇ, તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંડવી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી ગંગાબેન પટેલ, મુંદ્રા તાલુકા પંચાયત ઉપપ્રમુખ શ્રી ડાહ્યાભાઈ આહીર, મુંદ્રા તાલુકા ભાજપના પ્રમુખ શ્રી વાલજીભાઈ ટાપરિયા અને નર્મદા નિગમના અધિકારીઓ તથા ૨૦૦ જેટલા ખેડૂતો પોતાની રજૂઆત માટે હાજર રહ્યા હતા.

નર્મદા નિગમના ડાયરેક્ટરશ્રી મૂકેશભાઈ ઝવેરીએ કહ્યું કે કચ્છની ૩૫૭ કિ.મી.ની નર્મદા મેઇન કેનાલનું કામ હવે માત્ર ૫૭ કિ.મી. બાકી રહ્યું છે અને યુધ્ધના ધોરણે આ કામ ચાલી રહ્યું છે ત્યારે સહુના સહકારની અપેક્ષાથી બાકીનું કામ વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય તે માટે સાથ આપવા ખેડૂતોને અપીલ કરી હતી.

ખેડૂતોનો મુખ્ય પ્રશ્ન હતો કે, જેમણે રાજીખુશીથી પોતાની જમીનો આપી છે તેમને ખૂબ જ ઓછા ભાવ મળ્યા છે અને જેમણે કામ અટકાવેલ છે તેવા ખેડૂતોને ઘણા ભાવ મળવાના છે. આ બાબતે ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી અને ફળ ઝાડના ભાવો પણ ખૂબ જ ઓછા હોવાનું ખેડૂતોએ જણાવ્યું હતું.

આ બાબતે નર્મદાના અધિકારીશ્રીઓએ જણાવ્યું હતું કે ૨૦૧૪ સુધી જે ખેડૂતોએ જમીનનો કબજો આપેલ છે તથા જેમના કરાર થઈ ગયેલા છે તેમને તે પ્રમાણેના ભાવો મળ્યા છે. ત્યાર પછી સરકારશ્રીએ નિયમોમાં સુધારો કરતાં જંત્રીના ભાવ કરતાં ચાર ઘણા વધુ મળશે તેવું જણાવેલ. **પણ ખેડૂતોએ બધાને સરખો ભાવ મળે તે માટે રજૂઆતો કરી હતી.**

પ્રમુખ સ્થાનેથી બોલતાં શ્રી છેડાએ ભાવ વધારા તથા ફળઝાડના ભાવો બાબત આગામી વિધાનસભાના સત્રમાં તેઓ તરફથી યોગ્ય રજૂઆત કરવામાં આવશે તથા ગત વર્ષ રાજ્ય સરકારે બજેટમાં વધુમાં વધુ જોગવાઈ કરી હોવાથી આ કામ ખૂબ જ ઝડપથી થયું છે અને ૧ મિલિયન એકર ફીટ વધારાનું પાણી કચ્છને મળે તે માટે તમામ ધારાસભ્યો તથા કચ્છ ભાજપ તરફથી ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ રજૂઆતો કરવામાં આવી છે. નાના મોટા ૧૦૦ જેટલા પ્રશ્નો આ બેઠકમાં રજૂ થયા હતા. જે બાબતે અધિકારીઓએ સાનુકૂળ જવાબો આપીને યોગ્ય કરવાની ખાતરીઓ આપી હતી. ઉપરાંત સ્થળ ઉપર અનેક પ્રશ્નોના નિકાલ પણ કર્યા હતા. સંચાલન તથા સ્વાગત પ્રાંત અધિકારીશ્રી દેસાઈએ કર્યું હતું.

## ફોકિઆ દ્વારા CSR કોન્કલેવ - ૨૦૧૭

ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિઆ), મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગો અને ઉદ્યોગોના એસોસિએશનનું પ્રતિનિધિત્વ કરતું, કંપની એક્ટના Section-25 હેઠળ રજિસ્ટર થયેલું સંગઠન છે. ફોકિયા લગભગ એક લાખ કરોડના રોકાણનું પ્રતિનિધિત્વ કરે છે.

ગુજરાત સીએસઆર ઓથોરિટી, એ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫માં સ્થાપિત કરવામાં આવેલ સ્વતંત્ર સંસ્થા છે. તે સોસાયટી અને ટ્રસ્ટ હેઠળ રજિસ્ટર થયેલું છે. ગુજરાત સીએસઆર ઓથોરિટીનું મુખ્ય વિઝન સમગ્ર સીએસઆરની પ્રવૃત્તિઓને દિશા આપવાનું તથા સરકાર, NGO, ઉદ્યોગો અને લોકો વચ્ચે સંવાદિતા જાળવી, કાયમી અસર ઊભી કરી શકાય તેવા પ્રકલ્પો પર કામ કરાવવાનું છે. આ GCSR ઓથોરિટી ગુજરાત સરકારના ખાણ, ખનીજ અને ઉદ્યોગ વિભાગ હેઠળ કામ કરે છે. હાલના તબક્કે આ ઓથોરિટી કોમ્યુનિટી ટોઇલેટ, બાળકોમાં કૂપોષણ, ઇનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા, ડાયગ્નોસ્ટિક હેલ્થકેર અને જીવન નિર્વાહ માટે કુશળતાના તાલીમ ક્ષેત્રોમાં કામ કરે છે. યુનિસેફ એક વિશ્વસ્તરીય સંસ્થા છે જે ભારત સરકાર સાથે બાળકોના જન્મથી લઈને તેની પૂરી પ્રતિભા વિકસે તે માટે પ્રતિબધ્ધતાથી કામ કરે છે. તે બાળકોના હક્ક માટે ભારતના ૧૬ રાજ્યોમાં ઍડવાઇઝરી રોલમાં કામ કરે છે.

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા યુનિવર્સિટીનો કાયદો માર્ચ-૨૦૦૩માં પસાર થયો. આ યુનિવર્સિટી ૧૦ કૉલેજો સાથે ૨૦૦૪માં શરૂ થઈ અને આજે લગભગ પચાસ કૉલેજો અને ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓ સાથે કાર્યરત છે.

નવો કંપનીઝ એક્ટ, ૧ એપ્રિલ, ૨૦૧૪થી કાર્યરત થયો. આ એક્ટ પ્રમાણે દરેક કંપનીએ પોતાના નફાના ૨% ફરજિયાતપણે સામાજિક કાર્યો પાછળ ખર્ચવાનું ઠરાવ્યું. આ હિસાબે કચ્છમાં આવેલી કંપનીઓનું કુલ ફરજિયાત ખર્ચવાનું થતું વાર્ષિક ફંડ લગભગ ૩૫૦ કરોડ થાય છે (૨૦૧૪-૧૫ પ્રમાણે). કચ્છમાં કાર્યરત કંપનીઓએ ફરજિયાતપણે અથવા સ્વૈચ્છિક રીતે કચ્છમાં સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે કેટલાક સીમાચિહ્નરૂપ, બહુ જ મોટા કામો કર્યા કરે છે. આમાંના ત્રણ કામોની અહીં રૂપરેખા આપેલ છે.

- **LLDC – By Shrujan :**

જાન્યુઆરી ૨૦૧૬માં શ્રુજને પોતાનો સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ રજૂ કર્યો. The Living and Learning Design Centre એ અજરખપુર, કચ્છમાં નવ એકરમાં પથરાયેલું કેમ્પસ છે. આ એક બહુ આયામી ક્રાફ્ટ શિક્ષણ અને રિસોર્સ સેન્ટર છે. જે કલા અને હેન્ડિક્રાફ્ટનું જતન કરવા માટે બનાવેલ છે અને આજના સમયમાં આ કલાને એક દિશા આપવાનું નક્કી કરે છે. આ સ્કિલ ટ્રેઈનિંગ અને ક્રાફ્ટ એજ્યુકેશન દ્વારા સ્ત્રી સશક્તિકરણ માટે પણ કામ કરે છે. અત્યાર સુધી આ પ્રકલ્પમાં લગભગ રૂપિયા ૩૫ કરોડનો ખર્ચ થઈ ગયેલ છે. LLDC ની ખાસિયત એ છે કે તે કચ્છમાં છેવાડાના ગ્રામ્ય વિસ્તારમાં હજારો વર્ષથી ચાલી આવતી કલાને દુનિયા સાથે જોડવાનું કામ કરે છે.

- **વંદે માતરમ્ – By Ashapura :**

વંદેમાતરમ્ સ્મારક એ દેશનું પ્રથમ 4D સ્મારક છે. આ સ્મારક દેશની સ્વતંત્રતા સેનાનીઓની ગાથા વર્ણવે છે. વંદેમાતરમ્ એ કલા, સ્થાપત્ય અને ટેકનોલોજીનો સમન્વય છે, જે સ્વતંત્રતાની આ ગાથા વર્ણવે છે. ભારતના નાગરિકોને દેશના સંઘર્ષની આ ગાથા સાથે જોડી આ સ્મારક દેશપ્રેમ પ્રજ્વલિત રાખે છે.

આ સ્મારક ભુજની બાજુમાં લગભગ બાર એકરમાં પથરાયેલું છે અને આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા નોન પ્રોફિટ ધોરણે ચલાવવા માટે, સ્વૈચ્છિક CSR હેઠળ બનાવવામાં આવેલ છે. અત્યાર સુધી એના પર લગભગ ૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયેલ છે અને ટૂંક સમયમાં તે જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવશે. અહીં સંસદની પ્રતિકૃતિ ઈમારત બનાવવામાં આવી છે અને આ પ્રોજેક્ટ ઊભો કરવામાં લગભગ પાંચ વર્ષનો સમય લાગ્યો છે.

- **ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ – GAIMS :**

ગુજરાત અદાણી મેડિકલ સાયન્સ (GAIMS) એ PPP (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ) વેન્ચર છે જે અદાણી રિસર્ચ અને એજ્યુકેશન રિસર્ચ ફાઉન્ડેશન અને ગુજરાત સરકાર વચ્ચે રચાયેલું છે. અહીંની મેડિકલ કૉલેજ SKV કચ્છ યુનિવર્સિટી હેઠળ ચલાવવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં કોઈ જિલ્લા હોસ્પિટલ, મોટા ઈન્ડસ્ટ્રીયલ હાઉસ દ્વારા ચલાવવામાં આવતી હોય તેવો કદાચ આ એક જ બનાવ છે. લગભગ ૨૭ એકરમાં ફેલાયેલું આ સંકુલ લગભગ ૭૫૦ બેડ, અદાણી મેડિકલ કૉલેજ, હોસ્ટેલ અને નર્સિંગ સ્કૂલ ધરાવે છે.

આ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અદાણી ગ્રુપને જુલાઈ ૨૦૧૩માં હેન્ડઓવર કરવામાં આવી હતી. ગુજરાત સરકાર અને અદાણી ગ્રુપ વચ્ચે જે MOU થયા હતા તે પ્રમાણે કચ્છમાં મેડિકલ કૉલેજ ઊભી કરવી અને ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં બહેતર મેડિકલ કેર માટે કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

★ આ પછી નવા મેનેજમેન્ટે OPD એરિયા રિવેમ્પિંગ કર્યા. વોર્ડ, ઈમરજન્સી એરિયા વગેરેનું રિવેમ્પિંગ ચાલુ છે.

★ હોસ્પિટલમાં અત્યાધુનિક સાધનો જેવા કે 16 Slice CT Scan, 1.5 Tesla MRI Machine, Memmography વગેરે.

★ ડાયાલિસિસ અને થેલેસેમિયાની સારવાર શરૂ કરવામાં આવી.

★ Blood component desperation unit set up, જે આખા જિલ્લામાં અત્યાધુનિક છે.

★ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.

★ OPD ૨૦૧૩-૧૪માં ૫૭૯ હતી તે ૨૦૧૬-૧૭માં વધીને ૯૦૪ થઈ. કોઈ એક દિવસની સંખ્યા ૧૨૬૧ સુધી પહોંચી.

★ ડેઈલી એડમિશન ૯૯ અને ડેઈલી એવરેજ ઇન્ડોર પેશન્ટની સંખ્યા ૨૦૧૩-૧૪માં ૧૪૪ હતી તે ૨૦૧૬-૧૭માં ૨૪૨ થઈ.

★ માન્યતા પ્રાપ્ત મેડિકલ કૉલેજ અન્ડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ માટે બનાવી જિલ્લા સ્તરની હોસ્પિટલની શૈક્ષણિક હોસ્પિટલ બનાવી અને આ કારણે નિવાસી તબીબો અને ઈન્ટર્ન ડૉક્ટર્સની સંખ્યા પેશન્ટ કેર માટે વધી.

★ મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા દ્વારા માન્યતાપ્રાપ્ત પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સીસ, પેરા ક્લિનિક બ્રાન્ચિસ જેવી કે પેથોલોજી, માઈક્રો બાયોલોજી, જનરલ સર્જરી, ENT વગેરે.

★ ગુજરાત સરકાર પાસેથી હસ્તગત કર્યા પછી અદાણી ગ્રુપ ઓફ કંપની દ્વારા આ હોસ્પિટલના CAPAX માટે લગભગ ૧૦૦ કરોડ રૂપિયા અને OPAX માટે અત્યાર સુધી ૫ કરોડ રૂપિયા વપરાયા છે. (એટલે કે દર વર્ષે લગભગ એક કરોડ રૂપિયા.)

- **CSR અંતર્ગત ઘાસચારો :**

આ CSR કોન્કલેવ SYNERGY નો એક હેતુ એ પણ છે કે અત્યાર સુધી હેલ્થ, સેનિટેશન અને એજ્યુકેશનમાં થયેલી પ્રવૃત્તિઓનો સમાજને ખ્યાલ આપવો અને સમાજની જરૂરિયાતોને બારીકાઈથી સમજવી. વધુમાં કચ્છમાં થયેલ ઈન્ડસ્ટ્રીયલાઈઝેશનના ફાયદા સમાજના છેવાડાના માનવી સુધી પહોંચે અને એ કામ સામાજિક ઉત્તર દાયિત્વના ભાગરૂપે થાય તે બહુ જરૂરી છે. આ વાતને ધ્યાનમાં રાખીને કચ્છના લોકોની જરૂરિયાત પ્રમાણે CSR પ્રોજેક્ટ્સ તૈયાર કરવામાં આવ્યા છે. જેમ કે કચ્છ પ્રદેશ સદીઓથી દુષ્કાળગ્રસ્ત તરીકે જાણીતો છે અને અહીં લગભગ માનવ વસતિ જેટલી જ દૂધાળા પશુઓની સંખ્યા છે (લગભગ વીસ લાખ). આ પશુઓ માટે ઘાસચારાની બાબતમાં કાયમી રીતે સ્વનિર્ભર બનાય તે માટે ઉદ્યોગો CSR હેઠળ લાંબાગાળા માટે કામ કરે તે જરૂરી છે. અત્યારે પણ કચ્છની કંપનીએ ઘાસચારા માટે વર્ષે બેથી ત્રણ કરોડ રૂપિયા વાપરે છે. ઘાસચારા માટે કચ્છ સ્વનિર્ભર બને તે માટે અમે લાંબાગાળાની યોજના બનાવી છે અને આવતા દસ વર્ષોમાં લગભગ ત્રીસ કરોડ રૂપિયા જો ખર્ચાય તો સ્વનિર્ભરતા તરફ પ્રયાણ કરી શકાય.

- **પ્રોજેક્ટ બ્લ્યુ રીવોલ્યુશન :**

આ જ રીતે પ્રોજેક્ટ બ્લ્યુ રીવોલ્યુશન હેઠળ કચ્છ પાણીની અછતવાળા પ્રદેશમાંથી પાણીમાં છતવાળો પ્રદેશ બને તેવું કાર્ય છેલ્લા પાંચ-સાત વર્ષથી શરૂ થયું છે. ફોકિયાના બે સભ્યો એક્સેલ ક્રોપ કેર અને એગ્રોસેલ લિ. એ આ પ્રોજેક્ટના રિસર્ચ માટે લગભગ રૂપિયા ૫૫ લાખ ખર્ચ્યા છે અને ACT ના શ્રી યોગેશ જાડેજાએ એ કામ કર્યું છે. "પ્રોજેક્ટ બ્લ્યુ રીવોલ્યુશન" જે કુલ લગભગ ત્રણ હજાર કરોડનો પ્રોજેક્ટ છે, જે ઉદ્યોગોના CSR અને સરકારના ફંડના સંયુક્ત પ્રયાસોથી સાકાર થઈ શકે છે. હાલમાં Participatory Ground Water Management (PGWM) હેઠળ લગભગ ચાલીસ ગામોમાં, ત્રણ તાલુકાઓમાં દસ કરોડ રૂપિયા ખર્ચાયા છે.

- **સ્વચ્છ ભારત મિશન :**

ઘરોમાં શૌચાલય બનાવવાના સ્વચ્છ ભારત મિશન હેઠળ, ગ્રામ્ય વિસ્તારોમાં ઉદ્યોગ ગૃહોએ લગભગ ૧૨,૦૦૦ શૌચાલયો બનાવ્યા છે. જેમાં લગભગ દસથી બાર કરોડ રૂપિયા ખર્ચાયા છે. ઉદ્યોગ ગૃહો જરૂરિયાત પ્રમાણે વધુ ઘરદીઠ શૌચાલયો બનાવવાની નેમ રાખે છે જેની સંખ્યા વધુ ૧૦,૦૦૦ હોઈ શકે છે.

- **સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ નવા ડ્રાઇવરો તૈયાર કરવા :**

કચ્છમાં મુંદ્રા અને કંડલા બંદર સમગ્ર દેશનો લગભગ ૩૫% માલ હેન્ડલ કરે છે. આ કારણે આ જિલ્લામાં લગભગ ૩૦,૦૦૦ વાહનો છે. ફોકિઆ, વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ્સ એસોસિએશન - મુંબઈ સાથે લગભગ દસ કરોડના ખર્ચે જિલ્લામાં એક ડ્રાઈવિંગ સ્કૂલ ખોલવાનું આયોજન કરે છે. આ ડ્રાઈવિંગ સ્કૂલ સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ સ્ટીમ્યુલેટર, ડ્રાઈવિંગ ટ્રેક અને આનુસંગીક જરૂરિયાતોથી સજ્જ હશે જ્યાં લગભગ વર્ષે ૪,૦૦૦ નવા ડ્રાઈવર તૈયાર કરી શકાય અને ૪૦,૦૦૦ જૂના ડ્રાઈવરોને સાયન્ટિફિક ટ્રેઈનિંગ આપી શકાય.

- **એગ્રીમેન્ટ ઓફ ઇન્ટેન્શન**

આ સેમિનારમાં ગુજરાત CSR ઓથોરિટી, ફોકિઆ, કચ્છ કલેક્ટોરેટ, અદાણી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર), આરતી ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, એગ્રોસેલ લિ., શ્રીમય પાવર, વેલસ્પન ગ્રુપ ઓફ કમ્પનીઝ, બાલકૃષ્ણ ટાયર લિ. વગેરેના વિવિધ ક્ષેત્રો જેવા કે Employability Enhancement Programme, Skill Development, Water Management, Folder Security, Salt Pan Workers Livelihood વગેરે ક્ષેત્રોમાં એગ્રીમેન્ટ ઓફ ઈન્ટેન્શન્સ જાહેર કરી આ બધા ક્ષેત્રોમાં આવતા વર્ષોમાં CSR અંતર્ગત કામ કરશે.

## નાની ખાખર તથા દેશલપર (કંઠી) ગામે નવી સરકારી માધ્યમિક શાળા મંજૂર થઈ

માંડવી તાલુકાના નાની ખાખર તથા મુંદ્રા તાલુકાના દેશલપર (કંઠી) ગામે રાજ્ય સરકારની ૧૦૦ ટકા ગ્રાન્ટની માધ્યમિક શાળાઓ મંજૂર થતાં બંને તાલુકામાં આનંદની લાગણી ફેલાઈ છે. નાની ખાખર મહાજનના પ્રમુખશ્રી પ્રવીણભાઇ જૈન, દેશલપર (કંઠી)ના સરપંચ શ્રી બાબુભાઈ આહીર, વગેરેએ ગ્રામજનોની લાંબા સમયની માંગણી મંજૂર થતાં રાજ્ય સરકારનો આભાર માન્યો હતો. ખાસ કરીને બહેનો જેમણે ઉચ્ચ શિક્ષણ માટે બહાર જવું પડતું હતું તેમને હવે ગામમાં જ શિક્ષણ મળશે તે બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

## સામાજિક સેવામાં કંપનીઓ એક છત્ર તળે આવે

ખાનગી કંપનીઓ તેની સામાજિક જવાબદારીના ભાગરૂપે કામ કરે છે. બિનસરકારી સંસ્થાઓ સમાજ માટે કાર્ય કરે છે, સરકાર તેની વિવિધ યોજનાઓ દ્વારા જન કલ્યાણના કાર્ય કરે છે પરંતુ કચ્છમાં દરેક એક છત્ર નીચે આવે અને આદાન-પ્રદાનથી સમાજ કલ્યાણના ક્ષેત્રે સર્વગ્રાહી પ્રયાસો થાય તેવી હિમાયત ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિઆ) દ્વારા આયોજિત સી.એસ.આર. કોન્કલેવ - ૨૦૧૭ના ઉદ્‌ઘાટન સત્રમાં એકી અવાજે કરવામાં આવી હતી.

ફોકિઆ અને ગુજરાત કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ઓથોરીટી (જીસીએસઆરએ)ના સંયુક્ત ઉપક્રમે વિવિધ કંપનીઓ તથા કચ્છ યુનિવર્સિટીના સહયોગથી આયોજિત આ એક દિવસીય પરિષદમાં પ્રારંભે સૌએ એકી અવાજે કચ્છમાં સહયોગથી કાર્ય કરવા નિર્ધાર વ્યક્ત કર્યો હતો. જિલ્લા સમાહર્તા એમ.એ. ગાંધીએ કહ્યું, જ્ઞાન, નાણાં, સંસાધનોની એકબીજાને આપ-લે પછી જે સર્વગ્રાહી દિશા મળે એ વધુ મહત્ત્વની છે. એકબીજાની સાથે મળીને કામ કરવાની જરૂર છે. સંબોધનમાં અગાઉ ઉઠાવવામાં આવેલા કચ્છમાં એક વર્ષમાં એક ગામ દીઠ ૪૦ લાખના ખર્ચના સવાલ પર તેમણે કહ્યું કે, ખરેખર કોણ સાચું છે એ એક છત્ર નીચે સંયુક્ત પ્રયાસો પછી ખબર પડે. નિર્ણયોનો પડઘો દેખાવો જોઈએ. છૂટાછવાયા ઘણા કામ થયા છે પરંતુ અર્થ સરે તેવા કામ થાય.

કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ચંદ્રસિંહ બી. જાડેજાએ પણ કચ્છમાં ખાનગી કંપનીઓ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે થતા કરોડોના ખર્ચના આંકડાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આટલા નાણાં ક્યાં ખર્ચાય છે તે દેખાતા નથી. કમસેકમ શિક્ષણ ક્ષેત્રમાં નજરે નથી ચડ્યા. માત્ર ઈન્ડસ્ટ્રીઝને ધ્યાને લઈને નહીં, સમાજ માટે કાર્ય થવું જોઈએ. પરિસંવાદ બાદ થનારી સમજૂતીઓમાં તેઓ જોડાઈને સહકાર આપશે તેવી તેમણે ખાતરી આપી હતી અને કોણે, કેટલો ખર્ચ કર્યો તેનું સમાજમાં પ્રતિબિંબ દેખાય તેના પર ભાર મૂક્યો હતો.

આ પહેલા GCACRA ના પંકજ કમલિયાએ ફોકિઆના પ્રયાસોને બિરદાવતાં કહ્યું કે, આ ઓથોરિટીએ ગુજરાતની ૩૦૦૦થી વધુ કંપનીઓને જોડવાનું કામ કરે છે તથા ખાસ કરીને નાના ઉદ્યોગોને પડતી CSR ની કામગીરીની મુશ્કેલીઓમાં માર્ગદર્શન આપે છે. CSR ની રકમો ક્યાં ખર્ચાય છે તેવા વેધક સવાલ સાથે જિલ્લા વિકાસ અધિકારી સી.જે. પટેલે કહ્યું કે, સ્થાનિકોને નોકરી ન મળવાની રાડ છે, પાણીની અછત છે, ઘાસની ચિંતા છે, અંતરિયાળ ક્ષેત્રમાં કોઈ જવા તૈયાર નથી ત્યારે આવા ક્ષેત્રમાં કામની આવશ્યક્તા છે.

મુંદ્રા સ્થિત તાતા જૂથના સી.જી.પી.એલ. પ્લાન્ટના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર કે.કે. શર્માએ સમાજમાંથી કોર્પોરેટ જગત જે મેળવે છે તેને કંઈ પાછું આપવાની આ ભાવનામાં હવે સ્થિતિને બદલે પર્યાવરણ કટોકટી છે, કુદરતી સંસાધનોની અછત છે ત્યારે આ ક્ષેત્રમાં સાતત્યસભર પ્રયાસ થવા જોઈએ. તાતા જૂથ પશુ સંવર્ધન, પાણી, આરોગ્ય, સ્વચ્છ ભારત મિશન, શિક્ષણ માટે કામ કરે છે.

આ પહેલાં આરતી ઈન્ડ.ના અધિકારી અને અભિયાનના પ્રેસિડેન્ટ લાલ રાંભિયાએ આ પરિસંવાદને કચ્છમાં ટર્નિંગ પોઈન્ટ ગણાવીને કહ્યું કે, કંપની, એન.જી.ઓ., સરકાર એક મંચ પર આવીને એક મોડેલ તરીકે ઉભરી રહ્યા છે. અભિયાન વિશે કહ્યું કે, તે ૩૨ અલગ અલગ ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓનું સંગઠન છે અને શાળા, આરોગ્ય ઉપરાંત કંઈ ન થયું એવા ક્ષેત્રમાં જઈને કામ કરે છે. ફોકિઆના એમ.ડી. નિમિષ ફડકે અને જોઈન્ટ એમ.ડી. તલકશીભાઈ નંદુ મંચસ્થ રહ્યા હતા. આભારવિધિ કરતા અદાણી ફાઉન્ડેશનના વડા મુકેશ સક્સેનાએ આ પરિસંવાદની ફળશ્રુતિરૂપે સમાન હેતુથી એક સંયુક્ત ભંડોળ ઊભું થાય તેવી અપેક્ષા વ્યક્ત કરતાં કહ્યું કે, તો જ આ પુરુષાર્થ સાર્થક ઠરશે. કાર્યક્રમમાં સહયોગી બનનારી કંપનીઓ એગ્રોસેલ, એક્સેલ, આશાપુરા માઈનકેમ, સેવાનિધિ, અદાણી જૂથ વિ.નું વેલસ્પન જૂથના પ્રેસિડેન્ટ (એડમિન) બ્રિગેડિયર અતુલ વાહીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

એક વર્ષમાં કચ્છમાં સી.એસ.આર. પાછળ ૩૫૦ કરોડ ખર્ચાયા, પણ દેખાતું નથી!

સી.એસ.આર. કોન્કલેવમાં ગત નાણાંકીય વર્ષમાં કચ્છમાં કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા તેની જવાબદારી રૂપે સમાજ માટે ખર્ચવાની થતી રકમ પૈકી ૩૫૦ કરોડ રૂપિયાનો વપરાશ કર્યો હતો તેના ઉલ્લેખનો મુદ્દો છવાઇ ગયો હતો. મોટાભાગના વક્તાઓએ તેના પર અલગ અલગ ટીપ્પણી કરી હતી.

ખાનગી કંપનીઓ તેના નફાના બે ટકા રકમ સી.એસ.આર.માં નિયમાનુસાર ખર્ચે છે પરંતુ તે એવા હેતુ પાછળ વધુ હોય છે જ્યાં સમાજસેવા ઉપરાંત તેની જરૂરિયાતની પૂર્તિ થતી રહે છે એવા અવારનવાર આક્ષેપો માધ્યમોમાં ઉઠતા રહે છે. તેની વચ્ચે 'અભિયાન'ના વડા લાલભાઈ રાંભિયાએ કહ્યું કે, કચ્છમાં એક વર્ષ દરમિયાન સી.એસ.આર.ના ભાગરૂપે

૩૫૦ કરોડ ખર્ચાયા છે.

આમ, ગણતરી કરતાં ગામદીઠ ૪૦ લાખ રૂ. થાય. વળી ૯૦૦૦ ટ્રસ્ટ, ધાર્મિક સંસ્થાઓ જિલ્લામાં નોંધાયેલી છે. એ ગણતરીએ એક ગામ દીઠ ૧૦ સંસ્થાઓ થાય તો કોઈ સમસ્યા ન રહે. ખરેખર ઉત્પાદનલક્ષી કે બિનઉત્પાદિત કેટલું કામ થાય છે તે જોવાનું છે.

*(કચ્છમિત્ર)*

## કોર્પોરેટ ક્ષેત્ર સરકારની ખૂટતી કડી પૂરે

ભૂકંપ બાદ દેશના સૌથી ઝડપી ઔદ્યોગિક વિકાસ કરનારા કચ્છમાં પહેલીવાર તાજેતરમાં ખાનગી કંપનીઓ દ્વારા સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે કરવાના થતા કાર્યોનો સમાજને ખ્યાલ આપવા તથા તાજેતરની જરૂરિયાતને સમજીને એક છત હેઠળ કામ કરવાના ઉદ્દેશથી પરિસંવાદનું આયોજન થયું હતું. જેમાં ગુજરાત સીએસઆર ઓથોરિટીના ચેરમેન શ્રી શાહુએ સરકાર પણ ન પહોંચી શકી હોય તેવા પણ મહત્ત્વના ક્ષેત્રમાં કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. આ ‘કોન્કલેવ-૧૭’ના અંતે અલગ અલગ ચાર ક્ષેત્રમાં સંયુક્તપણે કામ કરવાની સમજૂતી થઈ હતી. જેમાં ફોકિઆ, કલેક્ટર કચેરી, જીસીએસઆર અને કચ્છ યુનિ. ઉપરાંત વિવિધ છ કંપનીઓ જોડાઈ હતી.

ફોકિઆ, જીસીએસઆર એ દ્વારા આયોજિત ‘કોન્કલેવ-૧૭’ના પૂર્ણાહૂતિ કાર્યક્રમમાં નિવૃત્ત આઈ.એ.એસ. અને ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીના ચેરમેન મહેશ્વર શાહુએ જણાવ્યું હતું કે, જે ક્ષેત્રમાં કામ નથી થઈ રહ્યા એવા છ થી સાત ક્ષેત્રો છે જે કંપનીઓ પસંદ કરી અમલ કરે. એવા સમાજહિતના કામ થાય જે, સરકાર અને કંપનીઓ વચ્ચેની ખૂટતી કડી પૂર્ણ કરે અને સંકલન પણ સાધે. કુશળતા વિકસાવવા માટે તાલીમ આપવાની જરૂર છે. નાના ઉદ્યોગો પણ આ ક્ષેત્રે સક્રિય છે. કચ્છને સંબંધ છે ત્યાં સુધી ઔદ્યોગિકીકરણ પછી બહારથી લગભગ એક લાખથી વધુની સંખ્યામાં આવેલા કામદારો ચિંતાનો વિષય છે. સેનિટેશન સુવિધાનો અભાવ સમસ્યા સર્જી શકે છે. આ સિવાય મીઠાના અગરિયાના જનજીવનને મદદરૂપ બનવું તથા તેમના બાળકોને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં મદદ કરવામાં આવે. સીએસઆર માટે અંદાજપત્રમાં જેટલા કરોડ વાપરવાના હોય છે, તે બધી રકમ વપરાતી નથી એવું આંકડાને ટાંકીને ઉમેર્યું કે ગુજરાતનું બજેટ ૭૦,૦૦૦ કરોડ, સી.એસ.આર. માટે ૯૭૦ કરોડ અને તેમાંથી ખર્ચાય ૨૭૦ કરોડ. રકમ મહત્ત્વની નથી પણ સરકાર કેટલા કામોમાં ફાળવણી નથી કરતી, એવા પ્રોજેક્ટો લેવામાં આવે, જેમાં સરકાર નથી પહોંચતી.

દરમિયાન, કચ્છમાં ૧૯૮૬-૮૭ના દુકાળ સમયે કચ્છના કલેક્ટર રહી ચૂકેલા શ્રી સાહુએ ‘કચ્છમિત્ર’ સાથે અલગ વાતચીતમાં કચ્છમાં ફોકિઆ દ્વારા આ પ્રકારના બધાને એક મંચ પર લાવતા કાર્યની ભારે પ્રશંસા કરી હતી અને ઘાસચારા વાવેતરને પ્રાધાન્ય આપવા પર ભાર મૂક્યો હતો. સાથે ઉમેર્યું હતું કે તેમાં નવીનતમ પદ્ધતિનો ઉપયોગ થવો જોઈએ. આ એવું ક્ષેત્ર છે, જેમાં કામ કરવાની જરૂર છે.

વક્તવ્ય દરમિયાન, શાહુએ કચ્છમાં દુકાળથી

### કોન્કલેવની ફળશ્રુતિ

**સી.એસ.આર.માં સંયુક્ત કાર્ય કરવાની સમજૂતી**

| ક્ષેત્ર | કઈ કંપની વચ્ચે |
|---|---|
| સુરક્ષિત ડ્રાઈવિંગ તાલીમ ઈન્સ્ટિટ્યૂટની કચ્છમાં સ્થાપના | જીસીએસઆરએ, ફોકિઆ, વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસો. |
| ઘાસચારાની સતત ઉપલબ્ધતા | કચ્છ કલેક્ટોરેટ, ફોકિઆ, એગ્રોસેલ, ભારતી ઈન્ડ., સીજીપીએસ |
| સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન | કચ્છ કલેક્ટોરેટ, ફોકિઆ, આરતી ઈન્ડ., સીજીપીએસ, અદાણી ફાઉ. |
| દીનદયાળ ઉપાધ્યાય રોજગારીવર્ધક કાર્યક્રમ | કચ્છ કલેક્ટોરેટ, ફોકિઆ, કચ્છ યુનિવર્સિટી |

★ કચ્છની જરૂરિયાત મુજબ સી.એસ.આર. પ્રોજેક્ટ તૈયાર.

★ કચ્છની કંપની ઘાસચારા માટે વર્ષે બેથી ત્રણ કરોડ વાપરે છે.

★ સ્વનિર્ભર બનવા લાંબાગાળાની યોજના બનાવાઈ.

★ પ્રોજેક્ટ બ્લ્યુ રિવોલ્યુશન હેઠળ કચ્છ પાણીની છતવાળો પ્રદેશ બને તે માટે કાર્ય શરૂ અને ૫૫ લાખ રૂપિયા ખર્ચાયા.

★ વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ્સ એસો. - મુંબઈ સાથે દસ કરોડના ખર્ચે ડ્રાઈવિંગ સ્કૂલ ખોલવા આયોજન.

સી.એસ.આર.ના પાઠ ભણ્યાનો ઉલ્લેખ પણ કર્યો હતો. બેંકો કેમ સી.એસ.આર.માં જોડાતી નથી એવા સવાલ પર તેમણે કહ્યું કે, એ વાત સાચી છે કે તેમની સામાજિક ભાગીદારીતા હોવી જોઈએ પરંતુ હાલમાં તેનું કારણ તેમની થોડી નબળી સ્થિતિ હોઈ શકે.

ખાસ ઉપસ્થિત સંયુક્ત રાષ્ટ્ર ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ, ગુજરાત)ના ચીફ ફિલ્ડ ઓફિસર ડૉ. લક્ષ્મી ભવાનીએ ગુજરાતમાં સી.એસ.આર.ના કામની નોંધ લઈને કચ્છ સંદર્ભે કહ્યું કે, આયોડિનની ઉણપને દૂર કરવામાં જિલ્લાનું મહત્ત્વનું યોગદાન છે કારણકે કચ્છ સૌથી વધુ આયોડાઈઝ્ડ મીઠું ઉત્પાદિત કરે છે.

દેશની ૯૫ ટકા વસતિમાં હવે આવો અભાવ દૂર થયો છે. હવે સી.એસ.આર. કાર્યમાં કંપનીઓએ પર્યાવરણ, માનવ સંશાધન ક્ષેત્રે વધુ ધ્યાન આપવાની જરૂર છે.

સાતત્યસભર વિકાસ માટે બાળકોના હિતમાં રોકાણ કરો, જેનું ભાવિ શિક્ષિત પેઢી રૂપે સૌથી સારું પરિણામ છે. જાતિ વિષમતા પ્રમાણમાં ૧૦૦૦ છોકરા સામે ગુજરાતમાં ૮૯૦ છોકરી પણ ચિંતાજનક મુદ્દો છે. તેમણે એવા સૂચનો કર્યા હતા કે, કચ્છમાં પાણીની ગુણવત્તા, અગરિયા કામદારોનું જીવનધોરણ, સામુદાયિક જાગૃતતા માટે કામ કરવાની જરૂર છે. જો કે તેમણે માછીમારોના બાળકો માટે મોબાઈલ શાળાની યોજનાને બિરદાવી સાતત્યસભર કામ માટે સંયુક્ત આયોજન, દસ્તાવેજીકરણ, વૈજ્ઞાનિક ઢબે દેખરેખ થાય તેવી જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને સી.એસ.આર. કાર્યમાં ભવિષ્યમાં ભાગીદાર બનવાની તૈયારી દર્શાવી હતી.

## અમેરિકામાં લાખો ડોલરનો પગાર છોડીને જૈન સંયમનો માર્ગ ગ્રહણ કર્યો

कल की चार्मिंग प्रोफेशनल डिझाइनर लडकी निशा संघवी और कहाँ आज की साध्वीजी संवेगरत्नाश्रीजी म.सा.

लाखो डोलर का पगार अमेरिका छोडकर भारत लोट आई निशाने जब जैन संयम मार्ग ग्रहण किया तो पूरी दुनिया देखती रह गई... दुनियाभर के अखबारों में ये समाचार चमके...

दीक्षा ले के अपनी सारी संपत्ति गरीबों को दान कर देनेवाली निशा आज धर्म आराधना में लीन है।

## હાસ્ય લેખક તારક મહેતાનું અવસાન : દેહદાન કરાયું

### 'દુનિયાને ઊંધા ચશ્મા' પહેરાવનારાએ ૮૮ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા

ગુજરાતમાં હાસ્ય સાહિત્યના ખ્યાતનામ લેખક તારક મહેતાનું અમદાવાદ ખાતે તાજેતરમાં અવસાન થયું છે. તેઓ ૮૮ વર્ષના હતા. તારક મહેતાના અવસાન સાથે જ ગુજરાતી સાહિત્યના એક યુગ ઉપર પૂર્ણવિરામ મૂકાઇ ગયું છે. પદ્મશ્રી તારક મહેતાની ઈચ્છા અનુસાર તેમનું દેહદાન કરવામાં આવ્યું છે.

છેલ્લા લગભગ બે દાયકાથી 'મુંબઈનો માળો' છોડી અમદાવાદમાં સ્થાયી થનારા તારક મહેતાએ તેમના 'ઊંધા ચશ્મા' દ્વારા 'ટપુડાનો તરખાટ' મચાવી ગુજરાતના લાખો વાચકોને 'હાસ્યના હિંડોળે' ઝુલાવ્યા હતા. ૨૦૦૮ના વર્ષથી શરૂ થયેલી ટી.વી. સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' દ્વારા ગુજરાતના આ દિગ્ગજ લેખકની લોકપ્રિયતાએ ભાષા - પ્રાંતની તમામ સીમાઓ વટાવી દીધી હતી.

૨૬ ડિસેમ્બર, ૧૯૨૯ના અમદાવાદમાં જન્મેલા તારક મહેતાના પરિવારમાં પત્ની ઇંદુબેન અને અમેરિકામાં સ્થાયી થયેલી પુત્રી ઈશાનીનો સમાવેશ થાય છે. તારક મહેતાના અવસાનના સમાચાર મળતાની સાથે જ તેમના નિવાસ સ્થાને લેખકો, રાજકારણીઓ, મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં ચાહકો તેમને શ્રદ્ધાંજલિ આપવા ઉપસ્થિત રહ્યા હતા. તેઓને ૨૦૧૫ના વર્ષમાં પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓએ ૩૦થી વધુ પુસ્તકો, ૧૦ જેટલા નાટકો લખ્યા હતા.

